


સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

ચૈત્ર વદ -૧૧ | પાના : ૧૮ | રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૨૪-૪-૨૦૨૫ - ગુરૂવાર | રાજકોટ (સીટી)




વર્ષ : ૩૯ અંક : ૨૦૬ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com sanjsamachar.net SANJ SAMACHAR - RAJKOT

**સરકાર-આર્મી પર ભરોસો રાખીને ફરવા ગયા હતાઃ પાટીલને આક્રોશ સાંભળવો પડયો** ૩

**કોઠારીયામાં રૂા. ૨૮.૫૬ કરોડના ખર્ચે સ્પોર્ટસ સંકુલનું નિર્માણ થશે** ૯

**શનિવારથી ચાર દિવસ ફરી હીટવેવની આગાહીઃ તાપમાનનો પારો ૪૩ થી ૪૫ ડીગ્રીએ પહોંચશે** ૧૮

## પહેલગામ આતંકી હુમલા બાદ બિહારની ધરતી પર પીએમનું પ્રથમ સંબોધન

# ત્રાસવાદની ભૂમિને ભૂંસી નાખશુંઃ મોદીની ગર્જના

### સંબોધન પહેલા વડાપ્રધાને આતંકી હુમલાનો ભોગ બનેલાઓને શ્રધ્ધાંજલિ આપીઃ પહેલગામ હુમલાના આતંકીઓ અને તેમના આકાઓને કલ્પના બહારની સજા મળશેઃ મધુબનીમાં મોદીના હસ્તે ૧૩૪૮૦ કરોડના પ્રોજેકટ્સના લોકાર્પણ-શિલાન્યાસ

મધુબની (બિહાર) તા.૨૪

વડાપ્રધાન મોદીએ આજે બિહારમાં મધુબનીમાં યોજાયેલી જનસભામાં મધુબનીમાં યોજાયેલી જનસભામાં પહેલગામમાં આતંકી હુમલામાં શહીદ થયેલા મૃતકો મૌન પાળી શ્રધ્ધાંજલિ આપ્યા બાદ પહેલગામમાં થયેલા આતંકી હુમલાને લઈને કડક શબ્દોમાં ચેતવણી આપી હતી કે ત્રાસવાદની ભૂમિને ભૂંસી નાખશું. આતંકવાદીઓને માટીમાં મેળવી દઈશું. કલ્પના બહારની સજા આપશું.

વડાપ્રધાન મોદીએ આજે બિહારના મધુબનીમાં અનેક પરિયોજનાઓનું લોકાર્પણ અને શિલાન્યાસ કર્યા હતા. તેમણે બિહારના લોકોને ૧૩૪૮૦ કરોડ રૂપિયાથી વધુની વિકાસ પરિયોજનાઓની ભેટ આપી હતી.

આ સમારોહ દરમિયાન વડાપ્રધાન મોદી જમ્મુ-કાશ્મીરમાં પહેલગામમાં થયેલા આતંકી હુમલામાં પર્યટકોના મોતથી ખિન્ન દેખાતા હતા. આતંકીઓએ કરેલા કૃત્યથી ચહેરા પર રોષ પણ હતો.

સમારોહના પ્રારંભમાં વડાપ્રધાને મૌન પાળી આતંકી હુમલામાં મૃત્યુ પામેલા પર્યટકોને શ્રધ્ધાંજલી આપી હતી.

બિહારની ભૂમિ પર વડાપ્રધાને આતંકવાદીઓને અને તેમના આકાઓને આકરા શબ્દોમાં ચેતવણી આપી હતી કે આતંકીઓને માફ કરવામાં નહીં આવે. તેમને પાતાળમાંથી પણ શોધી કાઢશું.

વડાપ્રધાને જણાવ્યું હતું કે પહેલ ગામમાં આતંકીઓએ માસૂમ દેશવાસીઓને જે ક્રૂરતાથી માર્યા છે.. જેથી આખો દેશ



વ્યથિત છે, દુઃખી છે. બધા પીડિત પરિવારોના આ દુઃખ સાથે પૂરો દેશ તેમની સાથે ઉભો છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે દેશના દુશ્મનોએ ભારતની આત્મા પર હુમલો કરવાનું દુઃસાહસ કર્યુ છે. હું બહુ જ સ્પષ્ટ શબ્દોમાં કહેવા માંગુ છું.. જેમણે પણ

(અનુસંધાન ૧૨ મા પાને)

### તેઓ ભાગ્યે જ ઈંગ્લિશમાં બોલતા હોય છે

## મોદી હિન્દીમાં ભાષણની વચ્ચે અંગ્રેજીમાં બોલ્યા; દુનિયાને સંદેશો આપવાનો વ્યુહ!

### ભારતના આક્રમક વલણ વિશે વિશ્વ વાકેફ થાય તેવો ઉદ્દેશ હોવાનો મત

મધુબની તા.૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે બિહારના મધુબનીમાં કરેલી જાહેરસભામાં ત્રાસવાદીઓએ કલ્પના પણ નહિં કરી હોય તેવી સજા આપવાનો હુંકાર કરવાની સાથોસાથ હિન્દી ભાષણની વચ્ચે કેટલાંક વાકયો અંગ્રેજીમાં બોલ્યા હતા તેના આધારે દુનિયાભરને ભારતના આક્રમક વલણનો સંદેશો આપવા મોદીનો ઈરાદો હોવાનું મનાય છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શકય હોય ત્યાં સુધી 'હિન્દી'ભાષાનો જ ઉપયોગ કરે છે.આંતર રાષ્ટ્રીય સ્તરે પણ હિન્દીનો ઉપયોગ કરતા હોય છે અપવાદરૂપ અને ભાગ્યે જ અંગ્રેજીમાં સંબોધન કરે છે પરંતુ આજે બિહારની સભામાં હિન્દીમાં ભાષણ વચ્ચે અંગ્રેજીમાં બળપ્રયોગ કર્યો હતો.

મોદી અંગ્રેજીમાં એવુ બોલ્યા હતા કે 'ભારત દરેકે દરેક ત્રાસવાદી તથા તેને પીઠબળ પુરૂ પાડનારાને ઓળખી લેશે, દુનિયાનાં કોઈપણ ખુણેથી ટ્રેક કરી લેશે અને સજા કરશે. બિહારની ધરતી પરથી સમગ્ર દુનિયાને કહુ છું કે દુનિયાનાં કોઈપણ

(અનુસંધાન ૧૨ મા પાને)

## ઉધમપુરમાં આતંકવાદીઓ સાથેની અથડામણમાં સેનાનો જવાન શહીદ



### પહેલગામ આતંકી હુમલા બાદ સુરક્ષાદળો દ્વારા આતંકીઓ સામે અભિયાન દરમિયાન ઘટના

ઉધમપુર (જમ્મુ-કાશ્મીર) તા.૨૪

પહેલગામ આતંકી હુમલા બાદ જમ્મુ કાશ્મીરમાં સુરક્ષા દળોની આતંકીઓ સાથે વધુ એક અથડામણ ચાલી રહી છે. જેમાં સુરક્ષા દળનો એક જવાન શહીદ થયાના ખબર છે.

પહેલગામમાં દર્દનાક આતંકી હુમલા બાદ ભારતના સુરક્ષા દળોએ આતંકવાદીઓને વીણી વીણીને ઠાર કરવા અભિયાન હાથ ધર્યું છે. જે દરમિયાન ઉધમપુર જિલ્લાના ડુડુ-બસંતગઢ વિસ્તારમાં આજે સવારે આતંકીઓ અને સુરક્ષા દળો વચ્ચે અથડામણ શરૂ થઈ હતી. આ સામસામા ગોળીબાર દરમિયાન સુરક્ષા દળનો એક જવાન શહીદ થયાના ખબર છે. સૂત્રોનું કહેવું છે કે આ આતંકીઓએ મોટા સમૂહના ભાગ શકે છે. હાલમાં જ આતંરરાષ્ટ્રીય સીમા પાર કરીને આવ્યા હતા.

## પાકિસ્તાની દુતાવાસમાં પહેલગામ હુમલાનો જશ્ન? 'કેક' સાથે યુવક નજરે ચડયો

### સવારે દ્રશ્ય ઝડપાતા જ પાક દૂતાવાસની જબરી ટીકાઃ મોતનો મલાજો પણ જાળવ્યો નહી અને ઉજવણી શરૂ કરી



નવી દિલ્હી તા.૨૪

પહેલગામ હુમલા પછી પાકિસ્તાન હજુ પણ નફફટ થઈને તેને કાશ્મીરના લોકોનો ભારત સામે બળવો ગણાવી રહ્યા છે તે સમયે આજે નવી દિલ્હી ખાતેની પાકિસ્તાની દૂતાવાસ કચેરીમાં કેક લઈ જતા એક વ્યક્તિનો વિડીયો વાયરલ થતા જ હવે પાકિસ્તાન દૂતાવાસ આ હુમલાની ઉજવણી પણ કરી રહ્યું હોય તેવા સંકેત મળે છે. આજે એક વ્યક્તિ પાકિસ્તાન દૂતાવાસમાં કેક લઈ જતા હોય તે દ્રશ્ય વાયરલ થયુ હતું. અહી કવરેજ માટે પહોંચેલા મીડીયાના કેમેરામાં તે ઝડપાઈ ગયો હતો. જો કે મીડીયાના પત્રકારોએ આ વ્યક્તિને કેક અંગે માહિતી માંગી હતી અને કોણે આ કેકનો ઓર્ડર આપ્યો છે તે પણ પૂછયુ હતું પણ તેનો જવાબ મળ્યો ન હતો અને આ વ્યક્તિ પાકિસ્તાન દૂતાવાસ કચેરીમાં કેક સાથે અંદર ઘુસી ગયો હતો. જેના પર હવે સોશ્યલ મીડીયામાં પાકિસ્તાન દૂતાવાસ પર ભારે ટીકા અને આક્રોશ દર્શાવાઈ રહ્યો છે.

ખાસ કરીને એક તરફ પહેલગામ હુમલાના દિવંગતોના આજે તેમના વતનમાં અગ્નિસંસ્કાર થઈ રહ્યા છે તે સમયે પાકિસ્તાન દૂતાવાસની આ હરકત ભારે ટીકાનું કેન્દ્ર બની છે અને તેના કારણે પાકિસ્તાનને હજુ પણ આ હુમલા અંગે કોઈ શરમ કે મૃતકોનો મલાજો જાળવવાની પણ ચિંતા ન હોય તે નિશ્ચિત થયું છે.

## બૈસરન વેલીના મેદાનમાં એક પરિવારના સભ્યને ગોળીએ ઠાર મારતો ત્રાસવાદી વિડીયો વાયરલ



નવી દિલ્હીઃ પહેલગામમાં પાકિસ્તાન પ્રેરિત ત્રાસવાદીઓએ જે રીતે ૨૮ લોકોને ગોળીઓથી ભુંજી માર્યા તેમાં એક ત્રાસવાદી બૈસરન વેલીમાં મેદાનમાં બેસેલા પરિવારમાંથી તેના પુરુષ સભ્યને ગોળી દાગતો હોય તેવો વિડીયો વાયરલ થયો છે જેમાં પ્રારંભમાં આ ત્રાસવાદી હાથમાં અમેરિકી બનાવટની એસલ્ટ રાયફલ ટાંકીને દર્શાવાયો છે અને પછી તે ગોળીબાર કરતો નજરે ચડે છે. આ વિડીયોએ ત્રાસવાદીની બર્બરતાનો પરિચય આપ્યો છે અને તે અંગે હવે વિડીયો કઈ રીતે વાયરલ થયો અને કોણે ઝડપ્યો તેની તપાસ શરુ થઈ છે.

### પાકના ત્રણેય લશ્કરી એટેચીને ભારત છોડવા જણાવાયુ

# 'પર્સોના નોન ગ્રાટા' : પાક અધિકારીને અડધી રાતે આદેશ પકડાવાયો

### વિદેશ મંત્રાલયમાં પાકના સર્વોચ્ચ અધિકારી સાદ અહેમદને બોલાવાયાઃ દૂતાવાસની સંખ્યા પણ ઘટાડી ૩૦ની કરવા સૂચના



નવી દિલ્હીઃ પહેલગામ હુમલાના પગલે ગઈકાલે મળેલી સુરક્ષા બાબતોની કેબીનેટ કમીટીની બેઠકમાં પાકિસ્તાન સામે શરુ થયેલા એકશનમાં એક તરફ સિંધુ પાણી સમજુતી રદ થઈ છે અને તેથી કાશ્મીરમાંથી પાકમાં વહેતી નદીઓના પાણી રોકી દેવાશે જેથી પાકના પંજાબમાં આગામી દિવસોમાં પાણી, કૃષી વિ. માટે મોટી સમસ્યા સર્જાશે તો બીજી તરફ વાઘા બોર્ડર પણ સીલ કરતા અને ભારતમાં રહેલા પાક નાગરિકોને તાત્કાલીક દેશ

(અનુસંધાન ૧૨ મા પાને)

### પાક દૂતાવાસના બેરીકેડ હટાવાયાઃ X એકાઉન્ટ બ્લોક કરાવાયું


નવી દિલ્હીઃ ભારતે હવે પાકિસ્તાન સામે આકરા પગલા શરૂ કર્યા છે અને અત્યાર સુધી પાક દૂતાવાસની સુરક્ષા માટે જે ખાસ બેરીકેડ ઉભા કરાયા હતા તે હટાવી લીધા છે અને આથી પાક હવે વધુ અસુરક્ષિત અનુભવશે તો બીજી તરફ પાક દૂતાવાસનું જે સોશ્યલ મીડીયાનું એકસ એકાઉન્ટ છે તે પણ બંધ કરાવી દેવાયુ છે તો વાઘા બોર્ડર પર જે રીટ્રીટ સેરેમની રોજ યોજાય છે તે પણ હવે રદ થશે.

## આતંકવાદીઓનુ મૂળ ષડયંત્ર વડાપ્રધાન મોદીની કટરા મુલાકાતને ટાર્ગેટ કરવાનું હતું?

### મોદીનો ૧૯મી એપ્રિલનો પ્રવાસ છેલ્લી ઘડીએ રદ થયો હતો

શ્રીનગર : પાકિસ્તાનથી બે આતંકવાદીઓ ઘણા સમય પહેલાં જ ભારતમાં ઘૂસણખોરી કરીને આવી ગયા હતા અને એવું જાણવા મળે છે કે સ્થાનિક આતંકવાદીઓ સાથે મળીને તેમનો મૂળ પ્લાન કટરામાં ૧૯ એપ્રિલે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાત વખતે હુમલો કરવાનો હતો. વડા પ્રધાનની જમ્મુની એ મુલાકાત સલામતી અને ખરાબ વેધરને કારણે પડતી મૂકવામાં આવી હતી.

આ આતંકવાદીઓ ઇન્ટેલિજન્સ ઓફિસરોની ટીમ પર હુમલો કરવા આવ્યા હતા એવા જે અહેવાલ આવ્યા હતા એને સુરક્ષા દળોએ રદિયો આપ્યો હતો. પહેલગામમાં ઇન્ટેલિજન્સ બ્યુરોના જે ઓફિસરનું મૃત્યુ થયું છે તે પરિવાર સાથે વેકેશન મનાવવા આવ્યો હતો.









# શેરબજાર કરતાં સોનામાં નફો વધારે



**★આંતરરાષ્ટ્રીય માર્કેટમાં છેલ્લાં એક વર્ષ દરમિયાન સોનાનાં ભાવમાં લગભગ ૫૨ ટકાનો વધારો થયો છે.**

**★આ જ સમયગાળા દરમિયાન ભારતમાં સોનાનાં ભાવમાં ૩૮ ટકાનો વધારો થયો છે, જ્યારે બીએસઇ સેન્સેક્સમાં માત્ર ૬.૯ ટકાનો વધારો થયો છે.**

**★ છેલ્લાં ૨૫ વર્ષમાં અમેરિકાનાં માર્કેટમાં સોનાનાં ભાવમાં ૧૨.૭ ગણો વધારો જોવા મળ્યો છે.**

નવી દિલ્હી : શેરબજારમાં વધતી વોલેટિલિટી અને અનિશ્ચિતતાના કારણે સોનામાં રોકાણનું વલણ વધ્યું છે. આથી જ સોનું રોકાણકારો માટે પસંદગીની એસેટ બની ગયું છે. આંતરરાષ્ટ્રીય માર્કેટમાં છેલ્લાં એક વર્ષમાં સોનાનાં ભાવમાં લગભગ ૫૨ ટકાનો વધારો નોંધાયો છે, જ્યારે આ સમયગાળા દરમિયાન અમેરિકાનાં બેન્ચમાર્ક સ્ટોક ઇન્ડેક્સ ડાઉ જોન્સ ઇન્ડસ્ટ્રીયલ એવરેજ (ડાઉ) ૦.૯ ટકા ઘટ્યા છે. છેલ્લા એક વર્ષમાં ભારતમાં સોનાના ભાવમાં ૩૮ ટકાનો વધારો થયો છે, જ્યારે બીએસઇ સેન્સેક્સમાં માત્ર ૬.૯ ટકાનો ઉછાળો નોંધાયો છે

યુએસ અને ભારતીય સ્ટોક સૂચકાંકોના ડેટામાં ડિવિડન્ડ યીલ્ડનો સમાવેશ કરવામાં આવ્યો નથી. વોલ સ્ટ્રીટ જર્નલના આંકડા મુજબ ડાઓ પર ડિવિડન્ડ યીલ્ડ હાલમાં ૧.૮૭ ટકા અને બીએસઈ સેન્સેક્સ પર ૧.૧૫ ટકા છે. આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાના ભાવમાં નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યો છે અને તે મંગળવારે ૩૫૦૦ ડોલર પ્રતિ ઔંસની સપાટીએ પહોંચી ગયો હતો. નવી દિલ્હી જ્વેલર્સ અને સ્ટોકહોલ્ડર્સની વધેલી ખરીદીના પગલે દિલ્હીમાં સ્થાનિક સોનાના ભાવમાં રૂ.૧૮૦૦ નો ઉછાળો નોંધાઇ રૂ.૧ લાખ પ્રતિ ૧૦ ગ્રામના આંકને પાર કરી ગયો હતો. મુંબઈમાં સોનાના ભાવ ૯૮,૦૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર બંધ થયા હતા. આંતરરાષ્ટ્રીય બજાર માટે મે ૨૦૦૬ બાદના ૧૨ મહિનાના સમયગાળામાં સોનામાં આ રેકોર્ડ વધારો છે.


મે ૨૦૦૬માં સોનાના ભાવમાં ૫૪.૬ ટકાનો વધારો થયો હતો. ભારતમાં જુલાઈ ૨૦૧૯ થી જુલાઈ ૨૦૨૦ સુધીના સમયગાળા પછી સૌના માટે આ વર્ષ શ્રેષ્ઠ રહ્યું છે. તે દરમિયાન સોનાના ભાવમાં ૫૪ ટકાનો વધારો થયો હતો. તાજેતરમાં આવેલી તેજી બાદ હવે સોનાએ માત્ર લાંબા ગાળા માટે જ નહીં પરંતુ ટૂંકા ગાળામાં પણ શેરબજારને પાછળ રાખી દીધું છે. અમેરિકી શેર બજાર સામે સોનાનો લાંબાગાળાનો દેખાવ ખાસ ઉલ્લેખનીય છે. પાછલા ૨૫ વર્ષોમાં અમેરિકી માર્કેટમાં સોનાની કિંમતોમાં ૧૨.૭ ગણો વધારો થયો છે, જ્યારે ડાઉ પર આ જ સમયગાળા દરમિયાન ૩.૬ ગણો વધારો થયો છે

અમેરિકામાં સોનાના રોકાણકારો માટે આ બાબત ૧૦.૭ ટકાના ચક્રવૃદ્ધિ વાર્ષિક વળતર તરીકે પ્રતિબિંબિત થાય છે, જે ઇક્વિટીમાં રોકાણ કરતા રોકાણકારોના વળતર કરતાં બમણાથી વધુ છે. ડાઉ જોન્સ ઇન્ડસ્ટ્રિયલ એવરેજ આ સમયગાળા દરમિયાન ૫.૨ ટકાના કમ્પાઉન્ડ એન્યુઅલ ગ્રોથ રેટ (સીએજીઆર)માં વૃદ્ધિ પામી હતી. અમેરિકામાં સોનાના ભાવ એપ્રિલ ૨૦૦૦માં ૨૭૩.૬ ડોલર પ્રતિ ટ્રોય ઔંસથી વધીને હાલમાં ૩,૪૭૧ ડોલર પ્રતિ ઔંસ થઈ ગયા છે. એ જ રીતે છેલ્લાં ૧૦ વર્ષમાં અમેરિકામાં સોનાના ભાવ ૧૧.૪ ટકાના સીએજીઆર પર વધ્યા છે, જ્યારે આ જ સમયગાળા દરમિયાન ડાઉ જોન્સમાં ૭.૯ ટકાના સીએજીઆરની સરખામણીએ ૭.૯ ટકાનો સીએજીઆર નોંધાયો હતો

છેલ્લાં ૨૫ વર્ષમાં અમેરિકન ડોલર સામે રૂપિયાના અવમૂલ્યનને કારણે ભારતીય બજારોમાં સોનાનો ભાવ સારો રહ્યો છે. જો કે છેલ્લાં ૨૫ વર્ષમાં સેન્સેક્સે સ્થાનિક કરન્સીમાં ડાઉને પણ પાછળ છોડી દીધો છે. સ્થાનિક બજારમાં સોનાની કિંમત છેલ્લાં ૨૫ વર્ષમાં ૧૩.૩ ટકાના સીએજીઆર પર વધી છે. એપ્રિલ ૨૦૦૦માં તેની કિંમત ૪૩૫૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ હતી અને બુધવારે તે ૯૮,૪૮૪ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર પહોંચી ગઈ હતી. આ ભાવમાં સેલ્સ ટેક્સ કે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સનો સમાવેશ થતો નથી. આ જ સમયગાળા દરમિયાન બીએસઈનો સેંસેક્સ એપ્રિલ ૨૦૦૦માં ૪,૬૫૮થી વધીને મંગળવારે ૭૯,૫૯૬ પર પહોંચી ગયો હતો, જે ૧૨ ટકાના સીએજીઆર પર પહોંચ્યો હતો.

# પૃથ્વીના પેટાળમાં સોનાનો ભવ્ય ભંડાર

## વર્ષે સોનાનું ખનન, ૩૦ કરોડ બેરલ તેલ બાળવા બરાબર !



નવી દિલ્હી,તા.૨૩

શું સોનાના ભંડારને કાર્બન ઉત્સર્જન સાથે જોડી શકાય છે ? શું સોનું પણ તેની પાછળ ઝેરી ધુમાડો છોડી જાય છે ? આ સવાલોના જવાબ સોનાના ભંડાર સાથે જોડાયેલી આ રીપોર્ટમાં જાણવા મળશે. ખરેખર, તાજેતરમાં જ ભૂસ્તરશાસ્ત્રીઓને ચીનમાં સોનાનો મોટો ભંડાર મળ્યો છે. માનવામાં આવે છે કે આ શોધ તાજેતરના ઇતિહાસમાં સોનાની સૌથી મોટી શોધમાંની એક છે. આનાથી વિશ્વભરમાં સોનાની ખાણકામના ક્ષેત્રમાં મોટો ફેરફાર થઈ શકે છે. શા માટે વિશ્વભરના પર્યાવરણવાદીઓ કાર્બન ઉત્સર્જન અંગે ચિંતા વ્યક્ત કરી રહ્યા છે ?

**ચીનમાં સોનાનો આટલો મોટો ભંડાર ક્યાંથી મળ્યો ? :-**

ચીનમાં સોનાનો ભંડાર એટલો મોટો મળી આવ્યો છે કે ચીનની સાત પેઢી ઇચ્છે તો આ ખજાના પર ટકી શકે છે. આ વિશાળ થાપણ મધ્ય ચીનના હુનાન પ્રાંતના વાંગયુમાં જમીનની નીચે દટાયેલી છે. તેમાં ૧૦૦૦ મેટ્રિક ટનથી વધુ સોનું હોવાનો અંદાજ છે. તેની કિંમત લગભગ ૭૮ અબજ યુરો અથવા ૬૦૦ અબજ યુઆન છે. હુનાન પ્રાંતના જિયોલોજિકલ સર્વેના જણાવ્યા અનુસાર લગભગ ૨૦૦૦ મીટરની ઊંડાઈએ ૪૦થી વધુ વિવિધ સોનાના પડ મળી આવ્યા છે. એવું માનવામાં આવે છે કે આ પ્રારંભિક સ્તરોમાં લગભગ ૩૦૦ ટન સોનું છે. વધુ સંશોધનથી અપેક્ષાઓમાં વધુ વધારો થયો છે.

**એક મેટ્રિક ટનમાં ૧૩૮ ગ્રામ સોનું, આ અપૂર્ણાંક વધુ :-**

૩,૦૦૦ મીટરની ઊંડાઈએ ડ્રિલિંગથી વધુ ભંડાર મળ્યો છે. આને કારણે કુલ અંદાજિત વોલ્યુમ એક હજાર ટનથી વધુ થઈ ગયું છે. ચીનના સરકારી મીડિયા અનુસાર, આ જગ્યા અત્યાર સુધીની સૌથી મહત્વની જગ્યાઓમાંથી એક છે. ભૌગોલિક સર્વેક્ષણમાં એક અનોખી બાબત એ હતી કે કાઢવામાં આવેલા ઘણા ખડકના નમૂનાઓમાં સોનું દેખાતું હતું. આ બતાવે છે કે અહીં સોનાની માત્રા ખૂબ વધારે છે. વાંગુ સાઇટ પર મળી આવેલા કેટલાક અયસ્કમાં ૧૩૮ ગ્રામ પ્રતિ મેટ્રિક ટન સોનું હોય શકે છે. આટલી મોટી માત્રામાં સોનું મળવું ખૂબ જ દુર્લભ છે.

**આ ટેક્નિકથી શોધાયું હતું આ ગોલ્ડ રિઝર્વ :-**

ચીનના વાંગહુમાં સોનાની શોધ માત્ર નસીબની વાત નથી. આધુનિક ટેક્નોલોજીના કારણે આ શક્ય છે. વિભાગે ત્રિ-પરિમાણીય જીઓકેચિંગ મોડેલિંગનો ઉપયોગ કર્યો હતો. આનાથી વૈજ્ઞાનિકોને જમીનની નીચે સોનાની રચનાઓ શોધવામાં મદદ મળી હતી. આ મોડેલોએ શ્રેષ્ઠ સ્તરો સાથે ડ્રિલિંગ સાઇટ્સની શોધ કરી હતી. આ પદ્ધતિઓએ પૃથ્વીની સપાટીની નીચે સોનાથી સમૃદ્ધ વિસ્તારોને શોધવામાં મદદ કરી હતી.

**સોનામાંથી બહાર આવશે નોકરીઓ, એનર્જી નેટવર્ક ઊભું થશે :-**

માનવામાં આવે છે કે સોનાના ભંડાર ખાણકામની પ્રવૃત્તિઓને વેગ આપવા માટે નવાં ઉર્જા નેટવર્કના વિકાસને ઉત્તેજીત કરવામાં સક્ષમ છે. ખાણકામ અને શુદ્ધિકરણ પ્રક્રિયાઓથી હજારો નવી નોકરીઓ ઉભી થવાની અપેક્ષા છે. આનો આર્થિક લાભ માત્ર સ્થળ પૂરતો જ સીમિત નહીં રહે, પરંતુ આસપાસના વિસ્તારોમાં પણ ફેલાશે.

### કયા દેશ પાસે કેટલો સોનાનો ભંડાર

| દેશ | સોનું(ટનમાં) | દેશ | સોનું (ટનમાં) |
|---|---|---|---|
| અમેરીકા | ૮૧૩૩ | સ્વીટઝરલેન્ડ | ૧૦૪૦ |
| જર્મની | ૩૩૫૨ | જાપાન | ૮૪૬ |
| ઈટલી | ૨૪૫૨ | ભારત | ૮૪૧ |
| ફ્રાંસ | ૨૪૩૭ | નેધરલેન્ડ | ૬૧૨ |
| રશિયા | ૨૩૩૬ | તુર્કી | ૫૮૫ |
| ચીન | ૨૨૬૪ | | |



**પર્યાવરણ માટે આ ચિંતાનો વિષય :-**

પર્યાવરણ નિષ્ણાતો માને છે કે આટલાં મોટા પાયે સોનાનું ખનન કરવાથી પર્યાવરણને ગંભીર નુકશાન થઈ શકે છે. નિષ્ણાતો કહે છે કે કોઈપણ વિકાસ યોજનામાં પર્યાવરણને ધ્યાનમાં રાખવું મહત્વપૂર્ણ છે. જમીનનું ખોદકામ, જળ સંસાધનોનું વ્યવસ્થાપન અને કાર્બન ઉત્પાદન જેવી ચિંતાઓ પર્યાવરણને મુશ્કેલીમાં મૂકી શકે છે. આમ પણ પ્રદૂષણ ફેલાવવામાં ચીન દુનિયામાં ઘણું આગળ છે. ગોલ્ડ કાઉન્સિલના જણાવ્યા અનુસાર, વિશ્વ ગોલ્ડ ઉદ્યોગની કાર્બન ફૂટપ્રિન્ટ વૈશ્વિક ઉત્સર્જનના ૦.૩ ટકા છે, જે ઇન્ટ્રા-યુરોપિયન ઉત્સર્જન કરતા પણ વધારે છે. સોનાના ખનન દરમિયાન સરેરાશ ૦.૮૫ ટન કાર્બન ડાયોકસાઇડ પ્રતિ ઔંસ સોનું ખોદવા સાથે નીકળે છે.

**સોનાના ખાણકામથી પૃથ્વીની ગરમી કેવી રીતે વધે છે :-**

૨૦૧૯ સુધીમાં, વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના ડેટાનો ઉપયોગ કરીને કાર્બન ડાયોક્સાઇડનું વાર્ષિક ઉત્પાદન આશરે ૧૨૬,૩૫૯,૦૦૦ ટન સુધી પહોંચી ગયું છે. આનો અર્થ એ છે કે એક વર્ષનું સોનાનું ખાણકામ લગભગ ૩૦૦ મિલિયન બેરલ તેલને બાળી નાખવા બરાબર છે.

**સોનાના ખનનથી પર્યાવરણને વધુ નુકસાન થાય છે :-**

સોનું વિશ્વની સૌથી મોંઘી ધાતુઓમાંની એક છે, પરંતુ તેનું ખોદકામ પૃથ્વી પરની સૌથી પર્યાવરણીય અને સામાજિક રીતે વિનાશક ધાતુઓમાંની એક છે. દર વર્ષે વિશ્વભરમાં ખરીદવામાં આવતા સોનામાંથી લગભગ ૭% સોનાનો ઉપયોગ ઉદ્યોગ, તકનીકી અથવા દવા માટે થાય છે. બાકીનું સોનું બેંકો અને ઝવેરાતની દુકાનમાં જમા થાય છે.

**ભારત પાસે કેટલું સોનું છે? :-**

સોનાના ભંડારના મામલે ભારત વિશ્વમાં ૮માં નંબર પર છે. તેની પાસે ૮૪૦.૭૬ ટન સોનું છે. સોનું એ માત્ર નાણાકીય સંપત્તિ જ નથી, પરંતુ સાંસ્કૃતિક અને ધાર્મિક દ્રષ્ટિકોણથી ભારતીયો માટે પણ તેનું ઘણું મહત્વ છે. ભારતીય મહિલાઓ પાસે પણ સોનાનો સૌથી મોટો ભંડાર છે. આ અનામત દેશની આર્થિક સુરક્ષાનો ખૂબ જ મહત્વપૂર્ણ ભાગ છે. ભારત પણ ડોલર પર નિર્ભરતા ઘટાડવા માટે સોનાની ખરીદી કરી રહ્યું છે.

**ભારત પાસે યુએસ ટ્રેઝરી કરતા ત્રણ ગણું વધારે સોનું છે :-**

ભારતમાં મંદિરોની તિજોરીમાં એટલું સોનું છે કે તે અમેરિકી સરકારની તિજોરીથી ત્રણ ગણું વધારે છે. પદ્મનાભસ્વામી મંદિર, તિરૂપતિ બાલાજી મંદિર, જગન્નાથ મંદિર, વૈષ્ણો દેવી મંદિર જેવા મંદિરોમાં ૪૦૦૦ ટન સોનું છે. આ આંકડો વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલનો છે. ભારતનો સોનાનો ભંડાર ભલે ૮૦૦ ટનથી વધુ હોય, પરંતુ આપણે ભારતીયોને પણ સોનું એટલું પસંદ છે કે આપણે ૨૫ હજાર ટનથી વધુ સોનાની બચત કરી છે. આ અમેરિકા પાસે રહેલા ૮,૯૬૫ ટન સોનાના ભંડારથી લગભગ ત્રણ ગણું છે, જે વિશ્વમાં સોનાનો સૌથી મોટો ભંડાર ધરાવે છે.

## આતંકી હુમલાના પીડિતોને ખેલાડીઓએ આપી શ્રદ્ધાંજલિ

# સનરાઈઝર્સ હૈદરાબાદ અને મુંબઈ ઈન્ડિયન્સના ખેલાડીઓ કાળી પટ્ટીઓ પહેરીને ઉતર્યા મેદાનમાં

## મેચમાં ચીયરલીડર્સ કે કોઈ આતશબાજી પ્રદર્શિત કરાઈ નહીં



હૈદરાબાદ,તા.૨૪

સનરાઈઝર્સ હૈદરાબાદ અને મુંબઈ ઈન્ડિયન્સના ખેલાડીઓ બુધવારની આઈપીએલ મેચ દરમિયાન પહેલગામ આતંકી હુમલાના પીડિતોના શોક માટે કાળી પટ્ટીઓ પહેરીને મેદાન પર આવ્યા હતા. ખેલાડીઓ ઉપરાંત મેચ અધિકારીઓ, કોમેન્ટેટર્સ અને સપોર્ટ સ્ટાફે પણ કાળી પટ્ટી પહેરી હતી. આ મેચમાં કોઈ ચીયરલીડર્સ હાજર નહોતા અને કોઈ આતશબાજી પણ પ્રદર્શિત કરવામાં આવી ન હતી. તેમજ સંગીત પણ વગાડ્યું ન હતું. બંને ટીમના ખેલાડીઓએ મેચની શરૂઆત પહેલા એક મિનિટનું મૌન પણ પાળીને આ ઘટનાના પીડિતોને શ્રદ્ધાંજલિ આપી હતી. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ના એક સૂત્રએ અગાઉ માહિતી આપી હતી કે, બંને ટીમોના ખેલાડીઓ કાળી પટ્ટી પહેરીને રમશે અને આતંકવાદી હુમલામાં જીવ ગુમાવનારાઓની યાદમાં એક મિનિટનું મૌન પાળશે.

**પરંપરાથી અલગ થવાનો નિર્ણય:** કાળી પટ્ટીઓ પહેરવાનો અને ચીયરલીડર્સ અને ફટાકડાને મેચથી દૂર રાખવાનો નિર્ણય સામાન્ય IPL પરંપરાથી અલગ થઈ ગયો હતો. VCCI એ રાજીવ ગાંધી સ્ટેડિયમની જાહેર જાહેરાત પ્રણાલી દ્વારા પણ શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરવા માટે જાહેરાત કરી હતી. જે બાદ સ્ટેડિયમમાં હાજર દર્શકો અને ટીવી દર્શકો પણ આ શ્રદ્ધાંજલિમાં ભાગ લઈ શકે તે માટે એક મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું. આ પછી, ટોસ દરમિયાન, બંને ટીમના કેપ્ટનોએ પીડિતોને શ્રદ્ધાંજલિ આપી.

BCCI ના સેક્રેટરી દેવજીત સૈકિયા જણાવ્યું હતું કે, પહેલગામમાં થયેલા અમાનવીય આતંકવાદી હુમલામાં નિર્દોષ લોકોના કરૂણ મોતથી ક્રિકેટ જગત આઘાત અને દુ:ખી છે. બીસીસીઆઈ વતી, અમે આ ઘૃણાસ્પદ અને કાયરતાપૂર્ણ કૃત્યની સખત નિંદા કરીએ છીએ અને શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે દિલથી સંવેદના વ્યક્ત કરીએ છીએ. દિવંગત આત્માઓની શાંતિ માટે અમારી પ્રાર્થના છે.

## ફૂટબોલરોએ આતંકવાદી હુમલાના પીડિતોને શ્રદ્ધાંજલિ પાઠવી

**ભુવનેશ્વર:** બુધવારે ભુવનેશ્વરમાં સુપર કપ મેચ પહેલા બેંગલુરૂ એફસી અને ઇન્ટર કાશીના ખેલાડીઓએ આતંકવાદી હુમલાના પીડિતોને શોક આપવા માટે એક મિનિટનું મૌન પાળ્યું અને કાળા હાથ પર પટ્ટી બાંધીને રમ્યા. સ્થાનિક અને વિદેશી ટીમોના ખેલાડીઓએ પીડિતોને શ્રદ્ધાંજલિ આપવા માટે કાળી પટ્ટી પહેરીને મેદાનમાં પ્રવેશ કર્યો. મેચ શરૂ થાય તે પહેલાં, કલિંગા સ્ટેડિયમમાં હાજર ખેલાડીઓ, ખઅટ અધિકારીઓ અને દર્શકોએ દિવંગત આત્માઓની યાદમાં એક મિનિટનું મૌન પાળ્યું. અગાઉ, બેંગલુરૂ એફસીએ આતંકવાદી હુમલાના પીડિતો અને ઘાયલો પ્રત્યે એકતા વ્યક્ત કરી હતી. બેંગલુરૂ એફસી અને ભારતના કેપ્ટન સુનીલ છેત્રીએ આતંકવાદીઓના કાયર કૃત્યની નિંદા કરી. છેત્રીએ કહ્યું, 'પહલગામથી આવી રહેલા સમાચારથી હું દુ:ખી છું. આ કાયરતાપૂર્ણ આતંકવાદી હુમલાથી પ્રભાવિત તમામ પરિવારો સાથે મારી સંવેદના છે.

# ભારતીય ક્રિકેટ ટીમના હેડ કોચ પૂર્વ સાંસદ ગૌતમ ગંભીરને મારી નાખવાની ધમકી

## આઈએસઆઈએસ કાશ્મીર તરફથી ધમકી? પોલીસમાં ફરિયાદ



નવી દિલ્હી,તા.૨૪

એક તરફ જ્યારે સમગ્ર દેશ પહેલગામ આતંકવાદી હુમલાથી શોકમાં છે, તો બીજી તરફ ભાજપના પૂર્વ સાંસદ અને ભારતીય ક્રિકેટ ટીમના વર્તમાન મુખ્ય કોચ ગૌતમ ગંભીરને ISIS કાશ્મીર તરફથી જાનથી મારી નાખવાની ધમકી મળી છે. તેણે બુધવારે દિલ્હી પોલીસનો સંપર્ક કર્યો અને એફઆઈઆર માટે ઔપચારિક ફરિયાદ નોંધાવી અને તેના પરિવારની સુરક્ષા માટે પગલાંની માંગ કરી.

ગૌતમ ગંભીરે કાયર આતંકવાદીઓ દ્વારા પહેલગામ હુમલામાં માર્યા ગયેલા લોકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. તેમજ તેમના માટે ન્યાયની માંગણી કરી હતી. ગંભીરની છબી દેશભક્તની છે. ક્રિકેટના મેદાનથી લઈને પોતાના નિવેદનો સુધી તે ખુલ્લેઆમ પાકિસ્તાનનો વિરોધ કરતા જોવા મળે છે અને દેશભક્તિની વાતો કરે છે. આ જ કારણ છે કે તે પુલવામા આતંકી હુમલામાં શહીદ થયેલા જવાનોના પરિવારજનોની મદદ કરી રહ્યો છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે ભારતનું સ્વર્ગ કહેવાતા જમ્મુ-કાશ્મીરમાં મંગળવારે આતંકવાદીઓએ પ્રવાસીઓ પર હુમલો કર્યો હતો. ધર્મ વિશે પૂછવા પર ગોળીઓ ચલાવવામાં આવી હતી, જેમાં ૨૬ લોકોના મોત થયા હતા.

### સુવિચાર

**જિંદગીમાં કોઇની સાથે પણ ગુસ્સાથી વાત ન કરો, શું ખબર કોણ કેવી મુશ્કેલીઓથી લડીને પણ તમને હસીને જવાબ આપતા હોય !!**

# વલસાડની ૧૪ વર્ષની સગીરા દુષ્કર્મનો ભોગ બની, ગર્ભપાત કરવા હાઇકોર્ટની મંજૂરી

અમદાવાદ, તા.૨૪

દક્ષિણ ગુજરાતમાં વલસાડની એક ૧૪ વર્ષીય સગીરા કે જે ખુદ તેના પાડોશી દ્વારા જ દુષ્કર્મનો ભોગ બની હતી અને ૨૬ સપ્તાહથી વધુનો ગર્ભ ધરાવી રહી હતી, તેને ગર્ભપાત કરાવવા ગુજરાત હાઇકોર્ટે એક અગત્યના હુકમ મારફતે મંજૂરી આપી હતી. જસ્ટિસ જે.સી.દોશીએ મેડિકલ બોર્ડના રિપોર્ટને ધ્યાનમાં લઇ સગીરાના ગર્ભના ગર્ભપાત કરાવવાની મંજૂરી આપતો હુકમ કર્યો હતો. મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગનન્સી અમેન્ડમેન્ટ બીલની જોગવાઇ હેઠળ સામાન્ય સંજોગોમાં ૨૪ સપ્તાહ સુધીના ગર્ભના ગર્ભપાતની મંજૂરી હોય છે પરંતુ પ્રસ્તુત કેસની ગંભીરતા અને હકીકતો ધ્યાનમાં લઈને હાઈકોર્ટે ઉપરોક્ત આદેશ કર્યો હતો.

હાઇકોર્ટના આદેશ મુજબ વલસાડની સિવિલ હોસ્પિટલના ત્રણ સિનિયર મોસ્ટ ગાયનેકોલોજીસ્ટ, સાયકોલોજીસ્ટ સહિતના નિષ્ણાત તબીબની ટીમ દ્વારા ગર્ભપાતની પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

વલસાડની ૧૪ વર્ષીય સગીરાના વાલી તરફથી કરાયેલી રિટ અરજીમાં હાઇકોર્ટનું ધ્યાન દોર્યું હતું કે, ૧૪ વર્ષીય સગીરાને ખુદ તેના પાડોશી આરોપીએ જ તેની કુમળી વય અને માનસિકતાનો ગેરલાભ ઉઠાવી તેને દુષ્કર્મનો ભોગ બનાવી હતી, જેના કારણે તે ગર્ભવતી બની હતી. જો કે, પીડિતાની માનસિક, સામાજિક અને શારીરિક સ્થિતિ અને સંજોગોને જોતાં તેણી બાળકને જન્મ આપવા ઇચ્છતી નથી અને ગર્ભપાત કરાવવા માંગે છે. પીડિતા એક પછાત વિસ્તારમાંથી આવે છે અને તેને પ્રેગનન્સી કે તેના એડવાન્સ સ્ટેજ વિશે કંઇ ખબર પણ નથી.

હાઇકોર્ટે પીડિતાની મેડિકલ તપાસનો વિગતવાર રિપોર્ટ મેડિકલ બોર્ડ પાસેથી મંગાવ્યો હતો. જેમાં પીડિતાની ગર્ભપાત માટે શારીરિક અને માનસિક રીતે સજ્જ હોવાની વાત સામે આવી હતી. જો તે બાળકને જન્મ આપે તો તેમાં ઘણા જોખમ અને દહેશત હોવાનો અભિપ્રાય પણ વ્યકત કરાયો હતો. પીડિતા અને તેના પરિવારની મનોદશા, માનસિક આઘાત અને સંજોગો ધ્યાનમાં લઇ જસ્ટિસ જે.સી.દોશીએ આખરે ૧૪ વર્ષીય સગીર પીડિતાને ગર્ભપાત કરાવવાની મંજૂરી આપી હતી.

### આજનું ચિંતન

#### મા-બાપ

- મા-બાપ પર એટલો વિશ્વાસ રાખો જેટલો દવા પર રાખો છો, કદાચ થોડા કડવા હશે તો પણ તમારા ફાયદા માટે જ હશે.
- મા-બાપ ઉંમરથી નહીં પણ સંતાનોની ચિંતાને કારણે વૃધ્ધ થાય છે, આ જિંદગીનું સત્ય છે.
- જેમ જેમ ઉંમર પસાર થાય છે તેમ અહેસાસ થવા લાગે છે, મા-બાપ દરેક ચીજ વિષે સાચુ કહેતા હતા.
- તમારા માતા-પિતા પ્રત્યે તમે જેવું વર્તન કરો છો એ જ પરિસ્થિતિ માટે ગમે ત્યારે તમે પણ તૈયાર રહેજો.
- માતા-પિતાને ગીફટમાં ઘડિયાળ નહીં, સમય આપો.
- પોતાનું સંપૂર્ણ જીવન આપી પાણી વૃક્ષને ઉછેરે છે એટલે જ પાણી લાકડાને ડુબવા દેતું નથી. મા-બાપનું પણ કાંઇક આવું જ છે.
- મા-બાપનો વારસો સંભાળો એને સંસ્કાર ન કહેવાય પણ વારસાની સાથે મા-બાપને સંભાળો તે સંસ્કારી કહેવાય.
- તમારા મા-બાપ જો તમારૂ એ.ટી.એમ. કાર્ડ બની શકતા હોય તો તમે તમારા મા-બાપના 'આધાર કાર્ડ' કેમ ન બની શકો ?
- મોટા બનો પણ તમને જેણે મોટા બનાવ્યા છે તેની સામે નહી.
- મા-બાપની મિલ્કતમાં બધા જ ભાગ પાડતા હોય છે, પરંતુ મા-બાપની સેવા કરવામાં કોઇ ભાગ પાડતું નથી.

# દુનિયામાં થતા અપરાધ માટે કોણ છે જવાબદાર?

### મૂલ્યોની મહેક

■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

કળિયુગના પ્રભાવથી વશીભૂત વર્તમાન મનુષ્ય અનેક અપરાધો કરે છે. અનેક કે જેઓ અપરાધભાવથી પીડિત પણ રહે છે અર્થાત અપરાધ ન કરવા છતાંયે તેમના મનમાં તેવું રહ્યા કરે કે મારી સાથે કે અન્ય સાથે એવુ તો બની નહી જાયને? કાંઈ થઈ તો નહી જાય ને? તેવા મનના નકારાત્મક ભાવથી, માનસિક્તાથી પીડાય છે. હવે પ્રશ્ન થાય કે આપણા પૂર્વજો અનેક સદીઓથી દાન-પુણ્ય, હવન-તપ, કર્મકાંડ, વ્રત-જપ અને કથા-વેદ-શાસ્ત્રોના વાંચન કરતા આવ્યા છે જેને અનુસરીને આજે આપણે પણ કરીએ જ છીએને! છતાંયે અપરાધને દુનિયામાંથી દુર નથી કરી શક્યા કારણ કે કાલચક્રના અટલ નિયમાનુસાર કળિયુગને તો આવવું જ પડે અને પોતાનો પ્રભાવ બતાવવો જ પડે ને! પરમાત્મા પણ કળિયુગમાં જ પોતાનું દિવ્ય અવતરણ કરીને કળિયુગના તમોપ્રધાનતાને સતયુગી સતોપધાનમાં પરિવર્તિત કરી રહ્યા છે. અર્થાત ફરી દુનિયામાંથી વિકારોરૂપી રાવણના સામ્રાજયને ખત્મ કરવા આપણી મદદ કરે છે.

દુનિયામાં કોઈપણ અપરાધ થાય છે તે માટે કારણ શોધીશું તો પાંચ વિકારો છે. જો સર્વ ઈચ્છા રાખે છે કે દુનિયામાંથી અપરાધ, દુ:ખ સદાને માટે દૂર થઈ જાય તો તે માટે માત્ર એ એક-બે અપરાધી દોષિત ગણી, સજા આપીને કાર્ય પૂર્ણ નથી થવાનું. સદાને માટે અપરાધમુકત વાયુમંડળ આપણે સર્વએ મળીને બનાવવુ પડશે. એ વિકાર કોઈની વાણીમાં છે, કોઈના કર્મમાં છે તો કોઈના સંકલ્પોમાં છે. એક શાંત મન અનેકોના મનને શાંત કરી શકે છે કારણ કે સંકલ્પ એક શક્તિ છે. તેની એનર્જી વાતાવરણમાં ફેલાય છે. જો આપણે સૌ એ બાબતે ધ્યાન રાખીશું અને સ્વયંના સંકલ્પોમાંથી એ પાંચ વિકારોથી વશીભૂત સંકલ્પોને દૂર કરીશુ તો દુનિયા પર પણ અપરાધ થવાનું ઘટતુ જશે, અંતે દુર થશે જ!

રામરાજય અથવા સતયુગી સંસાર ફરી ધરા પર લાવવા માટે આપણે એ વાત પર ધ્યાન આપવું જરૂરી છે કે દરેક સ્વયંના સંકલ્પોની પૂર્તિ માટે કેવુ ઈનપુટ આપીએ છીએ. આજે સોશ્યલ મીડિયા, પુસ્તકો, ઘર-થિયેટર પરની ફિલ્મો, ગંદા વીડિયો, ગીત કે પોસ્ટ એ વિકારોને ફેલાવતા માધ્યમો છે. જેને વાયરલ થતા, ફોરવર્ડ કરતા અટકાવીને પરિવર્તનની શરૂઆત સ્વયંથી જ કરવી પડશે. સમાજમાં થતી ગુનાહિત પ્રવૃતિને રોકવા સ્વયંની વૃતિને પવિત્ર બનાવવી અત્યંત આવશ્યક છે. તે માટે ઈશ્વરીય જ્ઞાન અને રાજ યોગ સ્વયંને, પરિવારને, વિશ્વને સર્વને સુરક્ષા પ્રદાન કરે છે જે સીધા જ પરમાત્મા દ્વારા વર્તમાન શીખવવામાં આવે છે તેને સમજીએ.

સૌ સાથે મળીને આપણા દેશ, સમાજને અપરાધ મુક્ત બનાવવા માટે રોજ ૨૦ થી ૪૦ મિનિટ રાજયોગના અભ્યાસ દ્વારા સ્વયંને અપરાધમુક્ત સમર્થ માનસ ધરાવતા માનવી બનીએ. તે માટે સ્વયંએ પોતાના માટે કર્મ, વાણી, વર્તન, વ્યવહાર પર જ નહી પરંતુ સ્વયંના મનના ભાવ, વૃતિઓ અને વિચારો(સંકલ્પો) પર અટેંશન આપવું પડશે. કારણ કે વિચારોની શક્તિ જ વાતાવરણમાં અતિ તીવ્ર વેગે પ્રસરે છે એટલી ઝડપથી વાણી, વર્તન નહી. આથી સંકલ્પોની શક્તિઓને સદાચારી, સદ્દભાવનામયી, નિર્વિકારી, અપરાધ મુક્ત બનાવવા માટે અતિ ઉત્તમ રાજયોગનો અભ્યાસ કરીએ. તે માટે હઠયોગની જેમ પલાઠીવાળી બેસી જવાની જરૂર નથી કારણ કે વિચારો તો ચાલતા-ફરતા, ખાતા-પિતા, ઉઠતા બેસતા આવતા જ હોય છે. આથી કર્મયોગ એ જ રાજયોગ છે. આપણા જીવનને શ્રી કૃષ્ણ જેવુ કર્મયોગી બનાવીએ.

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧ : વીર સંવત- ૨૫૫૧, શાલિવાહન સંવત-૧૯૪૬
ચૈત્ર વદ-૧૨, તા.૨૫/૪/૨૫, શુક્રવાર

સૂર્યોદય : ૬-૨૧, સૂર્યાસ્ત : ૭-૦૮, જૈન નવકારશી : ૭.૦૯
રાશિ : મીન (દ.ચ.ઝ.થ.)

**ગૌચરના ગ્રહો**

સૂર્ય-મેષ, મંગળ-કર્ક, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-મીન, ગુરૂ-વૃષભ, હર્ષલ-વૃષભ, પ્લુટો-મકર, શુક્ર-મીન, શનિ-મીન, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-મીન

**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## રાશીફળ

**મેષ :** નોકરી વ્યવસાયમા અનુકુળતાવાળો દિવસ રહેવાનો, પિતાશ્રીનો સાથ સહકાર સારો રહે, કર્જમાં રાહત.

**વૃષભ :** કારણ વગરનો માનસિક તનાવ રહેવાનો, સ્વાસ્થ્ય બાબત જાળવવુ, વિદેશ જવાની કે સ્થળાંતરની ઈચ્છા ફળે.

**મિથુન :** દિવસ દરમ્યાન સંસ્થામાં સારો હોદો મળે, નોકરીમાં બદલીના ચાન્સ, કાર્યભાર રહે, મિલ્કતથી લાભ રહે.

**કર્ક :** નવી ભાગીદીર યોજનાઓ માટે અનુકુળતા રહેશે, સગાઈ લગ્નના કાર્યોમાં સફળતા, માતુશ્રીથી લાભ.

**સિંહ :** આત્મવિશ્વાસ કેળવવો, કાલ્પનીક ટેન્શન રહેવાનું, નોકરી વ્યવસાયમાં કોઈ મહત્વના ફેરફારો ન કરવા.

**કન્યા :** અચાનક લાભની આશા ફળે, મિલ્કતના પ્રશ્નોમાં લાભ, નોકરીમાં આજનો દિવસ ઉતમ લાભદાયક રહે.

**તુલા :** તમારા પ્રયત્નો યોગ્ય દિશામાં હશે તો જરૂરથી સફળતા મળવાની છે, નોકરીમાં પ્રમોશનના ચાન્સ ઉભા થાય.

**વૃશ્ચિક :** ભાગ્યોદય માટે સારો દિવસ રહેવાનો, વિજાતીય મિત્રતા ગાઢ બને, આર્થિક લાભ, લગ્નની ઈચ્છા ફળવાની.


**ધન :** દિવસ ટેન્શનવાળો રહે, કોઈ મહત્વના કાર્યો આજે ન કરવા, નોકરીમાં ચીવટપૂર્વક કાર્ય કરવું જરૂરી.

**મકર :** મનગમતી વ્યકિતની મુલાકાત થાય, ભાગીદારી યોજના સફળ થાય, હરીફોથી જાળવવું, મિલ્કતથી લાભ.

**કુંભ :** શેર સટામાં અનુકુળતા રહે, સીઝનલ ધંધાથી લાભ, વ્યવસાયમાં ઉધારી ન કરવી, પરિવારના પ્રશ્નો હલ થાય.

**મીન :** સ્થળાંતરની ઈચ્છા ફળે, નોકરીમાં કાર્યભાર રહે, બચતની ઈચ્છા ફળે, ભાઈ બહેનો સાથે ગેરસમજોથી જાળવવું.

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત





### આડી ચાવી

૧. મુદ્દત-હિન્દી (૪)
૨. બદબુ (૨)
૪. ટાઇમપાસના રચનાકારની અટક (૨)
૫. મનને ગમી જાય તેવું (૫)
૭. સાહિત્ય (૫)
૧૧. કાચી ખાંડ (૩)
૧૨. એક કોમ્યુનિટી (૩)
૧૪. એક અટક (૪)
૧૭. સુદ અને ? (૨)
૧૮. ઉતરતી કક્ષાનું (૪)
૧૯. પર્સેન્ટેજ (૪)
૨૦. હાથીને મણ અને કીડીને ? (૨)
૨૧. આશ્ચર્યનો ઉદગાર-અંગ્રેજી (૨)
૨૪. રોતા રહેનારો (૩)
૨૬. ન જયાદા, ન ... (૨)
૨૮. બાળવાર્તામાં મામા (૪)
૩૦. શરીરનું લચીલુ અંગ (૩)
૩૧. ખોટનું વિરોધી (૨)
૩૨. શ્રીમંત (૩)

### ઊભી ચાવી

૧. એક જગમશહુર પેઇન્ટીંગ (૪)
૨. સોળે શાન, વીસે ? (૨)
૩. જાહેર ..., શોક...(૨)
૪. રમેશ સિપ્પીની એક ફિલ્મ (૨)
૫. આમન્યાનું પાલન કરનાર (૪)
૬. વાદ કરવો (૩)
૮. અથડામણ (૫)
૯. રરે ઉંધુ લખો (૨)
૧૦. એક ઋતુ (૩)
૧૩. એકદમ ગમતું (૪)
૧૪. આમીર ખાનની એક ફિલ્મ (૫)
૧૫. પોલીસનો એક હોદ્દો હિન્દી (૪)
૧૬. લાંબુ ટકે તેવું (૩)
૧૮. એક જ અક્ષર આવશે (૫)
૨૩. ફિલ્મ : શરીફ ... (૪)
૨૫. આધાર, દારો ... (૩)
૨૭. મનહર મનજીભાઇનું ટુંકુ (૨)
૨૯. માતા-મરાઠી (૨)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| જુ | ન | | અ | વા | ક | | | કા | |
| ના | | ભા | ષા | | લો | હ | ચું | બ | ક |
| ગ | | ગ | ઢ | વા | લ | | બ | ર | ફ |
| ઢ | | ળ | | હ | | કા | ન | | ન |
| | અ | | અ | ન | બ | ન | | ઓ | |
| | જ | વા | બ | | | પુ | ર | સ્કા | ર |
| મ | ગ | ર | | પ્ર | હા | ર | | ર | જા |
| હે | ર | | | હ | લ | | મ | | મં |
| મા | | ના | પા | સ | | મ | હા | ન | દી |
| ન | ન | ન | ન | ન | ન | ન | ન | ન | |

# સરકાર-આર્મી પર ભરોસો રાખીને ફરવા ગયા હતાઃ પાટીલને આક્રોશ સાંભળવો પડયો

## સુરતમાં મૃતક શૈલેષ કળથિયાની અંતિમ યાત્રામાં તેમનાં પત્નિનો બળાપોઃ આર્મી-પોલીસ કે મેડીકલ વ્યવસ્થા ન હતી

સુરત તા.૨૪

કાશ્મીરનાં પહેલગામમાં ભયાનક ત્રાસવાદી હુમલા સામે દેશભરનાં જન-જનમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. ત્યારે હુમલામાં આધારસ્તંભ કે પરિજન ગુમાવનારા પરિવારની હાલત કેવી હશે તેની કલ્પના પણ મુશ્કેલ છે. સુરતના બેંક મેનેજરના મૃત્યુ બાદ અંતિમયાત્રામાં તેનો પરચો મળ્યો હતો મૃતકનાં પત્નિએ બળાપો ઠાલવ્યો હતો. કેન્દ્રીય મંત્રી તથા ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ સહિતના ઉપસ્થિત લોકોને આક્રોશ સાંભળવો પડયો હતો.

પહેલગામ હુમલામાં ગુજરાતનાં ત્રણ લોકોનો ભોગ લેવાયો હતો મુળ અમરેલીના લાઠી પંથકનો અને સુરતમાં સ્થાયી થયેલા પરિવારનાં શૈલેષ કળથીયા નામના બેંક મેનેજર પણ ત્રાસવાદી ગોળીનો ભોગ બન્યા હતા. તેમનાં મૃતદેહને સુરત લવાયો હતો અને અંતિમયાત્રામાં ઘેરા શોકનો માહોલ છવાયો હતો.

સુરતના મૃતકને પત્નિની હાજરીમાં



મૃતક શૈલેષભાઈ કળથિયા

## ઘરનો આધારસ્તંભ ગુમાવ્યો છેઃ પાછો આપો, હૈયાફાટ વિલાપથી વાતાવરણ ગમગીન

આતંકવાદીઓએ ગોળી મારી દીધી હતી.ત્યારે તેઓએ આકરો આક્રોશ બળાપો ઠાલવ્યો હતો તેઓએ વિલાપ કરતાં એમ કહ્યુ કે આતંકવાદીઓએ મુસ્લીમોને કાંઈ કર્યુ ન હતું જયારે જેટલા હિન્દુ હતા તેઓને ગોળી મારી દીધી હતી. જયાં સુધી જીવ ન ગયો ત્યાં સુધી આતંકવાદી ઉભો ઉભો હસતો રહ્યો હતો.

સુરક્ષા વ્યવસ્થા પર નિશાન તાકતા એવો બળાપો ઠાલવ્યો હતો કે કાશ્મીરનું નામ બદનામ કરો છો પણ કાશ્મીરમાં કોઈ વાંધો નથી.વાંધો સરકાર અને સુરક્ષામાં છે.આટલા બધા પ્રવાસીઓ હોવા છતા કોઈ આર્મી, પોલીસ, કે મેડીકલ વ્યવસ્થા ન હતી. અમે સરકાર અને આર્મી પર ભરોસો રાખીને ફરવા ગયા હતા. અંતિમ યાત્રામાં પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ સહિતના નેતાઓ ઉપસ્થિત હતા અને તેઓને આક્રોશ સાંભળવો પડયો હતો.

# ધર્મ જોઈને સામાન ખરીદોઃ મોરબીમાં દુકાને-દુકાને પોસ્ટરો લાગ્યા

**આતંકવાદી હુમલાનાં મોરબીમાં ઘેરા પ્રત્યાઘાતોઃ વિશ્વ હિન્દુ પરિષદ-બજરંગ દળે હિન્દુઓને હિન્દુઓ સાથે જ આર્થિક વ્યવહાર કરવા આહ્વાન કર્યુઃ દુકાનો પર પોસ્ટરો ચિપકાવ્યા**




**(જીજ્ઞેશ ભટ્ટ દ્વારા)** મોરબી,તા.૨૪

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં આતંકી હુમલો કરવામાં આવ્યો હતો જેમાં લોકોનો ધર્મ પૂછીને અને તેને ચેક કરીને ગોળીઓ મારવામાં આવી હતી જેથી કરીને તેના વિરોધમાં આજે મોરબી વિહિપ અને બજરંગદળ દ્વારા શહેરની મુખ્ય બજારોમાં દુકાને દુકાને પોસ્ટરો લગાવવામાં આવ્યા છે જેમાં ધર્મ જોઈને સમાન ખરીદો, આ હિન્દુની દુકાન છે તેવુ લખવામાં આવેલ છે.

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં દેશના જુદાજુદા રાજ્યોમાંથી ઘણા લોકો પરિવાર સાથે ફરવા માટે આવ્યા હતા અને પ્રવાસીઓ હરિયાળીનો આનંદ માણી રહ્યા હતા ત્યારે આતંકી હુમલા કરવામાં આવ્યો હતો જેમાં ૨૮ જેટલા લોકોના મોત નિપજયાં છે અને આ હુમલો સંપૂર્ણપણે પૂર્વયોજિત હતો આટલું જ નહિ પરંતુ ત્યાં હાજર રહેલા લોકોને તેનો ધર્મ પૂછીને અને તેના કપડાં કાઢીને ચેક કરીને ગોળીઓ મારવામાં આવી હતી અને ઓટોમેટિક હથિયારોનો ઉપયોગ કરીને લગભગ ૩૦ મિનિટ સુધી અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો અને સુરક્ષા દળો ઘટનાસ્થળે પહોંચ્યા ત્યાં સુધીમાં હુમલાખોરો ભાગી ગયા હતા. જેથી કરીને આ હુમલાનો ગામો ગામ વિરોધ થઈ રહ્યો છે.

ત્યારે મોરબી શહેરમાં વિહીપ અને બજરંગદળ દ્વારા મોરબીના દરબારગઢ, નહેરુ ગેઈટ ચોક, રવાપર રોડ, જેલ રોડ, વઘાપરા સહિતના શહેરમાં મુખ્ય વિસ્તારોમાં પોસ્ટર લગાવીને વિરોધ કરવામાં આવી રહ્યો છે અને જે પોસ્ટર લગાવેલ છે તેમાં લખ્યું છે કે, ધર્મ જોઈને સમાન ખરીદો, આ હિન્દુની દુકાન છે જેથી તેના વિષે વાત કરતાં વિહિપના જિલ્લા અધ્યક્ષે જણાવ્યુ હતું કે, નિર્દોષ લોકોને તેનો ધર્મ પૂછીને, કપડાં કાઢીને અને કલમા ન પઢી શકે તેને ચેક કરી કરીને ગોળીઓ મારવામાં આવી હતી જેથી કરીને તે લોકો જો ધર્મ પૂછીને ગોળી મારતા હોય તો સનાતની હિન્દુઓને પણ જાગવાનો સમય આવી ગયેલ છે.

વધુમાં મોરબી જિલ્લા વિહિપના પ્રમુખ જીલેશભાઇ કલારિયાએ કહ્યું હતું કે, કાલે મોરબીમાં શનાળા રોડથી નહેરુ ગેઇટ ચોક સુધીની રેલી યોજાશે અને ત્યાર બાદ નહેરુ ગેઇટ ચોકમાં આતંકવાદના પૂતળાનું દહન કરવામાં આવશે તેમજ કાલે વેપારીઓ સ્વયંભૂ પોતાની દુકાનોને બંધ રાખીને આતંકી હુમલાનો વિરોધ કરવાના છે. ત્યારે મોરબી શહેર અને જીલ્લામાં દરેક હિન્દુઓએ હવેથી હિન્દુઓની સાથે જ આર્થિક વ્યવહારો કરવા જોઈએ તેના માટેનું કાલે આહ્વાન પણ કરવામાં આવશે.

### અમદાવાદના કોમેડિયન સિદ્ધાર્થ ત્રિવેદીએ કાશ્મીરનો અનુભવ જણાવ્યો

# આપ ઈન્ડિયા સે આયે હો, કૈસા લગા હમારા કાશ્મીર : સ્વર્ગ

# પહેલગામનો ગંભીર અનુભવ વર્ણન કરતો વિડીયો વાયરલ

## કાશ્મીરમાં ક્રિકેટ રમતા છોકરા અંદરો અંદર ભારત નહીં પરંતુ પાકિસ્તાનના ખેલાડીઓના નામથી બોલાવે છે – રિઝવાન ભાઈ ક્યાં શોટ મારા !



## પહેલગામ પાસે સ્થાનિક પોલીસ જવાનો પાસે ''મેઈડ ઈન પાકિસ્તાન'' ની બંદૂકો જોવા મળી : પોલીસ જવાને કહ્યું અમને ઈન્ડિયન ગન્સ જરાપણ નથી ગમતી

અમદાવાદ : તા.૨૪

ગુજરાતી પોડકાસ્ટર, પેરા સ્ટેન્ડ અપ કોમેડિયન અને પૂર્વ રેડિયો જોકી સિધાર્થ ત્રિવેદીએ તેમના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ ''SidSaaab'' પર અપલોડ કરેલો વીડિયો હાલ ખૂબ વાયરલ થઈ રહ્યો છે. તેઓએ તેમના બે વર્ષ પેહલા કાશ્મીરના પહેલગામમાં મુલાકાતના અનુભવો શેર કર્યાં છે.

તેઓએ વિડીયોમાં જણાવ્યું છે કે તેઓ આજથી બે અઢી વર્ષ પેહલા કાશ્મીર ગયા હતા, જીવનમાં પ્રથમ વખત જ કાશ્મીર ગયા હતા અને પહેલગામમાં રોકાયા હતા. તે જગ્યા જેટલી સુંદર લાગી, તેના અનુભવો એટલા જ ડરાવના (સ્કેરી) લાગ્યા, એરપોર્ટ પર પહોચ્યા અને ટેક્સીમાં બેઠા ત્યારે ડ્રાઈવરે પૂછ્યું કે કહા સે આયે હો, અમે હોશે હોશે જવાબ આપ્યો કે અમે અમદાવાદ ગુજરાત થી આવ્યા છીએ ત્યારે તેને કહ્યું કે અચ્છા આપ ઇન્ડિયા સે આયે હો, કૈસા લગા આપો હમારા કાશ્મીર. આવો જવાબ સાંભળી તેઓને ખૂબ અચરજ થયું. ત્યારે સિધાર્થ ત્રિવેદીએ વિચાર્યું કે તેમણે થયું અભણ વ્યક્તિ લાગે છે.

ત્યારબાદ હોટેલમાં ચેક ઇન કર્યું અને સાંજે સ્થાનિક બે ત્રણ બાળકો સાથે ક્રિકેટ રમ્યો, શોટ માર્યો તો સ્વભાવિક છે કે એમ કહીએ ધોની, કોહલી જેવો શોટ માર્યો પણ તેઓએ કહ્યુ કે રિઝવાનભાઈ ક્યાં શોટ મારા હૈ ? બીજા દિવસે ટુરિસ્ટ પોઈન્ટ પર ખચ્ચર પર જતા હતા ત્યારે સ્થાનિક પોલીસે તાપણું કરી રહી હતી અને તેમની બંદૂકો ડ્રાય કરી રહી હતી, અને ત્યારે સિદ્ધાર્થ ત્રિવેદીએ પૂછ્યું કે આ બંદૂકોને આગ સામે લઈ જાવ તો કાંઇ થાય નહીં, ત્યારે તેમને ખૂબ જ ગર્વ સાથે કીધું કે આ મેઇડ ઇન પાકિસ્તાન બંદૂક છે, આને જમીનમાં ડાટો, પાણીમાં રાખોને તો પણ દસ વર્ષ પછી એવી ને એવી જ ચાલે, ત્યાંથી ઘૂસણખોરી કરીને જે આવે છે તેની પાસેથી બંદૂક મળે છે એટલે આ જ વાપરી છીએ, અમને ઇન્ડિયન ગન્સ જરા પણ ગમતી નથી, એમણે પાકિસ્તાન પ્રત્યેનો પ્રેમ જોવો તો નવાઈ લાગે, તેઓને મોદી સરકારથી નફરત હોય તેવું લાગે. ફક્ત સરકાર જ નહીં તેઓ ભારતીય સેનાને પણ નફરત કરે છે.

વર્તમાન હુમલાની વાત કરતા સિધાર્થ ત્રિવેદીએ કહ્યું કે દરેક સ્થાનિક એવા નહીં હોય પરંતુ જ્યાં ફક્ત ખચ્ચર થી જ જવાય છે ત્યાં આટલી બધી બંદૂકો લઈને જવું, ત્યાં સ્થાનિકોને ત્યાં આ આતંકીઓ રોકાયા હશે, ક્યાંક જમ્યા હશે, તો શું સ્થાનિકોના સપોર્ટ સિવાય શક્ય છે ? ત્યારબાદ આક્રોશ વ્યક્ત કરતા કહે છે કે ઘરમાં ઘૂસીને મારવાથી કશું નહીં થાય, પણ હવે તેની ઇકોનોમી પર લાત મારવી પડશે. કાશ્મીર નહીં જવું, ઉત્તરાખંડ થી લઈને અનેક ઘણી જગ્યાઓ છે જ્યાં જે ફરવાલાયક છે. પણ ઘણા એવા પણ વિડિઓ સામે આવે છે જે સ્થાનિકોનો શું વાક? ત્યારે એક વિડિઓ સામે આવ્યો છે કે સ્થાનિકોએ આતંકી હુમલાના વિરોધમાં અને મૃતકોને શ્રધાંજલિ પાઠવવા માટે કેન્ડલ માર્ચ કરી છે, પરંતુ અનેકના ચેહરા પર હાસ્ય અને સ્મિત જોવા મળી રહ્યું હતું, ક્યાંય કોઈ ગુસ્સો કે દુ:ખ ન્હોતું, પોતાની રોજી રોટી બચાવવા માટેનું નાટક છે.

સિધાર્થ કહે છે કે હું અત્યારસુધી ન્હોતો માનતો કે આતંકવાદનો કોઈ ધર્મ નથી હોતો, પણ તેઓએ ધર્મ પૂછીને હુમલો કર્યો છે.




# રાજકોટમાં ગાંઠનું ઓપરેશન કર્યા બાદ ૧૧ માસની બાળકીનું મોતઃ બેદરકારીનો આક્ષેપ

**બે દિવસ તાવ આવ્યા બાદ બાળકીના રિપોર્ટ્સ થતા ગળામાં ગાંઠ અને ઈન્ફેક્શન ફેલાયું હોવાનું ખુલ્યું હતું, ડોકટરની ગંભીર બેદરકારી હોવાનો આક્ષેપ કરતા પરિવારજનો**

**નાનામવા રોડ રાજનગર ચોકની મા શારદા હોસ્પિટલમાં ઓક્સિજન કે આઈસીયુ વેન્ટિલેટરની કોઈ જ વ્યવસ્થા નહોતી છતાં ઓપરેશન કરાયું, ભૂલ સમજાતા અન્ય હોસ્પિટલમાં રીફર કરી પણ ત્યાં સુધીમાં બાળકીએ દમ તોડી દીધો હતો**

**મૃતક બાળકી મીતાંશીબા જાડેજાનો પરિવાર જામનગર જિલ્લાના રવાણી ખીજડિયા રહે છે, પિતા જનકસિંહ ખેતી કરે છે, માસુમ ફુલ જેવી બાળકીના મૃત્યુથી પરિવારમાં ભારે શોક છવાયો**

રાજકોટ, તા.૨૪

રાજકોટમાં ગાંઠનું ઓપરેશન કર્યા બાદ ૧૧ માસની બાળકીનું મોત થતા તબીબી બેદરકારીનો આક્ષેપ કરાયો છે. નાનામવા રોડ રાજનગર ચોકની મા શારદા હોસ્પિટલમાં ઓક્સિજન કે આઈસીયુ વેન્ટિનેટરની કોઈ જ વ્યવસ્થા નહોતી છતાં ઓપરેશન કરાયું હતું. ભૂલ સમજતા અન્ય હોસ્પિટલમાં રીફર કરી પણ ત્યાં સુધીમાં બાળકીએ દમ તોડી દીધો હતો. મૃતક બાળકી મીતાંશીબા જાડેજાનો પરિવાર જામનગર જિલ્લાના રવાણી ખીજડિયા રહે છે, પિતા જનકસિંહ ખેતી કરે છે, માસૂમ ફૂલ જેવી બાળકીના મૃત્યુથી પરિવારમાં ભારે શોક છવાયો હતો.

બનાવવા અંગે મૃતક બાળકીના પિતા અને પરિવારજનોએ આક્ષેપ સાથે જણાવ્યું હતું કે, મિતાંશીબા જનકસિંહ જાડેજા (ઉંમર ૧૧ મહિના, રહે રવાણી ખીજડીયા તાલુકો જીલ્લો જામનગર)ને તાવ આવતો હોવાથી માતા તેજલબા અને ઘરના અન્ય મહિલા સભ્યો મિતાંશીબાને લઈ



મૃતક બાળકીનો નિષ્પ્રાણ દેહ, તેનો ફાઈલ ફોટો, રાત્રે હોસ્પિટલમાં રહેલા ડોકટર અને સ્ટાફ, તેમજ પીએમ રૂમ બહાર એકત્ર થયેલ પરિવારજનો નજરે પડે છે.

રાજકોટના નાના મહુવા રોડ પર રાજનગર ચોકમાં આવેલી મા શારદા હોસ્પિટલ ખાતે લઈ આવ્યા હતા. મંગળવારે સવારે ચેકઅપ કર્યું હતું. ત્યારબાદ રિપોર્ટ આવતા ડોક્ટરે જણાવ્યા મુજબ બાળકીને ગળામાં ગાંઠ છે, અને તેને ઈન્ફેક્શન ફેલાયું છે. જેથી તેનું તત્કાલ ઓપરેશન કરવું પડશે. તેવી માહિતી આપી હતી. મિતાંશીબાના માતા અને ઘરના અન્ય મહિલા સભ્યોએ પરિવારમાં જાણ કરતા પિતા જનકસિંહ અને અન્ય સગા સંબંધીઓ હોસ્પિટલે પહોંચ્યા હતા. ઓપરેશન થવાનું નક્કી થતાં સાંજે છ વાગ્યે મિતાંશીબાને ઓપરેશન થિયેટરમાં લઈ જવામાં આવ્યા હતા. બે કલાક ઓપરેશન ચાલ્યું હતું. ત્યારબાદ રાત્રે ૮ વાગ્યે ઓપરેશન થિયેટરમાંથી બહાર લાવવામાં આવ્યા હતા. પિતાનો આક્ષેપ છે કે, જ્યારે ઓપરેશન થિયેટરમાંથી બહાર લઈ આવ્યા ત્યારે જ દીકરી સંપૂર્ણ બેભાન અવસ્થામાં હતી. પિતાએ જણાવ્યા મુજબ, ડો.જીતેન્દ્ર ગાંધીએ ઓપરેશન કર્યું હતું.

આ પછી છેક મોડી રાત્રે પરિવારને જાણ થઈ હતી કે, બાળકીનું મૃત્યુ થયું છે. એટલું જ નહીં પરિવારને એવી જાણ થઈ હતી કે, બાળકી મા શારદા હોસ્પિટલમાં દાખલ નથી. તેને મા શારદા હોસ્પિટલના સ્ટાફ દ્વારા નાના મોવા રોડ પર આવેલી સૌરાષ્ટ્ર હોસ્પિટલમાં રીફર કરવામાં આવી હતી. જ્યાં ડો.વિશાલ કાલરીયાએ તેને જોઈ તપાસી મૃત્યુ જાહેર કરી હતી.

બાળકીના પિતા જનકસિંહએ આક્ષેપ કર્યો હતો કે, મા શારદા હોસ્પિટલમાં ઓક્સિજન કે આઈસીયુ વેન્ટિનેટરની કોઈ જ વ્યવસ્થા નથી. છતાં ઓપરેશન કરવામાં આવ્યું હતું. આ ડોકટરની બેદરકારી છે કે તેની પાસે પૂરતી સાધન સામગ્રી ન હોવા છતાં ૧૧ માસની કુમળી બાળકીનું ઓપરેશન કર્યું. ઓપરેશન માટે ૪૨ હજાર રૂપિયા જેવી તગડી રકમ પણ કહેવામાં આવી હતી. આટલો ખર્ચ છતાં યોગ્ય સારવાર ન થતા અને બેદરકારી દાખવતા બાળકીનું મોત થયું છે જેથી હોસ્પિટલ અને ડોક્ટર સામે કડકમાં કડક પગલાં લેવા જોઈએ.

બનાવ અંગે સૌરાષ્ટ્ર હોસ્પિટલ દ્વારા પોલીસમાં જાણ કરતા માલવીયાનગર પોલીસના હેડ કોન્સ્ટેબલ કે.જી. ઝાલા સ્ટાફ સાથે હોસ્પિટલ દોડી આવ્યા હતા. જરૂરી કાગળ કાર્યવાહી કરી બાળકીના મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલના પીએમ રૂમ ખાતે ખસેડવામાં આવ્યો હતો. હાલ પોલીસે ફક્ત મૃત્યુ નોંધ લઈ તપાસ હાથ ધરી છે. જોકે પરિવારે ફરિયાદ નોંધવા માંગ કરી છે. મિતાંશીબા એક ભાઈ એક બહેનમાં નાના હતા. બનાવથી પરિવારમાં શોક છવાયો છે.

## ઓપરેશનમાં ગંભીર ભૂલ થયા પછી પરિવારને જાણ કર્યા વગર જ બાળકીને બીજી હોસ્પિટલમાં રિફર કરાઈ

બાળકીના પિતાએ આક્ષેપ કર્યો હતો કે, બાળકીની સારવારમાં ગંભીર બેદરકારી અને ભૂલ થઈ છે તેવી મા શારદા હોસ્પિટલના સ્ટાફ અને ડોક્ટરને જાણ થઈ ગઈ હતી. પોતાની બેદરકારી છુપાવવા અમને જાણ કર્યા વગર જ બાળકીને સૌરાષ્ટ્ર હોસ્પિટલમાં રીફર કરાઈ હતી. રીફર કરીને પણ અમને જાણ કરવામાં આવી નહોતી. બાળકીનું મૃત્યુ થયું છે તેની જાણકારી પણ અમને મા શારદા હોસ્પિટલના ડોક્ટરે આપી નહોતી. અમને સૌરાષ્ટ્ર હોસ્પિટલમાંથી જાણવા મળ્યું કે બાળકીનું મૃત્યુ થયું છે.



## મા શારદા હોસ્પિટલ બહાર પરિવારજનોનો રોષઃ પોલીસ દોડી ગઈ

રાજકોટઃ ૧૧ મહિનાની બાળકીનું ઓપરેશન કર્યા પછી તેનું મોત નીપજતા પરિવારજનોમાં ભારે આક્રોશ છવાયો હતો આજે બપોરે મૃતક મિતાંશીબા જાડેજા ના પરિવારજનો અને સગા સંબંધીઓ નાના મોવા રોડ રાજનગર ચોક ખાતે આવેલી મા શારદા હોસ્પિટલ ખાતે દોડી ગયા હતા અને ત્યાં જઈ આક્રોશ વ્યક્ત કર્યો હતો. ડોક્ટરને અમારી સામે હાજર કરો તેવા નાના લગાવ્યા હતા. વાતાવરણ તંગ જણાતા માલવીયા નગર પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો. પરિવારજનોએ એક હોસ્પિટલ સ્ટાફ સાથે ઝપાઝપી પણ કરી હતી. જોકે ડોક્ટર હાજર ન હોવાથી કલાકો સુધી પરિવારજનોએ હોસ્પિટલ બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું. (તસ્વીર : પંકજ શીશાંગીયા)



# રાજકોટમાંથી રૂ.૧૨.૮૯ લાખના મેફેડ્રોન ડ્રગ્સ સાથે રાણાવાવનો મુસ્તાક શેખ ઝડપાયો

**મુંબઈથી ડ્રગ્સ લાવી રાણાવાવમાં સપ્લાય કરે તે પહેલાં જ નવા ૧૫૦ ફટ રીંગરોડ પર એસઓજી ત્રાટકી, ૧૨૮ ગ્રામ મેફેડ્રોન અને કાર મળી રૂ.૧૭.૯૫ લાખનોં મુદામાલ જપ્ત**

**એસઓજી પીઆઈ એસ.એમ.જાડેજાની રાહબરીમાં હેડ કોન્સ્ટેબલ ફિરોજ રાઠોડ, દિગ્વિજયસિંહ ગોહિલ અને કોન્સ્ટેબલ હાર્દિકસિંહ પરમારની બાતમીના આધારે દરોડો**



રાજકોટ. તા.૨૪

રાજકોટ સહિત ગુજરાતભરમાં યુવાધનોને ડ્રગ્સના રવાડે ચડાવવા પેડલરો બેફામ બન્યાં છે ત્યારે રાજકોટ એસઓજી પોલીસ પણ પેડલરો સામે સક્રિય બની છે અને એક બાદ એક પેડલરોને ડ્રગ્સ-ગાંજો, ચરસ પકડી રહી છે, ત્યારે રાજકોટમાંથી રૂ.૧૨.૮૯ લાખના મેફેડ્રોન ડ્રગ્સ સાથે રાણાવાવના મુસ્તાક શેખને પકડી પાડી ૧૨૮ ગ્રામ મેફેડ્રોન અને કાર મળી રૂ.૧૭.૯૫ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો.

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી ભરત બસીયા દ્વારા યુવાધન નશાના રવાડે ના ચડે તથા નાર્કોટીક્સ પદાર્થોનું વેચાણ અટકાવવા "SAY NO TO DRUGS" મિશન અંતર્ગત નાર્કોટીક્સ પદાર્થોનું ખરીદ-વેચાણ કે સેવન કરનારા ઇસમો વિરુધ્ધ કડક કાર્યવાહી કરવાની આપેલ સુચનાથી એસઓજી પીઆઈ એસ.એમ.જાડેજાની રાહબરી હેઠળ હેડ કોન્સ્ટેબલ ફિરોજ રાઠોડ, દિગ્વિજયસિંહ ગોહિલ અને કોન્સ્ટેબલ હાર્દિકસિંહ પરમારને મળેલ ચોક્કસ બાતમીના આધારે નવા ૧૫૦ ફુટ રીંગ રોડ ઉપર હોટલ રોયલ રીટ્રીટની બાજુમાં વર્ધમાન એવન્યુ એપાર્ટમેન્ટના ગેઈટ પાસે જાહેર રોડ ઉપરથી કારમાંથી માદક પદાર્થ મેફેડ્રોનના મોટા જથ્થા સાથે એક શખ્સને પકડી પાડી તેનું નામ પૂછતાં પોતે મુસ્તાક રજાક શેખ (ઉ.વ.૩૩ રહે-રાણાવાવ, હિન્દુસ્તાન ટ્રાન્સપોર્ટની સામે કબ્રસ્તાનની બાજુમાં) જણાવ્યું હતું.

એસઓજીની ટીમે આરોપી પાસેથી માદક પદાર્થ મેફેડ્રોન ૧૨૮.૯ ગ્રામ રૂ.૧૨.૮૯ લાખનો જથ્થો કબ્જે કરી કાર મળી કુલ રૂ.૧૭.૯૫ લાખનો મુદામાલ જપ્ત કરી આરોપીની ધરપકડ કરી પૂછતાછ આદરી હતી.

વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, ડ્રગ્સ સાથે પકડાયેલ શખ્સ મુંબઈ તરફથી મેફેડ્રોન લઈ આવી રાણાવાવ લઈ જઈ ત્યાં જ સપ્લાય કરવાનો હોવાનું ખુલ્યું હતી. ઉપરાંત અગાઉ પણ આરોપી વિરુદ્ધ જામનગર પંચ એ.ડિવિઝન અને બી. ડિવિઝન પોલીસ મથકમાં પણ એનડીપીએસના ગુના નોંધાયેલ છે. હાલ એસઓજીની ટીમે આરોપી વિરુદ્ધ યુની. પોલીસ મથકમાં ગુનો નોંધી આગળની તપાસ પીએસઆઈ વી.જી.ડોડીયાએ આદરી છે.

**લાલબત્તી સમાનઃ ટ્રેનના પાટા પાસે ઉભા રહેવુ પણ જોખમી**

# ચાલું ટ્રેને પાયલોટે બોટલ ફેંકી, ૧૪ વર્ષના તરૂણને છાતીમાં વાગતાં મોતને ભેંટ્યો

**શાપર પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફુટેજના આધારે તપાસ આદરી બોટલ ફેંકનાર જેતલસર જંકશને રહેતાં અને વેરાવળ-બાન્દ્રાના લોકો પાઈલોટ શીવરામ ગુર્જરની ધરપકડ કરી**

રાજકોટ. તા.૨૪

ટ્રેનમાં મુસાફરી કરતાં કે ફાટક પાસે ઊભાં રહેતાં લોકો માટે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. ટ્રેનના પાટા પાસે ઉભવું કેટલું જોખમી છે તેવો બનાવ સામે આવ્યો છે. ચાલું ટ્રેને પાયલોટે બોટલ ફેંકતા ૧૪ વર્ષના તરૂણને છાતીમાં વાગતાં મોતને ભેંટ્યાના બનાવમાં શાપર પોલીસે બોટલ ફેંકનાર જેતલસર જંક્શન રહેતાં અને વેરાવળ-બાંન્દ્રાના લોકો પાઈલોટ શીવરામ ગુર્જરની ધરપકડ કરી હતી.

ગઈ તા.૦૧/૦૪/૨૦૨૪ ના બપોરના આશરે પોણા ત્રણ વાગ્યાના અરસામાં ફરીયાદી સંતોષ ધનશાહ ગોડઠાકરનો દીકરો બાદલ (ઉ.વ.૧૪) તથા તેના મીત્રો વેરાવળ (શાપર) ઓમરીંગ કારખાનાની સામે રેલ્વે ટ્રેક પાસે ઉભેલ હોય તે દરમ્યાન ગોંડલથી રાજકોટ તરફ જતી ટ્રેન નિકળેલ અને ટ્રેનમાંથી કોઇએ પ્લાસ્ટીકની પાણી ભરેલ બોટલ ફેંકતા ફરીયાદીના દીકરાને છાતીના ભાગે વાગી જતા ગંભીર ઇજા પહોંચ્યા બાદ તેમનું ઇજા થતા મોત નીપજેલ હતું. જે અંગે શાપર પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો



અકસ્માતનો ગુનો તેમજ ટ્રેનમાંથી બોટલ ફેકનારની ઓળખ મેળવી શોધી કાઢવા રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ, એસપી હિમકરસિંહ ગોંડલ ડીવાયએસપી કે.જી.ઝાલા દ્વારા કરવામાં આવેલ સુચનાથી શાપર પોલીસ મથકના પીઆઈ આર.બી.રાણાની રાહબરીમાં પીએસઆઈ આર.ડી.સોલંકી અને ટીમે અકસ્માત સ્થળે તપાસ કરતા અકસ્માત સ્થળની સામે આવેલ ઓમ રીંગ કારખાનાની બહાર લગાવેલ સીસીટીવી ફુટેજ ચેક કરતા તા.૩૧/૦૩/૨૦૨૫ ના બપોરના પોણા ત્રણ વાગ્યાના અરસામાં ટ્રેન નંબર ૧૯૨૧૮ વેરાવળ બાંન્દ્રા ટ્રેન નિકળેલ હોય અને ટ્રેનના એન્જીનમાંથી કોઇએ પાણી ભરેલ બોટલ ફેંકેલ હોવાનુ દેખાઇ આવ્યું હતું.

જેથી સીસીટીવી ફુટેજ તપાસના કામે મેળવી ટ્રેન બાબતે જેતલસર જંકશન ખાતે તપાસ કરતા ટ્રેન નં ૧૯૨૧૮ વેરાવળ બાંન્દ્રામાં પ્રથમ ડબ્બામાં (એન્જીનમાં) લોકો પાઇલોટ તથા આસીસ્ટન્ટ લોકો પાઇલોટ બેસતા હોય જેથી બન્નેની પૂછપરછ કરી હતી. જેમાં આસીસ્ટન્ટ લોકો પાઇલોટ શીવરામ સુલતાનરામ ગુર્જર (ઉ.વ.૩૧, રહે.જેતલસર જંક્શન) એ પ્લાસ્ટીકની પાણીની બોટલ ટ્રેનમાંથી ફેંકેલ હોય જે મૃતક બાળકને છાંતીના ભાગે વાગી જતા બનાવ બન્યો હોવાનું ટ્રેન નં ૧૯૨૧૮ વેરાવળ બાંન્દ્રાના આસીસ્ટન્ટ લોકો પાઇલોટ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી ધરપકડ કરી હતી.

## અવસાન નોંધ

**રાજકોટઃ** મુળ ગામ બેરાજા (પસાયા) હાલ રાજકોટ રામાનંદીય સાધુ સમાજના સવિતાબેન સુખરામદાસ ટીલાવત તે ગુણેશ્વર મહાદેવ મંદિર શ્રીનગર ૫/૬નો કોર્નરના મહંત અવધેશ બાપુ, નરોતમભાઈ તથા જયસુખભાઈના માતુશ્રી, હિતેશ, હર્ષદ, પ્રતિક તથા રચનાના દાદીમાનું તા.૨૩ને બુધવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૨૫ને શુક્રવારના સાંજે ૫થી ૭ શ્રી ગુણેશ્વર મહાદેવ મંદિર શ્રીનગર ૫/૬ કોર્નર સહકાર મેઈન રોડ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** ધૂળશિયા નિવાસી ઔદિચ્ય ગઢિયા બ્રાહ્મણ પ્રતિભાબેન નવીનચંદ્ર વ્યાસ (ઉ.૬૮) તે નિલેષ, ધવલ, અનીલાબેન ઉપેન્દ્રકુમાર પંડિત (ભાવનગર), લીનાબેન કલ્પેશકુમાર પંડયા (મોટી બાણુગર)ના માતુશ્રીનું તા.૨૩ના અવસાન થયું છે. બેસણું તા.૨૫ના શુક્રવારે સવારે ૯થી સાંજના ૫ સુધી તેમના નિવાસસ્થાન મુ. ધુળશીયા તા.ગોંડલ ખાતે રાખેલ છે. ટેલીફોનીક સાંત્વના મો.નં.૯૮૭૯૧ ૫૪૫૪૬, ૯૮૨૫૯ ૪૭૯૪૧.

ગોંડલઃ મુ.વાલાસણ, હાલ ગોંડલ નિવાસી વનરાજસિંહ રૂપસિંહ વાળા (ઉ.૫૬) તે જયદીપસિંહના પિતાશ્રી, મયુરસિંહ, પૃથ્વીરાજસિંહના કાકાનું તા.૨૧ના રોજ અવસાન થયેલ છે. બેસણું તા.૨૪ ગુરૂવાર સાંજે ૪થી ૬ રામેશ્વર મંદિર, રઘુવીર સોસાયટી, કોટડાસાંગાણી રોડ, ગોંડલ ખાતે રાખેલ છે.

**વેરાવળઃ** માંગરોળ નિવાસી ગીતાબેન કિશોરકુમાર રૂપારેલીયા (ઉ.૬૮) તે ગો.વા. સ્વ. જગજીવનદાસ છગનલાલ રાયઠઠાની પુત્રી તેમજ નાનુભાઈ, જીકાભાઈ, ગોવિંદભાઈ, સંજયભાઈના બહેનનું તા.૧૮ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે. સદગતની પીયરપક્ષની સાદડી તા.૨૫ને શુક્રવારે સાંજે ૪-૩૦થી ૬ નાનુભાઈ જગજીવનદાસ રાયઠઠા આલ્ફા રેસીડેન્સી, ગાયત્રી મંદિરની બાજુમાં લવકુશ એપાર્ટમેન્ટની સામે, ડાભોર રોડ, વેરાવળ રાખેલ છે.

**જસદણઃ** અમરેલી નિવાસી લુહાર વિજયભાઈ બાબુભાઈ રાઠોડ (ઉ.વ.૪૪) તે કલ્પેશભાઈના ભાઈ, કોમલબેનના પતિ, પાર્થિવ, વૈભવના પિતાશ્રી, પ્રવીણભાઈ પરમાર (જસદણ)ના જમાઈ હિરેનભાઈના બનેવી તા.૨૨ના રોજ અવસાન થયું છે. સદગતનું બેસણું તા.૨૪ના રોજ શિવશકિત ફર્નીચરમાં (આખો દિવસ) લાઠી રોડ અમરેલી ખાતે જસદણમાં શુક્રવારે સાંજે ૪થી ૬ વીંછીયા રોડ, પરમાર પરિવારના ચામુંડા માતાજીના મઢના હોલમાં રાખવામાં આવેલ છે.

**રાજકોટઃ** સ્વ. ઈલાબેન વિનોદભાઈ ખારેચા (ઉ.૬૧) તે વિનોદભાઈ, ગોરધનભાઈ ખારેચાના પત્ની, રવિભાઈ, કૃતિ અવનીશભાઈ જૈનના માતુશ્રી, શોભનાબેન, રમણીકલાલ, ગોવિદયા, રેહુલબેન, અજયકુમાર કુંવારદીયા, શીતલબેન ગીરીશકુમાર ભાડેશીયાના ભાભીનું તા.૨૨ના અવસાન થયું છે. બેસણું તા.૨૫ના સાંજે ૪-૩૦થી ૬ શ્રી વિશ્વકર્મા કેળવણી મંડળ ૭/૧૦ ભકિતનગર સ્ટે.પ્લોટ ખાતે રાખેલ છે.

**સાવરકુંડલાઃ** કાંતિભાઈ ગોવિંદભાઈ પરમાર (મહુવા) (ઉ.૮૦) તે તા.૨૪ ગુરૂવારના રોજ ૪થી ૬ હાથસણી રોડ મીરા પાનની બાજુમાં બાબા રામદેવ સાવરકુંડલા રાખેલ છે.

**રાજકોટઃ** વડપાચસરા નિવાસી, હાલ રાજકોટ હર્ષદરાય અમૃતલાલ મહેતાના પત્ની ઈન્દીરાબેન (ઉ.૭૬) તે ડો. ધર્માબેન તથા જતીનભાઈ (પીજીવીસીએલ)ના માતુશ્રી, હેમતલાલ હીરાચંદ પાટલીયાના પુત્રીનું તા.૨૩ના અવસાન થયું છે. ઉઠમણું તા.૨૫ને સવારે ૧૦-૩૦ કલાકે શ્રી ઋષભદેવ સ્થા.જૈન ઉપાશ્રય, ૧ તીરૂપતીનગર કેન્સર હોસ્પિટલ પાસે, રાજકોટ ખાતે રાખેલ છે. (જતીન મહેતા મો.૯૦૩૩૨ ૭૯૬૯૯).


શ્રદ્ધાંજલી



સ્વ.વલ્લભભાઈ ડાયાભાઈ ખૂંટ
સ્વ.તા.૨૦-૪-૨૦૨૫,
ગામઃખોખડદળ

નથી હયાત તમે પણ સાથે હોય એવું લાગ્યા કરે છે, હર પલ હાજરીનો આભાસ લાગ્યા કરે છે, ક્યારેક કહેવાયેલ વાતોના ભણકારા વાગ્યા કરે છે, યાદોમાં તમારા પ્રત્યક્ષ દર્શન થયા કરે છે, પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લી. અમારા માર્ગદર્શક અમારી હિંમત એવા મામા
રાજેશભાઈ નાગજીભાઈ સિદપરા, નિલેશભાઈ ડાયાભાઈ સંખાવરા
જેન્તીભાઈ નાગજીભાઈ સિદપરા, નિમેશભાઈ રમેશભાઈ આસોદરીયા
દિનેશભાઈ ડાયાભાઈ સંખાવરા, સુધીરભાઈ મનસુખભાઈ સખીયા
હરેશભાઈ ડાયાભાઈ સંખાવરા

શ્રદ્ધાંજલી



સ્વ.વલ્લભભાઈ ડાયાભાઈ ખૂંટ
સ્વ.તા.૨૦-૪-૨૦૨૫,
ગામઃખોખડદળ

જીવનમાં હરપળ હસતા રહ્યા, સ્નેહ થી સૌના હૈયે વસતા રહ્યા, સર્વત્ર સુવાસ ફેલાવી સંભારણા સૌના દિલમાં રાખી ગયા, પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

લી. રણજીતભાઈ હુંબલ, વાઘજીભાઈ નસિત
જીતુભાઈ સોજીત્રા, વિજયભાઈ પાનસુરીયા
સંજયભાઈ પરમાર, હાર્દિકભાઈ કોરાટ
મંત્રીશ્રી રાજુભાઈ દાદુકિયા
ભોલાભાઈ ગોહેલ, પ્રકાશભાઈ નસીત
તથા સમગ્ર ખોખડદડ ગ્રામ પંચાયત પરિવાર



બેસણું
સ્વ. ભરતભાઈ નાથાભાઈ પરસાણા
ચૈત્ર વદ ૮, સોમવાર
સ્વ. તા. ૨૧-૪-૨૦૨૫

ભરતભાઈ નાથાભાઈ પરસાણા નું તા. ૨૧-૦૪-૨૦૨૫, સોમવાર ના રોજ અવસાન થયેલ છે. પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના..

બેસણું : તા. ૨૫-૪-૨૦૨૫ શુક્રવાર સવારે ૮.૩૦ થી ૧૦.૦૦
સ્થળ : અલાસ્કા એપાર્ટમેન્ટ, સાકેત પાર્ક-૨ ની બાજુમાં, પાર્ક એવન્યુ પાછળ, નાના મૌવા રોડ, રાજકોટ.

લી.
મગનભાઈ નાથાભાઈ પરસાણા - મો. ૯૬૩૮૫ ૬૪૮૬૯
પરસોતમભાઈ નાથાભાઈ પરસાણા - મો. ૯૪૨૭૨ ૦૭૩૪૩
ગણેશભાઈ નાથાભાઈ પરસાણા - મો. ૯૨૨૮૭ ૪૯૭૧૦
જયભાઈ ભરતભાઈ પરસાણા - મો. ૭૫૬૭૯ ૨૭૨૨૬


સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્કયુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેક્સઃ ૦૨૮૧-૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com

## પહેલગામ હુમલા બાદ જમ્મુમાં ફસાયેલા રાજકોટના પ્રવાસીઓ ક્રમશઃ પરત ફરશે

# રાજકોટના ચાર પૈકી બે કપલ આવતીકાલે સાંજે આવી પહોંચશે

**જગદીપભાઈ અને નીતાબેન પારેખ તથા મહેન્દ્રભાઈ અને મયુરીબેન મહેતા કાલે સવારે જમ્મુથી ઈન્ડીગોની ફ્લાઈટમાં અમદાવાદ પહોંચશે અને ત્યાંથી સાંજે રાજકોટ આવશેઃ કુલદીપસિંહ અને રાજદીપસિંહને તા.૨૮ની ફ્લાઈટની ટીકીટ મળીઃ હજુ નિરવભાઈ તથા કિંજલબેન આચાર્ય અને તેમના બે પુત્રો ટીકીટથી વંચિતઃ હેત માંકડ પણ ટીકીટ મેળવવા પ્રયાસરત**





રાજકોટ તા.૨૪

કાશ્મીરના પહેલગામમાં બે દિવસ અગાઉ થયેલા ભયંકર આતંકવાદી હુમલા સમયે રાજકોટના પણ ૧૩ જેટલા પ્રવાસીઓ કાશ્મીરમાં ફરવા માટે ગયેલ હોવાનું તંત્રએ સત્તાવાર રીતે જાહેર કર્યુ છે. આજની તારીખે પણ પહેલગામ, શ્રીનગરમાં સંપૂર્ણ બંધની હાલત વર્તાઈ રહી છે અને રાજકોટના મોટાભાગના પ્રવાસીઓ શ્રીનગરની હોટલોમાં ફસાઈ ગયા છે. જો કે રાજકોટના તમામ ૧૩ પ્રવાસીઓ સલામત હોવાનું રાજકોટ જીલ્લા કલેકટર તંત્રના ડીઝાસ્ટર વિભાગે જાહેર કર્યુ છે.

ડીઝાસ્ટર તંત્ર સતત રાજકોટના પ્રવાસીઓને જીવંત સંપર્કમાં છે. અને આજે પણ તંત્રવાહકોએ તમામ પ્રવાસીઓ સાથે વાતચિત કરી હતી જેમાં પ્રવાસીઓએ તમામ લોકો હેમખેમ હોવાનું જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે રાજકોટના પ્રવાસીઓમાં ફરવા ગયેલા લોકો આતંકવાદી હુમલા બાદ ફફડી ગયા છે અને રાજકોટ આવવા માટે સતત પ્રયાસો કરી રહ્યા છે પરંતુ ખાસ કરીને ફ્લાઈટના અને અન્ય વાહનોના ભાડામાં બેફામ લૂંટ ચલાવાઈ રહી છે. આથી રાજકોટના પ્રવાસીઓ હજુ પણ મુંઝવણમાં હોવાનું જાણવા મળેલ છે. દરમ્યાન કલેકટર તંત્રના ડીઝાસ્ટર સેલમાંથી પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ રાજકોટના જગદીપભાઈ અને નીતાબેન પારેખ કે જેઓ પંચશીલ સોસાયટીમાં રહે છે તથા તેમની સાથે ગયેલા મહેન્દ્રભાઈ અને મયુરીબેન મહેતા કે જેઓ કિશાનપરામાં આવેલ મ્યુ.સ્ટાફ સોસાયટીમાં રહે છે તેઓને નસીબ જોગે ઈન્ડીગો ફ્લાઈટની ટીકીટ મળી જવા પામી છે. આ બન્ને કપલ આવતીકાલે સવારે ૧૦ કલાકે જમ્મુથી ઈન્ડીગોની ફ્લાઈટમાં બેસી ૧૨-૩૦ કલાકે અમદાવાદ પહોંચશે અને ત્યાંથી મોટર માર્ગે સાંજે સાડા પાંચ આસપાસ રાજકોટ પહોંચી જશે તેમ તેઓના રાજકોટ સ્થિત સબંધી સમીર પારેખે જણાવેલ હતું.

દરમ્યાન ડીઝાસ્ટર તંત્રના જણાવ્યા મુજબ રાજકોટના ૧૮ લક્ષ્મીવાડીમાં રહેતા કુલદીપસિંહ નકુમ અને તેમના પત્ની ઋચીબેન તથા તેમની સાથે ગયેલા રાજદીપસિંહ વાઘેલા અને વૈશાલીબા પણ આવતીકાલે રાજકોટ આવનાર છે. જોકે કુલદીપસિંહના પિતા રાજેશભાઈ નકુમનો સંપર્ક સાધતા તેઓએ સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે કુલદીપસિંહ અને રાજદીપસિંહને તા.૨૮ના રોજની પ્લેનની ટીકીટ મળી છે આથી તેઓ જમ્મુથી તા.૨૮ના રોજ રાજકોટ આવવા રવાના થશે. રાજેશભાઈ નકુમે વધુમાં એવું પણ જણાવેલ હતું કે જમ્મુમાં પણ સંપૂર્ણ બંધની હાલત છે અને અજંપાભરી શાંતિ હોવાનું તેમના પુત્રએ જણાવેલ હતું.

દરમ્યાન ડીઝાસ્ટર તંત્રના સતાવાળાઓના જણાવ્યા મુજબ રાજકોટના હજુ પાંચ વ્યક્તિઓ કે જેમાં માધાપર ચોકડી પાસે રામેશ્વર પાર્ક-૧માં રહેતા નિરવ આચાર્ય, કિંજલબેન આચાર્ય તથા તેમના બે પુત્રો જ્ઞાનેશ અને તીર્થને હજુ પ્લેનની ટીકીટો ઉપલબ્ધ થઈ નથી આથી તેઓ જમ્મુની હોટલમાં સલામત છે તેમજ રાજકોટના જ હેત માંકડને પણ ટીકીટનો મેળ પડયો નથી. અને તેઓ પણ જમ્મુની હોટલમાં સલામત છે.


**વ્યાસ હરિ ઓમ યાત્રા સંઘ**
રંગીલા સોસાયટી, વાસુકી મંદિરની બાજુમાં, પાણીના ટાંકાની બાજુમાં, નવાગામ, રાજકોટ
ઉજ્જૈન-ઓમકારેશ્વર, કાશી, અયોધ્યા, હરીદ્વાર, ગોકુલ-મથુરા, પુષ્કર, પોકરણગઢ, અંબાજી
અરવિંદભાઈ
97377 87155
96240 42348
ટીકીટ રૂા.૧૪૦૦૦ દિવસ-૧૫
ઉપડવાની તા.૧-૫
૨x૨ સ્લીપર


## જાહેરમાં ગંદકી કરનારા પાસેથી રૂા.૫૫૦૦નો વહીવટી ચાર્જ વસુલ કરતી સોલીડ વેસ્ટ શાખા

### ૨૧ વેપારીઓ પાસેથી પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરાયું



રાજકોટ,તા.૨૪

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ અન્વયે તારીખ ૨૧/૦૪/૨૦૨૫ થી ૨૨/૦૪/૨૦૨૫ એમ કુલ ૨ દિવસમાં ત્રણેય ઝોન વિસ્તારમાં અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાનીતથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાંઆવી હતી. જેમાં તા. ૨૧/૦૪/૨૦૨૫ થી ૨૨/૦૪/૨૦૨૫ એમ કુલ ૨ દિવસ દરમ્યાન ત્રણેય ઝોનમાંથી કુલ ૨૧ આસામીઓ પાસેથી ૧.૪૪ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૫૫૦૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

ઉપરોક્ત કામગીરી મ્યુનિસિપલ કમિશનરની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનરના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેરના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઈજનેર/ સેનીટેશન ઓફિસરશ્રીઓ/ સેનેટરી ઈન્પેક્ટર નાટર/ સેનેટરી સબ ઈન્પેકટર દ્વારા કરવામાં આવેલ.


**VEHICLE FOR SALE**
VEHICLE MODEL
MARUTI EECO 5 STR AC
Model : 2022 • Reg No. GJ-03-MR-0956
IndusInd Bank
2nd Floor, Business Empire, Opp. Swami Vivekanand Statue, Dr. Yagnik Road, Rajkot - 360001
ABHIJEETBHAI GOHEL : 98795 89009


## સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. ૯ માં અધિક સીની. સીવીલ જજ શ્રી આઈ.એમ.શેખ સાહેબની કોર્ટમાં દિ.૫.અ.નં. ૯૦૦/૨૦૨૫ ના અરજદાર શ્રી અશોકભાઈ જયંતિલાલ શેઠ (કંસારા) વાળાએ દાખલ કરી ગુજ. જયંતિલાલ જગજીવનદાસ કંસારાની સ્થાવર મિલ્કત કે જે, ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ, રાજકોટના રેવન્યુ સર્વે નંબર ૪૭૧-૪૭૨ પૈકીની જમીન ઉપર આવેલ શ્રી બેંક ઓફ બરોડા સ્ટાફ કો.ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. રાજકોટના પ્લોટ નં.૪ પૈકીની જમીન ચો.વા. ૨૦૩-૦૦ (સીટી સર્વે વોર્ડ નંબર ૧૬/૨, સીટી સર્વે નંબર ૧૦૫૩) વાળો પ્લોટ ગુજ. જયંતિલાલ જગજીવનદાસ કંસારા ને સોસાયટી તરફથી તારીખ ૧૨/૧૦/૧૯૬૯ ના રોજ પ્રત્યક્ષ કબજો સોંપવામાં આવેલ છે. જે બદલ સોસાયટી તરફથી ગુજ. જયંતિલાલ જગજીવનદાસ કંસારાને પ્રમાણપત્ર આપવામાં આવેલ છે. ત્યારબાદ ગુજ. જયંતિલાલ જગજીવનદાસ કંસારા એ સદરહુ જમીન ઉપર મકાનનું બાંધકામ કરેલ છે. ઉપરોકત સ્થાવર મિલ્કત નું હેરશીપ સર્ટીફીકેટ મળવા અંગે તેમના **વકીલ શ્રી શૈલેષ સી. પંડયા** મારફતે ઉપરોક્ત અરજી દાખલ કરેલ છે. તે સબંધે જે કોઈને વાંધો-તકરાર હોય તેઓએ **તા.૦૯/૦૬/૨૦૨૫** ના રોજ સવારના ૧૦:૩૦ કલાકે કોર્ટ સમક્ષ હાજર રહેવું, ગેરહાજર રહયે યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની સ્પષ્ટ નોંધ લેવી.

આજ તા.૨૩/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

તૈયાર કરનાર (ડી.ડી.જાડેજા) સીની. કલાર્ક | કોર્ટનો સિકકો | હુકમથી (એન.આર.વ્યાસ) રજીસ્ટ્રાર

પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ, રાજકોટ.

## સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. ૫મા અધિક સીનીયર સીવીલ જજ સાહેબ શ્રી એ.પી.દવે સાહેબની કોર્ટમાં દિવાની પરચુરણ અરજી નંબર ૮૮૮/૨૦૨૫ના કામમાં અરજદાર **શ્રી નીરવભાઇ કિશોરભાઇ આડેસરા,** રહે.: ગિરિરાજ, પ્રહલાદ પ્લોટ શેરી નં. ૨૯, હનુમાન મંદિર સામે, પ્રહલાદ પ્લોટ, રાજકોટવાળા ગુજરનાર કિશોરભાઇ હરીલાલ આડેસરાની સ્વતંત્ર માલીકીની સ્થાવર મિલ્કત ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ રાજકોટના, સબ-ડિસ્ટ્રીકટ રાજકોટના, રાજકોટ શહેરના પેલેસ રોડ તરીકે ઓળખાતા વિસ્તારના સીટી સર્વે વોર્ડ નં.૩, સીટી સર્વે નં. ૨૦૭૨ની જમીન ઉપર આવેલ 'રણજીત વિલાસ પેલેસ' પૈકીના વિભાગ-સીના પ્લોટ નં.૧ની જમીન ઉપર બાંધવામાં આવેલ 'રાજ પ્લાઝા' તરીકે ઓળખાતા બિલ્ડીંગ માંહેથી ફર્સ્ટ ફ્લોર પર આવેલ ઓફીસ નં. ૧ જેના બીલ્ટઅપ એરીયા ચો.ફુ.આ. ૨૨૩-૦૦ બરાબર ચો.મી.આ. ૨૦-૭૨ (સુપર બિલ્ટઅપ એરીયા ચો.ફુ.આ. ૨૬૮-૦૦ બરાબર ચો.મી.આ. ૨૪-૯૦) વાળી મિલ્કત તેનું ગુજરનારના વારસદાર તરીકે હેરશીપ સર્ટીફીકેટ મેળવવા ઉપરોકત અરજદારે તેમના **વકીલ જયેશ પી. નાગદેવ** મારફતે ઉપરોકત દિવાની પરચુરણ અરજી અત્રેની કોર્ટ સમક્ષ દાખલ કરેલ છે સદરહું અરજી સંબંધે જે કોઇને વાંધો-તકરાર હોય તેમણે મુદત તા. ૨૦/૦૬/૨૦૨૫ના રોજ સવારના ૧૧-૦૦ કલાકે લેખીત વાંધા સાથે હાજર રહેવું ગેરહાજર રહીએ યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ નોંધ લેશો.

આજરોજ તા. ૨૨/૦૪/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

તૈયાર કરનાર (બી.આર.ઝાલા) સીની. કલાર્ક | કોર્ટનો સીકકો | હુકમથી (સહી અવાચ્ય) રજીસ્ટ્રાર

**CHANGE OF NAME**
I HAVE CHANGED MY NAME FROM SUMRA IMRAN ALIMOHAMMAD TO SUMRA IMRAN ALI
ADD. NEAR AL JILANI MASJID, GOVINDPARA VERAVAL 362268 DIST. GIR SOMNATH


The Rajkot Commercial Co. Operative Bank Ltd
Web : www.rccbank.in
Ph. : 0281-2238946
ગ્રાહકોના અતુટ વિશ્વાસ થકી મજબુતી સાથે અડીખમ, સમૃધ્ધ અને ભારતભરમાં પ્રોફીટીબીલીટીમાં નંબર ૧
૨૪ માસથી વધુ ૩૬ માસ સુધીની મુદત માટે ડિપોઝીટના વ્યાજના દરમાં આકર્ષક વધારો (તા.૦૧.૦૭.૨૦૨૪ થી અમલમાં)
7.50% જનરલ ડિપોઝીટર માટે
8.00% વરીષ્ઠ નાગરીકો માટે
૧૦ લાખ સુધીના તમામ ધિરાણ
7.95 % વ્યાજના રાહતદરે
વધુ માહિતી માટે સંપર્ક: ધર્મેશ હિંડોચા 94093 29051, શૈલેષ પટેલ 94294 72052
'શેઠ શ્રી જયંતિલાલ કુંડલીયા સુવિધા સંકુલ', મહાત્મા ગાંધી મ્યુઝીયમ પાછળ, ચંદુલાલ બુચ માર્ગ, રાજકોટ.



**કન્યા છાત્રાલય રાજકોટ પ્રવેશ/કર્મચારી જોઈએ છે**
- વહેલા તે પહેલા ધોરણે છાત્રા પ્રવેશ ચાલુ છે.
- ત્રણેય ટાઇમ ૧૫૦ છાત્રાની રસોઈ માટે બીનગુજરાતી રસોયા. ૨૪ કલાક રહી શકે તેવા અનુભવી/બીનગુજરાતી ચોકીદાર.
- બીનગુજરાતી (પતિ-પત્નિ) પાર્ટ/ફુલટાઇમ સફાઇ કામદાર. ગુજ. કોમ્પ્યુ., હિસાબી, વહીવટનો ૫ વર્ષના અનુભવી કલાર્ક.
- રહેવા-જમવા સાથે, આકર્ષક પગાર, બાયોડેટા તાત્કાલીક વોટસએપથી ૧૦ દિનમાં પાઠવ્યે રૂબરૂમાં બોલાવવામાં આવશે.

પ્રમુખ : ૯૮૨૫૨ ૧૯૬૦૯
"અમૃત કન્યા છાત્રાલય" પંચવટી મેઈન રોડ, રાજકોટ-૧.
SIMPLE


## શ્રી ગોવિંદપરા કન્યા શાળા

**ગોવિંદપરા કન્યા શાળા**ના સ્લેબવાળા રૂમ નંગ-૬ના કાટમાળની હરરાજી કરવાની મંજુરીશ્રી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી ગીર સોમનાથના આદેશ **નં./જિ.પં./જિશિસ/આયો/રુમડીમો/૧૨૬/૨૦૨૫, તાઃ ૨૬-૦૩-૨૦૨૫**ના પત્ર અન્વયે મંજુરી મળતા હરરાજી રાખવામાં આવેલ છે. આ રૂમોની અપસેટ પ્રાઇઝ સરકારશ્રી દ્વારા રૂા.૪૫૩૧૯/- નકકી કરવામાં આવી છે. આ કામે રસ ધરાવતી વ્યકિતઓએ નકકી કરેલ તારીખ અને સમયે હાજર રહેવા જાણ કરવામાં આવે છે. જાહેર હરરાજીની શરતો રૂબરૂ વાંચી સંભળાવવામાં આવશે. હરરાજી કરવાના રૂમોને જાહેર રજાના દિવસો સિવાય શાળા સમય દરમિયાન જોઇ શકાશે.

સમય : સવારે ૧૦:૦૦ વાગ્યે
તારીખ : ૨/૫/૨૦૨૫

**હરરાજીનું સ્થળ :- શ્રી ગોવિંદપરા કન્યા શાળા- મું. ગોવિંદપરા, તા. વેરાવળ**

## કોટડાસાંગાણી તાલુકાના ગામ રાજપરાના રે.સ.નં.૩૧૯/ પૈકી ૧ ખેડવાણ જમીન અંગે જાહેર નોટીસ

કોટડાસાંગાણી તાલુકાના ગામ રાજપરાના રે.સ.નં.૩૧૯/ પૈકી ૧ની જુની શરતની 'બેકરી' તરીકે ઓળખાતી ખેડવાણ જમીન હે.આરે.ચો.મી. ૧-૨૧-૬૩ જે ગામ નમુના નં. ૮-અ ના ખાતા નં.૯૦૨થી શ્રી જયદીપ સોમાભાઈ સાકરીયા તથા ધર્મેશ સોમાભાઈ સાકરીયાની સ્વતંત્ર માલીકી, કબજા, ભોગવટાની આવેલ છે. ઉપરોકત જમીન તેઓ પાસેથી અમારા અસીલે ખરીદ કરવાનું નકકી કરેલ છે.

ઉપરોકત વિગત વાળી ખેડવાણ જમીનના માલીકી, ટાઈટલ, કબજા પરત્વે કોઈપણ વ્યકિત, પેઢી, બેંક, નાણાંકીય સંસ્થા વગેરે જેઓના સદર જમીન સામે કે ઉપર કોઈ પણ પ્રકારે હકક, હીત, હિસ્સો, દાવો, લાગભાગ, વારસાઈ હકક કે ભરણ પોષણ, ઈઝમેન્ટરી હકક, ભાડુતી હકક, સાટાખતના હકક, કબજા/ સમજુતી કરાર, મુખત્યારનામા, વિકાસના હકક, લીસ પેન્ડન્સ, લીયન, એટેચમેન્ટ, લોન, કરજ, ગીરો, બોજો, જામીનગીરી વિગેરે હોય કે આ ખેડવાણ જમીનની ચતુરસીમા, હદ મર્યાદા, હલાણ રસ્તો, ગાડા મારગ, માલીકી હકક સબંધે કોઈ કશો વાંધો તકરાર હોય તો તેમણે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ-૮ (આઠમા) તેના દસ્તાવેજી પુરાવાની પ્રમાણીત નકલ સાથે લેખીતમાં નીચેના સરનામે રજુઆત કરવી. મુદત વિત્યે કોઈપણ વ્યકિતનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, વાંધો કે તકરાર નથી અથવા હોય તો જતો (WAIVE) કરેલ છે. તેમ માની અમારા અસીલ વેચાણ વ્યવહાર પૂર્ણ કરી ઉપરોકત મિલકતનો પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે. ત્યારબાદ કોઈના હકક દાવા અમારા અસીલને શુધ્ધ બુધ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

સ્થળઃ રાજકોટ.
તારીખઃ ૨૪/૦૪/૨૦૨૫. (અમારા અસીલની સુચના મુજબ)

**અનિકેત યુ.વોરા એડવોકેટ મો.૭૦૪૬૪ ૪૦૩૮૧**
**જયદિપ એસ.વાસાણી એડવોકેટ મો.૮૯૮૦૨ ૬૪૫૬૫**
૦૧૫, સુરભી પોલીબલ, રોલેક્ષ રોડ, કોઠારીયા ગામ સામે, રાજકોટ.

## જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના ગોંડલ તાલુકાના શહેર ગોંડલ નગરપાલિકાની હદમાં આવેલ ગોંડલના રેવન્યુ સર્વે નં.૨૧૧/૪ની જમીન ચો.મી.૨૮,૪૨૯-૦૦ રહેણાંક બિનખેતીના પ્લોટ નં.૧૬૧ની ચો.વાર. ૧૦૫-૫૫ જેના ચો.મી.૮૮.૨૬ વાળી ખુલ્લી જમીન તાહિર આશિનભાઈ તેરવાડીયાએ ગોંડલ સબ-રજીસ્ટ્રાર કચેરીના રજી.દ.અ.નં.૫૦૮૫, તા.૨૯/૦૪/૨૦૨૨ના વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ હોય, તેઓની માલિકી હકક અને કબજા ભોગવટાની આવેલ છે. આ મિલ્કત તેના માલીક વેચાણ કરવા માંગે છે.

સદરહું મિલ્કતના ઉતરોતર દસ્તાવેજો પૈકી ગોંડલ સબ-રજીસ્ટ્રાર કચેરીના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનું.નં.૫૦૮૫, તા.૨૯/૦૪/૨૦૨૨નો વેચાણ દસ્તાવેજ અસલ તથા તેની નોંધણી ફીની પહોંચ અસલ તેમાંથી ખોવાયેલ/ગુમ થયેલ હોય, શોધતા મળી આવતા નથી તેવું તેના માલીક જણાવે છે.

સબબ ઉપરોક્ત ખોવાયેલ અસલ દસ્તાવેજ તથા તેની નોંધણી ફીની પહોંચ અસલ કોઈના કબજામાં હોય, કે આ મિલ્કત ઉપર કોઈ પેઢી, સંસ્થા, બેંક, મંડળી, ફાઈનાન્સ કંપની, વ્યક્તિ કે અન્ય કોઈનું લેણું હોય કે આ મિલ્કતમાં કોઈનો લાભ ભાગ હકક, હીત, હિસ્સો, કરજ, બોજો, ગીરો, ભરણપોષણ વારસાઈ કે અન્ય કોઈ હીત સંકળાયેલ હોય કે આ મિલ્કતના ટાઈટલ, માલીકી, કબજા કે વેચાણ અંગે કોઈને વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેલ દિવસ-૧૦ (દશ)માં નીચેના સરનામે આધાર પુરાવા સાથે લેખીત જાણ કરવી, મુદત હરોળમાં જો કોઈના વાંધા તકરાર નહી આવે તો કોઈને કોઈપણ પ્રકારનો વાંધો તકરાર નથી, તેમજ જો હોય તો જતો યાને વેઈવ કરેલ છે, તેમ સમજી સદરહું વેચાણ દસ્તાવેજની ખરી નકલ (સર્ટિફાઈડ કોપી)ને અસલ બરાબર માન્ય રાખી અને સદરહું મિલ્કત અંગે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપી દેવામાં આવશે અને અમારા અસીલ આ મિલ્કત કોઈપણને વેચાણ કરી તેનો પાકો વેચાણ દસ્તાવેજ કરી/કરાવી આપશે તેમજ કબજો સોંપી આપશે ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા તકરારો અમારા અસીલની સદરહું મિલ્કતના ટાઈટલ કે અમારા અસીલને શુધ્ધ બુધ્ધિના વેચનાર તરીકે બંધનકર્તા રહેશે નહી જેની સર્વે લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળઃ ગોંડલ. તારીખઃ ૨૪/૦૪/૨૦૨૫. અમારા મારફતઃ ફિરોજ વી.શેખ- એડવોકેટ

**ફિરોજ વી.શેખ- એડવોકેટ.** | ખંઢેરીયા શેરી, મોટીબજાર, ગોંડલ. મો.નં.૯૯૨૫૩ ૩૦૯૨૯.

## જિલ્લા પંચાયત અમરેલી
## ઓનલાઇન જાહેર નિવિદા નં. ૦૨/૨૦૨૫-૨૬

ગુજરાત રાજયના રાજયપાલ વતિ કાર્યપાલક ઇજનેરશ્રી પંચાયત સિંચાઇ વિભાગ, અમરેલી ફોન નંબર ૦૨૭૯૨-૨૨૨૧૬૪ની કચેરી દ્વારા યોગ્ય કક્ષામાં નોંધાયેલ ઇજારદારશ્રીઓ પાસેથી નીચે જણાવેલ કામોનાં ઓનલાઇન ટેન્ડરો માંગવામાં આવે છે. જેની વિગતો નીચે મુજબ છે. તેમજ વિગતવાર માહિતી વેબસાઇટ http//:www.tender. nprocure.com તથા www.statetenders.gujarat.gov.in ઉપરથી જોવા મળશે. ઇજારદારશ્રીઓએ તમામ ડોકયુમેન્ટ સ્કેન કરી ઓનલાઇન મુકવાનાં રહેશે.

(૧) અપલોડ કરવાની છેલ્લી તારીખ : ૦૭/૦૫/૨૦૨૫ ૧૮=૦૦ કલાક સુધી
(૨) ટેન્ડર ફી, અર્નેસ્ટ મની ડીપોઝીટ તેમજ સાધનીક કાગળો રજુ કરવાની છેલ્લી તારીખ : ૧૪/૦૫/૨૦૨૫ ૧૮=૦૦ કલાક સુધી
(૩) ટેન્ડર ખોલવાની તારીખ : ૦૮/૦૫/૨૦૨૫, ૧૨=૦૦ કલાકે કા.ઇ.શ્રી પં.સિ. વિભાગ અમરેલી ખાતે

જિમાક/અમર/૩૨/૨૫

## ઓનલાઇન જાહેર નિવિદા નં. ૦૩/૨૦૨૫-૨૬

કાર્યપાલક ઈજનેર, પંચાયત માર્ગ અને મકાન વિભાગ, સુરેન્દ્રનગર (ફોન નં. ૦૨૭૫૨-૨૮૨૮૧૨) દ્વારા કુલ -૧ કામ જેની માટે ઓનલાઈન ઈ-ટેન્ડરથી ગુજરાત રાજ્ય બાંધકામ ખાતાના જે-તે માન્ય કેટેગરીમાં નોંધાયેલ ઈજારદારશ્રી પાસેથી ટેન્ડરો માંગવામાં આવે છે. આ કામના ટેન્ડરો વેબસાઈટ https://tender.nprocure.com/ પર તા.૨૫/૦૪/૨૦૨૫ થી તા.૦૨/૦૫/૨૦૨૫(ક્રમ ૧) સાંજનાં ૧૮-૦૦ કલાક સુધી ઓનલાઈન ભરી શકાશે. આ અંગેનું વિગતવાર વિજ્ઞાપન www.statetenders.gujarat.gov.in (મા.મ.પંચાયત) વિભાગના નોટીસબોર્ડ ઉપરથી જોઈ શકાશે. હવે પછીના સુધારા વધારા દૈનિક પેપરમાં નિવિદા પ્રસિધ્ધ ન કરતા ઓનલાઈન મુકવામાં આવશે. સદર ટેન્ડર પૈકી કોઈ પણ એક કે બધા જ ટેન્ડરો મંજુર કે રદ્ કરવા અત્રેની કચેરીનો નિર્ણય આબાધીત રહેશે જેના કોઈ કારણો આપવામાં આવશે નહી.

માહિતી/સુરેન્દ્રનગર/૦૪૫/૨૦૨૫-૨૬

## જાહેર નોટિસ

આથી આ જાહેર નોટિસથી જાહેર જનતા તથા લાગતા વળગતા તમામને જાણ કરવાની કે રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના ઉપલેટા-૨ ગામે આવેલ રેવન્યુ ખાતા નં.૧૧૬૯ સર્વે નં.૩૨૬/પૈકી ૧ હે.આરે.ચો.મી. ૧-૩૭-૬૦ વાળી ખેડવાણ સીમની જમીન પરેશભાઈ કાન્તીલાલ કાલાવડિયાની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાવાળી પિયત સીમ જમીન કે જે જૂની શરતની આવેલ છે. આ સીમ જમીન વેચાણ લેવા માટે મારા અસીલે પરેશભાઈ કાન્તીલાલ કાલાવડિયા સાથે સાટાખાત કરી અવેજની રકમ ચુકવી વેચાણ કરાર કરેલ છે.

સદરહુ સીમની જમીન પરત્વે કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક, હિત, હિસ્સો, દર દાવો, ભરણ પોષણનો હકક, લિયન, ચાર્જ, ગીરો, બોજો, અગ્ર હકક, સરકારી કે અર્ધસરકારી બેંક, પ્રાઈવેટ પેઢી, ફાઈનાન્સ પેઢી કે કોઈ અન્ય વ્યક્તિનો કોઈપણ જાતનો વાંધો કે તકરાર હોય તો દિવસ ૭માં અમોને લેખિત આધાર પુરાવા સાથે જાણ કરવી. મુદત વિત્યા બાદ કોઈનો વાંધો તકરાર કે હકક હિસ્સો નથી. અથવા તો જતો કરેલ છે. તેમ માની મારા અસીલ પાકો રજિસ્ટર્ડ દસ્તાવેજ કરાવી લેશે. મુદત વિત્યા બાદ કોઈનો કોઈપણ જાતનો વાંધો કે તકરાર મારા અસીલને બંધનકારક રહેશે નહીં જેની જાહેર જનતા કે લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

ઉપલેટા તા.૨૩/૦૪/૨૦૨૫

**એચ.કે.સોજીત્રા એડવોકેટ**
ઠે.કોર્ટની સામે, ઉપલેટા, મો.૯૯૨૫૮ ૪૯૯૨૧

## :: જાહેર નોટીસ ::

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના મોજે ગામ રોણકીના રેવન્યુ સર્વે નં.૪૯/૨ પૈકી ૧ની (કુલ જમીન ચો.મી.આ.૭૫૬૨-૭૫) રહેણાંકના હેતુ માટે બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ પૈકી સીંગલ યુનીટ નં.૩ની જમીન ચો.મી.આ.૨૦૧૮-૨૪ તથા કોમન પ્લોટ નં.૩ની જમીન ચો.મી.આ.૩૦૦-૦૪ સહિત એમ મળી કુલ જમીન ચો.મી.આ ૨૩૧૮-૨૮ ઉપર બાંધવામાં આવેલ રહેણાંકના હેતુ માટેના હાઈ-રાઈઝ બિલ્ડીંગ્સ જે ''માતૃ એસ્ટીલાના'' નામથી ઓળખાય છે. તે બિલ્ડીંગ્સ માંહેથી ''વિંગ -B'' ના બીજા માળ ઉપર આવેલ ફ્લેટ નં.B-202 જેનો કારપેટ એરીયા ચો.મી.આ ૪૮-૬૮ તથા બાલ્કની/વોશ/પોર્ચ એરીયા જેનો કારપેટ એરીયા ચો.મી.આ.૨-૮૫ એમ મળી કુલ કારપેટ એરીયા ચો.મી.આ.૫૧-૫૩ જેનો બિલ્ટઅપ એરીયા ચો.મી.આ.૬૦-૧૪ છે. જેના સીટી સર્વે વોર્ડ નં.રોણકી બીનખેતી જેના સીટી સર્વે નં.NA49/2P1/3/02/202/57 છે. જે સદરહું ફ્લેટ અમો વેંચનાર શ્રી નીલાબેન કિશોરભાઈ અજાગિયા તથા મિતેશ કિશોરભાઈ અજાગિયાએ MATRU REALITY LLP ના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદાર શ્રી હર્ષદ નાનજીભાઈ ભીમાણી જાતે તથા પેઢીના વહીવટકર્તા દરજ્જે તેમની પાસેથી રજી.વેંચાણ દસ્તાવેજ અનુક્રમ નં.૨૮૭૩, તા.૦૨/૦૩/૨૦૨૧ના રોજથી ખરીદ કરેલ છે જે સદરહું ફ્લેટ અમારા અસીલ શ્રી ભગવાનજીભાઈ કરશનભાઈ શીલુ ખરીદ કરવા માંગે છે.

ઉપરોકત વિગતે સદરહું ફ્લેટ પરત્વે કોઈનો કોઈપણ પ્રકારના વાંધો કે તકરાર હોય કોઈના કોઈપણ પ્રકારના લાગભાગ, હકકો હોય કે કુલમુખત્યાર નામાની રૂએના હકકો હોય કે અગ્ર હકક હોય કે સદરહુ મિલ્કત ઉપર દર-દાવો,ભરણ પોષણનો હકક, લીયન, ચાર્જ, ગીરો-બોજો, ટાઈટલ, અગ્રહકક કે સરકારી કે અર્ધ સરકારી બેંક કે કોઈ પ્રાઈવેટ પેઢી, ફાઈનાન્સનું કોઈપણ પ્રકારનું લેણું નથી તેમ છતાં કોઈ અન્ય વ્યકિતનો કોઈપણ જાતનો વાંધો કે તકરાર હોય તો **દિવસ-૭**માં અમોને લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી.સદરહું મુદત વિત્યા બાદ કોઈનો વાંધો તકરાર કે હકક હીસ્સો નથી અથવા હોય તો જતો Waive કરેલ છે. તેમ માની મારા અસીલ સદરહું ફ્લેટ ખરીદ કરવા આગળની કાર્યવાહી હાથ ધરશે.મુદત વિત્યા બાદ કોઈનો કોઈપણ જાતનો વાંધો કે તકરાર મારા અસીલને બંધનકારક રહેશે નહી.જેની જાહેર જનતા તથા લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળઃ રાજકોટ તા.૨૪/૪/૨૦૨૫ અમારા મારફતઃ-

ખરીદનારની સુચનાથી નીલાબેન કિશોરભાઈ અજાગીયા | વેચનારની સુચનાથી એમ.કે.અજાગીયા

**નિરૂપા કે.જોષી,એડવોકેટ**
From the desk of
Kamlesh v.Joshi (Advocate),(Joshi law Firm)
Vishruti C.Gondaliya, (Advocate) (Joshi law Firm)
'Joshi law Firm' office no-203 Para Bazar.opp.Rajkot Nagrik sahakari Bank, Above 'yaadgar soda shop' Rajkot-360001

## જાહેર નોટીસ

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ રાજકોટ, રાજકોટ શહેરના રઘુવીરપરા શેરી નં. ૨/૩ તરીકે ઓળખાતા વિસ્તારના સીટી સર્વે વોર્ડ નં.૧, સીટી સર્વે નં. ૨૭૪ની જમીન ચો.મી.આ. ૧૭૬-૦૭ના સબ-પ્લોટ નં. ૨૭૪/ડીની જમીન ચો.મી.આ. ૪૧-૦૪ શ્રી કિશન મહિપતસિંહ ડાભી તથા આશાબેન અશોકભાઇ મંદાણીએ રાજકોટની સબ-રજીસ્ટ્રાર કચેરીના ૧ નંબરની બુકના નં. ૧૦૩૭૩, તા. ૩૦-૧૨-૨૦૨૪ના રોજ નોંધાયેલ રજી. વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ. ત્યારબાદ સદરહુ સબ-પ્લોટ ઉપર રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન પાસે પ્લાન-નકશા પાસ કરાવી કોમર્શિયલ હેતુ માટેનું બાંધકામ કરેલ છે. જે જમીન તથા બાંધકામવાળી આકાશથી પાતાળ સુધીના હકક સહિતની મિલ્કત શ્રી કિશન મહિપતસિંહ ડાભી તથા આશાબેન અશોકભાઇ મંદાણીની સંયુકત માલિકી-કબ્જા-ભોગવટાની આવેલ છે. સદરહુ મિલ્કત તેઓ પાસેથી મારા અસીલ ખરીદ કરવાનો ઇરાદો ધરાવે છે.

સદરહું મિલ્કત અંગે કે મિલ્કતના ટાઇટલ અંગે કોઇનો પણ કોઇપણ જાતનો ભાગ-લાગ, હકક-હિત, હિસ્સો, દરદાવો, ગીરો, બોજો, અગ્રહકક, ચાર્જ કે વારસાઇ હકક કે લેણાં અંગેની તકરાર અથવા બીજા કોઇપણ પ્રકારના હકક કે વાંધા તકરારો હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ ૧૦(દસ)માં નીચે જણાવેલ સરનામા ઉપર તમામ આધાર પુરાવા સાથે લેખિત જાણ કરવી. મુદત સમય દરમ્યાન કોઇનો કોઇપણ પ્રકારનો વાંધો-તકરાર નહિ આવે તો અમારા અસીલ આ નોટીસની મુદત પુરી થયે સદરહુ મિલ્કત સંબંધે કોઇને કશો વાંધો તકરાર નથી અને હોય તો જતા (WAIVE) કરેલ છે તેમ માની અમારા અસીલ ચોખ્ખો અવેજ ચુકવી વેચાણ દસ્તાવેજ રજીસ્ટ્રેશન અંગેની કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કરશે અને ત્યારબાદ કોઇના વાંધા-તકરાર અમારા અસીલને 'શુધ્ધ બુધ્ધિના ખરીદનાર' તરીકે બંધનકર્તા રહેશે નહી જેની આથી લાગતા-વળગતા તથા જેની જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ : તારીખ : ૨૪/૪/૨૫
અમારા મારફત :

કિશન મહિપતસિંહ ડાભી આશાબેન અશોકભાઇ મંદાણી ની જાણ અને સંમતિથી

**નરેશ જી. દવે એડવોકેટ**
નરેશ જી. દવે
ગૌરાંગ કે. ધ્રુવ, એડવોકેટસ
ધવલ એચ. ત્રિવેદી, એડવોકેટ & નોટરી
૨૦૫, કોમલ ચેમ્બર્સ, બીજે માળે, જૈન દેરાસરની બાજુમાં, ચૌધરી હાઇસ્કુલની સામે, રાજકોટ

## ખેતીની જમીન ખરીદી અંગે જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી જાણ કરવાની કે ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના પીપળીયા ગામના રેવન્યુ સર્વે નં.૩૮ની જમીન 'બોરડીવાળુ' તરીકે ઓળખાતી જુની શરતની પીયત વાળી ખેડવાણ જમીન હે.આરે.ચોમી. ૧-૯૮-૩૦ જેના ગામ નમુના નં. ૮(અ)ના ખાતા નં.૩૪૬ થી આવેલ ખેડવાણ જમીન શ્રી ધર્મેશભાઈ અરજણભાઈ પરસાડીયા રહે. રાજકોટ વાળાની માલીકી, હકક, કબ્જા, ભોગવટા તથા સુખાધીકારની આવેલ છે. તેઓની પાસેથી મારા અસીલ સદરહુ ખેતીની જમીન ખરીદ કરવા માંગે છે.

સબબ આ જાહેર નોટીસ આપી જાણ કરવાની કે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૧૦ (દસ)માં સદરહુ મીલ્કત ઉપર કોઈ વ્યકિત, પેઢી, કંપની, કે રાષ્ટ્રીયકૃત બેંક, ખાનગી બેંક કે સહકારી બેંક કે ફાઈનાન્સ કરતી કોઈપણ પેઢી કે સંસ્થાનું કાંઈ લેણુ, બોજો, ગીરો જામીનગીરી, કરાર કે તેવા કોઈપણ પ્રકારનું લખાણ હોય કે કોઈને સદરહુ મીલ્કતના માલીકી, હકક, કબજા ભોગવટા કે વેચાણ પ્રત્યે કંઈ વાંધો તકરાર હોય તો તે અંગેના લેખીત દસ્તાવેજી આધાર પુરાવા સહીત અમોને જાણ કરશો. તેમ કરવામાં કસુર થયે આ મીલ્કતના વેચાણ પરત્વે કોઈ વ્યકિત, પેઢી, કંપની, કે રાષ્ટ્રીયકૃત બેંક, ખાનગી બેંક કે સહકારી બેંક કે ફાઈનાન્સ કરતી કોઈપણ પેઢી કે સંસ્થાને કાંઈ વાંધો તકરાર નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ માની પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી લેવામાં આવશે. ત્યારબાદ કોઈનો કોઈપણ પ્રકારનો માલીકી હકક કે અધિકાર કે કોઈપણ પ્રકારનું લેણું અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની નોંધ લેવી.

**વિરેન્દ્ર વિ. રાણીંગા (એડવોકેટ)**
ઓફીસ-સેન્ટ્રલ બેંકની સામે ૧/૭ જયરાજ પ્લોટ કોર્નર રાજકોટ તા.૨૩/૦૪/૨૦૨૫
મો-૯૮૨૪૮ ૫૫૯૫૬

## જાહેર નોટીસ

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ-ડીસ્ટ્રીકટ રાજકોટના રાજકોટ તાલુકાના ગામ : હડાળા ના રેવન્યુ સર્વે નંબર : ૧૪૫ પૈકીની બીન ખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા જમીનના પ્લોટસ પૈકી કે જે ''ગોવર્ધન પાર્ક ૨' તરીકે ઓળખાય છે તેના પ્લોટસ પૈકી પ્લોટ નંબર : ૧૫૨ ની જમીન ચો.વા.આ.૨૦૬-૨૬ બરાબર ચો.મી.આ.૧૭૨-૪૬ નો ખુલ્લો પ્લોટ છે તે શ્રી દિનેશભાઈ જગુમલ હરિસીંગાણી એ મેસર્સ ગોવર્ધન કોર્પોરેશન ના નામથી ચાલતી રજીસ્ટર્ડ ભાગીદારી પેઢીના મુખ્ય વહીવટકર્તા ભાગીદાર શ્રીમતિ તારાગૌરી વિરેન્દ્રકુમાર કારીઆ પાસેથી રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અનુક્રમ નંબર : ૧૯૯૨, તારીખ : ૨૯/૦૪/૧૯૯૧ ના રોજથી ખરીદ કરેલ છે તથા પ્લોટ નંબર : ૨૦૩ ની જમીન ચો.વા.આ.૧૫૪-૯૦ બરાબર ચો.મી.આ.૧૨૯-૫૧ નો ખુલ્લો પ્લોટ છે તે શ્રી દિનેશભાઈ જગુમલ હરિસીંગાણી એ મેસર્સ ગોવર્ધન કોર્પોરેશન ના નામથી ચાલતી રજીસ્ટર્ડ ભાગીદારી પેઢીના મુખ્ય વહીવટકર્તા ભાગીદાર શ્રીમતિ તારાગૌરી વિરેન્દ્રકુમાર કારીઆ પાસેથી રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અનુક્રમ નંબર : ૨૧૮૯ તારીખ : ૦૭/૦૫/૧૯૯૧ ના રોજથી ખરીદ કરેલ છે, ત્યારબાદ ઉપરોકત પ્લોટસના ખરીદનાર શ્રી દિનેશભાઈ જગુમલ હિહરીસીંગાણી નું અવસાન થતા તેમના સીધીલીટીના અને કાયદેસરના વારસદાર શ્રી કિલીક દિનેશ હરિસીંગાણી એ તેમના નામે ઉપરોક્ત બંન્ને પ્લોટના ગામ નમુના નંબર : ૨ માં હડાળા ગ્રામ પંચાયત ખાતે વારસાઈ સોગંદનામું, વારસાઈ આંબો તથા મરણ દાખલા ના આધારે વારસાઈ નોંધ તારીખ : ૨૫/૦૨/૨૦૨૫ ના રોજથી કરાવેલ છે. ત્યારથી ઉપરોક્ત ખુલ્લા પ્લોટસના શ્રી કિલીક દિનેશ હરિસીંગાણી કાયદેસરના માલીક છે.

ઉપરોકત ખુલ્લા પ્લોટસ શ્રી કિલીક દિનેશ હરિસીંગાણી પાસેથી અમારા અસીલશ્રી ખરીદ કરવા માંગે છે, તો સદરહું ખુલ્લા પ્લોટસ ઉપર કોઈપણ વ્યકિત, પેઢી, સંસ્થા કે બેન્ક, મંડળી કે અન્ય ત્રાહિત વ્યકિતનો કોઈપણ હકક, હિત, લાગભાગ, ગીરો, બોજો, લીયન કે વારસાઈ હકક કે અન્ય કોઈપણ જાતનુ લેણું હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭ (સાત) માં લેખિત આધાર પુરાવા સહિત નીચેના સરનામે અમોને જાણ કરશો, મુદત વિત્યે કોઈના વાંધા-તકરાર નહી આવેતો કોઈનો વાંધો નથી અને હોયતો જતો (WAIVE ) કરેલ છે તેમ સમજી અમારા અસીલ ઉપરોક્ત ખુલ્લા પ્લોટસનો ચુકતે અવેજ ચુકવી વેચાણ દસ્તાવેજ કરી લઈ ખુલ્લા પ્લોટસનો કબજો સંભાળી લેશે, મુદત વિત્યા બાદના કોઈના વાંધા તકરાર અમારા અસીલને શુધ્ધબુધ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી તેની સૌ કોઈ એ નોંધ લેવી .

તારીખ : ૨૪/૦૪/૨૦૨૫
રાજકોટ

**સાગર વિનયકાંત રાણપરા (એડવોકેટ)**
૩૨૩ સદગુરૂ આર્કેડ, જીવન કોમર્શિયલ બેન્ક પાસે, ઢેબર રોડ વન વે, રાજકોટ - ૩૬૦ ૦૦૧.
મો. ૯૭૨૬૦ ૫૧૮૦૧ • ૯૪૨૬૦ ૫૧૮૦૧

## સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. ૧૭ માં ચીફ જયુ. મેજીસ્ટ્રેટ જજ સાહેબ શ્રી એમ.એ.પીપરાની સાહેબ ની કોર્ટમાં દી.પ.અ.નં. ૭૯૧/૨૫ ગુજ. શાંતિ ગણેશ પ્રસાદ શર્મા ના વારસએ ગુજરનારની સ્થાવર મિલ્કતનું હેરશીપ સર્ટીફીકેટ મેળવવા અરજી કરેલ છે, ગુજરનારની સ્થાવર મિલ્કત નીચે મુજબ છે.

**-: ગુજ. શાંતિ ગણેશ પ્રસાદ શર્માની સ્થાવર મિલ્કતનું વર્ણન :-**

(એ) રાજકોટ શહેર કાલાવડ રોડ ઉપર આવેલ ગુજરાત હાઉસીંગ બોર્ડ વિસ્તારમાં આવેલ ફ્લેટ નં. એમ-૬૩ આવેલ છે. અને જેના સીટી સર્વે નં. ૨૯૨૩ છે અને જેના વોર્ડ નં. ૧૫ છે. જેની મુળ માલીકી ગુજ.ગણેશ પ્રસાદ શર્માની હતી. અને તેમનું અવસાન થતા, ગુજ. શાંતિ ગણેશ પ્રસાદ શર્માએ રાજકોટના પાંચમાં સીવીલ જજ (એસ.ડી.) સાહેબની કોર્ટમાં પરચુરણ અરજી નં. ૮૧/૯૯ થી વારસા સર્ટીફીકેટ મેળવવા અરજી કરેલ હતી. જેના અનુસંધાને ગુજ. શાંતિ ગણેશ પ્રસાદ શર્માની તરફેણમાં નામ. કોર્ટ તા. ૭-૫-૧૯૯૯ ના રોજ સદરહું મકાનનું વારસા સર્ટીફીકેટ કાઢી આપેલ હતુ. આમ સદરહું મકાનમાં ગુજ. શાંતિ ગણેશ પ્રસાદ શર્માનો ૧૦૦% હિસ્સો સમાયેલ છે.

જે સ્થાવર મિલ્કતનું હેરશીપ સર્ટીફીકેટ મેળવવા માટે તેમના વકીલ આર.એલ.સખરાણી, એડવોકેટ તથા એન.એસ.સખરાણી એડવોકેટ મારફત અત્રેની કોર્ટ સમક્ષ અરજી દાખલ કરેલ છે. જેથી કોઇપણ વ્યકિત તથા સંસ્થાને સદરહું મિલ્કતમાં પોતાનો લાગભાગ, હકક હીસ્સા હોય અગરતો વાંધો તકરાર હોય તેમને મુદત તા. ૭-૫-૨૫ ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે અત્રેની કોર્ટ સમક્ષ રૂબરૂ હાજર રહી પોતાના વાંધા નોંધાવવા. ગેરહાજર રહયે યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજરોજ તા.૦૪/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી સિકકાથી પ્રસિધ્ધ કરવામાં આવે છે.

તૈયાર કરનાર. જી.કે.ઠોરીયા આસીસ્ટન્ટ | કોર્ટનો સિક્કો | હુકમથી એન.આર.વ્યાસ રજીસ્ટ્રાર

## રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના ગામ-સરધારના રે.સ.નં. ૬૦૩ પૈકી પની 'તલાવડી' તરીકે ઓળખાતી ખેડવાણ જમીન હે.આરે.ચો.મી. ૦-૮૬-૦૦ અંગે જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી સૌને જણાવવાનું કે, રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના ગામ-તલાવડીની સીમના જુના **રે.સ.નં. ૬૦૩ પૈકી ૫**ની જુની શરતની પિયત પ્રકારની **'તલાવડી'** તરીકે ઓળખાતી ખેડવાણ જમીન હે.આરે.ચો.મી. **૦-૮૬-૦૦ બરાબર એકર ૨-૦૫** ગુઠાની ખેડવાણ જમીન તેમના માલીક (૧) **શ્રી રજીનભાઇ બાબુભાઇ સરધારા,** (૨) **શ્રી કમલેશભાઇ બાબુભાઇ સરધારા,** (૩) **શ્રી રસીકભાઇ બાબુભાઇ સરધારાના** નામે **રેવન્યુ રેકર્ડમાં નોંધ નં. ૧૦૨૭૦, ખાતા નં. ૧૬૩૮**થી તેમની સંયુકત માલીકી અને કબજા ભોગવટાની આવેલ છે. ઉપરોકત દર્શાવેલ ખેડવાણ જમીન મારા અસીલ તેમના ઉપરોકત દર્શાવેલ જમીન માલીકો પાસેથી ખરીદ કરવા માંગે છે. જેથી સદરહું જમીનના વેચાણ, વ્યવહાર, વહીવટ સબંધે કોઇને કોઇપણ પ્રકારનો વાંધો, તકરાર, હકક, હિત, હિસ્સો કે લાગભાગ હોય તો સમય મર્યાદા **દિવસ-૧૦**માં લેખીત આધાર પુરાવા સાથે અમારી સમક્ષ રજુ કરવા આ સમય દરમ્યાન જો કોઇના વાંધા, તકરાર નહીં આવે તો કોઇને આ મિલ્કત પરત્વે કોઇ વાંધો, તકરાર નથી અને હશે તો તે જતો કરેલ છે તેમ ગણી મારા અસીલ ઉપરોકત જમીનનો વેચાણ દસ્તાવેજ તેમની પાસેથી કરાવી લેશે ત્યારબાદ આવેલ કોઇ વાંધો, તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહીં જેની સર્વે, લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ, તા. ૨૩-૦૪-૨૦૨૫ અમારા મારફત

**ભરત ડી. સાપરા એડવોકેટ**
અક્ષર સીટી, ઓફીસ નં. ૧૦૬-૧૦૭, ફર્સ્ટ ફ્લોર, આજી ડેમ ચોકડી પાસે, રાજકોટ. મો. નં. ૯૭૨૭૧ ૭૭૮૯૭

# રૂ. એક લાખની ચલણી નોટના બદલામાં ૨ લાખની નકલી નોટ ધાબડી દીધી: રત્ન કલાકાર સાથે છેતરપીંડી

## ખાંભાના સમઢીયાળા ગામે રહેતાં યુવાનને જેતપુરના પાંચ શખ્સોએ રૂ.૧ લાખની સારી નોટના બદલામાં ૨ લાખની તૂટેલી-ફાટેલી નોટ મળશે કહી લાલચમાં ફસાવ્યો

## બાદમાં જેતપુરમાં યુવાનને બોલાવી અંધારામાં અસલી નોટ લઈ ડુપ્લીકેટ નોટ ધાબડી દીધી, યુવાન ચોધાર આંસુએ રડવા લાગ્યો: ગુનો નોંધાયો

રાજકોટ. તા.૨૪

ખાંભાના સમઢીયાળા ગામે રહેતાં યુવાનને જેતપુરના પાંચ શખ્સોએ રૂ.૧ લાખની ચલણી નોટના બદલામાં ૨ લાખની તૂટેલી-ફાટેલી નોટ મળશે કહી ૨ લાખની નકલી નોટ ધાબડી છેતરપીંડી આચરતાં જેતપુર પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે ખાંભાના સમઢીયાળા ગામે રહેતાં લલીતભાઈ નારણભાઈ વડ (ઉ.વ.૧૮) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે વાલજી ધનજી મકવાણા (રહે. પાળીયાદ), અરવીન વીનુભ વેગડા, અસલમખાન નુરખાન પઠાણ, એઝાજ હાજી ઠેબા, યુસુફભાઈ જુમા ચૌહાણ (રહે. ચારેય જેતપુર) નું નામ આપી જણાવ્યું હતું કે, તે કડીયા કામની મજૂરી કરે છે.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું કે, છએક મહિના પહેલા તે સુરત હીરા ઘસવાનું કામ કરતો હતો, જ્યાં તેમની સાથે કામ કરતા અન્ય હીરાઘસુ (મજૂરો) મોબાઈલમાં જોઈને વાત કરતા હતા કે, એક ભાઈ છે, જે અસલ ભારતીય ચલણી નોટોના બદલામાં, થોડી ફાટેલી, તુટેલી અને શાહીના ડાઘાવાળી નોટો ડબલ આપે છે. આથી તેમની પાસેથી આવુ કામ કરતા વ્યક્તિનો મોબાઇલ નંબર- ૭૦૧૯૦૭૨૨૧૬, ૯૭૧૪૨૯૯૯૯૫, ૯૭૧૨૨૫૦૩૩૩ મેળવેલ, બાદ ગઈ તા.૨૨/૦૪/૨૦૨૫ ના મો. ૭૦૬૯૦૭૨૨૧૬ પર ફોન કરતા, સામેથી વાલજી મકવાણાએ વાત કરેલ અને પોતાની ઓળખાણ આપીને જણાવેલ કે, તેઓ ભારતીય ચલણી નોટોને કે, સારી હાલતમાં છે તેના બદલામાં શાહીના ડાઘાવાળી તથા થોડી ફાટેલી તુટેલી નોટો ડબલ આપે છે. આથી તેમને કહેલ કે, મારી પાસે રૂ.૧ લાખની ૫૦૦ ના દરની સારી નોટો છે, જેથી વાલજીભાઈએ કહેલ કે, તો તેના બદલામાં તમને રૂ.૧ લાખ આપીશ.

જે બાદ આરોપી વાલજીએ કહેલ કે, તમે સવારે જેતપુર આવો ત્યાં આપણે મળીશું અને ત્યાં જ વહિવટ કરી નાખશું, બાદ ગઈ કાલ સવારે નવેક વાગ્યે તે અને તેનો મિત્ર રવી વરૂ બાઈક લઈને જેતપુર આવેલ, બાદ સવારે દશેક વાગ્યે ભાદરના પુલ પર વાલજી મકવાણા મળેલ અને તેમની સાથે અન્ય ચાર માણસો હતા. આથી વાલજીને પુછેલ આ માણસો કોણ છે, જેથી તેમણે ચારેય આરોપીની ઓળખાણ આપેલ જેમાંથી અરવીન વેગડા છે તે તમને એક લાખની નોટોના બદલામાં રૂપીયા બે લાખ આપશે. આથી અરવીનભાઈ વેગડાએ કહેલ કે, એક લાખ રૂપીયા આપ એટલે હું બે લાખ રૂપીયા લઈ આવુ, જેથી તેને કહેલ કે, તમે આપો ત્યારે જ હું આપીશ, અરવીન કહેવા લાગેલ કે, તારે પહેલા આપવા પડશે, યુવાન ના પાડતા તે લોકો જતા રહેલ હતા. જે બાદ યુવાન અને તેનો મિત્ર પણ બાઈક લઈને પરત જવા નીકળી ગયેલ હતાં.

બાદ સાંજના સમયે તેઓ જુનાગઢ હતા ત્યારે પાછો વાલજીનો ફોન આવેલ કે, તમે પાછા આવો તમને રૂપીયા આપી દઈએ છીએ, જેથી તે મિત્ર સાથે પરત જેતપુર બસ સ્ટેન્ડ ખાતે આવેલ જ્યાં અરવીન, વાલજી, અસલમ, એઝાજ, યુસુફ બધા હાજર હતા. જેમાંથી અરવીને બે નોટો બતાવેલ, અને જણાવેલ કે, આવી નોટો આવશે, જે નોટો રૂ.૫૦૦ ના દરની અને સારી નોટો હતી. જેથી તેને હા પાડેલ હતી. જે બાદ એઝાજ તથા અસલમ બન્ને બાઈક લઈને ગયેલ અને અરવીનને કહેલ કે, તે બન્ને તમને આપવા માટેના રૂપીયા લેવા ગયા છે.

બાદ એઝાજ અને અસલમ આવેલ હતાં. અરવીનને એક કાળી પ્લાસ્ટીકની કોથળી આપેલ હતી. બાદમાં અરવીન તેમણે જીમખાના ગ્રાઉન્ડના અંધારામાં લઈ ગયેલ અને ૫૦૦ ના નોટોની ચાર થપ્પીઓ અડધી તેમના હાથ નીચે દબાવીને બતાવેલ હતી. તે એકદમ નવી નોટો હતી, જેથી તે નોટો લઈ લીધેલ અને તેના હાથમાં યુવાને તેની પાસે રહેલ ૫૦૦ ના દરની ચલણી નોટોના રૂ.૧ લાખ રોકડા અરવીનને આપેલ હતાં. બાદ તેઓ ત્યાંથી નીકળી ગયેલ હતાં. રસ્તામાં જેતપુરથી આગળ પેટ્રોલપંપ પાસે તેઓ ઉભા રહેલ જ્યાં બાથરૂમમાં જઈને લાઈટમાં નોટો જોતા તેમની પાસે રહેલ નોટોની ઉપર ગુજરાતીમાં ભારતીય મનોરંજ અને અંગ્રેજીમાં CHILDREN BANK OF INDIA FULL OF FUN લખેલ હતું. આ તમામ નોટો ખોટી હતી, જેથી તે ડરી ગયેલ અને રડવા લાગેલ કે, મારી સાથે છેતરપીંડી થઈ ગઈ. તે બહાર આવીને રવીને વાત કરેલ કે, મને આરોપીએ ભેગા મળીને છેતર્યો છે. બાદ તેઓએ જેતપુર પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી જેતપુર પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# વિવેકાનંદનગરમાં શીવાભાઈ લીલાનું બિમારી સબબ મોત : ચક્ષુદાન કરાયું

રાજકોટ, તા.૨૪

શહેરના કોઠારીયા રોડ પર આવેલા વિવેકાનંદનગરમાં શેરી નંબર પાંચ ખાતે રહેતા શીવાભાઈ રવજીભાઈ લીલા (ઉંમર વર્ષ ૮૩)નું બીમારી સબબ મૃત્યુ થયું હતું. રાજકોટ સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના એએસઆઈ રામશીભાઈ વરુ સહિતના સ્ટાફ દ્વારા સમજૂતી અપાતા પરિવાર ચક્ષુદાન માટે સહમત થયો હતો.



આ અંગે મળતી વિગત મુજબ, ૧૦ તારીખ ૧૫ ૪ ના રોજ શિવા ભાઈને બીમારી સબક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા જ્યાં તારીખ ૧૬ ૪ ના રોજ તેમના આંતરડાનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. ઓપરેશન બાદ અચાનક સિવાયની તબિયત લથડતા બેભાન હડતમાં ગઈકાલે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું. ડોકટરે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફને જાણ કરતા અત્રેથી એ.એસ.આઇ. રામશીભાઈ વરુ, ધર્મેન્દ્રભાઈ, તોફિકભાઈ, ભગીરથસિંહ સહિતના સ્ટાફે નોંધ કરી હતી. અને મૃતકનું ચક્ષુદાન કરવા માટે પરિવારજનોને સમજ આપી હતી. જેથી શીવાભાઈના પરિવારજનો ચક્ષુદાન માટે સહમત થયા હતા.

# આજીડેમ ચોકડી પાસે ઓટો રીક્ષામાંથી દારૂની ૭૨ બોટલ સાથે જંગલેશ્વરનો સત્તાર ઝડપાયો: અરબાઝનું નામ ખુલ્યુ

## માજોઠીનગરમાં આવેલ મકાનમાંથી દારૂની ૪૬ બોટલ સાથે ઈમરાન ઝડપાયો: રવિ મકવાણાએ દારૂ સપ્લાય કર્યો હતો: પીસીબીની ટીમના દરોડા

રાજકોટ તા.૨૪

આજી ડેમ ચોકડી પાસે ઓટો રીક્ષામાંથી દારૂની ૭૨ બોટલો સાથે જંગલેશ્વરનો સત્તાર અને માજોઠીનગરમાં આવેલ મકાનમાંથી દારૂની ૪૬ બોટલ સાથે ઈમરાનને પીસીબીની ટીમે દરોડા પાડી પકડી પાડયા હતા.

દરોડાની વિગત મુજબ પીસીબી પીઆઈ એમ.આર. ગોંડલીયાની રાહબરીમાં એએસઆઈ મહિપાલસિંહ, હે.કો. ધનશ્યામસિંહ અને હરદેવસિંહ સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે મળેલ ચોકકસ બાતમીના આધારે આજી ડેમ ચોકડીથી માર્કેટ યાર્ડ જવાના રસ્તે સર્વિસ રોડ ઉપર કોહીનુર સર્વિસ





સ્ટેશન પાસેથી ઓટો રીક્ષામાંથી વિદેશી દારૂની ૭૨ બોટલ સાથે જંગલેશ્વરના સતાર કાદર ફકીર (ઉ.૨૮)ને પકડી પાડી રૂ.૯૮,૮૦૦નો મુદામાલ કબ્જે કર્યો હતો.

જયારે તેની પુછતાછમાં દારૂનો જથ્થો કાલાવડ રોડ પર રહેતા અરબાજ નામના શખ્સે સપ્લાય કર્યો હોવાની કબુલાત આપતા પોલીસે તેની શોધખોળ આદરી હતી. જયારે બીજા દરોડામાં હે.કો. વિજય મેતા, કુલદીપસિંહ સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમા હતો ત્યારે મળેલ ચોકકસ બાતમીના આધારે દૂધ સાગર રોડ, માજોઠીનગર મેઈન રોડ પર ભારત ટાયર પંચરની બાજુમાં આવેલ મકાનમાંથી દારૂની ૪૬ બોટલ સાથે ઈમરાન દિલાવર ખુલાણી (ઉ.૨૩) રહે. માજોઠીનગરની ધરપકડ કરી રૂ.૩૦૯૫૮નો મુદામાલ કબ્જે કરી પુછતાછ કરતા તેમણે દારૂનો જથ્થો રવિ કિશોર મકવાણા રહે. ગુ.હા.બોર્ડ કવાર્ટર પાસે ન્યુ શકિત સોસાયટીએ સપ્લાય કર્યાનું કબુલાત આપતા તેની શોધખોળ આદરી હતી.

# બે ચોરાઉ બાઈક સાથે કીટીપરાનો અનીલ ઘોણીયા ઝડપાયો



રાજકોટ તા.૨૪

પ્ર.નગર પોલીસ મથકના પીઆઈ વી.આર. વસાવાના માર્ગદર્શન હેઠળ હે.કો. મયુરસિંહ જાડેજા કોન્સ. વનરાજ બોરીચા અને રીયાઝ ભીપૌત્રાને મળેલ ચોકકસ બાતમીના આધારે પ્ર.નગર પોલીસ મથક વિસ્તારમાંથી ચોરાઉ બે બાઈક સાથે અનીલ કાકુ ઘોણીયા (ઉ.૩૫) રહે. કીટીપરાને પકડી પાડી કાર્યવાહી કરી હતી.

વધુમાં પોલીસ સુત્રોએ જણાવ્યું હતું કે એક બાઈક આરોપીએ રેસકોર્સ ફનસ્ટ્રીટના ગેટ પાસેથી વીસેક દિવસ પહેલા ચોરી કર્યાની કબુલાત આપી હતી. પોલીસે રૂ.૮૦ હજારના બે બાઈક કબ્જે કરી વધુ પુછતાછ આદરી હતી. ઉલ્લેખનીય છે કે આરોપી વિરૂધ્ધ ચોરીના ચારેક ગુના નોંધાયેલ છે.

# જૂની અદાવતનો ખાર રાખી છરીથી હુમલો કર્યા બાદ આટકોટના યુવાનને કાર હેઠળ કચડી નાખવા પ્રયાસ

## કોટડાપીઠા પાસે બનેલો બનાવ, રમેશ દાફડા ઈજાગ્રસ્ત હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ

રાજકોટ, તા.૨૪

કોટડા પીઠા પાસે જૂની અદાવતનો ખાર રાખી છરીથી હુમલો કર્યા બાદ આટકોટના યુવાનને કાર હેઠળ કચડી નાખવા પ્રયાસ થયો હતો. આ મામલે બાબરા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

બનાવની પ્રાપ્ત વિગત મુજબ, રમેશ બાલાભાઈ દાફડા (ઉંમર વર્ષ ૩૫, રહે. કૈલાશનગર આટકોટ, તાલુકો જસદણ) રાત્રે ૧:૦૦ વાગ્યા આસપાસ કોટડા પીઠા ગામે હતા ત્યારે, કિશન નામના શખ્સ એ છરી વડે હુમલો કર્યો હતો. જેમાં રમેશને માથામાં છરીનો ઘા માર્યો હતો. જેથી રમેશ તેની સાથે રહેલા તેના મિત્ર હરેશના મોટરસાયકલ પાછળ બેસી ત્યાંથી ભાગવા જતો હતો ત્યારે કોટડાપીઠા ગામ આગળ ઘુઘરાળાના પાટીયે આંબલીધાર નજીક કાર લઈને આવેલ મનુ વાલજી દાફડા એ પોતાની કાર બાઈક સાથે અથડાણી હતી અને રમેશને કમરે અને શરીરના અન્ય ભાગોમાં ઈજા થઈ હતી. જ્યારે હરેશને છોલછાલ થઈ હતી. રમેશને સૌપ્રથમ જસદણ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડાયો હતો અને ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો છે. રમેશના ભાઈ ગોવિંદે આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, રમેશને અગાઉ કિશન સાથે જૂની અદાવત છે. એ બાબતે અવારનવાર ઝઘડો થાય છે. ગઈકાલે રમેશ તેના મિત્ર હરેશ સાથે બાઈકમાં બેસીને ચરખા ગામે માતાજીના માંડવામાં ગયા હતા અને ત્યાંથી પરત આવતા હતા ત્યારે કોટડા પીઠા ગામ આગળ કિશને રમેશને બોલાવ્યો હતો. ત્યાં બોલાવી ઝઘડો કર્યો હતો. અને માથામાં છરીનો ઘા માર્યો હતો. રમેશ અને હરેશ ત્યાંથી ભાગી છુટ્યા હતા. જેથી કાર મારફત આરોપી મનુભાઈએ પીછો કર્યો હતો. અને કાર હેઠળ કચડી નાખવા પ્રયાસ કર્યો હતો. હાલ બાબરા પોલીસ છે ઈજાગ્રસ્તનું નિવેદન લઈ વધુ તપાસ હાથ ધરી છે.

# હત્યા પ્રયાસના ગુનામાં નવાબ શેખ જામીન મુક્ત

રાજકોટ, તા. ૨૪

ચકચારી આલાપ ગ્રીન સીટી ચોક પાસે છરીઓ મારી ખુનની કોશીષના ગુનામાં ગુનાહિત ઈતીહાસ ધરાવતા આરોપી નવાબ ફઝલભાઈ શેખ, રહે. શીવપરા શેરી નં.૪, હનુમાન મઢી, રૈયા રોડ)ને જામીન મુકત કરવા સેશન્સ કોર્ટે હુકમ કર્યો છે.

આ કેસની હકિકત એવી છે કે, તા.૨૨/૧૨/૨૪ ના રોજ આ ફરીયાદી અંકિતભાઈ ભીખુભાઈ સોલંકી (રહે. આર.એમ. સી. કવાર્ટર નં.૪૧૨, આલાપ ગ્રીન સીટી આગળ તુલસી સુપર માર્કેટ સવનની સામે, રૈયા રોડ) પોતાની સાથે કામ કરતા અજય સમેચાર બન્ને ફૂટની રેકડી આલાપ ગ્રીનસીટી ચોકમાં ભરતા હતા ત્યારે બપોરના જુની અદાવતનો ખાર રાખી બાળ કિશોર તથા સહઆરોપી અમીન કાદરભાઈ કટારીયાએ છરી વડે હુમલો કર્યો હતો. ફરીયાદીને બચાવવા આવેલો અજય વચ્ચે પડતા બન્ને ભાઈઓએ છરીથી છાતીમાં ઘા મારેલા. ગુનો નોંધાતા આરોપીની અટકાયત કરી કોર્ટમાં રજુ કરી જેલ હવાલે કરવામાં આવેલ. આરોપી નવાબ શેખ દ્વારા સેસન્સ કોર્ટમાં જામીન અરજી કરતા બચાવ પક્ષે રોકાયેલ એડવોકેટ રોહિત બી. ઘીયાએ કરેલ દલીલો, રજૂ રાખેલા ચુકાદા, તેમજ ઉચ્ચ અદાલતના રજુ રાખેલ ચુકાદા ઉપર ધ્યાન દોરતા સેસન્સ કોર્ટે બચાવ પક્ષની દલીલ ગ્રાહય રાખી આરોપીને જામીન ઉપર છોડવાનો હુકમ કરવામાં આવેલ. આ કામમાં આરોપીઓ વતી એડવોકેટ રોહીતભાઈ બી. ઘીયા તથા હર્ષ રોહીતભાઈ ઘયા અને મદદમાં રીધ્ધીબેન ખંધેડીયા રોકાયેલ હતા.

# સ્કૂટરની ટાઈમસર સર્વિસ ન કરતા શો રૂમના કર્મચારીને માર માર્યાના ગુનામાં ત્રણ આરોપીને એક વર્ષની સજા

રાજકોટ, તા.૨૪

સ્કૂટરની ટાઈમસર સર્વિસ ન કરતા શો રૂમના કર્મચારીને માર માર્યાના ગુનામાં ત્રણ આરોપી (૧) કરણ ઉર્ફે ગટુ અશ્વિન ચૌહાણ, (૨) નીકુંજ ઉર્ફે મહાજન વલ્લભ કડેચા, (૩) સુનીલ ઉર્ફે ચુની આનંદ પ્રસાદ (બધા રહે. રાજકોટ)ને કોર્ટે ૧ વર્ષની જેલની સજાનો હુકમ કર્યો છે.

ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૨૨/૦૭/૨૦૨૨ ના સવારના આશરે સાડા અગીયારેક વાગ્યા આસપાસ ફરીયાદી ૧૫૦ ફુટ રીંગ રોડ, ઈન્દીરા સર્કલ પાસે આવેલ પટેલ સુઝુકી સર્વીસ સ્ટેશનમાં મેનેજર તરીકે નોકરી કરતા હોય ત્યાં આરોપી બનાવના આગલા દિવસે પોતાનું એકસેસ સ્કૂટર સર્વીસમાં મુકી ગયેલ હોય, જે બીજા દિવસે સવારના સાડા અગીયારેક વાગ્યે આરોપીઓ લેવા આવેલ હોય, પરંતુ સ્કૂટરમાં કામ બાકી હોય, બપોર બાદ લઈ જજો તેવુ કહેતા આરોપીઓએ એકદમ ઉશ્કેરાઈ જઈ, ફરીયાદી સાથે ઝઘડો કરી ગાળાગાળી કરી, ફડાકો મારી, લાકડાના ધોકા વડે માર મારી ફેકચરની ઈજા કરી હતી. ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયો હતો. આ કેસમાં પોલીસે ચાર્જશીટ રજુ કરતા અદાલતમાં આવતા કેસ ચલતા સરકારી વકીલ ધાર્મિલાબેન જોશીની દલીલો ધ્યાને લઈ ૧૩માં એડી.ચીફ જયુડી. મેજી. જે. એમ. સોલંકીએ આરોપીઓને તકસીરવાન ઠેરવી ૧ વર્ષની કેદની સજા અને ત્રણેય આરોપીને દંડ ફટકારતો હુકમ કર્યો હતો. આ કેસમાં સરકાર તરફે એપીપી ધાર્મિલાબેન બી. જોશી રોકાયેલ હતા.



ધર્મિલાબેન જોશી
સરકારી વકીલ

# શેરબજારમાં રોકાણ કરવાની લાલચે રૂા.૨૪.૧૬ કરોડની છેતરપીંડી કર્યાના ગુનામાં આરોપીઓ જામીન મુકત

## ડેલ્ટાલાઈન કંપની નામે જાહેરાત પ્રસિદ્ધ કરી ૪૦ જેટલા લોકો સાથે ઠગાઈ થયાની ફરિયાદ સીઆઈડી ક્રાઈમમાં

રાજકોટ,તા.૨૪

આ કેસની હકીકત એવી છે કે અમદાવાદમાં સ્થિત ડેલા ટ્રેડીંગના પ્રોપરાઈટર આગમ પટવા તથા પ્રમોદ પટવાએ ઈન્સ્ટાગ્રામ મારફતે કંપનીની એડ પ્રસિદ્ધ કરેલ હતી.જે જાહેરાતમાં ૮ ટકા થી ૧૫ ટકા નફો મેળવવો હોય તો તેઓને સંપર્ક કરવો તેમ જણાવેલ છે.વચન ઉપર વિશ્વાસ રાખી,કંપનીએ એ.સી.અગ્રવાલ અને અજમેરા સીકયુરીટીઝની ફ્રેન્ચાઈઝી લીધેલ છે.તેમ જણાવેલ વિશ્વાસ રાખી કટકે કટકે ડેલ્ટાલાઈન કંપનીમાં ૩૦ લાખનું રોકાણ તેમજ આરોપીઓની એકસીસ બેંક એકાઉન્ટમાં ૨૫ લાખનું રોકાણ કરેલ હતું.ફરીયાદીએ તેના ૩૯ જેટલા મિત્રોના એકાઉન્ટસ કંપનીમાં ખોલાવેલ હતાં.રૂપિયા પરત માંગતા આરોપીઓ ઓફીસ બંધ કરી નાસી છુટેલ હતા.જેથી ફરીયાદીએ અમદાવાદ સી.આઈ.ડી.ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી.ફરીયાદ અનુસંધાને આરોપી પ્રમોદ પટવા તથા આગમ પટવાની ધરપકડ કરવામાં આવેલ હતી.આરોપીઓ રાજકોટના એડવોકેટ રિપન ગોકાણી મારફત જમીન અરજી કરી હતી.જેમાં ગોકાણી દ્વારા એવી દલીલો કરવામાં આવેલ હતી.કે ૨૦૨૩ની સાલમાં કુલ ૨૬ ચેકો ફરીયાદી તથા સાહેદોને આરોપીઓની કંપની માંથી પરત આપી દીધેલ છે.ફરીયાદ ૩ વર્ષ મોડી છે. આરોપીઓ વિરૂદ્ધ હાલ કોઈ પ્રાઈમાફેસી કેસ બનતો નથી.અમદાવાદ સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ બચાવ પક્ષે રજૂ કરવામાં આવેલ હાઈકોર્ટ તથા સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ લક્ષે લેતા બચાવ પક્ષની દલીલો માન્ય રાખતા આરોપીઓને શરતોને આધીન જામીન મુકત કરતો હુકમ ફરમાવેલ હતો. આ કેસમાં આરોપીઓ વતી ધારાશાસ્ત્રી તુષાર ગોકાણી, રીપન ગોકાણી, કેવલ પટેલ, હાર્દિક શેઠ, ઉઝેર કુરેશી, જયપાલસિંહ જાડેજા, યશ વૈષ્ણવ, વિરમ ધ્રાંગીયા, નદિમ ધંધુકિયા, વિશાલ કૌશીક, ભૂમિકા નંદાણી, દિવ્યમ દવે, નૈમીષ રાદડીયા, કેવિન ભીમાણી રોકાયેલ હતાં.



રિપન ગોકાણી એડવોકેટ

# ગેરકાયદેસર ગર્ભ પરિક્ષણના ગુનામાં આરોપી સરોજબેન ડોડીયાને જામીન મુકત કરતી કોર્ટ

રાજકોટ, તા.૨૪

ગત તા.૯-૪-૨૦૨૫ના રોજ સુધી આરોગ્ય અધિકારીએ સરોજબેન વિનોદભાઈ ડોડીયા વિરૂદ્ધ રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં બી.એન.એસ. કલમ ૯૧, ૬૨ તથા પી.ટી. એન્ડ પી.એન.ડી.ટી. એકટની કલમ ૩, ૪, ૬, ૧૮ મુજબની ફરિયાદ દાખલ કરાવી હતી.



કૌશિક ખરચલીયા એડવોકેટ

જેમાં બનાવની હકકીત એવી છે કે, મહિલા આરોપીએ પોતાના કવાર્ટર ખાતે ગર્ભ પરિક્ષણ કરી ગર્ભપાત કરી આપતા હોવાની હકીકતે પોલીસે મહિલા કોન્સ્ટેબલને ડમી દર્દી તરીકે મોકલેલ. મહિલા આરોપીએ આ ડમી દર્દીને ગર્ભ પરિક્ષણ કરી આપવાની હા પાડી હતી. ઉપરાંત જો ગર્ભમાં બાળક દિકરી હોય તો ગર્ભપાત કરી આપશે તેમ જણાવી સોનોગ્રાફી મશીન દ્વારા ગર્ભનું જાતિ પરિક્ષણ કરવાનું મશીન હોય તેના થકી પરિક્ષણ કર્યું હતું. જેથી પોલીસે તુરંત મહિલાની અટકાયત કરી હતી. મશીન કંપનીના સીરીયલ નંબર તથા બિલ સાથે રજીસ્ટર્ડ કરાવવું ફરજિયાત હોય જે રજીસ્ટર્ડ કરાવ્યું નહોતું. ડોકટરનું રજીસ્ટ્રેશન કર્યું નહોતું. જેથી સોનોગ્રાફી મશીન તથા જેલની બોટલ કબ્જે કરી હતી. મહિલા આરોપીની ધરપકડ કરી રિમાન્ડ લીધા હતા. આ તરફ આરોપીએ સેશન્સ કોર્ટમાં જામીન અરજી ગુજારેલ. અદાલત સમક્ષ આરોપીના વકીલ કે. એમ. ખરચલીયાની ધારદાર દલીલો તથા તેમના દ્વારા રજૂ રાખાવામાં આવેલ હાઈકોર્ટ તેમજ વડી અદાલતના જુદા-જુદા ચુકાદાઓ ધ્યાને લઈ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટે આરોપીને જામીન મુકત કરવાનો હુકમ ફરમાવેલ હતો. આ કેસમાં આરોપી તરફે યુવા ધારાશાસ્ત્રી કૌશિક એમ. ખરચલીયા, તેજસ એમ. ખરચલીયા, હિતેશ ભાયાણી, સન્ની પોપટાણી, ઈમરાન હિંગોરજા તથા મદદમાં જેનીશાબેન વ્યાસ રોકાયેલ હતા.

## વિજય કોમર્શિયલ બેંક કાર કૌભાંડ

# શ્રુજય વોરાએ દોષનો ટોપલો લક્ષ્યાંક વિઠલાણી પર ઢોળ્યો, તેના કહેવાથી બોગસ દસ્તાવેજ ઊભાં કર્યા

## રીમાન્ડ પર રહેલ આરોપીએ વટાણા વેર્યા: લક્ષ્યાંક વિઠલાણી, જૈન સાયન્ટિફિક પેઢીના સંચાલકોને પકડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા

રાજકોટ. તા.૨૪

રાજકોટની વિજય કોમર્શિયલ બેંકમાં રૂ.૯૩.૧૫ લાખનું દસ કાર લોનનું મસમોટુ કૌભાંડમાં એ.ડિવિઝન પોલીસે શ્રુજય વોરાની ધરપકડ કરી રિમાન્ડ પર લીધો હતો અને શ્રુજયે બોગસ દસ્તાવેજો લક્ષ્યાંક વિઠલાણીના કહેવાથી બનાવ્યાં હોવાની કબૂલાત આપી હતી. જેથી હવે પોલીસે લક્ષ્યાંક વિઠલાણી અને જૈન સાયન્ટિફિક પેઢીના સંચાલકોને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

બનાવ અંગે મંગળા મેઈન રોડ પર આવેલ વિજય કોમર્શિયલ બેંકની શાખામાં ઓટો બ્રોકર શ્રુજય વોરા અને લક્ષ્યાંક વિઠલાણી અને જૈન સાયન્ટિફિક પેઢીના સંચાલકો સાથે મળી બેંકના મહિલા મેનેજરને અંધારામાં રાખી બેલડીએ પરિચિતોના ખોટા ડોકયુમેન્ટ, આરસી બુક, ઈન્સ્યોરન્સ પોલિસી, કોટેશન રજૂ કરી ૧૦ કાર લોન મંજુર કરાવી રૂ.૯૩.૧૫ લાખનું કૌભાંડ આચર્યું હતું. જે મામલે એ. ડિવિઝન પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી. ઉપરાંત ગયાં સપ્ટેમ્બર મહિનાની અરજીમાં છ મહિને ફરીયાદ નોંધાતા મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે. મંગળા મેઈન રોડ પરની શાખામાંથી ૭ મહિનામાં ૨૬૯ થી વધું લોન પાસ થઈ હતી. જેમાં મૌખિક મંજૂરી હેડ ઓફિસના મેનેજર દ્વારા પણ આપવામાં આવી હોવાનો ઘટસ્ફોટ થયો હતો.

કૌભાંડમાં લાંબા સમય બાદ એ.ડિવિઝન પોલીસ મથકના પીઆઈ આર.જી. બારોટ અને ટીમે આરોપી શ્રુજય સંજય વોરાની ધરપકડ કરી હતી અને તેને પહેલાં ૧૨ દિવસના રિમાન્ડ સાથે કોર્ટમાં રજૂ કરતાં તેના બે દિવસના રિમાન્ડ મંજુર થયાં હતાં.

જે મામલે એ.ડિવિઝન પોલીસ મથકના પીઆઈએ જણાવ્યું હતું કે, બે દિવસના રિમાન્ડ દરમિયાન આરોપીએ બોગસ ડોક્યુમેન્ટ કેવી રીતે તૈયાર કર્યા તે અંગે માહિતી ન મળી શકતા ફળધર રિમાન્ડ સાથે તેને કોર્ટમાં રજૂ કરાતા વધું ત્રણ દિવસના રિમાન્ડ મંજુર થયાં હતાં. જે બાદ આરોપીએ દોષનો ટોપલો લક્ષ્યાંક વિઠલાણી પર ઢોળી તેના કહેવાથી બોગસ ડોક્યુમેન્ટ ઉભા કર્યાનું જણાવ્યું હતું. હવે પોલીસે લક્ષ્યાંક વિઠલાણી અને જૈન સાયન્ટિફિક પેઢીના સંચાલકોને પકડવા દોડધામ આદરી હતી.ઉપરાંત પોલીસે અન્ય આરોપી લક્ષ્યાંક વિઠલાણી અને જૈન સાયન્ટિફિક પેઢીના સંચાલકોને પણ પકડવા તજવીજ આદરી છે.

# અવસાન નોંધ

**રાજકોટ:** રુવાબબાઈ અબ્બાસઅલીભાઈ વાઘેલા બગસરાવાળા (ઉ.વ.૯૮) તે અકબરભાઈ વાઘેલા તથા નફીસાબેન કુતુબભાઈ મોરબી વાળા (જૂનાગઢ)ના માતૃશ્રી તેમજ યુસુફ અને હુસેનના દાદીમાંનું તા.૨૩ને બુધવારના રોજ રાજકોટ ખાતે અવસાન થયેલ છે.

**જામનગર:** જામનગર નિવાસી મનોજભાઈ પરસોત્તમભાઈ કુંડલિયા (ઉ.વ.૫૩) (સિકકા ચાંદની સેલ્યુલર) તે દિનેશભાઈ કુંડલિયા,(સિકકા), પ્રફુલ્લભાઈ કુંડલિયા, (શંભુ સર્જિકલ જામનગર)ના લઘુબંધુ તેમજ શંભુ તેમજ પ્રાચીના પિતાશ્રી આકાશ, ચાંદની, રવિ અંકિતાના કાકાનું તારીખ ૨૩ના અવસાન થયેલ છે. સદ્ગતનું ઉઠમણું તારીખ ૨૫ને શુક્રવારના સાંજે ૫ થી ૬ તેમના નિવાસ સ્થાન મયુર વિલા, સમર્પણ સર્કલ જામનગર ખાતે રાખેલ છે મોસાળ પક્ષની સાદડી સાથે રાખેલ છે.

**ખાખડાબેલા:** ખાખડાબેલા નંબર-૫, તા.પડધરી, જી.રાજકોટ નિવાસી જયવંતસિંહ ચંદુભા જાડેજા (ઉ.વ.૮૪) તે પૃથ્વીરાજસિંહ, અનોપસિંહ, દિલીપસિંહ અને સહદેવસિંહના મોટાભાઈ તેમજ ભગીરથસિંહ (ક્રિએટીવ એકઝીબીશન)ના પિતાશ્રીનું તા.૨૩ને બુધવારના રોજ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણુ તથા કર્મક્રિયા ખાખડાબેલા નંબર-૫, મુકામે નિવાસ સ્થાને રાખેલ છે.

# રાણીંગપર ગામે હાર્ટએટેક આવતા ખેડૂત ભુપતભાઈ સોમાણીનું મોત

## રાજકોટ સિવિલ હોસ્પિટલમાં મોડી રાત્રે સારવારમાં ખસેડાયા હતા પરંતુ સારવાર મળે તે પહેલા જ દમ તોડી દીધો



રાજકોટ, તા.૨૪

જસદણના રાણીંગપર ગામે હાર્ટ એટેક આવતા ભુપતભાઈ ડાયાભાઈ સોમાણી (ઉં.વ.૫૫)નું મોત થયું હતું. તેઓને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં મોડી રાત્રે સારવારમાં ખસેડાયા હતા પરંતુ સારવાર મળે તે પહેલા જ દમ તોડી દીધો હતો.

તેમના પુત્ર લાલજીભાઈએ જણાવ્યા મુજબ, ગત રાત્રે ૧૦ વાગ્યે વારુ પાણી કરીને બધા બેઠા હતા ત્યાં ભુપતભાઈની તબિયત બગડી હતી. તેમને તત્કાલ ૧૦૮માં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં બેભાન હાલતમાં ખસેડવામાં આવ્યા હતા. અત્રે ડોકટરે તેમને મૃત જાહેર કર્યા હતા. ભુપતભાઈ ખેતી કામ કરતા હતા તેમને સંતાનમાં બે દીકરા છે. ભુપતભાઈ ચાર ભાઈ ત્રણ બેનમાં ત્રીજા નંબરના હતા. ભાડલા પોલીસે જરૂરી કાગળ કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે ખસેડ્યો હતો બનાવશી પરિવારમાં શોક છવાયો છે.

# પુત્રવધુને ત્રાસ આપ્યાના ગુનામાં સાસરીયાનો નિર્દોષ છૂટકારો

રાજકોટ તા.૨૪

શારીરીક અને માનસીક ત્રાસ આપી મદદગારી કરવાના ગુન્હામાં આરોપીઓને નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો કોર્ટે હુકમ કર્યો હતો.

આ બનાવની ટુંક હકીકત એવી છે કે આરોપીઓ પતિ તથા સાસુ, સસરા અને નણંદ થતા હોય તેઓએ ફરીયાદીને લગ્નના બેક મહીના બાદથી જ ઘરકામ તેમજ રસોઈ કામ જેવી નાની નાની બાબતોમાં જગડા કરી ચડામણી કરી બધા આરોપીએ એક સંપ કરી શારીરીક માનસીક ત્રાસ આપવાની ફરીયાદ, ફરીયાદી દ્વારા રાજકોટ શહેર મહિલા પોલીસ સ્ટેશનમાં આપેલ હતી. આરોપીઓ સામે ચાર્જસીટ થયા પછી આરોપીઓના વકીલે કરેલી દલીલો ધ્યાને લઈ કોર્ટે આરોપી સાગર ભરતભાઈ ગોહીલ, હર્ષાબેન ભરતભાઈ ગોહીલ, ભરતભાઈ મોહનભાઈ ગોહીલ, બીનલબેન ભરતભાઈ ગોહીલને નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરેલ હતો. આ કેસમાં આરોપીઓ તરફે બલરામ

### ભારતીય સેના POKમાં ઘુસે તો સ્થાનિક કાશ્મીરીઓ સ્વાગત કરી શકેઃ પાકને ભય

# પાક. ફફડયુંઃ હિમ્મત ટકાવી રાખવા મિસાઈલ પ્રયોગ કર્યા

## પાક કબ્જાના ગ્રામીણ ક્ષેત્રમાં લોકોનો આક્રોશઃ ટૂરીઝમ ફટકાની તેમને પણ અસર થશેઃ યુદ્ધ થાય તો બરબાદી વધુ

## પાક. વડાપ્રધાન શાહબાઝ શરીફે તાત્કાલીક રાષ્ટ્રીય સુરક્ષા બેઠક બોલાવીઃ સૈન્યની ત્રણેય પાંખના વડા હાજર



નવી દિલ્હીઃ

પહેલગામ હુમલા બાદ હવે ભારતના લશ્કરી ઓપરેશનનો સામનો કરવો પડશે તે નિશ્ચિત જણાતા પાક હવે ફફડવા લાગ્યુ છે તો પાક કબ્જાના કાશ્મીરના લોકો પણ ભારતની સેના ઘુસશે તેવા ભયથી સરહદી ક્ષેત્રોમાં તેમના આવાસ ખાલી કરવા લાગ્યા છે અને છેક ઈસ્લામાબાદ સુધી પાકમાં જબરો ગભરાટ છે. ખાસ કરીને પાક સૈન્ય માટે હવે ભારતીય સેનાનો મુકાબલો કેમ કરાશે તેની ચિંતા છે. પાકના વડાપ્રધાન શાહબાઝ શરીફે આજે રાષ્ટ્રીય સુરક્ષા સમીતીની બેઠક બોલાવી છે જેમાં પાક સૈન્યની ત્રણેય પાંખના વડા હાજર રહેશે. સૂત્રોના જણાવ્યા મુજબ હાલ તુર્તજ પાક એજન્સીઓને અંકુશ રેખા અને ભારત સાથેની સરહદો પરથી ત્રાસવાદી લોન્ચીંગ પેડ પણ હટાવી લેવા આદેશ આપ્યો છે. પાક સરકારને ભય છે કે જો તેના કબ્જાના કાશ્મીરમાં ભારતીય સેના ઘુસે તો જેમ બાંગ્લાદેશના સર્જન સમયે તેનું સ્વાગત થયુ હતુ તેવું જ સ્વાગત ભારતીય સેનાનુ થઈ શકે છે. પાકે પોતાનો જુસ્સો ટકાવી રાખવા તથા તે ડરતુ નથી તે દર્શાવવા ગઈકાલે અરબી સમુદ્રમાં ૪૫૦ કી.મી.ની રેન્જ ધરાવતા મિસાઈલ પ્રયોગ કર્યો હતો.

સૂત્રોના જણાવ્યા મુજબ આતંકી હુમલામાં જે રીતે પહેલગામમાં સહેલાણીઓને નિશાન બનાવાયા તેનો પડઘો પાક કબ્જાના કાશ્મીરમાં પણ છે. ટુરીઝમ એ જ કાશ્મીરની બ્રેડ બટર છે અને પાક કબ્જાના કાશ્મીરના લોકો પણ ભારતના કાશ્મીરના લોકો સાથે પારિવારિક રીતે જોડાયેલા છે જેથી કાશ્મીરમાં જો ટુરીઝમને ફટકો પડે તો તેની અસર પાક કબ્જાના કાશ્મીરમાં થઈ શકે છે અને તે પાક સરકારને મોટો ડર છે. પાકિસ્તાને ગઈકાલે અચાનક જ જમીન પરથી જમીન પર પ્રહાર કરી શકે તેવા મિસાઈલનું પરિક્ષણ કર્યું હતું. કરાચી બંદરથી આ પરીક્ષણ કરાયુ હતું. ખાસ કરીને ભારતે જે રીતે હવે પાકિસ્તાન પર મોટી સર્જીકલ સ્ટ્રાઈક કરવા તૈયારી કરી છે તે પછી પાકિસ્તાન સૈન્ય માટે અને દેશના લોકોની હિંમત ટકાવી રાખવા આ પ્રકારના પરીક્ષણ થતા હોવાના ખુદ પાકિસ્તાનના અખબારોએ લખ્યું છે. પાકિસ્તાન સોશ્યલ મીડીયામાં થતી ચર્ચા મુજબ લાઈનઅપ કંટ્રોલ પાસે પણ મિલીટ્રી એરક્રાફટ તૈનાત કરવાનું શરુ કર્યુ છે.

## પાકિસ્તાનના સૈન્યવડાની દેશમાં જ મજાક ઉડાવી રહી છે

### સોશ્યલ મીડીયામાં જનરલ અસીમ મુનીરને મુર્ખ ગણાવાયાઃ ઉન્માદી ભાષણથી જ પાકિસ્તાન પર આફત આવી રહી છે

ઈસ્લામાબાદ તા.૨૪

એક તરફ પાકિસ્તાનના ટોચના મિલીટ્રી કમાંડરોની આજે બેઠક મળી રહી છે તે સમયે દેશના સૈન્યવડા અસીમ મુનીર સોશ્યલ મીડીયામાં લોકોની મજાકનું કેન્દ્ર બની ગયા છે. પહેલગામના હુમલા બાદ મુનીરે કાર્યક્રમમાં કાશ્મીરને પાકિસ્તાનના ગળાની નશ ગણાવી હતી. પરંતુ સોશ્યલ મીડીયામાં ઓમર અઝહર નામના એક યુઝર્સે તેને ઉનમાદી ભાષણ ગણાવતા લખ્યુ કે સૈન્યના જનરલોએ આવી ટિપ્પણી કરવી જોઈએ નહી. બીજા એક



યુઝર ઈમ્તીહા દિન એ પણ પોતાના સૈન્ય વડા સામે જ પ્રશ્ન ઉઠાવતા કહ્યું કે હવે જોઈએ ભારતના હુમલા સમયે આ જોશ કયાં જાય છે તો અન્ય એક યુઝર્સે પણ લખ્યું કે દેશના નેતાઓ લાપરવાહ છે. પાકિસ્તાન કર્જમાં ડુબી ગયુ છે જયારે આવા વ્યક્તિ અને આવુ ભાષણ એ પાકિસ્તાનને જ મુશ્કેલીમાં મુકશે તો તાહીર નામના એક એકાઉન્ટ પર પાકિસ્તાનના સૈન્ય વડાને મુર્ખ ગણવામાં આવ્યો હતો અને લખ્યું કે પાકિસ્તાનને રાજનૈતિક આર્થિક અને ડિપ્લોમસી તમામ રીતે તેણે દુનિયાથી અલગ કરી દીધુ છે.

### પહેલગામ હુમલાને પગલે બે દેશ વચ્ચે તનાવ છે ત્યારે...

## પંજાબમાં બીએસએફ જવાન ભૂલથી ઝીરો લાઈન પાર કરતા પાક. રેન્જર્સ ઉપાડી ગયા

### સરકાર ચિંતિતઃ જવાનને છોડાવવા ફલેગ મિટીંગ ચાલુ

ફિરોઝપુર તા.૨૪

પહેલગામમાં આતંકી હુમલા બાદ પંજાબથી એક મોટી ખબર બહાર આવી છે. પંજાબના ફિરોઝપુરમાં ભારત-પાકિસ્તાન બોર્ડર પર બીએસએફ (સીમા સુરક્ષા દળ)નો એક જવાન ભુલથી ઝીરો લાઈન પાર કરી ગયો હતો જેને પાકિસ્તાની રેન્જર્સે પકડી લીધો છે. જેને લઈને સરકાર ચિંતીત બની છે.



આ અંગેની વિગત મુજબ તાજેતરમાં પહેલગામ આતંકી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તનાવપૂર્ણ માહોલ પેદા થયો છે ત્યારે પંજાબના ફિરોઝપુરમાં ભારત-પાકિસ્તાન બોર્ડર પર હાજર બીએસએફનો એક જવાન ભુલથી ઝીરો લાઈન પાર કરી ગયો હતો. જેથી પાકિસ્તાની રેન્જર્સે તેને પકડી લીધો હતો.

જવાન આ જગ્યાએ ખેડુતોની દેખરેખ રાખી રહ્યો હતો, જયાં ખેડુતો પાક કાપી રહ્યા હતા. ઝીરો લાઈન બોર્ડરનો એ હિસ્સો હોય છે જયાં બે દેશોની સીમા મળતી હોય છે. આ જગ્યાએ ખેતી કરવા ખેડુતોને સ્પેશિયલ પરમીશન મળતી હોય છે. અહીં બે દેશોની સીમા મળતી હોય છે. જયારે ખેડૂત ખેતીપાક લણે છે કે વાળે છે ત્યારે બીએસએફ જવાન તેમની સુરક્ષા માટે સાથે હોય છે. તેમને કિસાન ગાર્ડ પણ કહેવામાં આવે છે. આ મામલે ફલેગ મિટીંગ ચાલુ છે. આશા છે કે કોઈ રસ્તો નીકળશે અને બીએસએફ જવાન પાછો આવી જશે.

### ઉરી હુમલા બાદ સર્જિકલ સ્ટ્રાઈક : પુલવામા બાદ એરસ્ટ્રાઈક

# હવે શું ? પહેલગામ આતંકી હુમલા બાદ શું ??

નવી દિલ્હી : પહેલગામમાં થયેલા આતંકી હુમલાને લઈને આખો દેશ ગુસ્સામાં છે. દરેક જગ્યાએથી એવી માંગ ઉઠી રહી છે કે, આતંકીઓ અને આતંકી માસ્ટરમાઇન્ડ્સ પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપવામાં આવે. ભારતીય સેનાએ આતંકીઓના અડ્ડાઓ પર સર્જિકલ સ્ટ્રાઈક અને વાયુસેનાની એર સ્ટ્રાઈક કરી છે. પરંતુ, એલઓસી પાર આતંકના લોન્ચ પેડ્સ ફરીથી ભરાઈ ગયા છે. સરકારે એમ પણ કહ્યું છે કે જડબાતોડ જવાબ આપવામાં આવશે, પરંતુ આતંકવાદીઓ અને તેમના આકાઓ સામે કાર્યવાહીના વિકલ્પો શું છે ?



### આખો દેશ ગુસ્સામાં પાક.ને જડબાતોડ જવાબ

**પ્રહાર વિકલ્પ, પરંતુ તેનો પણ પડકાર**

ભારતીય સેનામાં ડીજી ઇન્ફન્ટ્રી તરીકે નિવૃત્ત થયેલા લેફ્ટિનેન્ટ જનરલ સંજય કુલકર્ણીનું કહેવું છે કે, આતંકવાદીઓ અને આતંકી આકાઓ પાકિસ્તાનને પાઠ ભણાવવા માટે સશસ્ત્ર દળો સંપૂર્ણ રીતે તૈયાર છે. શું કાર્યવાહી થશે તે સરકારે નક્કી કરવાનું છે. તેમણે કહ્યું કે સેના સર્જિકલ સ્ટ્રાઈક અને વાયુસેનાના હવાઈ હુમલા કરી ચૂકી છે. આથી પાકિસ્તાન પણ આ યુદ્ધ માટે એલર્ટ હશે. સ્ટ્રાઇક એક વિકલ્પ છે, પરંતુ આ વખતે તેના પોતાના પડકારો હશે. પીઓકે આપણો વિસ્તાર છે, આપણે ત્યાં આતંકવાદીઓ પર હુમલો કરી શકીએ છીએ, તેમના લોન્ચ પેડને નિશાન બનાવી શકીએ છીએ. જો ભારત પાકિસ્તાન સામે કંઈ પણ કરે તો ચીન હસ્તક્ષેપ કરે તેવી શક્યતા ઓછી છે કારણ કે તે અમેરિકા સાથે ટેરિફ વોરમાં રોકાયેલું છે.

**આતંકનું સમર્થન કરનારાઓ સામે કાર્યવાહી થવી જોઈએ**

સુરક્ષા નિષ્ણાતોનું કહેવું છે કે આતંકવાદીઓ માટે કામ કરતા ઓજીડબ્લ્યુ(ઓવર ગ્રાઉન્ડ વર્કરી) પર કડક કાર્યવાહી કરવી ખૂબ જ મહત્વપૂર્ણ છે. પાકિસ્તાની આતંકવાદીઓ સાથે કેટલાક સ્થાનિક છોકરાઓ છે, પછી ભલે તે તેમની પોતાની મરજીથી હોય કે પછી બળજબરીથી, તેઓ આતંકવાદીઓને ટેકો આપી રહ્યાં છે. તેમની આસપાસના લોકો દ્વારા માહિતી એકઠી કરવી મહત્વપૂર્ણ છે. સાથે જ એલઓસીની અંદર લગભગ ૧૫૦-૨૦૦ કિમી અંદર આતંકી હુમલા કરનારા પાકિસ્તાની આતંકીઓ બહાર ન નીકળે તે પણ જરૂરી છે.

**યુદ્ધવિરામનો અર્થ શું છે ?**

સંરક્ષણ નિષ્ણાતોનું કહેવું છે કે જે રીતે પાકિસ્તાન સતત આતંકવાદીઓને ભારતમાં ઘુસાડવાનો પ્રયાસ કરી રહ્યું છે, તેનાથી હવે યુદ્ધવિરામનો કોઇ અર્થ નથી. સ્ટ્રાઈક સિવાય અન્ય વિકલ્પો શું હોઈ શકે તેના પર લેફ્ટિનેન્ટ જનરલ કુલકર્ણીનું કહેવું છે કે સિંધુ જળ સંધિ ખતમ કરી પાકિસ્તાનને અપાતું પાણી બંધ કરી દેવું જોઈએ. સાથે જ પાકિસ્તાને પર્દાફાશ કરવાની સાથે-સાથે અલગ થવા પર પણ કામ કરવું જોઈએ. દેશની જનતાનો વિશ્વાસ અને મનોબળ જાળવી રાખવું પણ જરૂરી છે. અમરનાથ યાત્રા માટે યાત્રાળુઓની સંખ્યા ઓછી ન કરવી જોઈએ અને કડક સુરક્ષા સુનિશ્ચિત કરવી જોઈએ

**સૈનિકો પર હુમલાના ૧૧ દિવસ બાદ સર્જિકલ સ્ટ્રાઈક થઈ હતી**

વર્ષ ૨૦૧૬ અને તારીખ ૧૮ સપ્ટેમ્બર. સવારે ૫ વાગે ભારે હથિયારોથી સજ્જ ચાર આતંકીઓએ જમ્મુ-કાશ્મીરના ઉરી નજીક આર્મી હેડક્વાર્ટર પર ગોળીબાર કર્યો હતો, જ્યારે તેઓ સૂતા હતા. ભારતીય સેનાએ ચારેય આતંકીઓને ઘટના સ્થળે જ ઠાર માર્યા હતા, પરંતુ ૧૮ સૈનિકો શહીદ થયા હતા. અગિયાર દિવસ બાદ પાકિસ્તાનના કબ્જા હેઠળના કાશ્મીરમાં આતંકવાદીઓ પર સર્જિકલ સ્ટ્રાઈક કરવામાં આવી હતી.

**પુલવામાની ઘટનાના ૧૨ દિવસ બાદ એર સ્ટ્રાઇક કરવામાં આવી હતી**

વર્ષ ૨૦૧૯ ૧૪ ફેબ્રુઆરી છે. પુલવામામાં આતંકીઓએ સીઆરપીએફના કાફલા પર હુમલો કર્યો હતો. જૈશ-એ-મોહમ્મદનો આત્મઘાતી બોમ્બર વિસ્ફોટક ભરેલી કાર સાથે કાફલાના વાહન સાથે અથડાયો હતો. આ આતંકી હુમલામાં ૪૦ જવાનો શહીદ થયા હતા. ૧૨ દિવસ બાદ ૨૬ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ ભારતીય વાયુસેનાના ફાઈટર જેટ વિમાનોએ બાલાકોટમાં આતંકીઓના અડ્ડાઓ પર એરસ્ટ્રાઈક કરી હતી.

### પહેલગામ આતંકી હુમલા બાદ

# ભારત અને પાકિસ્તાન વચ્ચે સંઘર્ષનું એક કારણ 'સિંધુ જળ સંધિ' પણ છે : જેના પર ભારતે સંધિ અટકાવી

### આ સિંધુ જળ સંધિ શું છે ? ૬૫ વર્ષ પહેલા થયેલો કરાર શું છે ?



## પહેલગામ આતંકી હુમલાનો ઈશારો પહેલાથી જ મળી ગયો હતો ?

નવી દિલ્હી :

પહેલગામ આતંકી હુમલા બાદ ભારતે સિંધુ જળ સંધિને અટકાવી ત્યારે તેને મોટી કાર્યવાહી માનવામાં આવી રહી હતી. છેલ્લા કેટલાક વર્ષોથી આ ડીલને લઈને સતત સવાલો ઉઠી રહ્યા છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે સંઘર્ષનું એક કારણ પણ છે.

**૬૫ વર્ષ પહેલા થયા હતા કરાર**

ભારતની આઝાદી બાદથી જ બંને દેશોમાં સિંધુના પાણીની વહેંચણીને લઈને અનેક દુવિધાઓ ઉભી થઈ હતી. જેને દૂર કરવા માટે ૬૫ વર્ષ પહેલા ૧૯૬૦માં સિંધુ જળ સંધિ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આંતરરાષ્ટ્રીય ધોરણો અનુસાર, આ નદીના પાણીની વહેંચણીને લઈને બંને દેશો વચ્ચે એક કરાર થયો હતો, જેને બંને દેશોએ સ્વીકાર્યો હતો. વિશ્વ બેંક સમજૂતીમાં મધ્યસ્થી બની હતી. આ સંધિ હેઠળ પશ્ચિમી નદીઓ સિંધુ, જેલમ અને ચિનાબના પાણી પર પાકિસ્તાનનો અધિકાર છે અને પૂર્વી નદીઓ રાવી, બિયાસ અને સતલજના પાણી પર ભારતનો અધિકાર છે. આ સંધિને લાગુ કરવા માટે સિંધુ આયોગની રચના કરવામાં આવી હતી. ભારતને ૨૦ ટકા અને પાકિસ્તાનને ૮૦ ટકા પાણી મળે છે

**જેને કારણે વિવાદ પણ થયો હતો**

આ કરારને કારણે છેલ્લા કેટલાક વર્ષોથી અવારનવાર ટકરાવની સ્થિતિ સર્જાઈ છે. થોડા વર્ષો પહેલા ભારત સરકાર દ્વારા ૧૯૬૦ની સિંધુ જળ સંધિમાં સુધારો કરવા માટે નોટિસ મોકલવામાં આવી હતી. સરકારે કહ્યું કે પાકિસ્તાનની કાર્યવાહીથી સિંધુ સંધિની જોગવાઈઓ પર પ્રતિકૂળ અસર પડી છે. રન-ઓફ-ધ-રિવર વાધનું નિર્માણ જમ્મુ અને કાશ્મીરમાં કિશનગંગા હાઇડ્રોઇલેક્ટ્રિક પ્રોજેક્ટ હેઠળ કરવામાં આવ્યું છે, જેની શરૂઆત ૨૦૦૭માં થઈ હતી. પાકિસ્તાન આ પ્રોજેક્ટનો એ આધાર પર વિરોધ કરે છે કે ભારત પાસે નદીમાંથી પાણી વાળવાનો આદેશ નથી. ખરેખર, કિશનગંગા નદીનું આ પાણી ઝેલમ નદી પરના ફોરેસ્ટ પાવર પ્લાન્ટ તરફ વાળવામાં આવે છે. તેનો ઉપયોગ સિંચાઈ તેમજ વીજ ઉત્પાદન માટે કરવામાં આવશે. આ પ્લાન્ટ લગભગ ૩૩૦ મેગાવોટ વીજળી ઉત્પન્ન કરી શકે છે. પાકિસ્તાન સતત સિંધુ જળ સંધિની જોગવાઈઓનું ઉલ્લંઘન કરી રહ્યું છે.



**આગળ શું થશે ?**

હવે બુધવારે ભારત તરફથી કરાર બંધ કર્યા બાદ પાકિસ્તાનને મોટું નુકસાન ઉઠાવવું પડશે. ભારત માનવતાના ધોરણે આ સમજૂતીનું પાલન કરતું રહ્યું, પરંતુ આ વખતે સરહદ પારથી જે રીતે અમાનવીય આતંકવાદી હુમલો થયો, ભારતે કડકાઈ વ્યક્ત કરી. નિષ્ણાતોના મતે ભારતે પણ પોતાના ડેમોનું સમારકામ કરવું પડશે, જેથી વધારાના પાણીનો યોગ્ય ઉપયોગ કરી શકે.

## આ હુમલાનો ઈશારો પહેલાંથી જ મળી ગયો હતો

કાશ્મીરના વિવિધ વિસ્તારો, કેટલાક જંગલો, કેટલાક રસ્તાઓ. ૧૨ માર્ચ, ૧૬ માર્ચ, ૧૭ માર્ચ, ૧૯ માર્ચ, ૨૪ માર્ચ, ૨૬ માર્ચ અને ૯ એપ્રિલ. શું આ તારીખ એ વાતનો સંકેત હતો કે કાશ્મીરમાં આતંકવાદીઓ કંઈક મોટું કરવાની યોજના બનાવી રહ્યા છે અને તેની તૈયારી કરી રહ્યા છે? ભારતીય સેના, જમ્મુ-કાશ્મીર પોલીસ અને સીઆરપીએફ સતત અલગ અલગ વિસ્તારોમાં સર્ચ ઓપરેશન ચલાવી રહ્યા હતા અને તેમને ગુપ્ત માહિતી પણ મળી રહી હતી. જેના આધારે સંયુક્ત કામગીરી હાથ ધરવામાં આવી હતી. આમ છતાં આટલો મોટો હુમલો કરવામાં ત્રાસવાદીઓને સફળતા મળી હતી

**૧૨ માર્ચ**ના રોજ ગુપ્તચર ઇનપુટના આધારે સેના, પોલીસ અને સીઆરપીએફે બાંદીપોરામાં સંયુક્ત સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આ દરમિયાન બે શકમંદોની ધરપકડ કરવામાં આવી હતી.

**૧૬ માર્ચઃ** કુપવાડાના નારીકૂટ જંગલમાં સેના અને બીએસએફ દ્વારા સર્ચ ઓપરેશન દરમિયાન એક ઇમ્પ્રોવાઇઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઇસ (આઇઇડી) મળી આવ્યું હતું અને તેનો નાશ કરવામાં આવ્યો હતો.

**૧૭ માર્ચ** ગુપ્તચર માહિતીના આધારે હંદવાડા વિસ્તારના ખુરમૂર જંગલમાં સેના અને પોલીસે સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું. એક આતંકવાદી માર્યો ગયો.

**૧૯ માર્ચ** બાંદીપોરાના બાંદીપોરા-શ્રીનગર રોડ પર અરગામમાં આઈઈડી મળી આવી હતી, જેને નષ્ટ કરી દેવામાં આવી હતી.

**૨૪ માર્ચઃ** અનંતનાગના સુંગલાન જંગલમાં સેના અને પોલીસના સંયુક્ત સર્ચ ઓપરેશનમાં આતંકીઓનું એક ઠેકાણું મળી આવ્યું છે. યુદ્ધના ધોરણે સામગ્રી મળી આવી હતી.

**૨૬ માર્ચ** બારામુલામાં ઇનપુટના આધારે સંયુક્ત સર્ચ ઓપરેશનમાં નામ્બલાનના જંગલમાં આતંકીઓના અડ્ડા મળી આવ્યા હતા.

**૯ એપ્રિલઃ** કુપવાડાના હાપુરડા ગામમાં એક રસ્તા પરથી એક આઇઇડી મળી આવી હતી, જેને નષ્ટ કરી દેવામાં આવી હતી.

## પેન્ટાગોનનાં પૂર્વ અધિકારીની ભારતને સલાહઃ પાક.ને ઈઝરાયેલની ભાષામાં ભારત જવાબ દે

### કાશ્મીરને પોતાની ગર્દનની નસ કહેનાર પાક.નું ગળું જ કાપી નાખવુ જોઈએઃરૂબિન

વોશિંગ્ટન (અમેરિકા) તા.૨૪

પહેલગામમાં થયેલા આતંકી હુમલાથી માત્ર દેશ જ નહિં, દુનિયામાં પણ ગુસ્સો છે. આ દરમ્યાન અમેરિકાનાં સૈન્ય મથક પેન્ટાગોનનાં પૂર્વ અધિકારી માઈકલ રૂબીને ભારતને સલાહ આપી છે કે પાકિસ્તાન સામે ઈઝરાયેલની જેમ બદલો લો. પેન્ટોગનનાં પૂર્વ અધિકારીએ પહેલગામ હુમલા માટે પાક. સેનાના ચીફ અસીમ મુનિરના એ ભાષણને જવાબદાર ઠેરવ્યુ હતું. જેમાં તેમણે કહ્યુ હતું કે કાશ્મીર પર અમારૂ વલણ સ્પષ્ટ છે તે અમારી ગર્દનની નસ હતી અને રહેશે.

અમે તેને નહીં ભુલીએ...પેન્ટાગોનનાં અધિકારીએ જણાવ્યું હતું કે આ હુમલાથી સ્પષ્ટ છે કે પાકિસ્તાનની ગર્દન કાપી નાખવાની જરૂર છે. આમાં કોઈ શંકા નથી. અમે જાણીએ છીએ કે પાકિસ્તાન અનેક આતંકવાદી સમુહોનું ઘર છે જેમાં લશ્કર એ તૈયબા પણ સામેલ છે.

તેમણે જણાવ્યું હતું કે આ એવુ છે જેવુ ૭ ઓકટોબર ૨૦૨૩ માં હમાસે ઈઝરાયેલ પર હુમલો કર્યો હતો. હવે રજા ગાળવા આવેલા મધ્યમ વર્ગનાં હિન્દુઓને નિશાન બનાવવાથી સ્પષ્ટ છે કે પાકિસ્તાન હવે એવી રણનીતિ અપનાવી રહ્યું છે. આ સ્થિતિમાં હવે ભારતનું કર્તવ્ય છે કે તે પાકિસ્તાનને ઈઝરાયેલની ભાષામાં જવાબ દે.

## પહેલગામ આતંકવાદી હુમલામાં ભોગ બનેલા પરિવારને સાંત્વના પાઠવતા પૂ.મોરારીબાપુ



કાશ્મીરમાં મોરારીબાપુની કથામાં સહભાગી થવા અને કાશ્મીરમાં ફરવા ગયેલા ભાવનગરના પિતા-પુત્ર આતંકવાદીઓના અંધાધુંધ ફાયરીંગમાં મોતને ભેટયા હતા. આ હુમલામાં ભોગ બનનાર પરિવારને સાંત્વના આપવા કથાકાર પૂ.મોરારીબાપુ તેમના નિવાસસ્થાને સાંત્વના આપી હતી. પરિવારજનોએ રામ ધુન લીધી હતી.

### ખોદયો ડુંગરને નીકળ્યો ઉંદર!

## મને પહેલગામ હુમલાની પહેલાથી ખબર હતીઃ અજાણ્યા કોલે દિલ્હી પોલીસને ધંધે લગાડી!

નવીદિલ્હી તા.૨૪

દિલ્હી પોલીસના ત્યારે હોશકોશ ઉડી ગયા જયારે મોડી રાત્રે એક શખ્સનો ફોન આવ્યો કે પહેલગામ આતંકી હુમલાની તેને ખબર હતી. જોકે આ મામલે તપાસ કરતા ખોદયો ડુંગર અને નીકળ્યો ઉંદર જેવો ઘટ સર્જાયો હતો.



આ અંગેની વિગત એવી છે કે પહેલગામમાં પર્યટકો પર આતંકી હુમલાથી પૂરો દેશ આઘાતમાં છે. ત્યારે ગઈકાલે દિલ્હી પોલીસને મોડી રાત્રે એક કોલ આવ્યો હતો, જેમાં એક શખ્સે દાવો કર્યો હતો કે પહેલગામ આતંકી હુમલાની તેને પહેલાથી જાણકારી હતી. આટલું સાંભળતા જ પોલીસના હોશકોશ ઉડી ગયા હતા. બાદમાં પોલીસ તરત હરકતમાં આવી હતી અને કોલ કરનાર શખ્સ સુધી પોલીસ પહોંચી હતી જોકે પૂછપરછમાં તેનો દાવો નિરાધાર નીકળ્યો હતો અને શખ્સે શરાબના નશામાં ફોન કર્યો હોવાનું બહાર આવ્યું હતું.

### ગઈકાલે શ્રીનગરમાં પૂ.મોરારીબાપુએ તેમની ૯૫૫મી રામકથાને સ્થગિત કરી હતી

# હું અધુરી કથા પુરી કરવા અહી પાછો આવીશ પણ કયારે એ દેશ,કાળ અને ભગવતકૃપા નકકી કરશે

### પૂ.મોરારીબાપુએ સ્પષ્ટતા કરી કે કથાને અલ્પવિરામ મળ્યો છે, પૂર્ણ વિરામ તો બાકીની ચાર દિવસની કથા પુરી થયા પછી જ મળશે : મેં દરેક કથા પછી હનુમાનજીને વિદાય આપી છે પણ માનસ-શ્રીનગરમાંથી મેં તેમને વિદાય નથી આપી

રાજકોટ,તા.૨૪

મંગળવારે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી ગઈ કાલે સવારે પ્રખર રામાયણકાર મોરારીબાપુએ શ્રીનગરમાં ચાલતી તેમની ૯૫૫મી રામકથાને સ્થગિત કરી હતી. 'માનસ-શ્રીનગર'ના ઉપનામ સાથે શરૂ થયેલી આ કથા ગયા શનિવારથી શરૂ થઈ હતી અને આવતા રવિવારે પૂરી થવાની હતી. મોરારીબાપુએ કહ્યું હતું કે 'આવું પહેલી વાર નથી બન્યું. અગાઉ પણ ચાર-પાંચ વાર બન્યું છે કે કથાને વચ્ચે અટકાવવી પડી હોય. માનસ-શ્રીનગરને અટકાવવા માટે ક્યાંયથી કોઈ પ્રકારનું કહેણ નહોતું. હા, સુરક્ષા વધારવામાં આવી હતી અને એના નિયમોનું પાલન કરવાનું હતું, પણ દુઃખી મન હોય ત્યારે કથા આનંદ ન આપી શકે. રામાયણ તો પ્રેમ, સત્ય અને કરુણાની વાત કરે છે. એ આનંદ સાથે, ખુશી સાથે માણવાની હોય.'



### કથા અટકાવવાનો નિર્ણય કોણે લીધો?

રામકથા ચાલુ રાખવા માટે બાપુને તમામ જગ્યાએથી સહયોગ મળ્યો હતો. ગવર્નરથી લઈને દેશના ગૃહપ્રધાન અમિત શાહે પણ કથા ચાલુ રાખવા માટે બાપુને તમામ સહયોગ આપવાની વાત કરી હતી અને એ પછી પણ મોરારીબાપુએ રામકથા રોકી દીધી હતી. એનું કારણ સમજાવતા મોરારીબાપુએ કહ્યું હતું કે, ''કથાનો પ્રત્યેક નિર્ણય હું વ્યાસપીઠને પૂછીને લઉં અને મને વ્યાસપીઠ કહ્યું કે બસ. આ વખતે આટલું જ. આવીશું પાછા.''

મોરારીબાપુની રામકથા જે સ્થળે હતી ત્યાંથી અંદાજે ૧૦૦ કિલોમીટર દૂર આતંકવાદીઓએ હુમલો કર્યો હતો. રામકથા સાંભળવા માટે બાપુ અને તેમના સ્નેહીજનો સાથે ગયેલા શ્રવણકારો સુરક્ષિત છે, પણ મોરારીબાપુનું કહેવું હતું કે 'મન વિચલિત હોય એવા સમયે અટકવું જરૂરી બને છે. પાંચ દિવસની રામકથા પૂરી થઈ છે અને ચાર દિવસની હજી બાકી છે ત્યારે હું આ કથાને પૂરી થયેલી જાહેર નથી કરતો. બાકીના ચાર દિવસની રામકથા કરવા આ જ સ્થળે હું પાછો આવીશ; પણ ક્યારે એ દેશ, કાળ અને ભગવતકૃપા નક્કી કરશે.'

મોરારીબાપુ કહેતા હોય છે કે જ્યાં પણ રામકથા થાય ત્યાં હનુમાનજી અચૂક હાજરી આપતા હોય છે, જેમને બાપુ કથાની પૂર્ણાહુતિ સમયે વિદાય પણ આપતા હોય છે. જોકે માનસ-શ્રીનગરમાંથી મોરારીબાપુએ હનુમાનજીને વિદાય નથી આપી. મોરારીબાપુએ કહ્યું હતું કે 'તેમને વિદાય ત્યારે અપાય જ્યારે આ રામકથા પૂરી થાય. હનુમાનજી ફરી આવવાનો મોકો નહીં આપે તો એ રહેશે જમ્મુ-કાશ્મીરમાં અને ત્યાંની રક્ષા કરશે.'

## પહેલગામ આતંકી હુમલા બાદ વકફ સંબંધિત દેખાવો ૩ દિવસ મોકુફ : મુસ્લિમ પર્સનલ લો બોર્ડનો નિર્ણય

### એઆઈએમપીએલબીએ આતંકી હુમલાની નિંદા કરી પીડિત પરિવારો પ્રત્યે સહાનુભૂતિ વ્યકત કરી

નવી દિલ્હી, તા. ૨૪

ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ (AIMPLB) એ બુધવારે પહેલગામ આતંકવાદી હુમલાની નિંદા કરી અને પીડિતોના પરિવારો સાથે એકતા દર્શાવવા માટે નવા વક્ફ કાયદા સામે ચાલી રહેલા વિરોધ પ્રદર્શનોને ત્રણ દિવસ માટે રોકવાનો નિર્ણય લીધો છે.




દક્ષિણ કાશ્મીરના અનંતનાગ જિલ્લાના પહેલગામમાં મંગળવારે એક મુખ્ય પર્યટન સ્થળ પર થયેલા આતંકવાદી હુમલામાં ૨૮ લોકો માર્યા ગયા હતા, જેમાં મોટાભાગના પ્રવાસીઓ હતા અને ઘણા ઘાયલ થયા હતા. મુસ્લિમ સંગઠન દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે AIMPLB એ શોક સંદેશ જારી કર્યો છે અને તેના ચાલી રહેલા વિરોધ કાર્યક્રમોને અસ્થાયી રૂપે બંધ કરવાનો નિર્ણય લીધો છે. 'શોકગ્રસ્ત પરિવારો સાથે એકતાના પ્રતીક તરીકે, બોર્ડે વક્ફ કાયદામાં 'વિવાદાસ્પદ સુધારા' સામેના તેના અભિયાનને ૨૩ એપ્રિલથી ત્રણ દિવસ માટે સ્થગિત કરી દીધું છે.' AIMPLB હેઠળ વક્ફ સંરક્ષણ માટે મજલિસ-એ-અમાલના રાષ્ટ્રીય સંયોજક SQR ઇલ્યાસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 'પહલગામમાં થયેલો આતંકવાદી હુમલો અત્યંત દુઃખદ અને નિંદનીય છે. તેથી, બોર્ડે પીડિત પરિવારો પ્રત્યે સંવેદના અને સહાનુભૂતિ વ્યક્ત કરવા માટે તેના વિરોધ પ્રદર્શન ત્રણ દિવસ માટે મુલતવી રાખવાનો નિર્ણય લીધો છે.'

# કાલે મ્યુનિ. કોર્પો.ની સ્ટેન્ડીંગ કમીટીની બેઠક : ૩૨ દરખાસ્તો

**વોર્ડ નં.૧ના ઘંટેશ્વર-વર્ધમાનનગરની ૮૮ સોસાયટી અને વાવડીમાં ડી.આઇ. પાઇપલાઇન નંખાશે**

**રાજનગર ચોકથી લક્ષ્મીનગર અન્ડરબ્રીજ, પરસાણાનગરમાં પાઇપ ગટર યોજનાનું કામ થશે**

**વોર્ડ નં.૨, ૩, ૭, ૧૩, ૧૪ અને ૧૭ના વિસ્તારોમાં માર્ગો કાર્પેટ-ડામરથી મઢાશે**

**માધાપરમાં ડ્રેનેજ પાઇપલાઇન રોડ રીસ્ટોરેશન સહિતના કરોડોના વિકાસ કામોને અપાશે બહાલી**

રાજકોટ, તા.૨૪

રાજકોટ મહાનગરપાલિકાની સ્ટે.કમીટીની બેઠક આવતીકાલે તા. ૨૫ના બપોરના ૧૨ કલાકે સેન્ટ્રલ ઝોન કચેરીમાં સ્ટે.કમીટીના ચેરમેન જયમીન ઠાકરના અધ્યક્ષતામાં આયોજીત કરવામાં આવી છે. જેના એજન્ડામાં ૩૨ દરખાસ્તો કરવામાં આવી છે. આવતીકાલની આ સ્ટેન્ડીંગમાં કરોડોના રૂપિયાના વિકાસ કામોને બહાલી આપવામાં આવનાર છે.

આ અંગેની વિગતો આપતા મ્યુનિ. કોર્પોરેશનના સ્ટે.કમીટી ચેરમેન જયમીન ઠાકરે જણાવ્યું હતું કે, રાજકોટ મહાનગરપાલિકાની લીગલ શાખામાં ઇન્ટરર્નીશીપ આધારીત ત્રણ જગ્યા ઉપસ્થિત કરવા અને ગુજરાત નેશનલ લો યુનિ. સાથે એમઓયુ કરવાનો નિર્ણય પણ લેવામાં આવનાર છે. તેમજ વોટર ઓપરેશન અને મેન્ટેનન્સ સેલ ઇસ્ટ ઝોન હસ્તકના નારાયણનગર પમ્પીંગ સ્ટેશનના ઓપરેશન અને પ્રિવેન્ટીવ મેન્ટેનન્સ કામ દ્વિવાર્ષિક ધોરણે કોન્ટ્રાકટથી આપવા ઉપરાંત પ્રાણી ઉદ્યાન ખાતે લાઇન સફારી પાર્ક વિસ્તારમાં જીએસઆઇના કામનો કોન્ટ્રાકટ અપાશે તેમજ પાણીને જંતુ મુકત કરવા માટે લીકવીડ કલોરીનની ખરીદી માટે નિર્ણય લેવાશે.

આ ઉપરાંત શહેરના વોર્ડ નં.૧ના ઘંટેશ્વર, વર્ધમાનનગર વિસ્તારની ૮૮ સોસાયટીઓમાં જનભાગીદારી યોજના હેઠળ ૧૫૦ તથા ૧૦૦ એમએમ ડાયાની ડીઆઇ પાઇપલાઇન નાખવાના કામ ઉપરાંત વોર્ડ નં.૮માં નાના મવા મેઇન રોડ પર રાજનગર ચોકથી લક્ષ્મીનગર અન્ડરબ્રીજ સુધી વરસાદી પાણીના નિકાલ માટે પાઇપ ગટરના કામ તેમજ શહેરના અલગ અલગ રસ્તા પર આવેલ જુના હયાત સેન્ટર લાઇટીંગ પાંચ વર્ષના કોમ્પ્રીહેસીવ ઓ એન્ડ એમ સાથે સિસ્ટમ સુધારા તથા નવીનીકરણ કામની મંજૂરી અંગેનો નિર્ણય લેવાશે. તેની સાથોસાથ વોર્ડ નં.૩ના પરસાણાનગર, શેરી નં.૧માં વરસાદી પાણીના નિકાલ માટે પાઇપ ગટર નાંખવાના કામ તેમજ મ્યુનિ. કોર્પો.ના સેન્ટ્રલ ઝોન હસ્તકના વોર્ડ નં. ૨, ૩, ૭, ૧૩, ૧૪ અને ૧૭ના મુખ્ય વિસ્તારોમાં રોડ, રસ્તા રીકાર્પેટ, વોર્ડ નં.૧૮માં સાઉથ ઝોનલ ઓફિસનું નિર્માણ કાર્ય, વોર્ડ નં.૧૨ના વાવડી વિસ્તારમાં જનભાગીદારી યોજના હેઠળ ડીઆઇ પાઇપલાઇન નાંખવાનું કામ ઉપરાંત શહેરીજનોને વોટસએપ દ્વારા મહાનગરપાલિકાઓની સેવાઓ આપવા માટે દ્વિવાર્ષિક કોન્ટ્રાકટ આપવાનો નિર્ણય લેવાશે.

વોર્ડ નં.૭માં રામનાથ મહાદેવ મંદિર પાસે પાર્કિંગ માટે રીટેઇનીંગ હોલ, વોર્ડ નં.૧૭માં પારડી મેઇન રોડ પર સ્પોર્ટસ સંકુલનું નિર્માણ, માધાપર વિસ્તારમાં ડ્રેનેજ પાઇપલાઇન તેમજ વોર્ડ નં.૭માં સર્વેશ્વર ચોકથી ડો. યાજ્ઞિક રોડને જોડતા હયાત વોંકળો ડાયવર્ટ કરી નવું બોકસ કલ્વર્ટ બનાવવાનું કામ અંતર્ગત બાકી રહેલી વધારાની કામગીરી અંગેનો કોન્ટ્રાકટ આપવા અંગેની દરખાસ્ત પણ આવતીકાલની સ્ટેન્ડીંગ મુકવામાં આવેલ છે. આવતીકાલની સ્ટેન્ડીંગમાં કરોડો રૂપિયાના વિકાસ કામોને બહાલી આપવાનો નિર્ણય લેવામાં આવશે.

## સ્ટેટ મોનીટરીંગ સેલનો ગઢડાના રાયપર ગામની સીમમાં દરોડોઃ ૭૮.૪૫ લાખનો વિદેશી દારૂ મળ્યો

**દારૂના કટીંગ સમયે જ રેડ પડતા કેન્ટર, ટ્રક, બોલરો સહિતનાં ૪ વાહનો મુકી બુટલેગરો નાસી ગયાઃ ૧ કરોડનો મુદ્દામાલ જપ્ત**

(વિપુલ હિરાણી દ્વારા)
ભાવનગર,તા.૨૪

બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના રાયપર ગામની સીમમાં સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) પોલીસની ટીમને બાતમી મળી હતી કે, આ વિસ્તારમાં મોટા પ્રમાણમાં વિદેશી દારૂની હેરાફેરી થઈ રહી છે.રાત્રિ દરમિયાન SMC પોલીસે રાયપર ગામની સીમમાં દરોડો પાડ્યો હતો. પોલીસને જોતાં જ બુટલેગરો વાહનો મૂકીને નાસી છૂટ્યા હતા. પોલીસે તપાસ કરતા કુલ ૧૪,૫૬૫ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો. આ દારૂની કિંમત ૭૮.૪૫ લાખ રૂપિયા છે.પોલીસે ૨૪ લાખ રૂપિયાની કિંમતના ચાર વાહન પણ કબજે કર્યા છે. આમ, કુલ ૧.૦૨ કરોડથી વધુનો મુદ્દામાલ પોલીસે કબજે કરી જખઈ પોલીસે બુટલેગર વિજયભાઈ રવુભાઈ બોરીચા સહિત કુલ સાત શખ્સો વિરુદ્ધ બોટાદ ગઢડા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવેલ પોલીસે આ મામલે હાલ વધુ તપાસ શરૂ કરી છે.આ બનાવમાં બોટાદ પોલીસ ઊંઘતી રહી અને એસએમસીએ દરોડો પાડીને દારૂનો મસમોટો જથ્થો ઝડપી લેતા ચકચાર મચી જવા પામેલ છે.



આ બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ સ્ટેટ મોનિટરિંગ સેલ ગાંધીનગરનો સ્ટાફ બોટાદ જિલ્લામાં પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન બોટાદથી ગઢડા જતા હાઇવે પર આવેલ ગોરડકા ગામેથી નજીક ક્રિષ્ના ફાર્મ પાસે પહોંચતા સ્ટાફને ખાનગી રાહે બાતમી મળેલ કે ગઢડા તાલુકાના રાયપર ગામે રહેતો વિજય રઘુભાઈ બોરીચા નામના શખ્સએ રાજસ્થાનના કુરસિન્હ નામના વ્યકિત મારફત ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો મંગાવી બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના હરીપરથી રાયપર ગામની વચ્ચે આવેલ રાયપર ગામની પડતર જમીન ખારો તરીકે ઓળખાતી હોય ત્યાં મગાવી ભાડુતી માણસો રાખી દારૂનું કટીંગ કરાવે છે આથી એસએમસીની ટીમએ પંચોને સાથે રાખી ઘટના સ્થળે રેડ કરતા નજીક જતા વાહનની લાઈટના અજવાળા થતા સામેથી એક ક્રેટા કાર આવી હતી જેને રોકવાનો પ્રયાસ કરતા ક્રેટા કારના ચાલકે પૂર ઝડપે કાર ચલાવી કાવું મારી સાઇડમાંથી નીકળી જઈ હરીપર તરફ નાસી ગયેલ અને આ ક્રેટાનો ચાલક વિજય બોરીચા હોવાનું ઓળખાયું હતું ત્યારબાદ હેરફેર વાળી જગ્યાએ આગળ જતા કેટલાક માણસો અંધારામાં બાવળની જાળીમાં નાસી ગયેલ જેનો પોલીસ સ્ટાફે પીછો કરતા તેઓ અંધારાનો લાભ લઇ ફરાર થઈ ગયા હતા.

આ બનાવ બાદ પરત ફરી તપાસ કરતા બાતમી વાળી જગ્યાએ એક લાલ કલરનો અશોક લેલેન્ડ કંપનીનો ફુલ બોડી વાળું કન્ટેનર ટ્રક કે જેમાં ખાખી કલરના બોક્સ ભરેલ જોવા મળેલ તેની પાછળ એક ટાટા પીકપ વન પડ્યો હતો આ ઉપરાંત અન્ય બે વાહનો મહેન્દ્ર બોલેરો મેક્સી ટ્રક પણ મળી આવેલ આ તમામ વાહનોમાં તપાસ કરતા ઇંગ્લિશ દારૂની બોટલો ભરેલી ભરેલા બોક્સ જોવા મળ્યા હતા આ તમામ વાહનોમાંથી કુલ ઈંગ્લિશ દારૂની નાની મોટી ૧૪,૫૬૫ બોટલો જેની કિંમત ૭૮ લાખ ૪૫ હજાર ૩૫૭ તથા અશોક લેલેન્ડ સહિત ચાર વાહનો જેની કિંમત ૨૪ લાખ મળે કુલ રૂપિયા એક કરોડ બે લાખ ૪૫,૩૫૭ નો મુદ્દામાલ મળી આવતા જપ્ત કર્યો હતો આ દરોડા દરમ્યાન તમામ આરોપીઓ નાસી છૂટ્યા હતા. આ બનાવની જાણ કરાતા તુરંત જ સ્થાનિક બોટાદ પોલીસનો સ્ટાફ પણ દોડી આવ્યો હતો.

આ બનાવ અંગે સ્ટેટ મોનીટરીંગ સેલના સાજણભાઈ વીરાભાઇ વસરાએ ગઢડા પોલીસ મથકમાં વિદેશી દારૂનો જથ્થો મંગાવનાર ગઢડા તાલુકાના રાયપર ગામના વિજય રઘુભાઈ બોરીચા તેમજ દારૂનો જથ્થો મોકલનાર રાજસ્થાનના કુરસિન્હ તેમજ દારૂનો જથ્થો ભરી આવનાર કન્ટેનરના ચાલક તથા માલિક અને દારૂ ભરવા આવનાર વાહનોના માલિકો તથા એકબીજા વાહનમાં હેરફેર કરવા માટે આવેલા મજૂરો સહિત કુલ સાત વ્યક્તિ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે પ્રોહીબીશનની કલમ ૬૫,(એ) ઈ), ૮૧, ૮૩ , ૯૮ (૨), ૧૧૨,બ તથા બીએનેસની કલમ ૩૩૬-૬- ૨, ૩૪૦- ૨, ૧૧૧-૩-૪ મુજબ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે અને આરોપીઓને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે બોટાદ પંથકમાંથી ઝડપાયેલા મસ મોટા ઇંગ્લિશ દારૂના જથ્થાથી ચકચાર મચી જવા પામી છે.

## ૩૩ કિલો ગાંજાના જથ્થા સાથે રાજકોટ અને ગોંડલના શખ્સો ઝડપાયા

**અમદાવાદના સનાથલ સર્કલ પાસે એસએમસીની ટીમ ત્રાટકીઃ ઓડીસ્સાના ગંજામમાંથી અમન નામના શખ્સ પાસેથી છૂટકમાં વેંચાણ માટે ટ્રકમાં રાજકોટ તરફ લઈ આવતા હતાઃ રીસીવર મોઈન સોલંકીનું નામ ખુલ્યું**

**એસએમસીએ ગુનો નોંધી કુલ રૂા.૨૩.૪૪ લાખનો મુદામાલ કબ્જે કર્યો, ફરાર આરોપીની શોધખોળ**

રાજકોટ. તા.૨૪

અમદાવાદના સનાથલ સર્કલ પાસેથી ૩૩ કિલો ગાંજાના જથ્થા સાથે રાજકોટ અને ગોંડલના શખ્સોને એસએમસીની ટીમે પકડી પાડી કુલ રૂા.૨૩.૪૪ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો. ઓડીસ્સાના ગંજામમાંથી અમન નામના શખ્સ પાસેથી છૂટકમાં વેંચાણ માટે ટ્રકમાં રાજકોટ તરફ લઈ આવતાં હતાં. રીસીવર મોઈન સોલંકી અને ઓડીસાના અમનની પોલીસે શોધખોળ આદરી હતી.

ડીજીપી વિકાસ સહાય દ્વારા રાજ્યમાં એનડીપીએસની ગેરકાયદેસર પ્રવૃત્તિ સાથે સંકળાયેલ શખ્સો ઉપર વોચ રાખી એનડીપીએસ એક્ટ હેઠળ કેસો શોધવા સુચના કરવામાં આવેલ, તે અંતર્ગત સ્ટેટ મોનીટરીંગ સેલના ડીઆઈજી નિર્લિપ્ત રાયની સીધી સુચના અને સુપરવિઝન હેઠળ ડીવાયએસપી કે.ટી.કામરીયાના માર્ગદર્શન હેઠળ ડ્રગ્સ-ગાંજાની હેરાફેરી અંગે બાજ નજર રાખી એનડીપીએસ એક્ટ હેઠળ કેસો શોધવા માટે સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમોને કામ સોંપવામાં આવેલ હોય જે સૂચનાથી એસએમસીના પીઆઈ એ.જે. ચૌહાણની ટીમને રીયાઝશા ઉમરશા ફકીર (રહે. વોરા કોટડા રોડ, હુડકો ક્વાટર્સ ગોંડલ) પોતાની પાસેના ટ્રક નં. ઋઉ-૦૩-ઇટ-૦૨૬૪ માં ગેરકાયદેસરનો નશિલો ગાંજાનો જથ્થો લોખંડની પાઈપોની આડમાં ભરી લાવી સનાથલ સર્કલ, નવાપુરા રોડ,ગોપાલ કોમ્પલેક્ષની પાછળ, પાર્થ ઈન્ડસ્ટ્રીઝ સામે, જાહેર રોડ ઉપર તેના કિલનર ઝફર ઉર્ફે ભુરો જીકર સોલંકી સાથે ઉભો હોવાની મળેલ ચોક્કસ બાતમીના આધારે પીએસઆઈ કે.ડી.રવિયા અને ટીમે દરોડો પાડી ટ્રક પાર્થ ઈન્ડસ્ટ્રીઝ સામે અજા પાઇપ્સ ની દીવાલ પાસે ઉભેલ હોય અને તેમાં હાજર બે શખ્સોને પકડી ટ્રકના કેબીનની પાછળના ભાગે આવેલ કેરીયરના ભાગેથી ગાંજાનો જથ્થો વજન ૩૩.૧૨૫ કિ.ગ્રા, રૂ.૩,૩૧,૨૫૦ તથા અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ.૨૩,૪૪,૬૯૦ ના મુદ્દામાલ સાથે ટ્રક ડ્રાઈવર રીયાઝશા ઉમરશા ફકીર અને ક્લીનર ઝફર ઉર્ફે ભુરો જીકર સોલંકી (રહે.રૈયા રોડ, રાજકોટ) ને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી.



પોલીસ સૂત્રોએ વધુમાં જણાવ્યું હતું કે, પ્રતિબંધિત ગાંજાનો જથ્થો આરોપીઓ છત્તીસગઢ બોર્ડરને નજીક ઓડીસ્સા રાજ્યની હદમાં આવેલ ગંજામ જિલ્લાના જંગલ વિસ્તારમાંથી ગંજામના વતની અમન પાસેથી લાવેલ હોવાનું અને પોતે બન્ને તેમજ મોઈન જીકર સોલંકી છુટકમાં વેપાર ધંધો કરવા માટે લાવેલ હોવાની કબુલાત આપી હતી.

એસએમસીની ટીમે ગુનો નોંધી બંને આરોપીની ધરપકડ કરી ફરાર આરોપીને પકડવા તજવીજ આદરી હતી. ઉલ્લેખનીય છે કે, સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા છેલ્લા અઢી માસમાં પ્રતિબંધિત નાર્કોટીક્સ ડ્રગ્સ-ગાંજાના કુલ-૦૫ ગુનાઓ શોધી કાઢેલ છે.

### પહેલગામમાં આંતકવાદી હુમલા બાદ....

## દેવભૂમીદ્વારકા, જામનગર, અને મોરબી દરીયાઈ વિસ્તારમાં એલર્ટઃ પોલીસ દ્વારા સઘન પેટ્રોલીંગ

**દેવભુમિદ્વારકાની સુરક્ષા રીવ્યુ કરવામાં આવી, દરીયાઈ ટાપુ પર ડ્રોન મારફતે તપાસઃ રેન્જ આઈજી અશોક કુમાર યાદવ**

રાજકોટ,તા.૨૪

પહેલગામમાં થયેલ આંતકવાદી હુમલા બાદ દેશભરની સુરક્ષા એજન્સીઓ એલર્ટ થઈ છે અને ખાસ દરીયાઈ વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થા કડક કરવામાં આવી છે. ત્યારે રાજકોટ રેન્જમાં આવતાં દેવભુમી દ્વારીકા જામનગર અને મોરબી દરીયાઈ વિસ્તારમાં એલર્ટ જાહેર કરી પોલીસ દ્વારા સઘન પેટ્રોલીંગ હાથે ધરવામાં આવ્યું છે.

જે મામલે રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવે જણાવ્યું હતું કે જમ્મુકાશ્મીર પહેલગામમાં થયેલ આતંકવાદી હુમલાના અનુસંધાને દરીયાઈ વિસ્તારમાં અલગ-અલગ ટીમો લગાડી સઘન પેટ્રોલીંગ કરવામાં આવી રહ્યું છે. જેમાં રાજકોટ રેન્જમાં આવતાં દેવભૂમિ દ્વારીકા જામનગર, અને મોરબી જીલ્લામાં આવતાં દરીયાઈ વિસ્તારોમાં એસઓજી એલસીબી અને સ્થાનિક પોલીસોને એલર્ટ કરી સુરક્ષા વધારો કરવામાં આવ્યો છે.



તેમજ પેટ્રોલીંગની સાથે સઘન વાહન ચેકીંગ પણ કરવામાં આવી રહ્યું છે. ઉપરાંત ખાસ દ્વારીકાની સુરક્ષા રીવ્યું કરવામાં આવી છે. તેમજ દરીયાઈ ટાપુ પર એસઓજીની ટીમ દ્વારા ડ્રોન મારફતે ખાસ તપાસ કરવામાં આવી રહી છે. લેન્ડીંગ પોઈન્ટ પર સ્થાનીક પોલીસ દ્વારા બાજ નજર રાખવામાં આવી છે.ઉપરાંત રેન્જ આઈજીએ જણાવ્યું હતું કે ઓખા-દ્વારીકા દરીયાઈ સરહદ દુશ્મન દેશ પાકીસ્તાનની નજીક હોવાથી ખાસ એલર્ટ આપી સઘન તપાસ કરવામાં આવી રહી છે.

**IPL મધ્યાહને હવે બુકીનો વારો...**

## સ્ટાર ચેમ્બર્સ પાસેથી ક્રિકેટ મેચ પર સટ્ટો રમતો પંટર ઝડપાયોઃ વન્ડર મોબાઈલવાળા સવાણી બંધુનું નામ ખુલ્યું

**પીસીબીની ટીમે દરોડો પાડી જોર્ડન નામની આઈડી પર જુગાર રમતાં મિતને પકડી પાડ્યા બાદ બુકીના નામ ખોલ્યાઃ રૂ.૨૦ હજારમાં આઈડી ખરીદ્યાની કબુલાત**

રાજકોટ. તા.૨૪

સ્ટાર ચેમ્બર્સ પાસેથી ક્રિકેટ મેચ પર સટ્ટો રમતો પંટર મિતને પકડી પાડ્યા બાદ પીસીબીની ટીમે બુકીના નામ પણ ખોલ્યા હતાં. વન્ડર મોબાઈલ વાળા સવાણી બંધુએ રૂ.૨૦ હજાર લઈ આઈડી આપી હતી.

દરોડાની વિગત મુજબ, પીસીબી પીઆઈ એમ.આર.ગોંડલીયાની રાહબરીમાં ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે એએસઆઈ મયુર પલારીયા, કોન્સ્ટેબલ હિરેન સોલંકી અને નગીન ડાંગરને પારસી અગીયારી ચોક પાસે સ્ટાર ચેમ્બર પાસે ફૂટપાથ પર ઉભેલ મીત ભીમજીયાણી નામનો શખ્સ પોતાના મોબાઇલ ફોનમાં આઇપીએલ સીરિઝમાં ચાલતી ક્રિકેટ મેચ ઉપર જુગાર રમે છે, તેવી ચોકકસ બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી તે શખ્સને અટકમાં લઈ નામ પુછતા પોતે પોતાનુ નામ મીત સંજય ભીમજીયાણી (ઉ.વ.૨૪, ધંધો. અભ્યાસ (રહે.નવલનગર શેરી નં.૨ મવડી મેઈન રોડ) હોવાનું જણાવ્યું હતું.



પીસીબીની ટીમે તેની પાસે રહેલ મોબાઇલ ફોન જોતા ઓન સ્કીન ગુગલ ક્રોમ બ્રાઉઝરમાં jordan247.io નામની આઇ.ડી. જોવામાં આવેલ જેમાં સનરાઇઝ હૈદરાબાદ વિરૂધ્ધ મુંબઇ ઇન્ડીયન્સ વચ્ચે ચાલતી ક્રિકેટ મેચ ઉપરનો સોદો કરેલનુ જોવામાં આવેલ હતુ. જે બાબતે આરોપીએ જણાવેલ કે, પોતે ક્રિકેટ મેચ ઉપર હારજીતના રન ફેરના સોદાઓ કરી જુગાર રમે છે. તેમજ આઇડી બાબતે પુછપરછ કરતા જણાવેલ કે, પોતે રામકૃષ્ણ ડેરી પાસે આવેલ વન્ડર મોબાઈલ વાળા સુનિલ સવાણીને ડીપોઝીટ રૂ.૨૦ હજાર આપ્યા બાદ પોતાને આ જુગાર રમવાની આઈડી સુનિલના ભાઈ ચીન્ટુ સવાણીએ આપેલ હોવાની કબૂલાત આપી હતી.

### અવસાન નોંધ

જામનગરઃ ચતુર્વેદી મછુકથીયા મોઢ બ્રાહ્મણ સ્વ દેવ શંકર મની શંકર દવે ના મોટા પુત્ર ગૌરીશંકર દવે ના ધર્મ પત્ની શ્રી ઈન્દિરા બેન તેમજ ચંદ્રેશભાઈ અને રિદ્ધિબેન ના માતૃશ્રી, ભાર્ગવ ભાઈ તેમજ ઊર્વી બેન ના ભાભુ, અને શંકરલાલ ઉમિયાશંકર ત્રવાડી ના પુત્રી તેમજ અનંત ભાઈ, વિનોદ ચંદ્રભાઈ, નરેન્દ્રભાઇ,પરેશભાઈ ના બ્હેન તથા મિનાક્ષીબેન મુગટભાઈ ના નણંદ નું શ્રીજી ચરણ પામેલ છે તેમની સ્વસુર પક્ષ નું ઉઠમણું અને પિયર પક્ષ નું બેસણું સમય સાંજે ૫ થી ૫.૩૦ શુક્રવાર તારીખઃ ૨૫/૦૪/૨૦૨૫ ના રોજ પાબરી હોલ, તળાવ ની

## ટુર એન્ડ ટ્રાવેલ્સના ધંધાર્થી અમિત પટેલે ઝેરી દવા પીધી : સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ

**લગ્નોત્તર પ્રેમ સંબંધ કારણભૂત હોવાની શંકા : ગઈકાલે ઘરેથી નીકળી ગયા પછી નંદા હોલ પાસે પગલું ભર્યું**

રાજકોટ, તા.૨૪

રાજકોટમાં ટુર એન્ડ ટ્રાવેલ્સના ધંધાર્થી અમિત પટેલે ઝેરી દવા પીધી હતી. તેને સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડવામાં આવેલ. જ્યાં ઈમરજન્સી વિભાગમાં તેને સારવાર હેઠળ રાખવામાં આવેલ છે.

પોલીસ સૂત્રોએ જણાવ્યું કે અમિત પટેલ (ઉંમર વર્ષ ૩૬, રહે. મવડી ચોકડી પાસે) આજે સવારે પોતે નંદા હોલ પાસે હતા. જ્યાં તેઓએ રસ્તામાં દવા પીધી એ બાદ પોતાને જે યુવતી સાથે પ્રેમ સંબંધ છે તેના ઘરે ગયેલ અને મારે તારી સાથે રિલેશન રાખવું છે. તેમ કહી દવા ગટગટાવી લીધી હતી. જેને ૧૦૮માં તુરંત સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પોલીસે નિવેદન લેવા તજવીજ કરી હતી. પરિવારે જણાવ્યું કે, અમિત ગઈકાલે સાંજે તેની પત્ની સાથે ઝઘડો કરી ઘરેથી નીકળી ગયેલ હતો. બાદમાં હોસ્પિટલમાં દાખલ હોવાની જાણ થઈ હતી.

## પાક સૈન્ય પ્રમુખના હાલ પણ લાદેન જેવા કરો! અમેરિકી અધિકારીનું વિધાન

**લાદેન અને મુનીર સરખા, હાલ પણ સરખા થવા જોઈએ**

વોશિંગ્ટન તા.૨૪

જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા ભયાનક આતંકવાદી હુમલામાં ૨૮ લોકોના મોત બાદ, યુએસ ડિફેન્સ ડિપાર્ટમેન્ટના ભૂતપૂર્વ પેન્ટાગોન અધિકારી અને અમેરિકન એન્ટરપ્રાઇઝ ઇન્સ્ટિટ્યૂટ ના સિનિયર ફેલો માઈકલ રુબિને પાકિસ્તાન વિશે ખૂબ જ કઠોર નિવેદન આપ્યું છે. તેમણે અમેરિકા પાસે પાકિસ્તાનને 'આતંકવાદ પ્રાયોજક દેશ' અને પાકિસ્તાનના આર્મી ચીફ જનરલ અસીમ મુનીરને આતંકવાદી જાહેર કરવાની માંગ કરી છે. માઈકલ રુબિને કહ્યું, 'ઓસામા બિન લાદેન અને અસીમ મુનીર વચ્ચે એકમાત્ર તફાવત એ છે કે ઓસામા એક ગુફામાં રહેતો હતો અને અસીમ મુનીર એક મહેલમાં રહેતો હતો. બંનેના ઈરાદા સમાન છે અને પરિણામ પણ સમાન હોવું જોઈએ.'

આ મામલે તેમણે વધુમાં કહ્યું કે, 'પાકિસ્તાનને હવે નિર્દોષ તરીકે દર્શાવી શકાય નહીં. તમે ડુક્કર પર લિપસ્ટિક લગાવી શકો છો, પણ તે ડુક્કર જ રહેશે. તમે એવું ડોળ કરી શકો છો કે પાકિસ્તાન આતંકવાદીઓને ટેકો આપતું રાજ્ય નથી, પરંતુ વાસ્તવિકતા એ છે કે તે આતંકવાદનું આશ્રયદાતા છે.'

રુબિને પહલગામ હુમલાની સરખામણી ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ ઇઝરાયલ પર હમાસના હુમલા સાથે કરી. તેમણે કહ્યું, 'જેમ હમાસે શાંતિની વાત કરતા યહૂદીઓને નિશાન બનાવ્યા, તેવી જ રીતે પાકિસ્તાને મધ્યમ વર્ગના હિન્દુઓ પર હુમલો કર્યો. બંને હુમલા પ્રવાસીઓ અને સામાન્ય નાગરિકો સામે હતા. હવે ભારતે પણ ઇઝરાયલની જેમ જ કરવું જોઈએ. સમય આવી ગયો છે કે ભારત પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા ઈજઈ પરનો નિયંત્રણ ખતમ કરે, તેને સત્તાવાર રીતે આતંકવાદી સંગઠન જાહેર કરવામાં આવે અને ભારતના સાથી દેશોએ પણ આ જ પગલું ભરવું જોઈએ.'

પાકિસ્તાની સેના પ્રમુખના વિવાદાસ્પદ નિવેદનને હુમલાનું કારણ ગણાવવામાં આવ્યું

રુબિને દાવો કર્યો હતો કે પાકિસ્તાનના આર્મી ચીફ અસીમ મુનીરના તાજેતરના નિવેદનોએ હુમલાને ઉશ્કેર્યો હતો. તેમણે કહ્યું, 'મુનીરે કહ્યું હતું કે કાશ્મીર પાકિસ્તાનની 'ગળાની નસ' છે. આનો સ્પષ્ટ અર્થ એ છે કે તેમણે આ હુમલા માટે લીલી ઝંડી આપી દીધી હતી. હવે ભારતે પાકિસ્તાનની 'ગળાની નસ' કાપી નાખવી જોઈએ.'

### મા મુજે અપને આંચલમે છુપાલે

## અને જયારે બકરીનું બચ્ચું તેની માતા પાસે દોડી ગયુ!!

કાનપુર,તા.૨૩

માનવ સમાજમાં પિતૃત્વ-માતૃત્વ સિદ્ધ કરવા ડીએનએ ટેસ્ટની મદદ લેવાનું ચલણ વધી ગયું છે, પણ જો આવી સમસ્યા પ્રાણી જગતમાં ઉદભવે તો શું થાય?



ઉત્તર પ્રદેશના કાનપુર શહેરના પોલીસ સ્ટેશનમાં બકરીનું બચ્ચું કોનું એ સમસ્યાનો ઉકેલ જે રીતે આવ્યો એ જોઈ પોલીસ પણ હેરત પામી ગઈ અને બચ્ચા પર દાવો કરતી મહિલાની આંખોના ખૂણા ભીના થઈ ગયા. મામલો એવો હતો કે ચંદ્રા દેવી અને મીના

કુમારી નામની બે મહિલા બકરીના બચ્ચા પર દાવો કરી રહી હતી. ચંદ્રા દેવીની બકરી સફેદ રંગની હતી જ્યારે મીના કુમારીની બકરીનો રંગ કાળો હતો. વિવાદમાં સપડાયેલું બચ્ચું શ્વેત - શ્યામ કોમ્બિનેશનનું હતું. બચ્ચંત કોનું એનો કોઈ પુરાવો નહીં કે નહીં કોઈ સાક્ષી એવી પરિસ્થિતિમાં બચ્ચાની માને ઓળખવી કેમ? પોલીસ સ્ટેશનના હોશિયાર ઈન્સ્પેક્ટરે બંને સન્નારીઓની વાત સાંભળી એવો તોડ કાઢ્યો જે પોલીસ જગતમાં અનોખું ઉદાહરણ બની ગયો. બંને બકરીને પોલીસ સ્ટેશનના બે સામસામે ખૂણે બાંધીએ અને કહ્યું કે 'બચ્ચાને છૂટું મૂકો. એ પોતાની મા પાસે જઈને એનું દૂધ પીશે.' મહિલાઓ માની ગઈ. બચ્ચાને મૂક્યું અને થોડીકવાર આમતેમ નજર ફેરવી તરત સફેદ બકરી પાસે પહોંચી એનું દૂધ પીવા લાગ્યું. અત્યંત અઘરા સવાલનો સાચો જવાબ આસાનીથી મળી ગયો. હાજર લોકોના ચહેરા પર સ્મિત ઝળકતું હતું અને હથેળીઓ તાળી પાડી રહી હતી. હૃદય લોહીનું રક્તાભિસરણ કરતું અવયવ ખરું, પણ સાથે લાગણી - સ્નેહ - મમત્વનું કેન્દ્ર પણ ખરું ને!

# કોઠારીયામાં રૂા. ૨૮.૫૬ કરોડના ખર્ચે સ્પોર્ટસ સંકુલનું નિર્માણ થશે

## ૮૧૦૨ ચો.મી. એરીયામાં ગ્રાઉન્ડ ફલોરમાં કબડ્ડી, ટેબલ ટેનિસ, બેડમિન્ટન, ગાર્ડન, જીમ, ફિઝીયોથેરાપી રૂમ, સર્વિસ રૂમ, ફર્સ્ટ ફલોર પર કોમ્બેટ ગેમ્સ, બેડમિન્ટન, કુસ્તી સ્પર્ધા, બોકસીંગ રીંગ સહિતની સુવિધા રમતવીરો માટે ઉપલબ્ધ કરાશે

રાજકોટ, તા. ૨૪

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૧૭માં પારડી મેઇન રોડ પર રણછોડદાસ કોમ્યુનિટી હોલની બાજુમાં રૂા. ૨૮.૫૬ કરોડના ખર્ચે સ્પોર્ટસ સંકુલનું નિર્માણ કરવામાં આવનાર છે. આ માટે આવતીકાલની સ્ટે.કમીટીની બેઠકમાં દરખાસ્ત રજુ કરી દેવામાં આવેલ છે.

આ સ્પોર્ટસ સંકુલના નિર્માણ માટે મ્યુનિ. કોર્પોરેશન દ્વારા હાથ ધરાયેલ ટેન્ડર પ્રક્રિયામાં ઇ-ટેન્ડર મારફતે ભાવો મંગાવવામાં આવેલ હતા. જેમાં આશીષ કન્સ્ટ્રકશન, વિનય ઇન્ફ્રાટેક, ગુરૂકૃપા કન્સ્ટ્રકશન અને મે.એસ.એમ.સેલડીયા, એજન્સી દ્વારા પ્રાઇઝબીડ મોકલવામાં આવી હતી. જેમાં મે.એસ.એમ.સેલડીયા એજન્સી ડીસકવોલીફાય થયેલ એજન્સી છે. જેમાં આશીષ કન્સ. દ્વારા ૨.૭૭ ટકા ઓછા, વિનય ઇન્ફ્રાટેક પ્રા.લી. દ્વારા ૧.૩૮ ટકા ઓછા અને ગુરૂકૃપા કન્સ. દ્વારા ૧.૧૧ ટકા ઓછા ભાવ રજુ થયેલ હતા.

જેમાં આશીષ કન્સ. કંપની દ્વારા એસ્ટીમેટ કરતા ૨.૭૦ ટકા ઓછા ભાવ રજુ થયેલ હોય જે ટેન્ડર મૂલ્યાંકન





કમીટીના અભિપ્રાય મુજબ આવતીકાલની સ્ટે.કમીટીમાં આ એજન્સીને કામ સોંપવા અંગેનો નિર્ણય લેવામાં આવનાર છે. આ સ્પોર્ટસ સંકુલના પ્રોજેકટમાં અંદાજીત ૮૧૦૨ ચો.મી. એરીયામાં ગ્રાઉન્ડ ફલોરમાં કબડ્ડી, ટેબલ ટેનિસ, બેડમિન્ટન, ગાર્ડન, જીમ, ફિઝીયોથેરાપી રૂમ, એડમીન, યુટીલીટી, જનરલ લોબી, વેઇટીંગ એરીયા, સર્વિસ રૂમનું નિર્માણ કરાશે.

જયારે ફર્સ્ટ ફલોર ઉપર કોમ્બેકટ ગેમ્સ અને સર્વિસ રૂમ, ટોયલેટ, લીફટ, જનરલ જીમ, બેડમિન્ટન, ગાર્ડન, કુસ્તી સ્પર્ધા, ઇન્ડોર ગેમ્સ, ફિઝીયોથેરાપી રૂમ, એડમીન, બોકસીંગ રીંગની સુવિધા ઉપલબ્ધ કરાશે.આ પ્રોજેકટના કામનું એસ્ટીમેટ રૂા. ૨૩૨૭૬૩૩૦૦નું હોય એજન્સીના ૨.૭૦ ટકા ઓછા ભાવ આવતા એકંદરે રૂા. ૨૨૬૪૭૮૬૯૧ તથા ૧૮ ટકા જીએસટી મુજબ રૂા. ૪,૦૭,૬૬,૧૬૪ મળી કુલ રૂા. ૨૬,૭૨,૪૪,૮૫૫નો ખર્ચ આ પ્રોજેકટ માટે થશે. આ પ્રોજેકટની દરખાસ્ત આવતીકાલની સ્ટેન્ડીંગમાં મૂકવામાં આવી છે.

# ભારતના આકરા મીજાજથી પાકિસ્તાન શેરબજારમાં કડાકા

## કરાંચી સેન્સેકસ મીનીટોમાં જ ૨૫૦૦ પોઈન્ટ તૂટયોઃ અફડાતફડી

ઈસ્લામાબાદ તા.૨૪

પહેલગામમાં થયેલા ત્રાસવાદી હુમલાના પગલે ભારતે હવે પાકિસ્તાન પ્રેરિત ત્રાસવાદીઓ સામે આકરી કાર્યવાહીની તૈયારીઓ શરૂ કરી છે. અને પાકિસ્તાન સાથેના વ્યાપારના મથક જેવા સરહદી માર્ગો પણ બંધ કરી દીધા છે. તેના કારણે પાકિસ્તાનના શેર બજારમાં કોહરામ જેવી સ્થિતિ બની ગઈ છે અને કરાંચી શેરબજારનો સેન્સેકસ કેએસઈ અંદાજે ત્રણ ટકા તુટીને નીચી સપાટીએ પહોંચી ગયો છે. આજે સવારે જ આ સેન્સેકસ ૨૪૮૫ પોઈન્ટ તૂટીને ૧૧૪૭૪૦ પર ચાલ્યો ગયો છે અને પાંચ મીનીટ સુધી ટ્રેડીંગમાં અફડાતફડી જેવી સ્થિતિ બની હતી. અગાઉથી જ પાકિસ્તાન શેર બજારમાં તેના નબળા અર્થતંત્રના કારણે અફડાતફડી જેવી સ્થિતિ છે તે વચ્ચે હવે ભારતે આકરી વલણ લેતા અને ખાસ કરીને સીંધુ પાણી સમજુતી જે પાકિસ્તાન માટે લાઈફલાઈન જેવી છે તે સસ્પેન્સ કરવા ભારતે કરેલી જાહેરાત પાકિસ્તાન માટે વધુ મુશ્કેલી લાવશે.

# સાંઢીયાપુલની કામગીરીએ ફરી ટ્રાફિકજામ સર્જયોઃ વાહનોની લાંબી કતારો





રાજકોટ,તા.૨૪

જામનગર રોડ પરના સાંઢીયાપુલ પર લાંબા સમયથી કામગીરી ચાલી રહી છે. અને અવાર-નવાર કામગીરીના કારણે ટ્રાફીક જામના દ્રશ્યો સર્જાઈ રહ્યાં છે. ત્યારે આજે સવારે પણ કામ-ધંધો પર અને નોકરીએ જવા નિકળેલા લોકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો. વ્હેલી સવારે સાંઢીયાપુલના કામગીરીમાં રહેલ મહાકાય ક્રેન રસ્તા આડે ઉભી રહી જતા લાંબો ટ્રાફિકજામ સર્જાયો હતો.ભોમેશ્વર રોડ તરફથી શહેરમાં પ્રવેશતા લોકો અને ટોઈંગ વાહનો પણ ફસાયા હતો.

(તસ્વીરઃ પંકજ શીશાંગીયા)

# પહેલગામ હુમલોઃ પાંચ આતંકીઓની ઓળખ મળીઃ ત્રણ પાકિસ્તાની

## જમ્મુ-કાશ્મીરના જ બે રહેવાસીઓ પણ સામેલઃ પાક.માં ત્રાસવાદી તાલીમ લીધી હતી

નવીદિલ્હી તા.૨૪

પહેલગામમાં થયેલા ત્રાસવાદી હુમલામાં સંડોવાયેલા પાંચ આતંકીઓની ઓળખાણ નિશ્ચિત થઈ ગઈ છે જેમાં ત્રણ પાકિસ્તાની નાગરિક અને બે જમ્મુ કાશ્મીરના રહેવાસી હોવાનું ખૂલ્યું છે. નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સીએ સ્થાનિક પોલીસની મદદથી આ ઓળખ પ્રસ્થાપિત કરી છે જેમાં પાકિસ્તાનના ત્રણ આતંકી આસીફ ફૌઝી ઉર્ફે મુસા, સુલેમાન શાહ ઉર્ફે યુનુસ અને અબુ તલ્હા ઉર્ફે આસીફ અને તેની સાથે કાશ્મીરમાં જ રહેતા અદીલ ગુરી કે જે અનંતનાગનો રહેવાસી છે. અને તેની સાથે પુલવામાં હુમલા સમયે ૨૦૧૮માં પાકિસ્તાનમાં ગયેલા અહસનનો સમાવેશ થાય છે. આ બન્ને ભારતીય નાગરિક છે અને તેને પાકિસ્તાનમાં તાલીમ લીધી હોવાનું માનવામાં આવે છે અને હાલમાં જ અનેક હુમલામાં તેની સંડોવણી બહાર આવી છે.

# સર્વેશ્વર ચોકથી યાજ્ઞિક રોડને જોડતા વોંકળો ડાયવર્ટ કરી નવું બોકસ કલ્વર્ટનું કામ ઝડપી કરવા એજન્સીને સોંપાશે કામગીરી

## ૧.૭૭ કરોડના ખર્ચે વધારાનું સોંપાશે કામ : કાલની સ્ટેન્ડીંગમાં અપાશે બહાલી

રાજકોટ, તા. ૨૪

શહેરના વોર્ડ નં.૭માં સર્વેશ્વર ચોકથી યાજ્ઞિક રોડને જોડતા હયાત વોંકળો ડાયવર્ટ કરી નવો બોકસ કલ્વર્ટ બનાવવાનું કામ ઝડપી કરવા એજન્સીને કામ સોંપવામાં આવનાર છે. અગાઉ રૂા. ૪.૯૧ કરોડના ખર્ચે એજન્સીને કામ સોંપવામાં આવેલ હતું જે બાદ હવે શોર્ટટર્મ ટેન્ડર પ્રક્રિયા કરી રૂા. ૧.૭૭ કરોડના ખર્ચે વધારાનું કામ પણ આ એજન્સીને સોંપવા અંગેની દરખાસ્ત આવતીકાલની સ્ટેન્ડીંગમાં મુકવામાં આવી છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે સર્વેશ્વર ચોકથી યાજ્ઞિક રોડને જોડતા આ વોંકળાને ડાયવર્ટ કરી નવો બોકસ કલ્વર્ટ બનાવવા માટે યાજ્ઞિક રોડને છેલ્લા એક સપ્તાહથી બંધ કરવામાં આવેલ છે. આ કામગીરી રજુ ચાર





(તસ્વીર : પંકજ શીશાંગીયા)

માસ સુધી ચાલે તેવી શકયતા રહેલી છે.

આ પ્રોજેકટમાં ૪૦૦ મીમી ડાયની હયાત ડ્રેનેજ પાઇપલાઇનની મેઇન લાઇન નવા વોંકળાના બોકસ કલ્વર્ટના એલાયમેન્ટમાં મીડલમાં આવતી હોય જે શીફટ કરવાની થતી હોય તથા હયાત વોંકળાનો સ્લેબ સર્વેશ્વર ચોકમાં આવેલ શિવમ કોમ્પ્લેક્ષ-૧ અને ૨માં બેઝમેન્ટ સાથે જોડાયેલ છે. તેમજ આજુબાજુ આવેલ જુની પ્રાઇવેટ પ્રોપર્ટીને વાયબ્રેટીંગથી નુકસાન ન થાય તે માટે થઇને હયાત સ્લેબ તોડવા માટે એજન્સી પાસે ૩૦૦ થી ૭૫૦ મીમીના કોર કટીંગ કરાવવામાં આવેલ તેમજ રીટેનીંગ વોલ, વીંગ વોલની કામગીરીમાં વધારો થતા સ્ટે.કમીટીમાં રીવાઇઝ ખર્ચની મંજૂરી માટે દરખાસ્ત મુકવામાં આવેલ જે અંતર્ગત શોર્ટટર્મ ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે. આ કામગીરીમાં હયાત વોંકળાની પાસે નવું આરસીસી બોકસ કલ્વર્ટ ૨૫ મી. લંબાઇમાં એવરેજ ૯ મી. પહોળાઇ અને ૩ મી.માં ઉંડાઇમાં વોંકળો રીટર્નીંગ વોલ, વીંગ વોલ ડ્રેનેજ શીફટીંગ કરવાના કામનો સમાવેશ થાય છે.

# શેરબજારમાં સાવચેતીઃ નફારૂપી વેચવાલીથી સેન્સેકસ ૩૫૦ પોઈન્ટ તૂટી ૮૦૦૦૦ની અંદર

## પાક સાથે ટેન્શનને પગલે નવી લેવાલીને બ્રેકઃ નવા ઘટનાક્રમો પર મીટ

રાજકોટ તા.૨૪

પહેલગામમાં આતંકવાદી હુમલા બાદ પાડોશી દેશ પાકિસ્તાન સાથે ફરી વખત ટેન્શનનો માહોલ સર્જાવાને પગલે શેરબજારમાં સાવચેતીનોમાહોલ ઉભો થયો હોય તેમ ઉંચા મથાળે નફારૂપી વેચવાલીથી સેન્સેકસ ૩૫૦ પોઈન્ટથી વધુ ગગડયો હતો.

શેરબજારમાં આજે માનસ સાવચેતીનુ બન્યુ હતું. વિશ્વબજારમાં પોઝીટીવ મીશ્ર સંકેતો વચ્ચે ઘરઆંગણે સાવધાની હતી જે પાછળનું કારણ પાકિસ્તાન સાથેનું ટેન્શન છે. પહેલગામ હુમલા પાછળ પાકનો હાથ હોવાના સંકેતો વચ્ચે ભારતે ધડાધડ પગલા લેવાનું શરૂ કર્યુ છે. હાલત વકરવાની આશંકાથી નવી લેવાલીમાં રસ ઓછો થયો હતો. નફારૂપી વેચવાલી હતી. જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે વિદેશી નાણાં સંસ્થાઓની એકધારી લેવાલી, ચોમાસુ સારૂ રહેવાની આગાહી જેવા પોઝીટીવ કારણો હોવા છતાં ભૌગોલિક ટેન્શનની સ્થિતિથી વાતાવરણ ખરડાયુ હતું અને માર્કેટ રેડઝોનમાં આવી ગયુ હતું.

શેરબજારમાં આજે મોટાભાગના શેરો નબળા હતા. ટીસીએસ, અદાણી પોર્ટ, બજાજ ફાઈનાન્સ, ભારતી એરટેલ, એચડીએફસી બેંક, હિન્દ લીવર, આઈસીઆઈસીઆઈ બેંક, ઈન્ફોસીસ, કોટક બેંક, મહીન્દ્ર, સ્ટેટ બેંક, આઈશર મોટર્સ જેવા શેરો નબળા હતા. ટાટા મોટર્સ, ટાઈટન, અલ્ટ્રાટેક સિમેન્ટ, ઈન્ડુસઈન્ડ બેંક, રીલાયન્સ, ગ્રાસીમ જેવા શેરોમાં ઘટાડો હતો.

મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેકસ ૩૨૯ પોઈન્ટના ઘટાડાથી ૭૯૭૬૭ હતો તે ઉંચામાં ૮૦૧૭૩ તથા નીચામાં ૭૯૭૨૪ હતો. નેશનલ સ્ટોક એકસચેંજનો નિફટી ૯૧ પોઈન્ટના ઘટાડાથી ૨૪૨૩૭ હતો તે ઉંચામાં ૨૪૩૪૭ તથા નીચામાં ૨૪૨૧૬ હતો.

# મહાભારત પરની ફિલ્મ બનશે ભાગમાં, એક કરતાં વધારે ડિરેક્ટર્સ

## આમિર ખાને તેના મહત્ત્વાંકાક્ષી પ્રોજેક્ટની વિગતો શેર કરી

મુંબઈ,તા.૨૪

આમિર ખાન હાલમાં પોતાની આગામી ફિલ્મ 'સિતારે ઝમીન પર'ને કારણે ચર્ચામાં છે ત્યારે તેણે એક નવો પ્રોજેક્ટ શરૂ કરવા માટે કમર કસી છે. આમિર લાંબા સાથી મહાકાવ્ય 'મહાભારત' બનાવવાના પ્લાનિંગમાં છે અને હવે તેણે એના માટેના પ્રયાસ સઘન બનાવી દીધા છે. આમિર આ ફિલ્મમાં નિર્માતા તરીકેની જવાબદારી નિભાવશે. 'મહાભારત' વિશે વાત કરતાં આમિરે કહ્યું કે 'આશા છે કે હું આ વર્ષે આ ફિલ્મ પર કામ કરવાનું શરૂ કરી શકીશ. આ પ્રોજેક્ટ એક મલ્ટિ ફિલ્મ પ્રોજેક્ટ હશે. આમાં જોકે થોડો સમય લાગશે, કારણ કે એના સ્ક્રિપ્ટિંગમાં પણ



થોડાં વર્ષ લાગશે. હું આ ફિલ્મમાં કામ કરીશ કે નહીં એ આ તબક્કે હજી નક્કી નથી. મહાભારતના વિશાળ લંબાઈને જોઈને મને એવું લાગે છે કે એને એક ફિલ્મમાં દર્શાવવું શક્ય નથી. આ પ્રોજેક્ટને અનેક પાર્ટમાં બનાવવામાં આવશે અને તમામ ભાગને એક સમયે સારો ન્યાય આપવા માટે શક્ય છે કે એમાં એક કરતાં વધારે દિગ્દર્શક મદદ લેવામાં આવે.' આમિર લાંબા સમયથી આ ફિલ્મ બનાવવાનું પ્લાનિંગ કરી રહ્યો છે. 'લાલ સિંહ ચઠ્ઠા' ફ્લોપ જતાં એવા સમાચાર આવ્યા હતા કે આમિરે હવે મહાભારત પરથી ફિલ્મ બનાવવાનો વિચાર પડતો મૂક્યો છે, પણ તેણે સ્પષ્ટતા કરી છે કે તે હજી પણ આ પ્રોજેક્ટ માટે વિચારી રહ્યો છે.

# જો ભારતે સિંધુ જળ સમજુતી રદ્દ કરી તો પાકિસ્તાન કોઈપણ હદે જઈ શકે છે : પાક. મંત્રીની ગિધડ ધમકી



ઈસ્લામાબાદ, તા. ૨૪

પહેલગામમાં આતંકી હુમલા બાદ ભારતના કડક વલણથી પાકિસ્તાન અકળાઇ ગયું છે. ભારતે સિંધુ જળ સમજુતી રદ કરવા સુધીના પગલાની જાહેરાત કરતા પાકિસ્તાનના પૂર્વ મંત્રી ચૌધરી ફયાદ હુસેને ધમકી આપી છે કે જો સિંધુ જળ સમજુતી પર રોક લગાવી તો પાકિસ્તાન કોઇપણ હદે થઇ શકે છે. તો ભારતના કડક વલણથી ઉશ્કેરાયેલા પાકિસ્તાનના રક્ષામંત્રી ખ્વાજા આસિફે ધમકી આપી છે કે જો ભારતે હુમલો કર્યો તો પાકિસ્તાન પણ જવાબ દેવા માટે સક્ષમ છે.

બલુચિસ્તાન સરકારના માહિતી મંત્રી જાનએ એકસ પર લખ્યું- ભારતે દુશ્મનીને ઘણી વધારી દીધી છે. ઇન્ડસ વોટર ટ્રીટીને તાત્કાલીક અસરથી રદ કરવી પાકિસ્તાનની લાઇફ લાઇન પર હુમલો છે.

આ પાકિસ્તાનની રેડલાઇન છે. ઇસ્લામાબાદ પોતાના પાણીની રક્ષા માટે કોઇપણ હદે જઇ શકે છે. હું ફરી દોહરાઉ છું કે કોઇપણ હદે જઇ શકે છે.

ખ્વાજા આસીફે બચાવ કરેલ કે પહેલગામ હુમલા પાછળ પાકિસ્તાનનો હાથ નથી અમે આ હુમલાની નિંદા કરીએ છીએ.

# કેચ છોડ્યા અને મેચ ગુમાવી : ચેન્નાઈની ફિલ્ડિંગમાં ધબડકો, તેથી પોઈન્ટ ટેબલમાં તળિયે

## આઈપીએલ ૨૦૨૫માં ફિલ્ડિંગની ગુણવત્તા સૌથી ખરાબઃ સીએસકેના કેચ કરવાની ટકાવારી સૌથી નબળી

નવી દિલ્હી :

જૂની કહેવત છે કે, 'કેચ કરો અને જીતો મેચ' (કેચ વિન ધ મેચ) આઈપીએલ ૨૦૨૫માં આ વાત સાચી સાબિત થઈ રહી છે. આ સિઝનમાં ૨૨ એપ્રિલ સુધી ૪૦ મેચ રમાઇ ચૂકી છે. ખાસ વાત એ છે કે આઇપીએલની કોઇ પણ સિઝનની શરૂઆતની ૪૦ મેચમાં આ વખતે જેટલા કેચ છોડ્યાં છે તેવું પહેલાં ક્યારેય થયું નથી. ભૂતપૂર્વ ચેમ્પિયન ચેન્નાઈ સુપર કિંગ્સને સૌથી વધુ નુકસાન કંગાળ ફિલ્ડરો અને ફિલ્ડિંગને કારણે થયું છે. ચેન્નઈની ટીમની કેચ એવરેજ સૌથી ખરાબ રહી છે અને આ કારણે તે ટેબલમાં સૌથી નીચે છે. ચેન્નાઈ આઠમાંથી માત્ર બે જ મેચ જીતી શક્યું છે.



### આ મેચમાં સૌથી વધુ કેચ છૂટ્યાં

આ સિઝનમાં ૧૬ એપ્રિલે દિલ્હી અને રાજસ્થાન વચ્ચે રમાયેલી મેચમાં સૌથી વધુ કેચ છૂટ્યાં હતા. દિલ્હીએ ચાર કેચ છોડ્યા હતા અને રાજસ્થાને બે કેચ છોડ્યાં હતાં. જોકે, ખરાબ કેચ છતાં દિલ્હીની ટીમ સુપર ઓવરમાં રાજસ્થાનને હરાવવામાં સફળ રહી હતી.

**ફિલ્ડરોએ સૌથી વધુ કેચ છોડ્યા**

| પ્લેયર | ટીમ | કેચ છોડ્યાં |
|---|---|---|
| ખલીલ અહેમદ | ચેન્નઈ | ૦૪ |
| ટ્રિસ્ટન સ્ટબ્સ | દિલ્હી | ૦૪ |
| વિજય શંકર | ચેન્નઈ | ૦૩ |
| પ્રિયાંશ આર્ય | પંજાબ | ૦૩ |

### આ સિઝનમાં ફિલ્ડિંગ ક્વોલિટી સૌથી ખરાબ

ચાલુ સિઝનમાં શરુઆતની ૪૦ મેચમાં ૧૧૧ કેચ છૂટ્યાં છે જે ૨૦૨૪ ની સીઝનની તુલનામાં બમણાં છે. આઇપીએલ ૨૦૨૫માં અત્યાર સુધી દર ચાર કેચમાંથી એક કેચ છૂટી ગયો છે.

**કઇ ટીમે કેટલા કેચ કર્યા-કેટલા કેચ ડ્રોપ (પડતા) મૂકયા**

| ટીમ | મેચ | કેચ | ડ્રોપ |
|---|---|---|---|
| મુંબઇ | ૮ | ૪૧ | ૦૮ |
| આરસીબી | ૮ | ૩૫ | ૦૭ |
| કોલકતા | ૮ | ૩૫ | ૦૭ |
| ગુજરાત | ૮ | ૪૧ | ૧૧ |
| હૈદરાબાદ | ૭ | ૨૮ | ૦૯ |
| રાજસ્થાન | ૮ | ૩૧ | ૧૧ |
| લખનૌ | ૯ | ૩૭ | ૧૪ |
| પંજાબ | ૮ | ૨૯ | ૧૩ |
| દિલ્હી | ૮ | ૩૩ | ૧૫ |
| ચેન્નાઇ | ૮ | ૨૭ | ૧૬ |

# શહેરના તાપમાનમાં મામૂલી ઘટાડોઃ બપોરે ૪૧.૪ ડિગ્રી તાપમાન

## જોકે આકરી લૂ યથાવતઃ ૧૨ કિ.મી.ની ઝડપે ફુંકાતો પવન

રાજકોટ તા.૨૪

રાજકોટ શહેરમાં સતત ચાર દિવસ આકરા તાપ બાદ આજરોજ ગરમીમાં મામુલી ઘટાડો થયો હતો. જોકે આકરી લૂ યથાવત રહેવા પામી હતી. સ્થાનિક હવામાન કચેરીના જણાવ્યા મુજબ આજે બપોરે ૨/૩૦ કલાકે તાપમાન ૪૧.૪ ડિગ્રી નોંધાયુ હતું. જયારે હવામાં ભેજ ૨૩ ટકા રહ્યો હતો અને પવનની ઝડપ ૧૨ કિ.મી. પ્રતિકલાક રહેવા પામી હતી. આ ઉપરાંત આજે સવારે ૮-૩૦ કલાકે શહેરનું તાપમાન ૨૬.૨ અને લઘુતમ તાપમાન ૨૩ ડીગ્રી નોંધાવા પામ્યું હતું. જયારે, હવામાં ભેજ ૯૦ ટકા રહ્યો હતો અને પવનની સરેરાશ ઝડપ ૧૨ કી.મી. રહેવા પામી હતી.

# જંગલની આગમાં ફસાયેલા ૭૦૦થી વધુ કોઆલા પ્રાણીઓને ઠાર મરાયા

## ઓસ્ટ્રેલિયન જંગલ વિભાગનું જંગલી કૃત્યઃ ભૂખ-તરસથી પિડાતા હોવાનો બચાવ

વિકટોરીયાઃ ઓસ્ટ્રેલિયાના જંગલમાં આગ લાગતા તેની વચ્ચે ફસાયેલા ૭૦૦થી વધુ નાના રીછ જેવા દેખાતા કોઆલા-પ્રાણીને હેલીકોપ્ટર મારફત સ્નીપર-શુટરોમાં ગોળીઓ મારીને હત્યા કરના જબરો વિવાદ સર્જાયા છે. ઓસ્ટ્રેલિયાના જંગલ વિભાગે જ આ નિર્ણય લીધો હતો. એપ્રિલ માસના પ્રારંભમાં આ કોઆલા જેને ઓસ્ટ્રેલિયન માર્સૂપિયલ તરીકે ઓળખવામાં આવે છે. તેના વિશાળ વસવાટ સમાન ૨૦૦૦ એકરના વિસ્તારમાં આ આગ ફેલાતી જતી હતી. જેના કારણે વૃક્ષો પર રહેતા આ નાના



પ્રાણી જે તેના બચ્ચાને સાંભળવા પેટની કોથળી પણ ધરાવે છે. તેઓ માટે ખોરાક પાણી વિ. મળવું મુશ્કેલ બની ગયુ હતું અને તેઓ ભારે નબળા પડી ગયા હતા તથા એક-બે સ્થળો પર સલામત બેઠા હતા જેથી તેઓ વધુ પિડાય નહી તેથી તેઓની હત્યા કરવા જંગલ વિભાગ નિર્ણય લીધો જેમાં શાર્પ શુટર જેવા સ્નીપરની ટીમ હેલીકોપ્ટરમાં સવાર થઈને આ પ્રાણીઓના સમૂહને ગોળીઓથી ઠાર માર્યા હતા. ફકત ૩૦ મીટરના અંતરેથી આ શુટીંગ થયુ હતું જેમાં કેટલાક તંદુરસ્ત કોઆલા પણ ઠાર મરાયા હોય તેવું બહાર આવ્યુ હતું.

# સોનાના ભાવમાં ફરી ઉછાળોઃ રૂા.૪૦૦નો વધારો

રાજકોટ તા.૨૪

એક દિવસની રાહત બાદ આજે સોનામાં ફરી ભાવ વધારો થયો છે. જેમાં આજે રૂા.૪૦૦નો ઉછાળો થયો છે. અને ચાંદીમાં પણ રૂા.૧૨૫૦નો ધરખમ વધારો નોંધાયો છે. તેની સાથે જ સોનુ રૂા.૯૯૪૦૦ અને ચાંદી ફરી એક લાખને પાર પહોંચતા ભાવ રૂા.૧૦૦૫૦૦ થયા છે.

વૈશ્વિક બજારની અસરના કારણે સોના-ચાંદીના ભાવમાં મોટા ફેરફાર થઈ રહ્યા છે. તેમજ ટેરિફ વોરના કારણે ભાવમાં મોટો ઉછાળો નોંધાયો હતો. ત્યારે સોનુ ફરી ૧ લાખ નજીક પહોંચ્યું છે. હજુ ભાવ વધશે તો સોનું ફરી ૧ લાખને પાર થશે.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૨૬૫-૨૩૧૫ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૨૧૫-૨૨૬૫ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૨૧૯૦-૨૨૪૦ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૨૧૪૦-૨૧૯૦ |
| પામોલીયન તેલ | ૨૦૩૦-૨૦૩૫ |
| મસ્ટર્ડ તેલ | ૨૦૩૦-૨૦૬૦ |
| સનફલાવર તેલ | ૨૧૪૦-૨૧૬૦ |
| મકાઇ તેલ | ૨૦૩૦-૨૦૫૦ |
| વનસ્પતિ ઘી | ૨૨૬૦-૨૨૮૦ |
| કોપરેલ | ૩૯૫૦-૪૦૦૦ |
| દિવેલ | ૨૧૫૦-૨૧૬૦ |



**સોનુ-ચાંદી**

| સોનુ (૧૦ ગ્રામ) |
|---|
| ૯૯૪૦૦(+૪૦૦) |

| ચાંદી |
|---|
| ૧૦૦૫૦૦(+૧૨૫૦) |




## ગુજરાત NSUI દ્વારા આતંકી હુમલાના મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પણ

જમ્મુ કાશ્મીરમાં થયેલા આતંકી હુમલામાં દેશના માસૂમ લોકોના જે મૃત્યુ થયા છે તેને શ્રદ્ધાંજલિ આપવા ગુજરાત NSUI દ્વારા કેન્દ્રીય વિદ્યાલય થી લઈ KKV હોલચોક સુધીની કેન્ડલ માર્ચ યોજી શ્રદ્ધાંજલિ નો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બહોળી સંખ્યામાં લોકો જોડાયા હતા. અને શ્રદ્ધાંજલિ આપી હતી. દિલ્હીમાં પેરા ખેલો ઇન્ડીયા નેશનલ ટેબલ ટેનિસમાં બાલભવનની બાલસભ્ય કલ્પના ગોસ્વામીની પસંદગી

# એસ.ટી.ની મનફાવે ત્યાં ફરો યોજનાનો પાંચ વર્ષમાં ૨૫૮૦ મુસાફરોએ લાભ લીધો: ૨૧ લાખની આવક

## રાજકોટ, અમદાવાદ, સુરત, મહેસાણાનાં મુસાફરોએ યોજનાનો સૌથી વધુ લાભ લીધો

રાજકોટ,તા.૨૩

ઉનાળાના વેકેશનમાં રાજ્યના નાગરીકો ગુજરાતની કલા-સંસ્કૃતિ-પ્રવાસન સ્થળોની મુલાકાત કરી શકે તેમજ ઉદ્યોગ એકમો સાથે સંકળયેલા નાગરીકો ગુજરાતમાં પોતાના ઉદ્યોગને વિકસાવવા એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં ફરી શકે તે માટે ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ દ્વારા 'મન ફાવે ત્યાં ફરો' યોજના શરૂ કરવામાં આવી છે. છેલ્લા એક વર્ષમાં 'મન ફાવે ત્યાં ફરો' યોજનાનો સૌથી વધુ લાભ અમદાવાદ, રાજકોટ, મહેસાણા અને સુરતનાં મુસાફરોએ લીધો છે. જ્યારે છેલ્લા પાંચ વર્ષમાં ૨૫૮૦ મુસાફરોના પાસ ઇસ્યુ કરીને નિગમે રૂા.૨૧ લાખથી વધુની આવક મેળવી છે, એમ ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ જણાવેલ છે.

યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર આ યોજના હેઠળ મુસાફરોએ એસ.ટીની લોકલ-એક્સપ્રેસ-ગુર્જરનગરી બસોમાં સાત દિવસ મુસાફરી માટે પુખ્તવયના નાગરીકો રૂા.૧૫૯૫ અને ૪ દિવસની મુસાફરી રૂા.૯૩૫ ભરીને કરી શકે છે, જ્યારે બાળકો ૭ દિવસની મુસાફરી રૂા.૮૦૦ અને ૪ દિવસની મુસાફરી રૂા.૪૭૦ ભરી એસ.ટીની બસોમાં મુસાફરી કરી શકે છે.



મુસાફરોએ લકઝરી-નોન એ.સી સ્લીપર કોચમાં સાત દિવસની મુસાફરી કરવા પુખ્તવયના નાગરીકોએ રૂા.૧૮૭૦ અને ચાર દિવસની મુસાફરી કરવા રૂા.૧૦૪૫ ચૂકવવાના રહેશે જ્યારે બાળકોને ૭ દિવસની મુસાફરી કરવા રૂા.૯૩૫ અને ૪ દિવસની મુસાફરી રૂા.૫૨૫ ચૂકવવાના રહેશે.

AC સીટર બસોમાં પુખ્તવયનાં નાગરીકો સાત દિવસ મુસાફરી રૂા.૩૬૮૫ અને ૪ દિવસની મુસાફરી રૂા.૨૧૪૫ ભાડું આપીને કરવાની રહેશે. બાળકોએ સાત દિવસ મુસાફરી રૂા.૧૮૪૫ અને ચાર દિવસની મુસાફરી રૂા.૧૦૭૫ ભાડું આપીને કરવાની રહેશે. વોલ્વો સીટર બસ માટે પુખ્તવયના નાગરીકો સાત દિવસનું ભાડું રૂા.૫૬૧૦ અને ચાર દિવસની મુસાફરી રૂા.૩૨૪૫ ચૂકવીને કરી શકે છે. જ્યારે બાળકોએ સાત દિવસની મુસાફરી રૂા.૨૮૦૫ ચાર દિવસની મુસાફરી રૂા.૧૬૨૫ ખર્ચીને કરવાની રહેશે.

આ યોજનાનો લાભ નિગમના કોઈપણ બસ સ્ટેશન-કંટ્રોલ પોઈન્ટ ઉપરથી કામકાજના દિવસોમાં મેળવી શકાશે. આ યોજનાનો પાસ અન્ય વ્યક્તિને તબદિલ કરી શકાશે નહિ, પાસધારક પોતે જ પ્રવાસ કરી શકશે. પ્રવાસ રદ કરવાના સંજોગોમાં પાસ શરુ થવાના ૧ દિવસ અગાઉ પાસ રદ કરવામાં આવે તો જરૂરી કેન્સલેશન ચાર્જ કાપી બાકી રકમ પરત કરવામાં આવશે. નિગમની એક્સ્ટ્રા બસોમાં આ યોજનાનો લાભ મળવાપાત્ર નથી. પ્રવાસ દરમ્યાન મુસાફરે ઓળખકાર્ડ અને પાસ સાથે રાખવાનો રહેશે તેમજ આ યોજનામાં પાસધારક પાસેથી ટોલટેક્ષની રકમ ફરજ ઉપરના કંડકટરે અલગથી વસુલ કરવાની રહેશે.

## જ્ઞાન,કલ્પના અને વિચાર શકિતનો ઉત્સવ એટલે વિશ્વ પુસ્તક દિવસ

રાજકોટ,તા.૨૪

આજે, ૨૩ એપ્રિલે, સમગ્ર વિશ્વમાં વિશ્વ પુસ્તક અને કોપીરાઈટ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસની ઉજવણીનો હેતુ માત્ર પુસ્તકો માટે પ્રેમ જ વ્યક્ત કરવાનો નથી, પણ વાંચનની સાંસ્કૃતિક પરંપરાને ઉજાગર કરવાનો છે, તેમજ લેખકો અને પ્રકાશકોના અધિકારોને માન્યતા આપવાનો પણ છે.

પ્રાચીનકાળથી લઈને આજના આધુનિક યુગ સુધી, પુસ્તકો મનુષ્યના સૌથી વિશ્વાસપાત્ર મિત્ર રહ્યા છે. તેઓ માત્ર જ્ઞાન જ આપતા નથી, પરંતુ વિચારશકિત વિકસાવે છે અને નવી દુનિયાના દરવાજા ખોલે છે. બાળકોથી લઈ વૃદ્ધો સુધી, દરેક માટે પુસ્તક કંઈક નવું આપવા સક્ષમ છે.

UNESCO એ ૧૯૯૫માં ૨૩ એપ્રિલને વિશ્વ પુસ્તક દિવસ તરીકે જાહેર કર્યો હતો. આ દિવસે ત્રણ મહાન સાહિત્યકાર વિલિયમ શેક્સપિયર (અંગ્રેજી સાહિત્યના પિતા); મિગેલ દ સેરવાંટેસ (સ્પેનિશ સાહિત્યના મહાન કવિ) અને ઇન્કા ગારસિલાસો દ લા વેગા (દક્ષિણ અમેરિકન ) નું અવસાન થયું હતું. તેથી આ દિવસનું મહત્વ વૈશ્વિક સાહિત્યના ઇતિહાસમાં અનોખું છે. એટલે દર વર્ષે ૨૩ એપ્રિલના રોજ સમગ્ર વિશ્વમાં વિશ્વ પુસ્તક અને કોપીરાઈટ દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસ યુનેસ્કોના ઉપક્રમ હેઠળ પ્રથમવાર ૧૯૯૫માં ઉજવવામાં આવ્યો હતો. તેનું મુખ્ય ઉદ્દેશ્ય છે. વાંચનને પ્રોત્સાહન આપવું, પુસ્તકોના મૂલ્યને ઉજાગર કરવો અને બૌદ્ધિક સંપત્તિની રક્ષા કરવી.તેમ જિલ્લા ભાજપ મીડિયા અગ્રણી અરૂણ નિર્મળની યાદીમાં જણાવાયું છે.

## બસપા રાજકોટ ઝોનના કાર્યકર્તાઓનું સંમેલન

રાજકોટ,તા.૨૪

રાજકોટ ખાતે તા.૨૫ને શુક્રવારે સવારે ૧૦ થી ૧ ડો.બાબા આંબેડકર ભવન દાસી જીવણપરા પાસે રાજકોટ ઝોન બહુજન સમાજ પાર્ટીનાં કાર્યકર્તાઓનું સંમેલન મળશે આ સંમેલનમાં રાજકોટ,જામનગર, દ્વારકા, મોરબી, સુરેન્દ્રનગર કચ્છ જિલ્લાનાં કાર્યકર્તા ઉપસ્થિત રહેશે.

# કાલે નવજીવન વિકલાંગ સેવાશ્રય હળવદ ભચાઉ દ્વારા આયોજિત રાત્રી પ્રકાશ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટનો ફાઈનલ



નવજીવન વિકલાંગ સેવાશ્રય હળવદ ભચાઉ દ્વારા આયોજિત નિરાધાર દિવ્યાંગનો અને ગરીબજનીના ઉત્કર્ષ માટે સંસ્થા દ્વારા રાજકોટમાં રાત્રી પ્રકાશ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૨૫ નું દ્વિતીય આયોજન ગત તા.૨૦ને રવિવારના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં પૂરા ગુજરાતથી ૩૨ ટીમો ક્રિકેટ રમશે અને આવતીકાલ તા.૨૫ ના રોજ ફાઇનલમાં જીતનાર ટીમને ૪૫૦૦૦ નું રોકડ ઇનામ અને રનર અપ ટીમને ૨૫૦૦૦ રોકડ ઇનામ આપવામાં આવશે. આ કાર્યક્રમના શુભારંભ દીપ પ્રાગટ્ય, રિબન કટીંગ અને શ્રીફળ વધેરી પ્રાતઃસ્મરણીય ગુરૂદેવ પૂ. આત્મયોગી શ્રી ૐ દાદા, મેયર નયનાબેન ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, દંડક મનીષભાઈ રાડીયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા સેવાકીય આયોજક ટીમના ટુર્નામેન્ટ ડાયરેક્ટર નિમેષભાઈ ભાલોડીયા, અક્ષયભાઈ કંટારીયા, રાઠોડ બાદશાહ તેમજ આયોજક સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

## ભારત સંચાર નિગમ લિમિટેડ- રાજકોટ દ્વારા ગ્રાહક સેવા માહ એપ્રિલ ૨૦૨૫ ની ઉજવણી

રાજકોટ, તા.૨૪

ભારતની અગ્રણી જાહેર ક્ષેત્રની ટેલિકોમ્યુનિકેશન પ્રદાતા કંપની ભારત સંચાર નિગમ લિમિટેડ (BSNL) એપ્રિલ મહિના દરમિયાન ગ્રાહક અનુભવને સન્માનિત કરવા અને વધારવા માટે ગ્રાહક સેવા માહ તરીકે ઉજવી રહ્યું છે. ''Connecting with Care'' ની હૃદયસ્પર્શી થીમ સાથે, ઇજાક દેશભરના લાખો લોકોને વિશ્વસનીય, પ્રતિભાવશીલ અને પ્રભાવી સેવા પહોંચાડવાની તેની પ્રતિબદ્ધતાનું સમર્થન કરે છે.

આ અંતર્ગત, સંપૂર્ણ એપ્રિલ મહિના દરમ્યાન ગ્રાહકો સાથે સીધો સંપર્ક વધારવા,તેમના પ્રતિભાવ સાંભળવા અને સેવાઓમાં શ્રેષ્ઠતા લાવવા પર કેન્દ્રિત છે.આ પ્રસંગે, ૨ એપ્રિલના રોજ, ઇજાક અધિકારીઓએ શપથ લીધા હતા અને વિવિધ ઓપરેશનલ અને બિઝનેસ ક્ષેત્રોમાં શરૂઆતની બેઠકનું સંચાલન કર્યું હતું.

ભારત સંચાર નિગમ લિમિટેડ (BSNL) - રાજકોટ ગ્રાહક સેવા માહ એપ્રિલ ૨૦૨૫ (''CUSTOMER SERVICE MONTH APRIL 2025'') અંતર્ગત, તારીખ ૨૫.૦૪.૨૦૨૫ ના રોજ જ્યુબિલી ટેલિફોન એક્ષચેન્જ - સીએસસી, રાજકોટ ખાતે, સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦ વાગ્યા સુધી આયોજન કરવામાં આવ્યું છે.

## ખેલમહાકુંભ ૩.૦ ની બેડમિન્ટન મેન્સ ડબલ્સમાં ડેનિશ પટેલએ ગોલ્ડ મેડલ જીત્યો

રાજકોટ, તા.૨૪

ગુજરાત સ્તરે ખેલમહાકુંભ ૩.૦ માં બેડમિન્ટન મેન્સ ડબલ્સમાં ડેનિશ પટેલએ ગોલ્ડ મેડલ અને મિક્સ ડબલ્સમાં બ્રોન્ઝ મેડલ જીત્યો છે.

જેમાં બેડમિંટનમા ડેનિશ પટેલ - તુષાર કથરેચા ગુજરાત લેવલ ખેલમહાકુંભ ૩.૦ મેન્સ ડબલ્સમાં - ૪૦ + એજ ગ્રુપમા વિજેતા થયા હતા અને ડેનિશ પટેલ - પૂજાબેન ઢોરું ગુજરાત લેવલે મિક્સડ ડબલ્સ - ૪૦+ એજ ગ્રુપમા ત્રીજો રેન્ક મેળવ્યો છે.

રાજકોટની પ્રખ્યાત RK યુનિવર્સિટીના ડિરેક્ટર ડેનિશ પટેલ ની રાજકોટ ખાતે યોજાયેલ રાજ્ય કક્ષાની ખેલ મહાકુંભ મા રાજકોટ સિટી વતિ રમીને ચેમ્પિયન થયાં છે





## વિશ્વ પુસ્તક દિવસ નિમિતે આયોજિત પુસ્તક પરબ સફળતાપૂર્વક સંપન્ન

દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ ઢોલરા પ્રેરિત સાહિત્યિક પ્રવૃત્તિ કરતી સંસ્થા સાહિત્ય સેતુ દ્વારા ગઈકાલ તા.૨૩ના રોજ વિશ્વ પુસ્તક દિવસ નિમિતે પુસ્તક પરબ યોજાયો હતો. પુસ્તક પરબમાંથી વહેલી સવારે વોકિંગમાં આવતા ૧૦૦ જેટલા ભાઈઓ બહેનો વડીલો પોતાને મનગમતા પુસ્તકો લઈ ગયેલ.આ ઉપરાંત ૧૫૦ થી વધુ નાગરિકોએ પુસ્તક પરબની મુલાકાત લઈ પોતાની પ્રસન્નતા વ્યક્ત કરેલ. પુસ્તક પરબની મુલાકાતે વિવિધ ક્ષેત્રના મહાનુભાવો પધારેલ. સમગ્ર આયોજનની સફળતા માટે સાહિત્ય સેતુ પરિવારના અનુપમ દોશી પંકજ રૂપારેલિયા મહેશભાઈ વ્યાસ ઉપમન્યુભાઈ રાવલ કાર્યરત રહેલ.

## પ્રશમ્ તંતીએ કરાટેમાં ''ફર્સ્ટ ડેન બ્લેક બેલ્ટ'' જીત્યો

રાજકોટના સીનીયર ધારાશાસ્ત્રી મનોજભાઈ વિનોદભાઈ તંતીના સુપુત્ર અને પ્રિમીયર સ્કુલના વિદ્યાર્થી પ્રશમ્ મનોજ ભાઈ તંતીએ માત્ર ૧૭ વર્ષની ઉમરે કરાટેમાં પ્રતિષ્ઠીત ''ફર્સ્ટ ડેન બ્લેક બેલ્ટ'' મેળવી સમગ્ર તંતી પરિવારનું નામ રોશન કરેલ છે. પ્રશમ્ તંતીએ ત્રણ વર્ષ પહેલા માત્ર૧૪ વર્ષની ઉમરે કરાટેનું કોચીંગ ટેકનો ફાઈટ માર્શલ આર્ટના રોબીનભાઈ કાસુન્દ્રા પાસે તાલિમ લેવાનું શરૂ કરેલ અને માત્ર ૩ વર્ષના સમયગાળામાં અનેક સ્પર્ધાઓમાં ચેમ્પીયન તથા રનર્સઅપ થયેલ છે.



## ઓલ ઈન્ડિયા મોઢ વણિક સમાજ દ્વારા ૨૪ સફળ જીવનસાથી પરિચય સમારોહ યોજાશે

રાજકોટ, તા.૨૪

ઓલ ઈન્ડિયા મોઢ વણિક સમાજ મુંબઈ તથા શ્રી મોઢ સેવા સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ, ડોમ્બીવલી દ્વારા સંયુક્ત ઉપક્રમે મુંબઈ ખાતે ૨૪ સફળ જીવનસાથી પરિચય સમારોહ પુર્ણ કર્યા બાદ ૨૫ મો સીલ્વર જયુબેલીની ઉજવણીના ભાગરૂપે સવિશેષ રૂપે આયોજન કરવામાં આવેલ છે.તા. ૧-૬-૨૫ રવિવારે બપોરે ૨ વાગ્યાથી રાત્રિના ૯ વાગ્યા સુધી જવેરબેન પોપટલાલ એ.સી. સભાગૃહ (ઓડીટોરીયમ) શેઠ ધનજી દેવશી રાષ્ટ્રીય શાળા- ઉપાશ્રય લેન, ઘાટકોપર (ઈ)- ૪૦૦૦૭૭, મુંબઈ ખાતે યોજાશે.આ આયોજનમાં ૪૦૦ કેન્ડીડેટને જ પ્રવેશ આપવાનો હોવાથી https:// forms.gle TwTxVE3iCgS9XV628 પર ફોર્મ ભરવું.

કાર્યકંમમાં તા.૧-૬-૨૫ ના રવિવારે બપોરે-૨ વાગ્યાથી રજીસ્ટ્રેશન કરીની બુકલેટ અર્પવામાં આવશે.ત્યારબાદ બપોરના નાસ્તા સાથે હાઈ ટી, સાંજે ૮ વાગ્યે ભોજન સમારોહ સાથે ડીનર રાત્રે ૯-૦૦ વાગ્યા સુધીનો કાર્યક્રમ, જન્માક્ષર મેળાપક માટે બ્રાહમણની વ્યવસ્થા

રાખેલ છે. જેથી બાયોડેટાનો વિશાળ ફેલાવો થાય માટે અને વધુમાં વધુ ઈન્કવાયરી જનરેટ થઈને આપને યોગ્ય પાત્ર મળવામાં સહાયભુત થાય, જે વ્યકિત નહી ઉપસ્થિત રહે તેને ઘર બેઠા તેના એડ્રેસ પર પોસ્ટથી બુકલેટ મોકલવામાં આવશે.

# ગુજરાતભરની ૬૩૫૦થી વધુ શરાફી મંડળીઓમાંથી બગસરાની નાગરિક શરાફી મંડળી પ્રથમ ક્રમાંકે

## વાર્ષિક ૧૩૭ કરોડનું ધિરાણઃ ૫.૬૪ કરોડનો નફો કર્યો

રાજકોટ,તા.૨૪

રાજકોટના જનસંઘી દિવંગત સહકારી નેતા અરવિંદભાઈ મણીયાર ની સ્મુતીમાં રશ્વિનભાઈ ડોડીઆ સહીતના આગેવાનો દ્વારા તા. ૩૦/૦૯/૧૯૮૪ માં ૨૩૯ સભાસદો અને રૂા.૨, ૩૯,૦૦ શેર ભંડોળ થી શરૂ થયેલ આ મંડળીને વર્ષ ૨૦૨૪/૨૫ ના ગુજરાત ભરની ૬૩૫૦ થી વધારે શરાફી સહકારી મંડળીઓના વાર્ષિક વહીવટ અને નફાકારત્વક અને વહિવટી બાબતો ધ્યાને રાખી સહકાર ભારતી ગુજરાત દ્વારા શ્રી બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લી ને ''પ્રથમ ક્રમાક'' ધરાવતી મંડળી જાહેર કરવામાં આવેલ છે.

મંડળીએ વર્ષ ૨૦૨૪/૨૫ માં ચોખ્ખો નફો રૂા.૫.૬૪ કરોડ સામે કુલ ધિરાણ રૂા.૧૩૭ કરોડ, ડીપોઝીટ ૧૦૨ કરોડ, શેરભંડોળ ૩.૧૯ કરોડ, અનામત ભંડોળ રૂા. ૧૨.૩૯ કરોડ, રોકાણ રૂા.૩.૭૦ કરોડ, મિલ્કત રૂા.૧.૩૩ કરોડ, કાર્યશીલ મુડી ૨.૪૪ અબજ, કુલ બીજનેશ ૨.૩૭, ટર્નઓવર રૂા.૬.૧૩ અબજ સામે એન.પી.એ ૦% અને સભાસદ સંખ્યા ૨૩૧૬૦ ધરાવતી આ મંડળી ની બગસરા, ધારી, ચલાલા, લીલીયા મોટા માં સેઇફ ડીપોજીટ વોલ્ટ સુવીધા સાથે માલીકીની ઓફીસ બીલ્ડીગ ધરાવે છે. અને મંડળી પ્રથમથીજ ઓડીટ વર્ગ 'અ' સાથે પારદર્શક વહીવટ અને મંડળીની હાલ શાખાઓમાં કુશળ વહીવટી તંત્ર સાથે સમગ્ર સ્ટાફ સભાસદોની જરૂરીયાત મુજબની કામગીરીથી ગુજરાત ભરની સમગ્ર ૬૩૦૦ થી વધારે સહકારી મંડળીઓ માંથી પ્રથમ ક્રમાકે પહોચેલ છે.

મંડળી દ્વારા સભાસદ લક્ષી તેમજ આપદા વિપદા સમયે સેવાકીય વિવિધ પ્રકારે પ્રવૃતિ બજાવી રહી છે.મંડળી દ્વારા બાજપાઈ સહાય નિધી યોજના હેઠળ મૃતક સભાસદ ના વારસ ને રૂા ૨૫૦૦૦/- તેમજ મંડળી સભાસદના દિકરા અને દિકરી ઉચ્ચ અભ્યાસ માટે માત્ર ૪% સાદા વ્યાજ દરે લોન સુવિધા અને સભાસદોને ૧૫% ડિવિડન્ડ ઉપરાંત દર ત્રણ વર્ષે આકર્ષક ભેટ વસ્તુ સહીત ના લાભો સભાસદો મળી રહયા છે.

મંડળીના સ્થાપના ચેરમેન રશ્વિનભાઈ ડોડીઆની કુશળ વહીવટી કામગીરી અને મંડળીનું સમગ્ર ડીરેકટર બોર્ડ તથા તજજ્ઞ ડિરેકટર, તમામ શાખાઓના એડવાઈઝરી બોર્ડ, શાખા સેક્રેટરીશ્રીઓ, કર્મચારી ગણ, અમરેલી જીલ્લાના તથા રાજયભરના રાજકીય આગેવાનો, સહકારી આગેવાનો સહીતના માર્ગદર્શન અને સલાહ સુચનો થકી મંડળીની પ્રગતિ માં પોતાનુ યોગદાન આપેલ છે.

## નિઃશુલ્ક દંતરોગ ચિકિત્સા કેમ્પ

વર્ધમાન ચેરીટેબલ ટ્રસ્ટ અને ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ - રાજકોટનાં ઉપક્રમે નિઃશુલ્ક દંતરોગ ચિકિત્સા કેમ્પ ''જશ-પ્રેમ ધીર સંકુલ'', વૈશાલી નગર શેરી નંબર - ૫,ધ સીટી સેન્ટર સામે, રૈયા રોડ, રાજકોટ ખાતે તાઃ ૨૭-૪-૨૫ ને રવિવારે સવારે ૯:૦૦ થી ૧:૦૦ યોજાશે. દાંત અને પેઢા ના રોગ ના દર્દીઓ ને તપાસી સારવાર અને સલાહ આપવામાં આવશે અને જે દર્દીઓ ને દાંત કાઢવાની જરૂરીયાત હો તેમને આયુર્વકની જાલંધર બંધ- પદ્ધતિથી દાંત મફત કાઢી આપવામાં આવશે. જેમના મો માં દાંત જે નથી તેમને દાંત નું ચોકઠું ( બત્રીસી ) પણ તદન રાહત દરે બનાવી આપવાની વ્યવસ્થા કરેલ છે.




## રાષ્ટ્રીય એકતા મંચ,રાજકોટ દ્વારા શ્રદ્ધાંજલી કાર્યક્રમ યોજાયો

કાશ્મીરના પહેલગામમાં કાયરતા પૂર્વક મજહબીઓ દ્વારા કરવામાં આવેલ નિર્દોષ માનવ વધના વિરોધમાં અને ૨૮ હુતાત્માઓને શ્રદ્ધાંજલી અર્પણ કરવાના કાર્યક્રમમાં ગઈકાલે સાંજે ૦૮ વાગ્યે સરદાર વલ્લભભાઈ પટેલના સ્ટેચ્યુ પાસે, બહુમાળી ચોક, રાજકોટ ખાતે કાર્યક્રમ યોજાયો હતો. બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહી શ્રદ્ધાંજલિ આપી હતી.

## આતંકી હુમલો એ માનવતા વિરૂદ્ધ ધૃણાસ્પદ કાયરતાભર્યુ કૃત્યઃ ભાજપ અગ્રણી ગીરીશ પરમાર

રાજકોટ,તા.૨૪



જમ્મુ કાશ્મીરના પહેલગામમા ગુજરાત સહિત દેશભરમાંથી પ્રવાસીઓ ફેમિલી સાથે કુદરતના ખોળે ફરવા ગયેલા. એન્જોયની પાળો માણી રહેલા હતા. ભારતમાતાના ખોળામા હર્ષ કિલ્લોલ માણી રહ્યા હતા. તેવામાં આંતકવાદીઓના એક સમૂહ દ્વારા પહેલા તેઓ પ્રવાસી ક્યાંના છે? કયા ધર્મ ના છે? એવી જાણકારી પૂછપરછ દ્વારા મેળવી ને અંધાધૂંધ ગોળીબાર કરી ૨૪ થી વધારે દેશવાસી, ભારતીયબંધુઓને મોતને ઘાટ ઉતાર્યા, અનેકને ઘાયલકર્યા. દેશભરના માનવતાવાદી લોકોના દિલ હચમચાવી દીધા છે. આ ધ્રુણાષપદ, કાયરતભર્યા કૃત્યથી દેશભરમાં દેશ વિરોધી, આતંકીઓ સામે રોષ અને ધુણાની લાગણી ફેલાઈ જવા પામેલ છે.

કેન્દ્ર સરકાર, અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ સમક્ષ અમારી માંગણીછે કે તાત્કાલિક દેશ વિરોધી, માનવતા વિરોધી, નાપાક તત્વોને દાખલારૂપ સબક શીખવાડવામાં આવે, સત્ગત જીવાત્માઓના મોતનો બદલો લેવામાં આવે.ભોગ બનનારા દેશબાંધવોના પરિવારોને સુરક્ષાનો, અહેસાસ થાય, સમગ્ર દેશ વાસીઓ ને ભારતીય બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરના આપેલા દેશભક્તિના સૂત્ર '' હું પ્રથમ ભારતીય છુ અને અંતે પણ ભારતીય છુ.'' ને સાર્થક કરી, દેશભરમા સુરક્ષાની લાગણીનો અહેસાસ કરાવવામાં આવે.તેમ પ્રદેશ ભાજપ અગ્રણી ગીરીશ પરમારે જણાવ્યું છે.

**- ગીરીશ પરમાર**
**પ્રદેશ ભાજપ અગ્રણી**
**મો.નં.૯૯૨૫૬૧૯૨૧૮**

## કાશ્મીરની આતંકી હુમલાને વખોડી કાઢતી રાજકોટની સંસ્થાઓ

ગઈકાલે કાશ્મીરમાં થયેલા આતંકવાદી હુમલાને રાજકોટની વિવિધ સંસ્થાઓ સખત શબ્દોમાં વખોડી કાઢે છે. અને ભારત સરકાર અને તેની વિવિધ એજન્સીઓ દ્વારા ગઈકાલથી જ સખત પગલાં ભરવા માટે શ્રેણીબદ્ધ નિર્ણયો લેવાય તેવા સંકેતો સાંપડી રહ્યા છે.સરકાર દ્વારા તો નક્કર પગલાં લેવામાં આવશે પરંતુ જનજાગૃતિના ભાગરૂપે અને આ પર્યટકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા આજરોજ તા.૨૩/૪/૨૦૨૫ બુધવાર ના રાત્રીના ૮-૦૦ વાગ્યે રેસકોર્સ રીંગરોડ ખાતે સરદાર વલ્લભભાઈ પટેલના સ્ટેચ્યુ પાસે મીણબત્તી પ્રગટાવીને શ્રદ્ધાસુમન અર્પણ કરવામાં આવશે.

## જૈન અગ્રણી ધીરેનભાઈ ભરવાડાનો આજે જન્મદિવસ

રાજકોટ,તા.૨૪

રાજકોટમાં અનેક નાની અનામી સંસ્થાઓ સાથે સંકળાયેલા, જીવદયાપ્રેમી, સાધાર્મિકોના સહાયક, મળવાં જેવા માણસ, સદાનંદી એવાં ધિરેનભાઈ ભરવાડા પોતાના યશસ્વી જીવનનાં ૬૩ વર્ષ પૂર્ણ કરી ૬૪મા વર્ષમાં મંગલમય પ્રવેશ કરી રહ્યા છે ત્યારે તેમનાં સગાં- સંબંધી, વિશાળ મિત્ર વર્તુળ સહિતના મહાનુભાવો તેમનાં મોબાઈલ નંબરઃ-૯૩૨૮૮ ૪૪૦૫૫ ઉપર જન્મ દિવસની અપાર શુભેચ્છાઓ તથાં અભિનંદન પાઠવ્યા છે.



# જસદણમાં ભવ્ય સ્વામિનારાયણ ગુરૂકુળનું નિર્માણ થશે : અખાત્રીજના શિલાન્યાસ સમારોહ

**(ધર્મેશ કલ્યાણી)**

**જસદણ તા. ૨૪**



જસદણમાં અદ્યતન સ્વામિનારાયણ ગુરૂકુળ બનાવવા માટે ભવ્યાતિ ભવ્ય શિલાન્યાસ સમારોહ યોજાશે.

શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ રાજકોટ સંસ્થાન આઝાદીના વર્ષ ૧૯૪૭ માં સ્થપાયેલ સંસ્થા છે. રાજકોટ સ્વામિનારાયણ ગુરુકુળ સંસ્થા દ્વારા ૬૩ થી વધુ શાખાઓ સમગ્ર દેશ-વિદેશમાં કાર્યરત છે ત્યારે વધુ એક શાખા એટલે ૬૪ મી શાખા સ્વરૂપે જસદણ ગુરૂકુળનો શિલાન્યાસ સમારોહ જસદણ ખાતે યોજાવાનો છે. તારીખ ૩૦-૪-૨૦૨૫ ને બુધવારે અખાત્રીજના પવિત્ર દિવસે સવારે ૮ કલાકે જસદણ આટકોટ હાઇવે ઉપર આટકોટ નજીક હેલીપેડ ગ્રાઉન્ડની પાછળ ખાતમુર્હુત તથા શિલાન્યાસ સમારોહ ભવ્યતાથી યોજાશે. આ પ્રસંગે સ્વામિનારાયણ ગુરૂકુળ રાજકોટ સંસ્થાના મહંત પરમ પૂજ્ય દેવકૃષ્ણદાસજી સ્વામી તથા મહંત શ્રી દેવપ્રસાદદાસજી સ્વામી તથા ભક્તિજીવનદાસજી સહિતના સંતો ઉપસ્થિત રહેશે. સુરત ગુરૂકુળના પૂજ્ય ધર્મવલ્લભદાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ ગુરૂકુળનું નિર્માણ કાર્ય યોજાશે. ૪૦ વીઘામાં નિર્માણ પામનાર આ ગુરૂકુળમાં હોસ્ટેલ વિભાગમાં ૫૦ અદ્યતન રૂમ બનશે. સ્કૂલ વિભાગમાં ૫૦ મોર્ડન ક્લાસરૂમ બનશે.

આ ઉપરાંત પ્રાર્થના હોલ, કોમ્પ્યુટર લેબ, સ્ટાફ રૂમ, ક્રિકેટ ગ્રાઉન્ડ સહિતનું સ્પોર્ટ કોમ્પ્લેક્સની સ્ટાન્ડર્ડ સુવિધાઓ મળશે. આ ગુરૂકુળ ખાતે ધોરણ ૧ થી ૧૨ અંગ્રેજી મીડીયમ તથા ગુજરાતી મીડીયમની અભ્યાસની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. વિદ્યા એટલે કે આધુનિક શિક્ષણ, સદવિદ્યા એટલે કે હિંદુ સંસ્કૃતિના મૂલ્યો તથા બ્રહ્મવિદ્યા એટલે કે મોક્ષમુલક સંસ્કારોના ત્રિવેણી સંગમ સમાન આ ગુરુકુલ નિર્માણના મુખ્ય ભૂમિદાતા વિપુલભાઈ સુળિયા (શ્રી હરિ નમકીન) ઉપસ્થિત રહેશે. ખાતમુર્હુત તથા શિલાન્યાસ ઉત્સવના યજમાન જયેશભાઈ પાંભર- લંડન તથા ધર્મનંદન ડાયમંડ સુરતના લાલજીભાઈ પટેલ, હરિ ગ્રુપ સુરતના રાકેશભાઈ દુધાત, કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયા, ગુજરાત પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરા, રાજકોટ જિલ્લા કલેકટર પ્રભવ જોશી ખોડલધામના ટ્રસ્ટી દિનેશભાઈ બાંભણિયા સહિતના સમગ્ર ગુજરાતભરમાંથી વિવિધ ઉદ્યોગપતિઓ, ડોક્ટરો, વકીલો, અગ્રણીઓ સહિતના મોટી સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહેશે. છેલ્લા આઠ મહિના દરમિયાન હરિભક્તો દ્વારા શ્રી સ્વામિનારાયણ મહામંત્ર લેખન કરવામાં આવ્યું છે.

ભૂમિપૂજનમાં સ્વામિનારાયણ મહામંત્રના સાડા ત્રણ કરોડ મંત્રનું લેખન કરેલી બુક પાયામાં પધરાવવામાં આવશે. સમગ્ર મહોત્સવ ભવ્યતાથી ઉજવવા માટે જસદણના કૈલાશ નગર સ્વામિનારાયણ મંદિરના મહંત ધર્મનંદનસ્વામીના માર્ગદર્શન હેઠળ તડામાર તૈયારી ચાલી રહી છે.

આ પ્રસંગે તારીખ ૨૭-૪ને રવિવારે મહાપૂજા તથા ઈષ્ટિકા પૂજન યોજાશે. તા. ૨૯-૪ને મંગળવારના રોજ સવારે ૯થી બીજે દિવસે સવારે ૯ વાગ્યા સુધી અખંડ ધૂન યોજાશે. જે જગ્યાએ ભવ્ય ગુરૂકુળનું નિર્માણ થનાર છે તે ભૂમિને વિશેષ પાવન કરવા માટે તારીખ ૨૮-૪ થી તારીખ ૩૦-૪ સુધી ભકતચિંતામણી યજ્ઞ યોજાશે. તા. ૩૦-૪ને બુધવારે સવારે ૭-૩૦ કલાકે ૧૦૮ કાર તથા બાઇકની અતિ ભવ્ય શોભાયાત્રા યોજાશે. ભૂમિ પૂજન તથા શિલાન્યાસ સમારોહ સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમમાં ધર્મપ્રેમી જનતાને ઉપસ્થિત રહેવા જસદણ સ્વામિનારાયણ મંદિરના સાધુ ધર્મનંદનદાસજીએ અનુરોધ કર્યો છે.

### 'સાંજ સમાચાર'ની ટીમ યાજ્ઞિક રોડની યાત્રાએ

# સર્વેશ્વર ચોક વિસ્તારના વ્યાપારીઓની વ્યથા સાંભળતું 'સાંજ સમાચાર'

**વ્યાપારીઓની ૨ મહિનામાં કાર્ય પૂર્ણ કરવા તંત્ર પાસે માંગ : વરસાદમા વધુ તકલીફ પડશે**

**ખરીદી કરવા આવતા ગ્રાહકોને વેપારીઓના સૂચન; સાઈડની બાજુએ રસ્તો ચાલુ**



તસ્વીર: પંકજ શિશાંગીયા

રાજકોટ, તા.૨૩

રાજકોટ શહેરના હાર્દસમા યાજ્ઞિક રોડ પર સર્વેશ્વર ચોક વિસ્તારથી નાગરિક બેંક સુધીના વોંકળાનું કામ રાજકોટ મનપા દ્વારા શરૂ કરવામાં આવ્યું છે. જેને લઇને ૩ દિવસ પહેલા આ જગ્યા પર બેરીકેટીંગ લગાવી રોડ બંધ કરવામાં આવ્યો છે અને આવનારા ચાર મહિના સુધી આ ભાગ પર વાહનોની અવરજવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ જગ્યાએ અનેક વેપારીઓની દુકાનો અને મોટા શોરૂમ પણ આવેલા છે. તેથી સાંજ સમાચારની ટીમે અહીં વેપારીઓને મળી તેમની સમસ્યા અને વ્યથા જાણવાનો પ્રયાસ કર્યો છે. ત્યારે સાંજે સમાચાર સમક્ષ અહીંના વેપારીઓએ પોતાની વેદના ઠાલવી હતી. તેમજ તંત્રને રજૂઆત પણ કરી છે.

વેપારીઓના જણાવ્યા મુજબ; શહેરના વિકાસ માટે થતા કાર્યોને લઈને તેઓનો કોઈ વિરોધ નથી પરંતુ આ કાર્ય પૂર્ણ કરવામાં જેટલો સમય જાહેર કરાયો છે તે થોડો વધુ છે. જો તંત્ર સરખી રીતે અને થોડું ઝડપથી કાર્ય કરે તો આ કાર્ય અંદાજે દોઢથી બે મહિનામાં પૂર્ણ થઈ શકે એમ છે. આવનારા સમયમાં ચોમાસાનો સમય આવી રહ્યો છે, જો વરસાદ પડશે તો આ કાર્ય પૂર્ણ થવામાં મુશ્કેલી સર્જાશે અને વધુ વિલંબ થશે. સામાન્ય રીતે વરસાદ બાદ પાણી ભરાવાને લઈને સર્વેશ્વર ચોક વિસ્તારના વેપારીઓની દુકાનમાં વરસાદી પાણી ભરાઈ જતાં હતાં. જો આ કાર્ય પૂર્ણ નહીં થાય તો વરસાદી પાણીનો નિકાલ થવામાં મુશ્કેલી થશે અને વેપારીઓની દુકાનમાં પાણી ઘૂસી જશે અને માલસામાનની નુકશાની વેઠવાનો વારો આવી શકે છે તેવો ભય છે. જો કે અમુક વેપારીઓએ આ કાર્યને લઈને નારાજગી પણ વ્યક્ત કરી હતી. તેઓનું માનવું છે કે રોડ નીચેનો ભાગ મજબૂત છે તેથી તેને તોડવાની જરૂર નથી. તંત્રએ આટલું બધું કરવાની જરૂરિયાત નથી. તેમ છતા જો તંત્ર તે કાર્ય કરવા માંગે છે તો ૨ મહિનામાં કાર્ય પૂર્ણ કરી આપવા તંત્ર ને માંગ કરી છે. તેમજ અહી ચાલતું કાર્ય ખુબ જ ધીમું છે, તેથી તેને વેગ આપી દિવસ રાત તંત્રએ કાર્ય કરવું જોઈએ. અમુક વેપારીઓએ કોર્પોરેશનની સરાહના પણ કરી અને કહ્યું કે કોર્પોરેશન તરફથી અમને સાથ સહકાર પણ મળી રહ્યો છે અને યોગ્ય જવાબ પણ મળી રહ્યો છે. ખાસ સર્વેશ્વર ચોક વિસ્તારના વિપરીઓ વધુ સમસ્યા મા હોય તેવું જણાય છે કારણકે, તેઓ ખૂબ લાંબા સમયથી મુશ્કેલી વેઠી રહ્યા છે અને હવે વધુ ૪ મહિનાનો વિલંબ આવવાથી તેઓ અકળાયા છે. વેપારીઓએ વ્યથા ઠાલવતા કે; રસ્તો બંધ થવાથી વેપારીઓના રિટેલ કાઉન્ટરને મોટો ફટકો પડ્યો છે. અહીંના વેપારીઓ એક દિવસમાં ૨ હજાર થી લઈને ૨૦ હજાર સુધીનું ડેમરેજ ભોગવે છે. જો વેપાર જ નહીં થાય તો આ ખર્ચો ક્યાંથી કાઢવો ? અમારા દુકાનમાં કાર્ય કરતા લોકો એમને વધુ લાઈટ બીલ ન આવે એ રીતે એમને સપોર્ટ પણ કરી રહ્યા છે. અમને લોકોને ફરી કોરોના આવી ગયો હોય તેવી ફીલિંગ આવી રહી છે. ઠંડા પીણાના વેપારીઓ માટે ઉનાળો મુખ્ય સિઝન ગણાય છે, પણ અમારી દુકાને ૭૦% કસ્ટમર આવતા બંધ થઈ ગયા. હવે પછી ચોમાસુ અને શિયાળો આવશે એટલે અમારું તો આખું વર્ષ બગડશે. હાલમાં વેકેશનનો સમય ચાલે છે અને લગ્ન સિઝન પણ ચાલી રહી છે તેમ છતાં કાપડના વેપારીઓને ત્યાં સાંજ સુધીમાં ૧૦ કસ્ટમર પણ નથી આવતા. સિટી પ્લાઝા, હીરા પન્ના, જાગનાથ મંદિર, નાગરિક બેંક, કિરણ ઇલેક્ટ્રોનિક્સ, સંતોષ ભેળ, શિવા બેલ્ટ, સહિતના અન્યો તમામ વેપારીઓએ એક ખાસ અપીલ કરતા કહ્યું કે; અમુક લોકો એવું સમજી રહ્યા છે કે આ સમગ્ર વિસ્તાર બંધ કરી દેવાયો છે પરંતુ એવું નથી. અહીં વેપારીઓએ ગ્રાહકોને સંદેશો આપ્યો છે કે અમારી દુકાન ખુલી જ છે તમે લોકો ખરીદી કરવા આવી શકો છો. આ સિવાય અહીં લોકો આડેધડ વાહન પાર્ક કરી જતા રહે છે. તેથી તંત્રએ પાર્કિંગ સંબંધી સુચારુ વ્યવસ્થા કરવી જોઈએ તેવી માંગ વેપારીઓ દ્વારા કરવામાં આવી રહી છે. પોતાના વાહનો કાઢવામાં અનેકવાર મુશ્કેલી પડી રહી છે, અથવા તો વાહન નીકળે જ નહીં તેવી સ્થિતિ સર્જાઈ જાય છે. તેથી અહીં અંદરની બાજુએ ટીઆરબી જવાનો અને સાથે એક પોલીસ અધિકારી વાહનોનું સારું મેનેજમેન્ટ કરી પાર્કિંગ કરાવે તો વધુ સારું. બીજું ખાસ કે સર્વેશ્વર ચોકમાં જ્યાં કાર્ય પૂર્ણ થયું છે ત્યાંથી બેરિકેટિંગ હટાવવામાં આવે અને થોડી જગ્યા ખુલ્લી કરવામાં આવે તો સારું. આ જગ્યાએ પાર્કિંગ વ્યવસ્થા પણ કરી શકાય.

## ધો.૬થી ૧૦ (ગુજરાતી માધ્યમ) માટે જૈન અયોધ્યાપુરમ ગુરૂકુળમાં તા.૨૭ના પ્રવેશની કાર્યવાહી





રાજકોટ તા.૨૪

આચાર્ય બંધુ બેલડી આ.શ્રી હેમચંદ્રસાગર સૂરિજી મ. તથા પ્રખર પ્રવચનકાર આ.શ્રી હેમચંદ્રસાગર સૂરિજી મહારાજ પ્રેરિત અયોધ્યાપુરમ જૈન તીર્થ (વલ્લભીપુર પાસે)માં જૈન અયોધ્યાપુરમ ગુરૂકુળ શ્રી ધર્મસાગરજી વલ્લભી જૈન વિદ્યાપીઠમાં ૨૦૨૫ વર્ષના સત્ર માટે તા.૨૭મીના રવિવારે અયોધ્યાપુરમ તીર્થના આંગણે સવારે ૧૦થી ૨ વાગ્યા સુધી પ્રવેશ માટેના ઈન્ટરવ્યુ યોજાશે. તેમ અયોધ્યાપુરમ તીર્થના મેનેજીંગ ટ્રસ્ટી જયંતભાઈ મહેતા (૯૮૨૫૪ ૪૪૬૫૪)એ જણાવેલ છે. ધો.૬થી ૧૦ (ગુજરાતી માધ્યમ)ના પ્રવેશ માટેની કાર્યવાહી કરવામાં આવશે.

## ધારાશાસ્ત્રી દેવાંગ દવેની નોટરી તરીકે નિમણુંક



રાજકોટ,તા.૨૪

રાજકોટ શહેરના ઔદિચ્ય ખરેડી સમવાય બ્રાહ્મણ ધારાશાસ્ત્રી દેવાંગ પ્રફુલભાઇ દવેને કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં કેન્દ્ર સરકારના નોટરી તરીકે નિયુકત કરવામાં આવેલ છે. ધારાશાસ્ત્રી દેવાંગ પ્રફુલભાઈ દવે લગભગ છેલ્લા ૨૫ વર્ષથી રેવન્યુ તથા સરકારી અને સહકારી બેન્કીંગ ક્ષેત્રમાં ખુબજ સારી પ્રેકટીસ કરી રહયા છે.

દેવાંગ પ્રફુલભાઇ દવે હાલ બેંક ઓફ બરોડા, પંજાબ નેશનલ બેંક, યુનીયન બેંક ઓફ ઇન્ડીયા, રાજકોટ નાગરિક સહકારી બેંક લી., મહેસાણા અર્બન કો-ઓપ બેંકલી. તેમજડી.એસ. ઇન્ટીગ્રેટેડ ફીનસેક પ્રા. લી., જી.એસ.ડી. ટ્રેડીંગ એન્ડ ફાયનાન્સીયલ સર્વીસીસ પ્રા. લી. વિગેરે અનેક સંસ્થાઓના પેનલ એડવોકેટ તરીકે ફરજ બજાવી રહયા છે. ધારાશાસ્ત્રી દેવાંગ પ્રફુલભાઈ દવેના માર્ગદર્શન હેઠળ રાજકોટના અનેક રીયલ એસ્ટેટ પ્રોજેકટો કાર્યરત છે. રાજકોટના જાણીતા બિલ્ડરો માંહેથી મે. જગજીત બિલ્ડર્સ, મે. જગજીત બિલ્ડર્સ એન્ડ ડેવલોપર્સ, મે. કેવલમ બિલ્ડર્સપ્રા. લી., મે. સંવેદના બિલ્ડર્સ પ્રા. લી., મે દિયા એન્ટરપ્રાઇઝ, મે. સ્કાય બિલ્ડર્સ વિગેરે બિલ્ડરો સાથે તેમના જમીન-મકાનના પ્રોજેકટોમાં તેમના લીગલ એડવાઇઝર તરીકે સેવાઓ આપી છે.જીલ્લામાં નોટરી તરીકે નિયુકતી થવા બદલ ધારાશાસ્ત્રી દેવાંગ પ્રફુલભાઈ દવેને તમામ પરિવારના સભ્યો, મિત્ર મંડળ, અનેક નાના-મોટા બિલ્ડરો અને વેપારીઓ તરફથી અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

ધારાશાસ્ત્રી દેવાંગ દવે, (મો.- ૯૮૨૪૨૮૮૩૮૯) ૩૦૩, મારૂતીનંદન કોમ્પલેક્ષ, ગેલેકસી હોટલ સામે, જવાહર રોડ, રાજકોટ તેમની ઓફીસ ધરાવે છે.

## રાજકોટમાં ખુલ્યો "હેમલીઝ" નો પ્રથમ ટોય સ્ટોર

**વિશ્વની સૌથી પ્રખ્યાત રમકડાની દુકાન હવે કાલાવડ રોડ પર નોવેલેજ, પહેલા માળે, કોટેચા નગર ખાતે ખુલ્યો છે**





રાજકોટ તા.૨૪ : વિશ્વની સૌથી પ્રખ્યાત રમકડાની દુકાન, હેમલીઝે, ગુજરાતના રાજકોટમાં સત્તાવાર રીતે તેનો પહેલો સ્ટોર ખોલ્યો છે, જે સમગ્ર ભારતમાં બ્રાન્ડના વિસ્તરણમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. નોવેલેજ, પહેલા માળે, કાલાવડ રોડ, કોટેચા નગર, સ્વામિનારાયણ મંદિરની સામે સ્થિત, નવો હેમલીઝ સ્ટોર સૌરાષ્ટ્રના હૃદયમાં સિગ્નેચર ટોય સ્ટોર શ્રેષ્ઠ અનુભવ લાવવાનું વચન આપે છે.

૪,૫૦૦ ચોરસ ફૂટથી વધુ વિસ્તારમાં ફેલાયેલો, નવો હેમલીનો સ્ટોર બાળકો અને પરિવારો માટે આનંદ અને ઇમર્સિવ રમતના અનુભવોથી ભરેલો એક અજાયબી સ્ટોર છે. કાલાતીત ક્લાસિકથી લઈને નવીનતમ ટેક રમકડાં સુધી, સ્ટોર દરેક બાળકમાં જિજ્ઞાસા અને સર્જનાત્મકતાને ઉત્તેજીત કરવા માટે રચાયેલ વિવિધ શ્રેણીઓમાં ઉત્પાદનોની વિશાળ શ્રેણી ધરાવે છે.

''અમે હેમલીઝને રાજકોટ લાવવાનો આનંદ અનુભવીએ છીએ,'' હેમલીઝ ઇન્ડિયાના ગ્રુપ વાઇસ પ્રેસિડેન્ટ શ્રી કિંજલ શાહે જણાવ્યું હતું. ''આ સ્ટોર ફક્ત એક રિટેલ ડેસ્ટિનેશન કરતાં વધુ છે - તે બાળકો અને પુખ્ત વયના લોકો બંને માટે એક જાદુઈ અનુભવ છે. અમે સ્થાનિક લોકોના ભાગ બનવા અને રાજકોટના પરિવારો સાથે અવિસ્મરણીય યાદો બનાવવા માટે આતુર છીએ.''

ભારતમાં પહેલીવાર, હેમલીઝ એક અવિસ્મરણીય ભવ્યતા - હેમલીઝ કેરેક્ટર બસ પરેડ રજૂ કરવા માટે તૈયાર છે! રાજકોટમાં યોજાઈ રહેલી આ અનોખી ઉજવણી ૧૮ થી વધુ પ્રિય પાત્રોને એકસાથે લાવશે, જેમાં આઇકોનિક હેમલી અને હેટી બેર, સમગ્ર હેમલીઝ પરિવાર અને વિચિત્ર વન્ડરલેન્ડ પરિવારનો સમાવેશ થાય છે. એક ભવ્ય, આકર્ષક બસમાં સવાર થઈને પરેડ શહેરમાંથી પસાર થાય છે, તે બાળકો અને પરિવારો બંને માટે આનંદ, ઉત્સાહ અને જાદુઈ યાદોનો માર્ગ છોડી જવાનું વચન આપે છે.

**હેમલીઝની સ્થાપના :**

વર્ષ ૧૭૬૦માં લંડનમાં સ્થપાયેલ, હેમલીઝ વિશ્વભરના મુખ્ય શહેરોમાં સ્ટોર્સ સાથે વૈશ્વિક આઇકોન બની ગયું છે. રાજકોટમાં તેનો પ્રવેશ બ્રાન્ડના ભારતના દરેક ખૂણામાં બાળકોને વિશ્વ કક્ષાના રમતના અનુભવો પહોંચાડવાના વિઝન સાથે સુસંગત છે.


હેમલીઝ રાજકોટ હવે નોવેલેજ, પહેલો માળ, કાલાવડ રોડ, કોટેચા નગર ખાતે જાહેર જનતા માટે ખુલ્લું છે. પરિવારોને રમકડાંની જાદુઈ દુનિયાનું અન્વેષણ કરવા અને જીવનભર ટકી રહે તેવી યાદો બનાવવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે.

**હેમલીઝ વિશે :**

૨૬૫ વર્ષથી, હેમલીઝ ઓફ લંડન વિશ્વની સૌથી શ્રેષ્ઠ રમકડાની દુકાન છે જે તમામ ઉંમરના બાળકોને જાદુઈ અનુભવો અને આનંદ આપે છે. ભારતમાં હેમલીઝ બાળકો માટે નવા અને જાદુઈ અનુભવો માટે ટ્રેન્ડ સેટર તરીકે ઓળખાય છે. બ્રાન્ડના દેશના ૪૦ શહેરોમાં ૧૨૫+ સ્ટોર્સ ફેલાયેલા છે. આજે, તમે ઓનલાઈન જઈ શકો છો, મોલ અથવા એરપોર્ટમાં જઈ શકો છો અને ટ્રેડમાર્ક હેમલીઝ અનુભવનો આનંદ માણી શકો છો.

## કાશ્મીર આતંકી હુમલાના સંદર્ભમાં જૈન સમાજ તથા જૈનાચાર્યોનું નિવેદન

**પહેલાગામ આતંકી હુમલાથી સમસ્ત જૈન સમાજ તથા આચાર્યગણ વ્યથિત છે, આતંકવાદ વિરૂધ્ધ શૂન્ય સહિષ્ણુતાની નીતિ અપનાવવામાં આવે : ગચ્છાધિપતિ આ.શ્રી કુલચંદ્રસૂરી (કે.સી.) મ.**



રાજકોટ, તા. ૨૪

કાશ્મીરમાં પહેલગામમાં થયેલા આતંકી હુમલાના સંદર્ભમાં જૈન સમાજ તથા જૈનાચાર્યો દ્વારા નિવેદન બહાર પાડવામાં આવેલ છે.

કાશ્મીરમાં થયેલા અમાનવીય અને કાયરતાપૂર્ણ આતંકી હુમલાથી સમસ્ત જૈન સમાજ અને આચાર્યગણ અત્યંત વ્યથિત છે. આ માત્ર એક તરફી હુમલો નથી, પરંતુ સંપૂર્ણ રાષ્ટ્રના આત્મા પરનો આઘાત છે.

ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી કુલચંદ્રસૂરીશ્વરજી મહારાજે નમ્ર અપીલ કરતા જણાવેલ છે કે ભારત સરકાર દેશની અખંડતા, સુરક્ષા તથા નાગરિકોની રક્ષા માટે કઠોર અને નિર્ણાયક પગલા ભરે આતંકવાદની વિરૂધ્ધ શૂન્ય સહિષ્ણુતાની નીતિ અપનાવે અને સખત કાર્યવાહી કરવી તે સમયની માંગ છે. આતંકી ઘટનામાં મૃત પામેલા આત્માઓને શ્રધ્ધાસુમન પાઠવીએ છીએ. સંપૂર્ણ જૈન સમાજ આ સંકટની ઘડીમાં રાષ્ટ્રની સાથે ઉભુ છે.



## વિહીપ-બજરંગ દળ દ્વારા આતંકવાદી પુતળાનું દહન

જમ્મુ-કાશ્મીરનાં પહેલગામમાં પ્રવાસીઓ ઉપર અંધાધુંધ ફાયરીંગની ઘટનાને પગલે રાજકોટનાં ત્રિકોણબાગ ખાતે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળનાં કાર્યકરોએ આતંકવાદીના પુતળાનું દહન કરી આક્રોશ વ્યકત કર્યો હતો. આતંકઓને પકડી કડક સજા કરવા માંગણી ઉઠાવી હતી.(તસ્વીર : દેવેન અમરેલીયા)

## ભારત-તિબ્બત સંઘ દ્વારા તિબેટીયન મેડીકલ કેમ્પનું આયોજન

ભારત-તિબ્બત સંઘ દ્વારા તિબેટીયન મેડીકલ કેમ્પ ૧૧૩-મારૂતિનંદન કોમ્પ્લેક્ષ ખાતે દરમહિને એક દિવસ રાખવામાં આવે છે. મારૂતિનંદન કોમ્પ્લેક્ષમાં અથવા બાજુના કોમ્પ્લેક્ષમાં દવા વિતરણ માટે દર મહિનાના એક રવિવારે નિઃશુલ્ક ઓફીસ આપવા ઈચ્છતા સેવાભાવી ઓફીસ ધારકોને રાજેશભાઈ ભાતેલીયાના મો.નં.૯૪૨૯૫૧૦૮૧૪ પર સંપર્ક કરવો. આ રવિવારે સવારે ૭:૦૦ વાગ્યા સુધી દવા વિતરણ માટે ઉપયોગ કરવામાં આવશે.



## એકરંગ સંસ્થાના સ્થાપક સ્વ. કમલેશભાઈ પ્રજાપતિની ચોથી વાર્ષિક પુણ્યતિથી નિમિતે પેરેન્ટ્સ અવેરનેસ કેમ્પ યોજાશે

એકરંગ સંસ્થાના સ્થાપક અને ૪૫ મનોદીવ્યાંગ દિકરીઓના પાલક પિતાશ્રી સ્વ. કમલેશભાઈ પ્રજાપતિની ચોથી વાર્ષિક પુણ્યતિથી નિમિતે રાજકોટ તેમજ ગ્રામ્ય વિસ્તારની જરૂરિયાતમંદ દિવ્યાંગ (માનસિક વિકલાંગ), ડિસેબલ તથા શારીરિક રીતે વિકલાંગ અને દિવ્યાંગ હોય તેવા બાળકો અને તેના પેરેન્ટ્સ અવેરનેસ કેમ્પ વેકેશન તાલીમ નિઃશુલ્ક કાઉન્સેલિંગનું આયોજન કરવામાં આવેલ હતું. તેમજ હવન/પૂજન અને ભોજનપ્રસાદ તેમજ દિવ્યાંગ બાળકોના પેરેન્ટ્સ અવેરનેસ કેમ્પનું આયોજનમાં ૧૦૦ થી વધુ દિવ્યાંગ બાળકો અને વાલીઓ એ લાભ લીધો હતો.તથા આ દિવ્યાંગ બાળકોને ભેટ અર્પણ કરવામાં આવી હતી.



## સનસાઇન ગ્રુપ ઓફ ઇન્સ્ટીટ્યુસન્સનો વાર્ષિકોત્સવ ઓરિયાના સંપન્ન: ૬૦ થી વધુ વિદ્યાર્થીઓને કરાયા સન્માનિત

રાજકોટ,તા.૨૪

સનસાઈન ગ્રુપ ઓફ ઇન્સ્ટીટયુસન્સમાં દર વર્ષની જેમ ગત ગઈકાલ તા.૨૩ બુધવારના રોજ વાર્ષિકોત્સવ ઓરિયાના ૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સનસાઇન ગ્રુપના વિદ્યાર્થીઓને તેમના જીટીયુ રિસલ્ટના આધારે અને ઈતર પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે ૬૦ થી વધુ વિદ્યાર્થીઓને તેમના પરફોર્મન્સના આધારે અલગ અલગ એવોર્ડસ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ઓરિયાના ૨૦૨૫માં સનસાઇન ગ્રુપના તમામ વિદ્યાર્થીઓ ડાન્સ, તલવાર ડાન્સ, તારક મહેતા કેઇમ અભિનય જેવી વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી. આ કાર્યક્રમમાં ૪૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ અને વાલીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના ડિરેક્ટર ડો. પ્રો. વિકાસ અરોરાના નેતૃત્વ હેઠળ ડો.કોમલ પટેલ, ડો, પ્રતિક પાઉં, ડો.ખુશ્બુ દવે સહિતના તમામ કર્મચારીએ જહેમત ઊઠાવી હતી.



**'સાંજ સમાચાર'ની ટીમ દ્વારા વોર્ડ નં.૧૩મા રીયાલીટી ચેક**

તસ્વીર: પંકજ શિશાંગીયા

## અંબાજી કડવા રોડ પર ૨ સ્પીડ બેકર મૂકવા સ્થાનિકોની માંગ

**અનેકવાર અકસ્માતો :ક્યારેક કોઈનો જીવ જવાનો ભય:નાના બાળકો પર જોખમ**

સાંજ સમાચારની ટીમ આજે વોર્ડ નંબર ૧૩ ની રીયાલીટી ચેક કરવા યાત્રા કરી હતી. જેમાં આનંદ બંગલા ચોક નજીક અંબાજી કડવા પ્લોટ વિસ્તારની મુલાકાત લેવામાં આવી હતી. આ વિસ્તારના લોકોએ જણાવ્યા મુજબ; સરોજિની નાયડુ સ્કૂલ પાછળ અંબાજી કડવા મેઇન રોડ પર બે સ્પીડબેકર મૂકવાની જરૂર જણાય છે. હવેલી સામેના રોડ પાસે શેરી નંબર ૮ ના ખૂણા નજીક શિવમ મકાનની બંને બાજુએ મુખ્ય રોડ પર થોડા થોડા અંતરે બે સ્પીડ બેકર મૂકવા અતી જરૂરી છે.

આ ચોક હોળીવાળો ચોક તરીકે પણ ઓળખાય છે. કારણ કે અહીં અવારનવાર ગંભીર અકસ્માતો સર્જાય છે અને આ જગ્યાએ જ નાના બાળકો પણ રમી રહ્યા હોય છે. આ મુખ્ય રોડ હોવાથી અહીં અનેક વાહનો પસાર થતા રહે છે અને સ્પીડ બેકર ન હોવાથી વાહન ચાલકો અતિ ઝડપે પસાર થાય છે. હાલમાં આ રસ્તા પર કોર્પોરેશન દ્વારા કામકાજ પણ ચાલી રહ્યું છે તેથી આ રસ્તાને ખોદવામાં પણ આવી રહ્યો છે. સ્પીડબેકર મૂકવા બાબતે અહીંના સ્થાનિકોએ અગાઉ કોર્પોરેશનમાં રજૂઆતો પણ કરી છે અને અરજી પણ આપી છે પરંતુ આ બાબતે તંત્ર દ્વારા કોઈ ધ્યાન આપવામાં આવ્યું નથી.




## દિક્ષાર્થી ડીમ્પલબેન વિરાણીનું અભિવાદન

વૈશાલીનગરમાં જશ-પ્રેમ-ધીર સંકુલ ખાતે બિરાજીત પૂ.શ્રી ધીરગુરુદેવના દર્શનાર્થે દીક્ષાર્થી ડીમ્પલબેન વિરાણીનું આગમન થતાં શ્રી કેતનભાઈ શેઠ, અશોક ભાઈ કોઠારી, જયેશ દેસાઈ, કમલેશ શેઠ વગેરેના હસ્તે અભિવાદન કરાયું હતું.પૂ.ગુરુદેવે જણાવેલ કે-જે શ્રધ્ધાથી દીક્ષા અંગીકાર કરવાના છે.તેજ શ્રધ્ધાથી નિરવેખ્ખો પરિવ્વએ નિરપેક્ષ બનીને સાધનાને સમ્યક્ બનાવવા પુરુષાર્થશીલ બનશો લક્ષ્ય પ્રાપ્ત થયા વિના રહેશે નહિ.

**પાટડી તાલુકાના ધામા ગામે ઝાલાવાડ તથા ઝાલા ક્ષત્રિય સમાજના જન્મદાત્રી શ્રી શકિતમાંની અંતરધ્યાન તિથિ નિમિત્તે**

## શનિવારે શ્રી શકિતધામ માતાજીના મંદિર ખાતે હવન, ધ્વજારોહણ, મહાપ્રસાદનું દિવ્ય આયોજન

**સૌરાષ્ટ્ર-ગુજરાતમાંથી ક્ષત્રિય ઝાલા પરિવારો ઉમટી પડશેઃ તૈયારીઓનો ધમધમાટ**





તસ્વીર: પંકજ શિશાંગીયા

રાજકોટ તા.૨૪

ઝાલાવાડ તથા ઝાલા ક્ષત્રિય સમાજના જન્મદાત્રી શ્રી શકિતમાની અંતરધ્યાન તિથિ નિમિત્તે આગામી તા.૨૬ (ચૈત્ર વદ ૧૩)ના શનિવારના સુરેન્દ્રનગર જીલ્લાના પાટડી તાલુકાના સુવિખ્યાત યાત્રાધામ ધામા ખાતે શકિતધામ માતાજીના મંદિરે ઝાલાવાડ ક્ષત્રિય સમાજ દ્વારા વિવિધ ધાર્મિક આયોજનો હાથ ધરવામાં આવ્યા છે.

આ અંગેની વિગતો આપવા 'સાંજ સમાચાર'ના આંગણે ભાવિનભાઈ ખખ્ખર તથા રાજુભાઈ પ્રજાપતિ આવેલા હતા.

ચૈત્રવદ તેરસના રોજ શ્રી શકિતમાં, રક્ષારૂણાનું બંધન મહાભગીની બાળ ઉમાદેને ખોળે બેસાડી ધાંધલપુરની ધરામાં સમાઈ ગયા હતા ત્યારથી આ ધરા ધામા નામથી જગવિખ્યાત છે. શ્રી શકિતમાંની અંતરધ્યાન તિથી નિમિતે તા.૨૬ના શનિવારે જગવિખ્યાત ધામા શ્રી શકિત માતાજીના મંદિરે ઉજજવળ સુપ્રભાતે ૫-૩૦ કલાકે મહાઆરતીનું આયોજન કરવામાં આવેલ છે તથા મંદિરે ધ્વજારોહણ કરવામાં આવશે. સવારે ૯ વાગ્યાથી શ્રી યંત્ર પૂજન અને યજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે જે બપોરે પૂર્ણ થશે. મહાપ્રસાદ સવારે ૯-૩૦ કલાકે શરૂ કરવામાં આવશે.

ધામા શ્રી શકિતધામ ખાતે તા.૨૬ના શનિવારે યોજાનાર આ ધર્મમય કાર્યક્રમમાં ટ્રાફિક સમસ્યા ન સર્જાય તે માટે તા.૨૫/૪ના શુક્રવાર અને તા.૨૬ના શનિવારના જૈનાબાદથી ધામા જવા માટે એકતરફી રસ્તો હોવાથી જૈનાબાદ, વીસાવડી, ઝીંઝુવાડા, ધામા તથા ધામાથી પરત જતી વખતે ધામા, આદરીયાણા, વડગામ, દસાડા, જૈનાબાદના રસ્તાનો ઉપયોગ કરવા અપીલ કરાઈ છે. આ પ્રસંગે સૌરાષ્ટ્ર-ગુજરાતમાંથી ઝાલા ક્ષત્રિય સમાજના પરિવારો ઉમટી પડશે. શ્રી શકિત માતાજીના આ પાવન ધાર્મિક કાર્યક્રમમાં સહભાગી થવા અને ભોજન પ્રસાદનો લાભ લેવા સર્વે ધર્મપ્રેમી ભાઈઓ બહેનો અને માઈભકતોએ સહ પરિવાર પધારવા અનુરોધ કરાયો છે તેમ ઝાલાવાડ ક્ષત્રિય સમાજ પ્રમુખ ડો.રૂદ્રસિંહજી ઝાલા (સુરેન્દ્રનગર) વતી શ્રી શકિતમાંના ઉપાસક રાજકોટના સ્ટુડિયો શિવ વાળા ભાવિનભાઈ ખખ્ખર (૯૮૨૫૨ ૯૯૮૯૯)ની યાદીમાં જણાવાયું છે.




## દિલ્હીમાં પેરા ખેલો ઈન્ડિયા નેશનલ ટેબલ ટેનિસમાં બાલભવનની બાલસભ્ય કલ્પના ગોસ્વામીની પસંદગી

તા.૨૬ થી તા.૨૮ એપ્રિલ સુધી દિલ્હીના ઇન્દીરા ગાંધી સ્ટેડીયમ ખાતે યોજાયેલ પેરા ખેલો ઇન્ડીયા નેશનલ ટેબલ ટેનિસ' માં ભાગ લેવા માટે ગુજરાત વતી બાલભવન રાજકોટના ટેબલ ટેનીશના કોચ દિપાલીબેન પંડયા પાસે કોચીંગ મેળવતા વિદ્યાર્થીની 'કલ્પના ગોસ્વામી'ની પસંદગી થતાં બાલભવન રાજકોટ, તેમજ સમગ્ર રાજકોટ શહેર - જીલ્લાનું ગૌરવ વધારેલ. જે બદલ બાલભવનના માનદ્ મંત્રી

મનસુખભાઇ જોષી, ટ્રસ્ટી ડો. અલ્પનાબેન ત્રિવેદી અને ઓફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ કિરીટભાઇ વ્યાસે 'કકલ્પના ગોસ્વામી'ને ખૂબ ખૂબ શુભેચ્છા સાથે પોતાના કાર્યક્ષેત્રે આગળ વધવા પ્રાત્સાહીત કરેલ તેમજ આશિર્વચન પાઠવ્યા હતા.

જિનશાસન પ્રભાવક આ.શ્રી જયશેખરસુરિજીમ.પ્રેરિત

# વિમલનાથ જિનાલયના આંગણે અખાત્રીજના શ્રી આદિનાથ પરમાત્માને કરાશે ઈક્ષુરસનો પ્રક્ષાલ




રાજકોટ,તા.૨૪

જિન શાસન પ્રભાવક આ.શ્રી જયશેખરસુરિજીમ.પ્રેરિત બલસાણા તીર્થ સ્વરૂપ વિમલનાથ સ્વામી જૈન દેરાસરનાં આંગણે વૈશાખ સુદ ત્રીજ તા.૩૦ના બુધવારે ઈક્ષુરસથી પક્ષાલ સવારે ૬.૩૦ થી ૬.૪૫ કલાકે કેસરિયા આદેશ્વર પરમાત્મા ઉપર વર્ષીતપના તપસ્વી હશે તેમને પક્ષાલનો લાભ મુજબ આપવામાં આવશે.અને વર્ષીતપના તપસ્વી નહી હોય તો બોલી બોલીને આદેશ આપવામાં આવશે. જે જિનાલયને પક્ષાલ માટે ઈક્ષુરસની જરૂરિયાત હોય તેને વિમલનાથ જિનાલયે લખાવી દેવા જણાવાયું છે. સવારે ૭.૩૦ થી ૧૨.૩૦ જિનાલય પધારતા ભાવિકો માટે ઈક્ષુરસનાં પાલની વ્યવસ્થા કરવામાં આવી છે. ભાવિકોને લાભ આપવા જણાવાયું છે. ઈક્ષુરસનાં પાલની વ્યવસ્થા કરવામાં આવી છે.શ્રીમતી નીતાબેન હસમુખરાય સંઘવી હસ્તે કુતિબેન ઈશિતાબેન હિલોનીબેન ધર્મિનકુમાર પુનિતકુમાર હાર્દિકકુમાર ગૌતમ પલશ આરવ કલશ ખુશી પ્રાપ્તિ વગેરે સવારે ૧૦ કલાકે વિમલનાથ પરમાત્માના બહેનોના જાપ કૃ.દિશા પ્રતાપરાય મહેતા પરિવાર તરફથી તેમજ ભાતુ આપવામાં આવશે, રાત્રે આંગી,સમૂહ આરતી અને પ્રભાવના રાખવામાં આવેલ છે. જેમના લાભાર્થી ઉષાબેન, હરેશભાઈ બાખડા પરિવાર છે સમગ્ર ધાર્મિક કાર્યને સફળ બનાવવા માટે વિપુલભાઈ દોશી (૯૨૨૮૭૬૫૬૮૮) હરેશભાઈ બાખડા (૯૮૨૫૫ ૧૭૬૫૨) જસ્મીનભાઈ દોશી (૯૪૨૮૨૭૮૦૯૪) હર્ષદભાઈ શાહ, હિતેનભાઈ મહેતા, કપિલભાઈ જસાણી, ફિરોજભાઈ મહેતા, અનિલભાઈ જસાણી, દર્શિતભાઈ મહેતા, અશ્વિનભાઈ શાહ, ભુપેન્દ્રભાઈ દોશી વગેરે ઉપસ્થિત રહ્યા હતાં.




આજે શહેર જિલ્લા પત્રકાર એન્ડ પ્રેસ ફોટોગ્રાફર એસો. દ્વારા

# પહેલગામમાં આતંકી હુમલામાં મૃત્યુ પામેલ લોકોને શ્રદ્ધાંજલિ પાઠવા કેન્ડલ માર્ચ સાથે મૌન રેલી યોજાશે

રાજકોટ, તા.૨૪

ગત તા.૨૨ એપ્રિલના રોજ જમ્મુ કાશ્મીરના પહેલગામમાં આતંકી હુમલો થયો હતો. આ આંતકી હુમલામાં મૃત્યુ પામેલ લોકોને શ્રદ્ધાંજલિ પાઠવવા માટે રાજકોટ શહેર જિલ્લા પત્રકાર એન્ડ પ્રેસ ફોટોગ્રાફર એસોસિએશન દ્વારા આજરોજ સાંજે ૭:૩૦ કલાકે કિશન પરા ચોક, બાલભવનના ગેટ પાસેથી કેન્ડલ માર્ચ શરૂ કરી મૌન રેલી પદયાત્રા સરદાર વલ્લભભાઈ ની પ્રતિમા બહુમાળી ભવન પાસે પહોંચશે. ત્યાં સૌ સાથે મળી બે મિનિટનો મોન પાડી મૃતકોને શ્રદ્ધાંજલિ આપશે.

આ તકે રાજકોટના પત્રકારો, પ્રેસ-મીડિયા જગતના મિત્રો, રાજકોટની સેવાભાવી સંસ્થાઓના અધ્યક્ષઓ, રાજકોટના નામાંકિત શ્રેષ્ઠીઓ, વિવિધ જ્ઞાતિના પ્રમુખો તથા આગેવાનો તથા રાજકોટની શાંતિ પ્રિય જનતા, જાગૃત નાગરિકો, મહિલાઓ અને બાળકો સહિતના લોકો બહોળી સંખ્યાના જોડાશે. સાંજ સમાચાર ની મુલાકાતે પરેશભાઈ મૂલીયા, સંદિપભાઈ પરમાર, ફિરોઝભાઈ મોર, અબ્બસભાઈ પિરઝાદા, ઈલાબેન મારૂ, હર્ષાબેન શેઠ અને અભિજીત બારૈયા આવ્યા હતા.

# થાનગઢ પંથકમાં કાળા કોલસા બાદ સફેદ માટી ખનન ઉપર દરોડાઃ ૨.૫૦ કરોડનો મુદ્દામાલ જપ્ત

## વિજળીયા ગામે ખાનગી સર્વેની જમીનમાં મોટૂ માટી ખનન પ્રાંત અધિકારીની ટીમે ઝડપ્યું



ચોટીલા તા. ૨૪

કાલા સોના કોલસાના ખનીજ માફિયાઓ બાદ માટીના ખનન માફિયાઓ ઉપર ડે. કલેકટરની તવાઇ બાદ આજે થાનગઢનાં વિજળીયા ગામે ચાલતા ગે.કા માટી ખનન ઉપર દરોડા પાડી અઢી કરોડનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરતા ખનન માફિયાઓમાં દોડધામ મચી ગયેલ હતી પ્રાપ્ત માહિતી મુજબ ચોટીલા પ્રાત થાનગઢ પંથકમાં ગે.કા કાર્બોસેલ ઉપર તંત્રનાં દરોડા અને કડક કાર્યવાહી દરમ્યાન એસ. ડી. એમ. એચ. ટી. મકવાણા ને ખાનગી રાહે હકીકત મળેલ હતી કે આ વિસ્તારમાં સફેદ માટીની પણ મોટા પાયે અન અધિકૃત ખનન પ્રવૃતિઓ કરી ખનીજ માફિયાઓ ખનીજ ચોરી કરી રહ્યા છે. જેના આધારે તેઓએ માહિતી મેળવી આજે વિજળીયા ગામનાં એક ખાનગી સર્વે નંબરની જમીન ઉપર ચાલતા ગેરકાયદેસર માટી ખનન ઉપર તેમની ટીમ સાથે દરોડો પાડતા નાસભાગ મચી ગયેલ હતી આ દરોડા દરમ્યાન રાજુભાઈ વિરજીભાઇ કુમરખાણીયા અને તેના મળતીયા દ્વારા ખાનગી જમીનમાં માટી ખોદકામ કરવામાં આવતું હોવાનું ખુલ્યું હતું તેમજ ખનન પ્રવૃત્તિ માટે વપરાતા બે હીટાચી મશીન અને લઇ જવા માટેના બે પાટલા, બે ડમ્પર, ૭ મોબાઇલ, સબમર્શિબલ પંપ, પંખો, પાઇપ મળી અંદાજે અઢી કરોડ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. એકાએક માટી ખનન ઉપર પ્રાત અધિકારીની ટીમ ત્રાટકતા માટી ખનીજ માફિયાઓમાં ચકચાર સાથે હડકંમ્પ મચી ગયેલ છે. અને આ જ પ્રકારે અન્ય સ્થળે ચાલતી ખનન પ્રવૃતિઓ ઉપર પણ માહિતી મળે તબ્બકાવાર દરોડા પાડી ગે. કા પ્રવૃતિડ ડામવા માટે તંત્ર કામગીરી કરશે તેવું કહેવાય છે.




# જૈન સોશ્યલ ગ્રુપ રાજકોટ મીડટાઉન દ્વારા શપથ વિધિ કાર્યક્રમ યોજાયો

રાજકોટ,તા.૨૪

જૈન સોશ્યલ ગ્રુપ રાજકોટ મીડટાઉન ૨૦૨૫-૨૭નાં પ્રથમ પ્રોગ્રામ શપથ વિધીનાં કાર્યક્રમનું શાનદાર આયોજન હેમુ ગઢવી મીની હોલ, ટાગોર રોડ, રાજકોટ ખાતે ગત તા.૨૦ રવિવારનાં રાખવામાં આવેલ હતો.

સાલ ૨૦૨૫-૨૭ ની શપથવિધિ સમારોહમાં જેએસજી રાજકોટ મીડટાઉનનાં પ્રમુખ તરીકે ચિરાગભાઈ દોશી ને સૌરાષ્ટ્ર રીજીયન ચેરમેન સેજલભાઇ કોઠારી દ્વારા શપથ લેવડાવવામાં આવેલ હતા. ત્યારબાદ સૌરાષ્ટ્ર રીજીયનનાં સેક્રેટરી મેહુલભાઈ દામાણી દ્વારા ઓફીસ બેરર્સનાં ઉપપ્રમુખથી ફેનીલભાઈ મહેતા, સેક્રેટરી પરાગભાઈ દોશી, જોઈન્ટ સેક્રેટરીથી હેમાંગભાઈ પારેખ, ટ્રેઝરર કિર્તીભાઈ દોશી તથા કમીટી મેમ્બરો બીપીનભાઈ મહેતા, ભરતભાઈ વખારીયા, તન્મયભાઈ શાહ, અમીષભાઈ દોશી, જીતેન્દ્રભાઈ લાખાણી, ઈલેશભાઈ લાખાણી, અતુલભાઈ મહેતા શપથવિધિ કરાવેલ હતી.આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર રીજીયન ચેરમેન સેજલભાઈ કોઠારી, ફેડરેશનનાં આઈ.ડી.નિલેશભાઈ કામદાર, સૌરાષ્ટ્ર રીજીયનનાં વાઈસ ચેરમેન જયેશભાઈ વસા, સૌરાષ્ટ્ર રીજીયનનાં સેક્રેટરી મેહુલભાઈ દામાણી અને જોઈન્ટ સેક્રેટરી રાજેશભાઈ મોદી, રાજકોટ ઝોન કો-ઓર્ડીનેટર જીજ્ઞેશભાઈ મહેતા, સંગીની કન્વીર શ્રીમતિ સેજલબેન મનીષભાઈ દોશી, સૌરાષ્ટ્ર રીજીયન પી.આર.ઓ. શ્રીમતિ હીરબેન એમ. દામાણી, સૌરાષ્ટ્ર રીજીયન એડમીન પી.આર.ઓ. શ્રીમતિ મીરાબેન દોશીએ વિશેષ હાજરી આપી હતી.


# વોઈસ ઓફ લોયર દ્વારા એડવોકેટ સ્વ.રાજકુમારસિંહજી રાત્રી પ્રકાશ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટનો ધમાકેદાર પ્રારંભ

## ૧૬ ટીમો વચ્ચે જંગ જામશે, જજીસ અને ઓર્ગેનાઈઝર ઈલેવન વચ્ચે ફ્રેન્ડલી મેચ સાથે ઉદ્દઘાટન સેરેમની

રાજકોટ, તા.૨૪

રાજકોટ સહિત સૌરાષ્ટ્રના ક્રિકેટ રસિકો માટે વોઇસ ઓફ લોયર આયોજિત આજથી ત્રી દિવસીય એડવોકેટ રાજકુમારસિંહજી રાત્રી પ્રકાશ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટનો લાહવો લેવાનું અવસર પ્રાપ્ત થઈ રહ્યો છે.

શહેરના જામનગર રોડ પરાપીપળીયા પાસે આવેલ કૃષ્ણા ક્રિકેટ ગ્રાઉન્ડમાં સાડા પાંચ વાગ્યે વોઇસ ઓફ લોયર આયોજિત એડવોકેટ સ્વ. રાજકુમારસિંહજી ક્રીપાલસિંહજી પરમાર મેમોરિયલ રાત્રી પ્રકાશ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૨૪, ૨૫ અને ૨૬ એપ્રિલ દરમિયાન રાત્રી પ્રકાશ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ૧૬ વકીલ ટીમો વચ્ચે ચોકકા છક્કાનો જંગ જામશે. ટુર્નામેન્ટની ઉદઘાટન સેરેમનીનો જજીસ અને ઓર્ગેનાઇઝર વચ્ચે ફ્રેન્ડલી મેચ રમી ઉજવણી કરવામાં આવશે. આ ટુર્નામેન્ટને સફળ બનાવવા વોઇસ ઓફ લોયરના કન્વીનર ભગીરથભાઈ ડોડીયા, પરેશ મારુ, પ્રમુખ ઈન્દ્રસિંહ ઝાલા, સહ કન્વીનર જે.બી. શાહ, ભાવેશ રંગાણી, ઉપપ્રમુખ અમિત વેકરીયા, નિલેશ અગ્રાવત, રવિ વાઘેલા, જોઈન્ટ સેક્રેટરી બિમલ જાની, હિમાલય મીઠાણી અને જયેન્દ્ર ગોંડલીયા સહિતના મેમ્બરો દ્વારા જહેમત ઉઠાવી રહ્યા છે. ક્રિકેટ ઉદઘાટન સમારોહમાં ઉપસ્થિત રહેવા વોઇસ ઓફ લોયર રાજકોટના યુવા એડવોકેટ રૂપરાજસિંહ પરમાર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.



સ્વ. રાજકુમાર કિપાલસિંહજી

# તબીબી સંસ્થાએ ઓનલાઈન નોંધણી કરાવવા આરોગ્ય શાખાની તાકીદ

## કલીનીક, પ્રસૂતિગૃહ, નર્સિંગ હોમ, ડીસ્પેન્સરી લેબોરેટરી, એકસ-રે સેન્ટરોની નોંધણી ફરજીયાત

રાજકોટ,તા.૨૪

રાજકોટ મહાનગરપાલિકા, આરોગ્ય શાખા દ્વારા ધી બોમ્બે નર્સિંગ હોમ રજીસ્ટ્રેશન એક્ટ, ૧૯૪૯ અંતર્ગત રાજકોટ શહેરી વિસ્તારની તબીબી સંસ્થાઓ જેવી કે કલીનીક, હોસ્પિટલ, ડીસ્પેન્સરી, લેબોરેટરી વગેરેની નોંધણી કરવામાં આવતી હતી જે કામગીરી ધી ગુજરાત કલીનીકલ એસ્ટાબ્લીસમેન્ટ એક્ટ - ૨૦૨૧ તેમજ ધી ગુજરાત કલીનીકલ એસ્ટાબ્લીસમેન્ટ રૂલ્સ - ૨૦૨૨ અમલમાં આવતા બંધ કરવામાં આવેલ છે.

ધી ગુજરાત કલીનીકલ એસ્ટાબ્લીસમેન્ટ એક્ટ - ૨૦૨૧ અંતર્ગત જાહેર તથા ખાનગી તથા ટ્રસ્ટ સંચાલિત તબીબી સંસ્થાઓ જેવી કે, કલીનીક, પ્રસુતિગૃહ, નર્સિંગ હોમ, ડીસ્પેન્સરી, લેબોરેટરી, એક્ષ-રે અને ઈમેજીંગ સેન્ટરોએ નોંધણી કરાવવી આવશ્યક છે. આ અધિનિયમ અંતર્ગત માન્યતા પ્રાપ્ત ચિકિત્સા પદ્ધતિઓ જેવી કે એલોપેથી, આયુર્વેદ, હોમિયોપેથી, સિદ્ધ અને યુનાની સેવાઓ આપતી તબીબી સંસ્થાઓએ નોંધણી કરાવવી ફરજીયાત છે જે માટે રાજકોટ શહેરીની તમામ તબીબી સંસ્થાઓને ધી ગુજરાત કલીનીકલ એસ્ટાબ્લીસમેન્ટ એક્ટ - ૨૦૨૧ હેઠળ https://clinicalestablishment.gipl.in વેબસાઈટ પર લોગીન કરીને સત્વરે રજીસ્ટ્રેશન કરાવવા માટે જણાવવામાં આવે છે.

વધુમાં જણાવવાનું કે જો આપની સંસ્થા બાયોમેડીકલ વેસ્ટ જનરેટ ના કરતું હોય તો તે અંગેની બાહેધરી રજુ કરવા અને જો આપની સંસ્થાની હાઈટ ૯ મીટર કરતા ઓછી અને ૫૦૦ સ્કવેર મીટર કરતા ઓછી હોય તો તેની બાહેધરી રજુ કરવા જણાવવામાં આવે છે. વધુમાં આ અંગે આપને કોઈ પ્રશ્ન હોય તો support-ceagujarat.gov.in પર ઈ-મેલ કરવા તેમજ આરોગ્ય શાખા, જીલ્લા પંચાયત, રાજકોટનો સંપર્ક કરવા માટે આથી જણાવવામાં આવે છે.



# ગાંધીગ્રામ ૨ (યુનિ)ની ટીમે રૂા.૪ લાખથી વધુની રકમના ગુમ થયેલ મોબાઈલ અરજદારોને પરત કરાયા

રાજકોટ, તા.૨૪

શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા તથા અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગરીયા તથા નાયબ પોલીસ કમિશ્નર (ઝોન-૨) જગદિશ બીગરવા તથા મદદનીશ પોલીસ કમિશ્નર (પશ્ચિમ વિભાગ) રાધીકા ભારાઈના માર્ગદર્શન આપેલ.

જે અન્વયે પોલીસ ઇન્સ્પેકટર એચ.એન પટેલના માર્ગદર્શન મુજબ ગાંધીગ્રામ-૨(યુનિ) પો.સ્ટે.ના પો.કોન્સ. પ્રાદિત્યસિંહ ઝાલા તથા દિવ્યરાજસિંહ જાડેજા દ્વારા પોલીસ સ્ટેશનએ આવતી મોબાઇલ ચોરી તેમજ ગુમની અરજી પરથી તપાસ ના કામે CEIR PORTAL ની મદદથી અલગ-અલગ અરજદારોના રૂ.૪,૯૪,૩૧૦ કુલ ૧૭ મોબાઈલ શોધી પરત અપાવેલ છે.

આ કામગીરી કરનાર પોલીસ ઇન્સપેકટર એચ.એન.પટેલ,પો.કોન્સ. પ્રાદિત્યસિંહ ઝાલા, પો.કોન્સ. દિવ્યરાજસિંહ જાડેજા જોડાયા હતા.

# ડો.બાબા સાહેબ આંબેડકરના તેલચિત્રનું અનાવરણ



ભારતીય જનતા પાર્ટી અનુજાતી મોરચાના પ્રમુખશ્રી રતાભાઈ પરમાર દ્વારા રાજકોટ મધ્યસ્થ આવેલા નવા એસ.ટી.બસ સ્ટેશનમાં ડો.બાબા સાહેબ આંબેડકરના તેલ ચિત્ર (ફોટા)નું અનાવરણ કરવામાં આવેલ.તેમા ભારતીય જનતા પાર્ટીના હોદેદારો ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા પુર્વ ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયા, શહેર ભાજપ મહામંત્રી વિરેન્ધ્રસિંહ ઝાલા, કોર્પોરેટર હાર્દિકભાઈ ગોહિલ, કોર્પોરેટર જયશ્રીબેન ચાવડા, કોર્પોરેટર ભારતીબેન મકવાણા, પુર્વ શહેર પ્રમુખ મહેશભાઈ અધેરા,જૂનાગઢ મોરચાના પ્રભારી વજુભાઈ લુણાસીયા, શહેર મહામંત્રી સંજયભાઈ બગડા વોર્ડ નં.૧૫ના મહામંત્રી મૌલિકભાઈ પરમાર હાજર રહ્યા હતાં.

# ત્રાસવાદ

(પહેલા પાનાનું ચાલું)

આ હુમલો કર્યો છે.. એ આતંકીઓને.. અને આ હુમલાનું કાવતરૂ રચનારાઓને એમની કલ્પનાથી પણ મોટી સજા મળશે.

વડાપ્રધાન મોદીએ આતંકીઓ અને તેમના આકાઓને આ સખ્ત સંદેશ બિહારની ભૂમિ પરથી આપ્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે આજે પંચાયતી રાજ દિવસ છે. પૂરો દેશ મિથિલા અને બિહારથી જોડાયેલા છે આજે બિહારમાં વિકાસ સાથે જોડાયેલા અનેક પ્રોજેકટ્સ શરૂ કરાયા છે. આ પ્રોજેકટ્સમાં હજારો કરોડ રૂપિયાનું રોકાણ થયું છે. આ તકે વડાપ્રધાન મોદીએ રાષ્ટ્રકવિ રામધારીસિંહ દિનકરને તેમની પુણ્યતિથિ નિમિત્તે શ્રધ્ધાંજલિ આપી હતી.

# રાજય સરકાર

(છેલ્લા પાનાનું ચાલું)

ચો.મી. જગ્યા ફાળવવામાં આવી છે. આ સ્કિમમાં ઔધફોગિક તથા રહેણાક વિસ્તાર આવેલ છે. જેમાં તુલીપ પાર્ટી પ્લોટની પાછળનો ભાગ પરિન ફર્નિચર, મમદીબાગ,કાંગશિયાળી રોડ સુધીનો સમાવેશ થાય છે.

વાવડી ટીપી સ્કીમ નંબર ૨૭માં ૧૬૯૯૨૮૩ ચો.મી.નું ક્ષેત્રફળ અને ૧૬૯.૯૨ હેકટર જમીનનો સમાવેશ કરવામાં આવ્યું છે. જેમાં ઈડબલ્યુએસ વાણીજ્ય વેચાણ, રહેણાક વેચાણ, ગાર્ડન સહિતના કુલ ૭૬ પ્લોટ જેનું ક્ષેત્રફળ ૩૪૬૭૩૪ ચો.મી. ફાળવામાં આવ્યું છે. આ સદન સ્કીમમાં ૯ મીટરથી ૪૫ મિટર સુધીના ટીપી રોડ માટે ૩૨૮૬૪૩ ચો.મી. ક્ષેત્રફળની જગ્યા ફાળવવામાં આવી છે. આ ટીપી સ્કીમ રહેણાક ઝોનની છે જેમાં આદર્શ હાઈરાઈઝ વાવડી ગામની પશ્ચિમનો ભાગતેમજ કાંગશિયાળી રોડ સુધીના વિસ્તારનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# શિક્ષણ વિભાગનાં પ્રસિદ્ધ થયેલ જી.આરનો અમલ કરાવવા કોંગ્રેસ પ્રવકતા ડો.નિદત બારોટ

## પાંચ વર્ષ પૂર્ણ કરનાર અધ્યાપક સહાયકોને છઠ્ઠા વર્ષથી મળવા પાત્ર પગાર ધોરણનો લાભ આપો

રાજકોટ,તા.૨૪

શિક્ષણ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ કયુઆર તા.૧૩-૧૨-૨૦૨૩નો અમલ તાત્કાલિક કરાવવા અને અધ્યાપક સહાયકોને ન્યાય આપવા બાબતે મુખ્યમંત્રીને પત્ર પાઠવી કોંગ્રેસ પ્રવકતા ડો.નિદત બારોટે રજૂઆત કરી છે.શિક્ષણ વિભાગનો તા.૨૫/૮/૨૦૦૫નો ઠરાવ ક્રમાંક એનજીસી/૧૧૦૪/૧૬૫૭ ખ ઠરાવથી રાજયની બિનસરકારી અનુદાનિત કોલેજોમાં અધ્યાપક સહાયકની પાંચ વર્ષ સુધી ઉચ્ચક માનદ વેતનથી ભરતી કરવા તથા પાંચ વર્ષ સુધી સંતોષકારક કામગીરી બાદ છઠ્ઠા વર્ષથી મળવા પાત્ર પગારધોરણના લાભો આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે.નાણા વિભાગના તા.૧૬/૨/૨૦૦૬ના વંચાણે લીધા ક્રમાંક નાણા વિભાગને તા.૧૬/૨/૨૦૦૬નો ઠરાવ ક્રમાંક ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧ના ઠરાવથી રાજય સરકારની વર્ગ-૩ અને વર્ગ -૪ની તમામ સંવર્ગોની જગ્યાઓ ઉપરની સીધી ભરતીની નિમણુંકો પાંચ વર્ષના સમયાગાળા માટે ફિકસ પગારના અજમાયશી તરીકે કરવાનું ઠરાવવામાં આવેલ છે. ત્યાર બાદ નાણા વિભાગનો તા.૧૮/૦૧/૨૦૧૭નો ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭//પાર્ટ-૨/ઝ.૧ ના ઠરાવથી નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ ની નીતિ હેઠળ નિમણૂંક પામેલ ફિક્સ પગારના કર્મચારીઓની આ પાંચ વર્ષની સેવાઓને બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃતિ સમયે નિવૃતિ વિષયક મળવાપાત્ર લાભો અંગે સેવા તરીકે ગણવાનો રહેશે તેવો ઠરાવ કરેલ છે.

આ સંદર્ભે અધ્યાપક સહાયકોની પાંચ વર્ષની ફિક્સ પગારની સેવાઓને બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃતિ વિષયક લાભો માટે ગણતરીમાં લેવા અંગે ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ દ્વારા તા.૧૩/૧૨/૨૦૨૩ ED/MSM/efile/3/2022/0963/KH શકેલ નથી. જેના કારણે ઉપરોક્ત ભરતી નીતિ નિયમો અને ઠરાવો અનુસાર અધ્યાપક સહાયક તરીકે નિમણૂક પામેલ અધ્યાપક સહાયકોને સળંગ નોકરી ગણવા અંગે આગળ કાર્યવાહી ન થતાં તેઓ CAS અંતર્ગત પ્રમોશન મેળવી આચાર્ય માટે લાયક બની શક્યા નથી. જો આ ઠરાવનો અમલ કરવામાં આવે તો હાલમાં ૬૩૦૮ બજાવતા ઝયાપક સહાયક આચાર્ય માટે જરૂરી અનુભવ અને લાયકાત પ્રાપ્ત કરી શકે તેમ અંતમાં કોંગ્રેસ પ્રવકતા ડો.નિદત બારોટે માંગ ઉઠાવી છે.

# બી.પી. તથા ડાયાબીટીસની જેનેરીક દવાઓનું નિઃશુલ્ક વિતરણ

રાજકોટ,તા.૨૪

શ્રી સત્ય સાઈ સેવા સમિતી, રાજકોટ દ્વારા બી.પી. અને ડાયાબીટીસના દર્દીઓને એક મહિના ની જેનેરીક દવાઓનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવે છે. તારીખઃ ૨૭/૦૪/૨૦૨૫-રવિવાર ના સાંજેઃ ૬ થી ૭ સુધી શ્રી સત્ય સાઈ હાર્ટ હોસ્પિટલ, કાલાવડ રોડ, રાજકોટ ના પ્રાર્થના ખંડ માં ભજનપુર્ણ થયે આ દવાઓ વિના મુલ્યે આપવામાં આવશે. દર્દીઓ હાલ જે દવાઓ લેતા હોય તેની વિગત, ડોકટરના પ્રીસ્ક્રીપ્શન સાથે રાખવા.

# માર મારી કારમાં તોડફોડ કર્યાના ગુનામાં ચાર આરોપીને ૬ માસની કેદ

રાજકોટ, તા.૨૪

માર મારી કારમાં તોડફોડ કર્યાના ગુનામાં આરોપીઓ (૧) બોઘાભાઈ ઘુઘાભાઈ ગમારા, (૨) ધીરૂભાઈ વેલાભાઈ ગમારા, બંને રહે. ડોસળી ઘુના, બામણ બોર, તા.ચોટીલા, જિ.સુરેન્દ્રનગર, (૩) અશ્વિનભાઈ મગનભાઈ અગ્રાવત, રહે. ગુંદા ગામ, (૪) સુરેશભાઈ ગંગારામ દુધરેજીયા, રહે. આજીડેમ ચોકડી પાસે, રામપાર્ક-૧, રાજકોટ)ને કોર્ટે ૬ માસની સજાનો હુકમ કર્યો છે.

ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૫/૧૦/૨૦૧૬ ના રોજ આરોપી બોઘા ગમારાએ ફરીયાદી સાથે ટ્રક ભાડે રાખેલના પૈસા ન આપતા ઝઘડો થયેલ. જેથી ફરીયાદીને લોખંડના પાઈપથી મારેલ તથા અન્ય આરોપીએ ફરીયાદીની ફોરવ્હીલ કાર નં.જી.જે.૦૩.જે.સી. ૯૩૦૭ માં લોખંડના પાઈપ મારી નુકશાન કરેલ તેમજ આરોપી બોઘાએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ફરીયાદી વિજયભાઈએ રાજકોટ કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં ઈ.પી.કો. કલમ-૩૨૩, ૪૨૭, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એકટ કલમ-૧૩૫ મુજબ ફરિયાદ નોંધાવેલ હતી. પોલીસે આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ રજુ કરેલ. જેથી કોર્ટમાં કેસ ચાલી જતા સરકારી વકીલ દ્વારા કરવામાં આવેલ દલીલો અને ટાંકેલા ચુકાદા ધ્યાને લઈ ૧૩મા એડી. ચીફ જ્યુડી. મેજી. જે. એમ. સોલંકીએ ચારેય આરોપીને તકસીરવાન ઠેરવી આઈપીસી કલમ ૩૨૩મા ૬ માસની સજા, ૪૨૭મા ૩ માસની કેદ, જીપી એક્ટ ૧૩૫(૧)માં દંડ એમ આરોપીઓને કુલ ૪૨૦૦નો દંડ ફટકાર્યો હતો. આ કેસમાં સરકાર પક્ષે એપીપી ધાર્મિલાબેન બી. જોશી રોકાયેલ હતા.

# જિલ્લા પંચાયતમાં દિવાલ પડતા મજુર ઘવાયો

રાજકોટઃ શહેરના રેસકોર્સ રીંગરોડ પર આવેલ જિલ્લા પંચાયતની કચેરીમાં હાલ જુના બિલ્ડીંગને તોડી પાડવાની કામગીરી ચાલી રહી છે. આ કામગીરી દરમિયાન ગઈકાલે સાંજે ૫:૦૦ વાગ્યા દરમિયાન રાકેશ જેસાભાઈ ડામોર નામનો ૩૫ વર્ષીય શ્રમિક બિલ્ડીંગ પાડવાનું કામ કરી રહ્યો હતો ત્યારે અચાનક દિવાલ તૂટી પડતા દીવાલનો અમુક ભાગ તેની માથે પડતા રાકેશ ઘવાયો હતો. તેને તત્કાલ ૧૦૮ મારફત રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં તેને સારવાર આપવામાં આવી હતી.

# પર્સોના નોન ગ્રાટા

(પહેલા પાનાનું ચાલું)

છોડવા જણાવાયુ છે. ભારત સરકારે પાક દૂતાવાસને પણ તેના એકશનની પિડા થાય તે નિશ્ચિત કર્યુ છે તથા દિલ્હીમાં પાક દૂતાવાસ ન ડિફેન્સ, નૌકા તથા એર એડવાઈઝરને ભારતીય પર્સોના નોન ગ્રાટા અનિચ્છનીય વ્યક્તિ તરીકે જાહેર કરી તેઓને દેશ છોડવા જણાવાયુ છે તો ભારતે પાકના એકશન પુર્વે જ ઈસ્લામાબાદમાં રહેલા ભારતના આ જ દરજજાના અધિકારીઓને પરત બોલાવી લીધા છે. રસપ્રદ રીતે પાકના આ મીલીટ્રી એટેચી સહિતના અધિકારીઓને બિસ્તરા પોટલા બાંધવા કહેવા માટે અડધી રાતના દિલ્હીમાં પાક દૂતાવાસમાં સર્વોચ્ચ અધિકારી સાદ અહમદને વિદેશ મંત્રાલયે બોલાવાયા હતા અને આ આદેશ પકડાવી દેવાયો હતો તો વાઘા-પટ્ટારી સરહદ તાત્કાલીક અસરથી બંધ કરવામાં આવી છે અને જે પાક નાગરિકો હાલ ભારતમાં છે તેઓને ૧ મે સુધીમાં આ સરહદથી પરત જવાનુ રહેશે તો અગાઉ ઈસ્યુ કરેલા સાર્ક સહિતના વિસા હાલ સસ્પેન્ડ કરાયા છે. બન્ને દેશના દૂતાવાસમાં હાલ ૫૫ નો સ્ટાફ છે તે ઘટાડીને ૧ માસમાં ૩૦ના કરાશે.

# મોદી

(પહેલા પાનાનું ચાલું)

છેડેથી પકડીને સજા કરાશે. ત્રાસવાદથી ભારતની ભાવના-જોશને આંચ આવવાની નથી ત્રાસવાદ સજા વિના છટકી નહિં શકે.સમગ્ર દેશ આ માટે કટીબદ્ધ છે.

મધુબનીમાં લોકો હિન્દી તથા મૈથીલી ભાષા જ બોલતા-સમજતા હોય છે. છતાં અધવચ્ચે અંગ્રેજી બોલવા પાછળનુ કારણ દુનિયાભરનાં દેશો-નેતાઓને ભારતના આક્રમક વલણનો સંદેશ આપવાનું હોય તેમ મનાય છે.

# આજે સાંજે સર્વપક્ષીય બેઠકઃ રાહુલ ગાંધીએ પણ વિદેશ પ્રવાસ ટુંકાવ્યો

## સંરક્ષણમંત્રી રાજનાથસિંઘ પહેલગામ હુમલા- સરકારના પગલાની માહિતી આપશે

નવી દિલ્હીઃ પહેલગામ હુમલાના પગલે હવે એકશનમાં આવેલી કેન્દ્રની મોદી સરકાર એ પાકિસ્તાન સામે ડિપ્લોમેટીક પગલા તો શરુ કરી જ દીધા છે પણ હવે મિલીટ્રી એકશનની સંભાળના વચ્ચે સમગ્ર હુમલાની સંવેદનશીલતા જોતા આજે સર્વપક્ષીય બેઠક બોલાવી છે અને તેમાં વિપક્ષના નેતાઓ ઉપસ્થિત રહેશે. વિપક્ષના નેતા રાહુલ ગાંધી પણ અમેરિકી યાત્રા અધુરી છોડીને ભારત આવી ગયા છે અને આ સર્વપક્ષીય બેઠક સાંજે મળી રહી છે અને તેમાં રક્ષામંત્રી શ્રી રાજનાથસિંઘ વિપક્ષી નેતાઓને પહેલગામ હુમલા અંગે માહિતી આપશે અને સરકારના પગલા અંગે પણ વિપક્ષોને વિશ્વાસમાં લેશે. ગઈકાલથી જ ગૃહમંત્રી શ્રી અમીત શાહ તથા રક્ષામંત્રી શ્રી રાજનાથસિંઘે વિપક્ષના નેતાઓ સાથે વાતચીત કરી હતી અને આજની બેઠક અંગે માહિતી આપી હતી. સાંજે ૬ વાગ્યે મળનારી આ બેઠકની માંગ વિપક્ષોએ કરી હતી.

# કોઠારીયામાં મ્યુનિ. કોર્પો. દ્વારા રૂા. ૩૫.૮૭ કરોડના ખર્ચે સાઉથ ઝોનલ ઓફિસ નિર્માણ પામશે

**નવી ઝોનલ કચેરીમાં વોર્ડ નં. ૧૫ થી ૧૮ને આવરી લેવાશે : ૧૭,૯૮૦.૨૬ ચો.મી. બેઝમેન્ટમાં પાર્કિંગ, ગ્રાઉન્ડ ફ્લોરમાં આધારકાર્ડ, સીટી સિવિક સેન્ટર, સિક્યુરીટી-મેડીકલ રૂમ, સ્ટોર રૂમ, રોશની શાખા, વેસ્ટ મેનેજમેન્ટ શાખા અને ટોયલેટ બ્લોકનો સમાવેશ**

**ફર્સ્ટ ફ્લોરમાં નાયબ કમિશ્નર, સીટી ઇજનેર, આઇસીડીએસ-ટાઉન પ્લાનીંગ શાખા, કોન્ફરન્સ હોલ, સેકન્ડ ફ્લોરમાં હેલ્થ-ટેકસ-એસ્ટેટ શાખા, કોમન સ્ટોરેજ તૈયાર કરાશે : થર્ડ ફ્લોરમાં ડ્રેનેજ પ્રોજેકટ શાખા, વોટર વર્કસ અને કોન્ફરન્સ હોલનું કરાશે નિર્માણ**



**વિનય ઇન્ફ્રાટેકને કામ સોંપવા કાલની સ્ટેન્ડીંગમાં દરખાસ્ત : મ્યુનિ. કોર્પોરેશન દ્વારા દોઢ વર્ષ પહેલા તૈયાર કરાયેલ પ્રોજેકટનું અમલીકરણ**

રાજકોટ, તા.૨૪

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૧૮ના કોઠારીયા વિસ્તારમાં સાઉથ ઝોનલ ઓફિસનું નિર્માણ કરવામાં આવનાર છે. રૂા. ૩૫.૮૭ કરોડના ખર્ચે આ પ્રોજેક્ટ હાથ પર લેવામાં આવેલ છે. અહીં એ ઉલ્લેખનીય છે કે શહેરમાં હાલ મ્યુનિ. કોર્પોરેશનની ત્રણ ઝોનલ કચેરીઓ કાર્યરત છે. કોઠારીયા વિસ્તારના આ ચોથી સાઉથ ઝોનલ ઓફિસ કાર્યરત રત કરવા માટે દોઢ વર્ષ પહેલા આયોજન ઘડી કાઢવામાં આવેલ હતું. તેમજ મ્યુનિ. કોર્પોરેશનના બજેટમાં પણ આ અંગેની જરૂરી જોગવાઇ કરાયા બાદ આ પ્રોજેક્ટ હાથ પર લેવામાં આવેલ છે.

મ્યુનિ. કોર્પોરેશન દ્વારા સાઉથ ઝોનલ ઓફિસના નિર્માણ માટે ટેન્ડર પ્રક્રિયા કરી કંપનીઓ પાસેથી ભાવો મંગાવાતા વિનય ઇન્ફ્રાટેક પ્રા.લી., બેકબોન કન્સ. પ્રા.લી. અને આનંદ એસોસીએટ નામની ત્રણ કંપનીઓએ ઓનલાઇન બીડ સબમીટ કરેલ. જેમાં અન્ય કંપનીઓ કરતા વિનય ઇન્ફ્રાટેકએ ૯.૩૦% ઓછા ભાવ ભરતા આ કંપનીને સાઉથ ઝોનલ ઓફિસના બાંધકામ માટેનું કામ સોંપવા માટે આવતીકાલની સ્ટેન્ડીંગમાં દરખાસ્ત મુકવામાં આવી છે.

આ ટેન્ડર પ્રક્રિયામાં આનંદ એસોસીએટ ટેન્ડર કન્ડીશન મુજબ ડીસકવોલીફાય થયેલ જયારે અન્ય બે એજન્સી ટેન્ડરની શરતો મુજબ ટેકનીકલી કવોલીફાય થતી હોય, તેઓનું ઓનલાઇન પ્રાઇઝ બીડ ગત તા. ૨૭ માર્ચના ખોલવામાં આવેલ હતા જેમાં વિનય ઇન્ફ્રાટેક પ્રા.લી.એ ૯.૩૦ ટકા ઓછા અને બેકબોન કન્સ. પ્રા.લી.એ ૭.૧૩ વધુ ભાવ આવેલ જેથી વિનય ઇન્ફ્રાટેક પ્રા.લી.ને સાઉથ ઝોનલ ઓફિસનું કામ સોંપવા માટે આવતીકાલની સ્ટેન્ડીંગમાં દરખાસ્ત મુકવામાં આવી છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે સાઉથ ઝોનલ ઓફિસ માટે રૂા. ૩૫.૮૭ કરોડનું એસ્ટીમેટ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા મંજુર કરવામાં આવેલ હતું. આ પ્રોજેકટમાં ૧૭,૯૮૦.૨૬ ચો.મી.માં બેઝમેન્ટમાં પાર્કિંગ, ગ્રાઉન્ડ ફ્લોરમાં આધાર કાર્ડ, સીટી સિવિક સેન્ટર, સીકયુરીટી રૂમ, મેડીકલ રૂમ, સ્ટોર રૂમ, રોશની શાખા, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા અને ટોયલેટ બ્લોકનો સમાવેશ કરવામાં આવેલ છે.

જયારે ફર્સ્ટ ફ્લોરમાં નાયબ કમિશ્નર કચેરી, સીટી ઇજનેર ઓફિસ, આઇસીડીએસ શાખા, ટાઉન પ્લાનીંગ શાખા, કોન્ફરન્સ હોલ અને ટોયલેટ બ્લોક આ ઉપરાંત સેકન્ડ ફ્લોરમાં હેલ્થ શાખા, ટેકસ શાખા, એસ્ટેટ શાખા, કોમન સ્ટોરેજ, બાંધકામ શાખાનો સમાવેશ કરવામાં આવેલ છે. તેમજ થર્ડ ફ્લોરમાં ડ્રેનેજ પ્રોજેકટ શાખા, વોટર વર્કસ પ્રોજેકટ શાખા, કોન્ફરન્સ હોલ અને ટોયલેટ બ્લોકનો સમાવેશ કરવામાં આવેલ છે.

---

વાંકાનેરના હસનપર ગામની ઘટના

# દીકરીના સગપણ પછી દીકરાપક્ષે આર્થિક વ્યવહાર ન કરતા રાજકોટના ૨૦ શખ્સોએ કુહાડા અને પાઇપથી હુમલો કર્યો

**સામાજિક આગેવાનો અને પરિવારના વડીલો વચ્ચે અગાઉ સમાધાન થયું હતું અને અમુક રકમ દીકરીના પિતાને આપવા નક્કી થયું હતું, જોકે તે રકમ ન ચૂકવી શકતા માથાકૂટ થઈ હતી: ઇજાગ્રસ્ત હીરાભાઈ સરિયા અને તેમના પત્ની કંકુબેનને ઇજાગ્રસ્ત હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા : વાંકાનેર પોલીસે નિવેદન નોંધી તપાસ હાથ ધરી**

રાજકોટ, તા.૨૪

વાંકાનેરના હસનપર ગામે દીકરીના સગપણ બાદ દીકરા પક્ષે આર્થિક વ્યવહાર ન કરતા રાજકોટના ૨૦ શખ્સોએ હુમલો કર્યો હતો. દીકરાના માતા પિતા ઇજાગ્રસ્ત હીરાભાઈ સરિયા અને તેમના પત્ની કંકુબેનને ઇજાગ્રસ્ત હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સામાજિક આગેવાનો અને પરિવારના વડીલો વચ્ચે અગાઉ સમાધાન થયું હતું અને અમુક રકમ દીકરીના પિતાને આપવા નક્કી થયું હતું, જોકે તે રકમ ન ચૂકવી શકતા માથાકૂટ થઈ હતી. વાંકાનેર પોલીસે નિવેદન નોંધી તપાસ હાથ ધરી છે. આ અંગે મળતી માહિતી મુજબ,



ઈજાગ્રસ્ત હીરાભાઈ સરીયા, અને જેનું સગપણ થયું તે પુત્ર મનોજ

હીરાભાઈ લખમણભાઇ સરિયા (ઉંમર વર્ષ ૫૦, રહે. ધમલપર ચોકડી, દેવુબેનની વાડીએ હસનપર ગામ તાલુકો વાંકાનેર) અને તેમના પત્ની કંકુબેન (ઉં. વ.૫૦)ને ગઈકાલે મોડી રાત્રે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ઇજાગ્રસ્ત હાલતમાં ખસેડવામાં આવ્યા હતા. હીરાભાઈના દીકરા મનોજે આક્ષેપ કરતાં જણાવ્યું કે, તેનું સગપણ રાજકોટના જુના માર્કેટિંગ યાર્ડ પાછળ ખાડામાં રહેતા ભુપત કરણા બાંભવાની દીકરી કિંજલ સાથે નક્કી થયું હતું. સગપણ નક્કી કરતી વખતે જ્ઞાતિના રીત રિવાજ મુજબ અમુક રકમ દીકરીના પિતાને આપવાનું નક્કી થયું હતું. જોકે તે રકમ ન આપી શકતા ગઈકાલે રાત્રે તે પોતે તેના પિતા હીરાભાઈ કંકુબેન અને પરિવારના તમામ સભ્યો હાજર હતા ત્યારે ૨૦ જેટલા અજાણ્યા લોકોએ કુહાડી પાઇ ધોકા વડે હુમલો કર્યો હતો આ અંગે વાંકાનેર સિટી પોલીસમાં જાણ થતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

---

# કટારીયા ઓટોમોબાઈલ્સનો કર્મી ગ્રાહકોના રૂા.૩.૮૭ લાખ ચાંઉં કરી ગયો

**ત્રણ ગ્રાહકો પાસેથી બુકીંગ પેટેની રોકડ રકમ લઈ પોતાના અંગત કામમાં વાપરી નાંખ્યા: શો-રૂમના મેનેજરે જય ડોડીયા સામે ફરીયાદ નોંધાવી**

રાજકોટ. તા.૨૪

કટારીયા ચોકડી પાસે આવેલ કટારીયા ઓટો મોબાઈલ્સનો કર્મી ગ્રાહકોના બુકીંગ પેટેના રૂ.૩.૮૭ લાખ ચાંઉં કરી જઈ છેતરપીંડી આચરતાં તાલુકા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે વાવડી ગામ નજીક મહમદીબાગ સોસાયટીમાં રહેતાં અનવરભાઈ ફારૂકભાઈ મીનીવાડીયા (ઉ.વ.૩૮) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે જય અશોક ડોડીયા (રહે. એડીબી હોટલની સામે, મોરબી રોડ) નું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ આઠેક વર્ષથી કાલાવડ રોડ પર આવેલ કટારીયા ઓટો મોબાઇલ્સ શો-રૂમમાં જનરલ મેનેજર તરીકે નોકરી કરે છે. તેઓ સેલ્સ અને અન્ય સ્ટાફના માણસોને ઇન્ટરવ્યુ દ્વારા પસંદ કરી કામે રાખવાનું તેમજ નવી કારના સ્ટોકનુ મેનેજમેન્ટ કરે છે.

શો રૂમમાં જય ડોડીયા છેલ્લા આઠેક મહિનાથી સેલ્સ ટીમ લીડર તરીકે નોકરી કરતો હતો. તેને કંપનીની ગાડીઓનુ વેચાણ કરવાની કામગીરી કરવાની હોય છે તેમજ કસ્ટમરો લાવી તેઓને ગાડીઓ વિશે સમજાવીને બુકીંગથી લઈને ડીલવરી સુધીની તમામ પ્રોસેસ કરવાની હોય છે. શોરૂમ ખાતે નવી કારના જે કસ્ટમરના પેન્ડીંગ બુકીંગ હતા તે કસ્ટમરની ગાડી શોરૂમના હાજર સ્ટોકમા આવી ગયેલ હતી.

ગઈ તા.૦૬ ના શોરૂમમા અટીંગા સીએનજી કારના કસ્ટમર દર્શનભાઇ દિલીપભાઈ જોગડીયા (રહે. વડવાજડી, કાલાવડ રોડ) ને ફોન કરતા જણાવેલ કે, હું ગત તા. ૧૮/૦૩/૨૦૨૫ ના તમારી કંપનીના શોરૂમ ઉપર નવી ગાડી ખરીદ કરવા આવેલ અને તમારી કંપનીના એમ્પલોય જય ડોડીયાને મળેલ અને તેને ગાડીના બુકિંગ પેટેના રૂ.૪૫ હજાર રોકડા આપેલ હતા તેમજ શો-રૂમના કેશીયર શોરૂમ પરથી જતા રહેલ હોય જેથી બુકિંગ પેટેના રૂપીયાની પાવતી બાબને બીજા દિવસે આપવાનું કહેલ હતું. ત્યારબાદ દર્શનભાઈ તા.૨૫/૦૩/૨૦૨૫ ના ફરીવાર શો-રૂમ પર આવેલ અને ગાડીના ડાઉન પેમેન્ટના રૂ.૧.૪૭ લાખ રોકડા જયને આપેલ હતાં. તે સમય બપોરનો હોય જેથી જયએ જણાવેલ કે, કેશીયર લંચ માટે ગયેલ છે જેથી રૂ.૧,૪૭,૦૦૦/- પાવતી હું તમને વોટસ એપ કરી આપીશ.

તેમજ અન્ય ગ્રાહક રાહુલભાઈ બાલુભાઇ ભેસાણીયા (રહે. કોઠારીયા આદર્શ શિવાલય-૨) એ પણ રૂ. ૫૦ હજાર ગાડીના બુકીંગ પેટે આપેલ અને જયએ રૂપીયાની પાવતી આપેલ હતી પરંતુ તા.૨૯/૦૩/૨૦૨૫ ના ફોન કરેલ કે, તમારી ગાડી કંપનીમાથી નિકળી ગયેલ છે, ત્રણ થી ચાર દિવસમા તમને તમારી ગાડીની ડીલીવરી મળે જશે તમારે ડાઉન પેમેન્ટ પેટે રૂ.૧.૪૯ લાખ ભરવાના બાકી છે, તે ભરપાઈ કરી આપો, હુ તમારી પાસે પેમેન્ટ કલેકટ કરવા માટે આવુ છુ, જેથી રાહુલભાઈએ જયને પોતાના સોમનાથ ઇન્ડસ્ટ્રીઝમાં આવેલ કારખાના પર બોલાવેલ પરંતુ થોડીવાર બાદ જય કારખાનાથી થોડે દુર સોમનાથ વે-બ્રીજ ખાતે આવેલ અને મારે મોડુ થાય છે તમે મને પેમેન્ટ આપો તેમ કહીને રાહુલભાઈ પાસેથી રૂ.૧.૪૯ લાખ રોકડા લીધેલ હતાં.

તેમજ ગ્રાહક ચેતનભાઈ ધીરૂભાઇ વોરાને બ્રેઝા ગાડી ખરીદ કરવાની હોય જેથી જય ડોડીયને બુકીંગ પેટેના રૂ.૫૧ હજાર રોકડા આપેલ હતા. જેમાંથી તેને રૂ.૫ હજાર શો રૂમમાં જમા કરાવી બાકીના રૂ.૪૬ હજાર પોતાની પાસે રાખેલ હતા.

જેથી જયએ ગ્રાહકો પાસેથી બુકીંગ પેટે લીધેલ રૂ. રૂ.૩.૮૭ લાખ પોતાના અંગત ઉપયોગમા વાપરી છેતરપીંડી આચરી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી તાલુકા પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

---

# કોઠારીયા કોલોનીના સાગર સિધ્ધપુરાએ ભાદર નદીમાં પડતું મૂકી આપઘાત કર્યો

**૩૭ વર્ષીય સાગર બે દિવસ પહેલા જ પોતાના ઘરેથી નીકળી ગયો હતો શિવરાજગઢ પાસે આવેલ નદીમાં પગલું ભર્યું : આર્થિક ભીંસ કારણભૂત હોવાનું તારણ**

રાજકોટ, તા.૨૪

કોઠારીયા કોલોનીના સાગર સિધ્ધપુરાએ ભાદર નદીમાં પડતું મૂકી આપઘાત કરી લેતા ચકચાર મચી ગઇ હતી. ૩૭ વર્ષીય સાગર બે દિવસ પહેલા જ પોતાના ઘરેથી નીકળી ગયો હતો. શિવરાજગઢ પાસે આવેલ નદીમાં પગલું ભર્યું હતું. પ્રાથમિક પૂછપરછમાં આર્થિક ભીંસ કારણભૂત હોવાનું તારણ છે. જોકે સ્પષ્ટ કારણ જાણવા ગોંડલ તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ અંગે જાણવા મળતી વિગત મુજબ ગઈકાલે રાત્રે શિવરાજગઢ ગામ નજીકથી પસાર થતી ભાદર નદીમાં કોઈ લાશ કરતી હોવાનું જાણવા મળતા ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોસ્ટેબલ હેમલભાઈ બોરીચા અને અન્ય સ્ટાફ સ્થળ પર દોડી ગયો હતો મોડી રાત્રે મૃતદેહ પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો અને મૃતદેહને ફોરેન્સિક પીએમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે મૃતકની ઓળખ કરતા મૃતકનું નામ સાગર અનિલભાઈ સિધ્ધપુરા (ઉંમર વર્ષ ૩૭, રહે. રાજકોટ, સોરઠીયાવાડી સર્કલ પાસે કોઠારીયા કોલોની) હોવાનું જાણવા મળ્યું હતું. પરિવારજનો દોડી આવ્યા હતા પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, સાગરને સંતાનમાં બે દીકરીઓ છે તે બે ભાઈ અને એક બહેન છે. તે ફેબ્રિકેશનનું કામ કરતો હતો. ધંધામાં ખેંચ આવતા આર્થિક ભીંસના કારણે પગલું ભરી લીધું હોવાનું જાણવા મળે છે. તો કે સ્પષ્ટ કારણ જાણવા માટે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

---

# આંબેડકરનગરના યુવાનને વિડીયો મોકલી જ્ઞાતિ વિષે બેફામ ગાળો આપી

**માલવીયાનગર પોલીસ મથકમાં રાજુ સંધી નામના શખ્સ સામે ગુનો નોંધાયો**

રાજકોટ. તા.૨૪

આંબેડકરનગરના યુવાનને વિડીયો મોકલી જ્ઞાતિ વિષે બેફામ ગાળો આપતાં માલવીયાનગર પોલીસ મથકમાં રાજુ સંધી નામના શખ્સ સામે ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે એસટી વર્કશોપની પાછળ આંબેડકરનગર શેરીમાં રહેતાં ચીરાગભાઈ પ્રવીણભાઈ સોલંકી (ઉ.વ.૨૯) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે રાજુ વલી સંધી સહિતના શખ્સોના નામ આપી જણાવ્યું હતું કે, તેઓ રીક્ષા ડ્રાઈવીંગ કરી પરીવારનુ ગુજરાન ચલાવે છે. ગઈ તા.૨૨ ના બપોરના સમયે ઘરે હતો ત્યારે મીત્ર તુષારભાઈ ભારથીએ તેના વોટસઅપ નંબર પરથી અલગ અલગ કુલ છ વીડિયો ફાઇલ મોકલેલ હતી. જે વીડિયો ડાઉનલોડ કરી જોતા જેમા અલગ અલગ વીડિયોમાં રાજુ વલી સંધી નામનો વ્યક્તિ અનુસુચીત જાતી વીષે અભદ્ર ભાષા વાપરી ગાળો બોલતો હોય જેમા તે આંબેડકરનગરના લોકોને જ્ઞાતિ પ્રત્યે હડધૂત થાય તેવું બોલી તેમજ સમાજના આગેવાનોને પણ ગાળો બોલેલ હતી. આરોપી રાજુ વલી સંધી પહેલા રાજકોટ ખોડીયારનગરમા રહેતો અને ફરિયાદીના લતામાં અવાર નવાર આવતો જતો હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી માલવીયાનગર પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

---

# મહિલા તબીબને ધમકી આપી દુષ્કર્મ ગુજારવાના ગુન્હામાં આરોપી સુનિલ સુચકના જામીન નામંજૂર

રાજકોટ, તા.૨૪

ગત તા.૨૧/૦૯/૨૦૨૨ના રોજ રાજકોટ ખાતે રહેતા મહિલા તબીબને ધમકી આપી વારંવાર બળાત્કાર ગુજરેલ હોય. રાજકોટના રહીશ સુનિલ હેમંતલાલ સુચક વિરુદ્ધ ગાંધીગ્રામ-૨ (યુનિવર્સિટી) પોલીસ સ્ટેશન ખાતે પોતાની થયેલ ગુન્હા અંગે ભોગ બનનારએ ફરિયાદ નોંધાવી હતી.

આ કેસની હકીકત એવી છે કે, આરોપી સુનિલ હેમંતલાલ સૂચકના સ્વ. પત્નિ કે જેઓ પણ ડોક્ટર હતા અને પોતાનું ક્લિનિક ધરાવતા હતા. અલબત્ત, કોરોનામાં તેઓ ગુજરી જતા આરોપીને સદર ક્લિનિક ફરીથી શરૂ કર્યું હતું. ત્યારબાદ આરોપી ભોગ બનનાર મહિલા તબીબના સંપર્કમાં આવેલ હતા અને આરોપીએ તેણીને જણાવેલ કે, તમે આ કલીનીક સંભાળો તો ૫૦% ભાગીદારીમાં આપણે રહીશ તેવું મૌખીક વાત કરેલ હતી. ભોગ બનનાર મહિલા તબીબ ત્યાં પ્રેક્ટિસ કરતાં અને સદર ક્લિનિકનો હિયાબ આરોપી સુનિલભાઈ હસ્તક રહેતો. આ સમય દરમ્યાન આરોપીની નિયત બગડેલ હતી અને ભોગ બનનાર મહિલા તબીબને તારી સગાઈ તોડાવી નાખીશ તેવી આરોપીએ ધમકી આપી તેના પર બળાત્કાર ગુજાર્યો હતો. ઉપરોક્ત હકીકતવાળા ગુન્હા સબબ ધરપકડ થયા બાદ આરોપી સુનિલ હેમંતલાલ સુચકએ રાજકોટની અધિક સેશન્સ કોર્ટ સમક્ષ જામીન અરજી કરેલ હતી. જેની સુનવણી થતા કોર્ટ દ્વારા મૂળ ફરિયાદીએ તેઓના વકીલથી મારફત રજુ કરેલ લેખિત વાંધાઓ અને સરકારી વકીલની મૌખિક રજુઆતો ધ્યાને લઈ રાજકોટના અધિક સેશન્સ જજ પી. જે. તમાકુવાલા દ્વારા આરોપીની જામીન અરજી નામંજુર કરતો હુકમ ફરમાવવામાં આવેલ છે. આ કામમાં ભોગ-બનનાર / ફરિયાદી મહિલા તબીબ તરફે રાજકોટના એડવોકેટ રાજન કોટેચા, કૃણાલ કોટેચા, વારીસ જુણેજા, કિરણ ચુડાસમા, ડેનિશા પટેલ, જય વણઝારા તેમજ સરકાર પક્ષે એ.જી.પી. કમલેશ ડોડીયા રોકાયેલ હતા.

---

# બેડી ચોકડી પાસે ફિલ્મી સ્ટાઈલમાં કારમાંથી દારૂ-બિયરના જથ્થો પકડ્યોઃ બનાસકાંઠાનો શખ્સ ઝબ્બે

**રાધનપુરથી દારૂ ભરી રસ્તામાં સપ્લાય કરતા કરતાં છેલ્લે રાજકોટમાં દારૂ ઠાલવે કરે તે પહેલાં જ એલસીબીની ટીમ ત્રાટકી, નાસી છૂટેલા શખ્સની શોધખોળ**

રાજકોટ. તા.૨૪

બેડી ચોકડી પાસે ફિલ્મી સ્ટાઈલમાં કારમાંથી દારૂ-બિયરના જથ્થા સાથે બનાસકાંઠાનો શખ્સ પકડાયો હતો. રાધનપુરથી દારૂ ભરી રસ્તામાં સપ્લાય કરતા કરતાં છેલ્લે રાજકોટમાં દારૂ સપ્લાય કરે તે પહેલાં જ એલસીબીની ટીમ ત્રાટકી હતી.

દરોડાની વિગત મુજબ, એલસીબી ઝોન-૧ પીએસઆઈ બી.વી.ચુડાસમા ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં ત્યારે કોન્સ્ટેબલ ભાવેશ મકવાણા રવિરાજ પટગીર અને સત્યજીતસિંહ જાડેજા સહિતના સ્ટાફને મોરબી તરફથી રાજકોટ તરફ એક સફેદ કલરની ક્રેટા કાર નં. GJ-27-BS-3146 આવી રહી છે અને તેમાં બે શખ્સો બેસેલ છે અને તેમાં વિદેશી દારૂ ભરેલ છે તેવી મળેલ ચોક્કસ બાતમીના આધારે સ્ટાફ બેડી ચોકડી પાસે વોચમાં હતાં ત્યારે પસાર થયેલ કાર રોકવાનો પ્રયાસ કરતાં કાર ચાલકે કાર માલીયાસણ તરફ વાળી ભાગવા જતા ડિવાઈડરમાં કાર ફસાઈ જતા કારમાંથી એક શખ્સ કારનો દરવાજો ખોલી અંધારમાં નાશી ગયેલ હતો.

બાદમાં કાર જોતા ડ્રાઈવીંગ સીટ પર બેસેલ શખ્સનું નામ પૂછતા પોતાનુ નામ જગદિશકુમાર તલાજી ઠાકોર (ઉ.વ.૧૯, રહે. ગામ- અબાસણા,ભાભર-બનાસકાઠા) હોવાનુ જણાવેલ હતું. બાદમાં કારની પાછળની બાજુ તપાસ કરતાં અલગ અલગ બ્રાન્ડની દારૂની ૪૮ બોટલ અને બિયરના ૯૨ ટીન મળી આવતાં પોલીસે આરોપીની ધરપકડ કરી કુલ રૂ.૫,૫૭,૧૬૦ મુદામાલ પકડી પાડી નાસી છૂટેલા અશોક હેમતજી ઠાકોરની શોધખોળ આદરી હતી. બંને શખ્સો રાધનપુરથી દારૂ ભરી રસ્તામાં સપ્લાય કરતા કરતાં છેલ્લે રાજકોટમાં દારૂ સપ્લાય કરે તે પહેલાં જ ઝડપાઈ ગયાં હતાં.

---

# હત્યા પ્રયાસના ગુનામાં આરોપીઓની જામીન અરજી સેશન્સ કોર્ટે મંજુર કરી

**રૈયા ગામે બનેલી ઘટના, મશ્કરી કરવાની ના પાડતા છરીથી હુમલો કરાયો હતો**



હેમલ ગોહેલ એડવોકેટ

રાજકોટ તા.૨૪

શહેરના રૈયા ગામમાં સ્મશાન સામે તા.૨૪/૨ના રોજ આરોપી રવિ મનસુખ ગોહિલ, ઉદય સોઢા, મોહીન ફીરોજ ગોરી, કરણ સંજયભાઈ સોઢા દ્વારા પરેશ શર્મા ઉપર છરીથી હુમલો કર્યો હતો.

જે અંગેની ફરિયાદ યુનિ. પોલીસ મથકે નોંધાઈ હતી. ફરિયાદ મુજબ, પરેશ તેના જન્મ દિવસની ઉજવણી કરી ઘરે પરત ફરતો હતો ત્યારે રસ્તામાં આરોપીઓએ અટકાવી મશ્કરી કરી હતી મસ્તી કરવાની ના પાડતા આરોપીએ માર મારી છરી ઝીંકી દીધી હતી. આરોપીઓની ધરપકડ કરી જેલ હવાલે કરાયા હતા. જેલમાંથી છુટવા આરોપી રવિ, મનસુખ, ઉદય, મોહીન અને કરણે જામીન અરજી કરી હતી. જે ચાલી જતા આરોપીના વકીલે કરેલી દલીલો ધ્યાને લઈ સેશન્સ કોર્ટે જામીન અરજી મંજુર કરી હતી. આ કેસમાં આરોપીઓ વતી એડવોકેટ હેમલકુમાર બી. ગોહેલ, હિરેન્દ્રસિંહ આર. ચૌહાણ, આનંદ સદાવ્રતી, અજયસિંહ ચુડાસમા રોકાયેલ હતા.

---

# ચેક રીર્ટન બે કેસમાં આરોપી રીતેષ ત્રિવેદીને ૧ વર્ષની સજા ફટકારતી કોર્ટ

**પાંચ-પાંચ લાખ ૬૦ દિવસમાં વળતર સ્વરૂપે ચુકવવાનો કોર્ટનો હુકમ**

રાજકોટ, તા.૨૪

ફરીયાદી સુરજ વાસુરભાઈ ડેર તથા વિજય રતીલાલ વાઘેલાએ આરોપીને સંબંધના દાવે રકમ રૂ. ૫,૦૦,૦૦૦ તથા રૂ. ૫,૦૦,૦૦૦ અલગ-અલગ રીતે હાથ ઉછીના આપેલ. આ કામના આરોપીએ હાથ ઉછીના લીધેલ રકમ ફરીયાદીને પરત ચુકવવા આરોપીએ ગત તા. ૧૫/૦૪/૨૦૨૩ ના રોજનો રકમ રૂ. ૫,૦૦,૦૦૦ નો ચેક ફરીયાદી વિજય રતીલાલ વાઘેલાને આપેલ, તથા આરોપીએ ગત તા. ૬/૦૪/૨૦૨૩ ના રોજનો રકમ રૂ. ૫,૦૦,૦૦૦ નો ચેક ફરીયાદી સુરજ વાસુરભાઈ ડેરને આપેલ.

ચેકો બન્ને ફરીયાદીએ તેમના ખાતામાં જમા કરાવતા, બંને ચેક રીર્ટન થતા આરોપી રીતેષભાઈ જિતેન્દ્રભાઈ ત્રિવેદીને લીગલ નોટીસો આપેલ. નોટિસનો કોઈ જવાબ ન મળતા ફરિયાદીએ ચેક રીટર્નની કોર્ટમાં બે ફોજદારી ફરીયાદ કરેલ. ત્યારબાદ ફરીયાદીઓનો પુરાવો અને દલીલ સાંભળી રાજકોટના મહે. એડી. ચીફ. જયુ. મેજી, જજ એપી. ડેરએ આરોપી રીતેષ ત્રિવેદીને એક-એક વર્ષની સજા અને પાંચ-પાંચ લાખ દિવસ ૬૦ માં વળતર સ્વરૂપે ફરીયાદી વિજય રતીલાલ વાઘેલાને ચુકવવાનો હુકમ કરેલ. આ કેસમાં ફરીયાદી વતી વિદવાન વકીલ કિરણભાઈ રૂપારેલીયા, કૌશીક સોઠા, નિરલ કે. રૂપારેલીયા તથા મનોજ સોલંકી રોકાયેલ હતા.

---

# પરિણીતાને ત્રાસ આપવાનાં ગુનામાં ચાર સાસરીયાઓનો નિર્દોષ છુટકારો

રાજકોટ,તા.૨૪

શારરીક અને માનસીક ત્રાસ આપી મદદગારી કરવાના ગુન્હામાં આરોપીઓનો નિર્દોષ છુટકારો થયો છે. કેસની વિગત મુજબ આરોપીઓ પતિ તથા સાસુ, સસરા અને નણંદ થતા હોય તેવોએ ફરીયાદીને લગ્નના બેક મહીના બાદથી જ ઘરકામ તેમજ રસોઈકામ જેવી નાની નાની બાબતોમાં જગડા કરી ફરિયાદીના પતિને સાસુ, સસરા અને નણંદ દ્વારા ચડામણી કરી બધા આરોપીએ એક સંપ કરી શારરીક માનસીક ત્રાસ આપવાની ફરિયાદ, ફરિયાદી દ્વારા રાજકોટ શહેર મહિલા પોલીસ સ્ટેશનમાં ૪૯૮(ક), ૧૧૪ મુજબની ફરિયાદ આપેલ હતી. ત્યારબાદ ફરિયાદી દ્વારા ફરિયાદ આપીયા બાદ તપાસનીસ અધિકારી દ્વારા પુરતા પુરાવા મેળવી કોર્ટ સમક્ષ આઈ.પી.સી કલમ ૪૯૮(ક), ૧૧૪ મુજબ આરોપીઓ સામે ચાર્જશીટ કરવામાં આવેલ હતી. આરોપીઓ દ્વારા પોતાના વકીલ મારફત હાજર થઈ અને હાલના કેસમાં ફરિયાદી તથા સાહેદોને તપાસીયા બાદ કોર્ટ દ્વારા આરોપીઓનું ફરધર સ્ટેમેન્ટ નોધવામાં આવેલ હતું અને ત્યારબાદ સદરહું કેસમાં આરોપીઓના વકીલ દ્વારા મૌખીક દલીલો કરી હતી અને આઈ.પી.સી કલમ ૪૯૮(ક), ૧૧૪ મુજબના આ કામનાં આરોપી(૧) સાગર ભરતભાઈ ગોહીલ (૨) હર્ષાબેન ભરતભાઈ ગોહીલ (૩) ભરતભાઈ મોહનભાઈ ગોહીલ (૪) બીનલબેન ભરતભાઈ ગોહીલ ને રાજકોટના છઠ્ઠા એડીશનલ ચીફ. જયુડી. મેજી.ફ.ક. જજે આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરેલ હતો. હાલના કામે આરોપીઓ તરફે બલરામ એસ. પંડીત, મોતીભાઈ એન. સિંધવ, ધારા એસ. પંડીત, વંદના જે ગોસ્વામી આરોપીઓ વતી એડવોકેટ તરીકે રોકાયેલ હતા.




---

# કાલે મનપા આરોગ્ય શાખા દ્વારા વિશ્વ મેલેરીયા દિન ઉજવાશે

**ઝોન વાઈઝ જાહેર પ્રદર્શન, રેલી, શાળાઓમાં વર્કશોપ, પત્રીકાનું વિતરણ**

રાજકોટ,તા.૨૪

વિશ્વ મેલેરિયા દિવસની શરૂઆત વિશ્વ આરોગ્ય સંસ્થાની વિશ્વ આરોગ્ય એસેમ્બલીના ૬૦ માં સત્રમાં મે - ૨૦૦૭ માં થઇ હતી. સંસ્થાનો ઉદ્દેશ્ય મેલેરિયા શિક્ષણ અને જાગરૂકતાને પ્રોત્સાહન આપવાનો તથા રાષ્ટ્રીય મેલેરિયા નિયંત્રણ તકનીકો પર માહિતીનો પ્રચાર કરવાનો છે. વિશ્વ મેલેરિયા દિવસ પહેલા આફ્રિકા ''મેલેરિયા દિવસ ૨૫ એપ્રિલ ૨૦૦૧'' ના રોજ યોજાયો હતો. વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા વર્ષ ૨૦૦૮ થી સમગ્ર વિશ્વમાં ૨૫ એપ્રિલને ''વિશ્વ મેલેરિયા દિવસ''તરીકે ઉજવવામાં આવે છે. આ ઉજવણીના હેતુ વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા મેલેરિયા વિશે લોકોને સમજણ અને શિક્ષણ આપવા તેમજ વૈશ્વિક સ્તરે મેલેરિયા નિવારણ નાબૂદી તથા લોકોમાં જનજાગૃતિ કેળવવા અંગેનો છે. વિશ્વ મેલેરિયા દિવસની આ વર્ષની થીમ Malaria Ends With Us : Reinvest, Reimagine, Reignite(મેલેરિયાનો અંત આપણાથી : પુનઃ રોકાણ કરો, પુનઃકલ્પના કરો, પુન જાગૃત કરો')અંતર્ગત મેલેરિયા દિવસની ઉજવણી કરવામાં આવનાર છે.



રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં આરોગ્ય અધિકારી ડો. જયેશ વકાણીના માર્ગદર્શન હેઠળ અને બાયોલોજીસ્ટના આયોજન હેઠળ શહેરના ૩ મેલેરિયા ઝોનલ ઓફીસ, ૨૩ શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ૪૬ આયુષ્માન મંદિર દ્વારા ક્ષેત્રિય વિસ્તારમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ૨૫ એપ્રિલ ૨૦૨૫, ''વિશ્વ મેલેરિયા દિવસ''ની ઉજવણી કરવામાં આવનાર છે. જેનો હેતુ ચોમાસા પહેલા અને દરમિયાન મચ્છર ઉત્પતિ સ્થાનોને શોધી તેને નાબૂદ કરવા, બિન ઉપયોગી ઘાબા પરનો ભંગાર - કાટમાળ અને પ્લાસ્ટિક વેસ્ટનો નિકાલ તેમજ વિવિધ પ્રવૃતિઓ હાથ ઘરી સઘન સર્વેલન્સ દ્વારા મેલેરિયા પોઝિટીવ દર્દીઓને શોઘી તેને સંપૂર્ણ સારવાર આપવામાં આવે તો ચોમાસામાં ફેલાતા મેલેરિયા રોગને નિયંત્રિત કરી શકાય. આરોગ્ય શાખા દ્વારા ૨૫ એપ્રિલ, ''વિશ્વ મેલેરીયા દિવસ'' નિમિતે જનજાગૃતિ અંતર્ગત રેલી, જાહેર પ્રદર્શન, શાળા કોલેજોમાં વર્કશોપ, મચ્છરના જીવન ચક્રનો લાઇન નિદર્શન, વ્યકિતગત આરોગ્ય શિક્ષણ, જૂથ ચર્ચા, બેનર, પત્રીકા વિતરણ જેવા વિવિઘ આરોગ્યલક્ષી કાર્યક્રમ યોજવામાં આવનાર છે.

---

# રેલનગરમાં સીટીબસ હડફેટે વૃદ્ધાનાં મોતમાં વળતર ચુકવવાં મ્યુ.કમિશ્નરને રજુઆત

રાજકોટ,તા.૨૪

રેલનગરમાં ગત ડિસેમ્બર માસમાં સીટી બસના ડ્રાઈવરને ચાલુ બસે હાર્ટ એટેક આવતા રાહદારી વૃદ્ધાનું મોત થતા મૃતક વૃદ્ધાના પતિએ મ્યુ.કમિશ્નરને વળતર ચુકવવા રજૂઆત કરી છે.

ઈન્દીરા સર્કલ વિસ્તારમાં ડ્રાઈવરની બેદરકારીના કારણે ચાર લોકોના મૃત્યુ થયા. લોકરોષ ફાટી નીકળ્યો, ડ્રાઈવરની બેદરકારી અને કોન્ટ્રાકટરની લાલીયાવાડીથી થયેલ અકસ્માતમાં મહાનગરપાલિકાએ તાત્કાલિક અસરથી મૃતકને રૂા.૧૫ લાખ સહાય જાહેર કરેલ અને ઈજાગ્રસ્તને રૂા.૨-૨ લાખની સહાય જાહેર કરેલ. પણ અગાઉ તા.૫ ડીસેમ્બર, ૨૦૨૪ ના રોજ રેલનગર મેઈન રોડ પર સાંજના સમયે ચાલુ બસે વયોવૃધ્ધ બસના ડ્રાઈવરને એટેક આવતા અકસ્માત થયેલ.જેમાં સાંજના સમયે અમોના પત્નિ સંગીતાબેન ગંગારામ માકડીયા શાકબકાલુ લેવા જતા અકસ્માત થયેલ અને તેમાં તેમનો જીવ ગયેલ. તો ત્યારે પણ તે વિસ્તારમં લોકરોષ ફાટી નીકળ્યો હતો. તો ત્યારે મહાનગરપાલિકાએ સહાય કેમ જાહેર ન કરી ? અકસ્માત તો થયો છે, માણસોના જીવ પણ ગયા છે.ફરક એટલો કે અહી ડ્રાઈવરની બેદરકારીથી ચાર જણાના જીવ ગયા છે અને રેલનગર વિસ્તારમાં વયોવૃધ્ધ (૬૮ વર્ષના) ડ્રાઈવરને ચાલુ નોકરીએ હાર્ટએટેક આવતા બસમાં જ મૃત્યુ થયેલ અને બસ પરનો કાબુ ન રહેતા નિર્દોષ સંગીતાબેન નું મૃત્યુ થયેલ. તો એક ને ખોળ અને બીજાને ગોળ એ વૃતિ કયા સુધી ચાલતી રહેશે ? રેલનગરમાં થયેલ અકસ્માતમાં પહેલા સીટી બસ સંચાલકો/ ડ્રાઈવરોની બેદરકારીથી ઘણા બધા અકસ્માતો થયા છે. જેમાં આર્થિક નુકશાન અને લોકોના જીવ પણ ગયા છે ત્યારે પણ સહાય જાહેર કરેલી છે. સંગીતાબેન અને તેમના પતિ ગંગારામ ઘરકામ ઉપરાંત ઘરે બેસી ડ્રેસ મટીરીયલનો વેપાર કરતા હોય તે ઘરમાં એક આધાર સ્તંભ પણ હતા. જેથી બસ ડ્રાઈવરના કુદરતી મૃત્યુના કારણે નિર્દોષ મહીલાનો જીવ ગયો અને પરિવાર ખંડીત થયો અને મારી આર્થિક કમ્મર તુટી ગઈ.મારા પુત્ર અને પુત્રી મા વગરના થઈ ગયા. હવે મારી ઘર સંભાળવું કે રોજીરોટી કમાવવા કયા જવું? આમ, તમામ વિગતને ધ્યાનમાં લઈ આ કિસ્સામાં પણ મહાનગરપાલિકા સાનુકુળ વલણ અપનાવી માનવતા દાખવી તાત્કાલિક સહાય કરે તેવી માંગ ગંગારામ માકડીયાએ કરી છે.






▸▸ જમ્મુ કાશ્મીરના આતંકવાદી હુમલામાં જાન ગુમાવનારા પિતા-પુત્રના મૃતદેહો પરિવારને સોંપાતા વાતાવરણમાં ગમગીની પ્રસરી

# ભાવનગરમાં પિતા-પુત્રની અંતિમયાત્રામાં પરિવારજનોનું હૈયાફાટ રૂદન: મુખ્યમંત્રીએ સાંત્વના આપી

## હજારો લોકોની આંખમાંથી અશ્રુઓ વહ્યા: અંતીમ યાત્રામાં સગા સ્નેહીઓ, આગેવાનો, નગરજનો તથા વાણંદ સમાજના હજારો લોકો જોડાયા

(વિપુલ હિરાણી દ્વારા)
ભાવનગર તા.૨૪

જમ્મુ કાશ્મીરમાં આતંકવાદી હુમલામાં ભોગ બનનાર ભાવનગરના પિતા-પુત્રના મૃતદેહ માદરે વતન લવાયા બાદ પિતા-પુત્રની અંતિમયાત્રા આજે સવારે તેનાં નિવાસસ્થાનેથી નીકળી હતી ત્યારે હજારો લોકોની આંખોમાં અશ્રુઓ વહ્યા હતા. પરિવારજનોના હૈયાફાટ રૂદનથી વાતાવરણ ગમગીનીભર્યુ બની ગયું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલએ મૃતકના નિવાસસ્થાને જઈ પુષ્પાંજલી આપી, પરિવારજનોને સાંત્વના પાઠવી હતી. અંતિમયાત્રામાં સગા-સ્નેહીઓ, ઉપરાંત રાજકીય આગેવાનો, નગરજનો અને વાળંદ સમાજના હજારો લોકો જોડાયા હતા.

જમ્મુ કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલામાં ભાવનગર શહેરનાં કાળીયાબીડ નંદનવન સોસાયટીમાં રહેતા યતીશભાઈ સુધીરભાઈ પરમાર (ઉ.૪૬) અને તેના પુત્ર સ્મીત પરમાર (ઉ.૧૬)ના ગોળી વાગવાથી મોત નિપજયા છે. ગઈ મોડી રાત્રે ૧૨/૩૦ કલાકે મુંબઈથી અમદાવાદ મૃતદેહો ભાવનગર આવી પહોંચ્યા હતા. અને સવારે ૭ વાગે સર ટી. હોસ્પીટલથી પરિવારજનોને સોંપવામાં આવ્યા હતા. સવારે નિવાસસ્થાને બન્ને મૃતદેહો લાવવામાં આવ્યા ત્યારે પરિવારજનોનાં હૈયાફાટ રૂદનથી વાતાવરણ ગમગીનીભર્યુ બની ગયું હતું. હજારો લોકો નિવાસસ્થાને દોડી આવ્યા હતા. અને પુષ્પાંજલી આપી હતી. દરમ્યાન રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણીયા, ધારાસભ્ય જીતુભાઈ વાઘાણી, દિવ્યેશભાઈ પરસોતમભાઈ સોલંકી, ધારાસભ્ય સેજલબેન રાજીવભાઈ પંડયા, શહેર પ્રમુખ તેમજ અધિકારીઓ-પદાધિકારીઓ ઉપરાંત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલએ પિતા-પુત્રને પુષ્પાંજલી આપી હતી અને પરીવારજનોને સાંત્વના પાઠવી હતી. બાદ અંતિમ યાત્રા નીકળી હતી જેમાં આગેવાનો, નેતાઓ, વાળંદ સમાજના હજારો ભાઈઓ જોડાતા લાંબી અંતિમ યાત્રા નીકળી હતી.

વાળંદ પરિવારનાં પિતા-પુત્રનાં નિધનથી સમાજમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ ગઈ છે. આજે ભાવનગર શહેરની વાળંદની દુકાનો સવારે ૮થી ૧૨ અર્ધો દિવસ બંધ રહી હતી અને હજારો લોકો અંતિમયાત્રામાં જોડાયા હતા.

### આતંકી હમલાનો ભોગ બનનાર સ્મિતને આર્મીમેન બનવાનું સ્વપ્ન હતું

આતંકી હુમલાનો ભોગ બનનાર સ્મિત ઉ.૧૬ને આર્મીમેન બનવાનું સપનુ હતું. સ્મિત પરમારને પહેલેથી ભારતીય સૈન્યમાં જોડાવું હતું. અને તે માટે તે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ પણ કરતો હતો પરંતુ સ્મિતની આર્મીમેન બનવાની આશા આતંકવાદીઓએ રગદોળી કાઢી છે.

**સમગ્ર ભાવનગરમાં આક્રોશ**

ભાવનગરના પિતા-પુત્રના નિધનથી સમગ્ર ભાવનગરના આતંકવાદ સામે રોષ ફેલાયો છે. ભાવનગરના જન્મ દિવસની ઉજવણી પણ આ બનાવને કારણે મુલત્વી રાખવામાં આવી છે.

### ભાવનગરના જન્મ દિવસની ઉજવણી મોકુફ રાખવામાં આવી

વિપુલ હિરાણી ભાવનગર તા.૨૪

ધારાસભ્ય જીતુભાઈ વાઘાણી દ્વારા પ્રેરિત ભાવનગરના જન્મ દિવસની ઉજવણી એટલે કે કાર્નિવલ મહોત્સવની ભવ્ય ઉજવણી બોરતળાવ ખાતે તા.૨૯ - ૩૦ એપ્રિલના રોજ થનાર હતી પરંતુ ગઈકાલે જમ્મુ કાશ્મીરમાં થયેલા આતંકી હુમલામાં નિર્દોષ લોકોના મોત થયા અને લોકો ઈજાગ્રસ્ત થયા છે આ મોટી બનેલી ઘટનાને લઈને ધારાસભ્ય જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે ભાવેણાનો જન્મોત્સવ એટલે કાર્નિવલ મહોત્સવની ઉજવણી મુલતવી રાખવામાં આવી છે.

એટલું જ નહીં મૃતકોના આત્માને ભગવાન શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરવામાં આવી છે અને તમામના પરિવાર સાથે સમગ્ર દેશ તેમની સાથે છે અને આવેલા દુ:ખમાં સહભાગી છે . આમ જન્મોત્સવ સમિતિએ સર્વ સંમતિથી કાર્નિવલ મહોત્સવ મુલતવી રાખવાનું નક્કી કર્યું છે અને સાદગી પૂર્ણ રીતે પ્રાત: સ્મરણીય મહારાજાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે

આ ઉપરાંત જમ્મુ કાશ્મીરમાં બનેલી આતંકી ઘટના માં મૃત્યુ પામેલા લોકોના આત્માની શાંતિ માટે ધારાસભ્ય જીતુભાઈ વાઘાણીએ ભગવાનના ચરણોમાં પ્રાર્થના કરી છે અને ઈજાગ્રસ્તો ઝડપથી સાજા થઈ જાય તે માટે સતત સંપર્કમાં છે




## ભાવનગરના પિતા-પુત્રના મૃતદેહ અમદાવાદ એરપોર્ટ આવી પહોંચતા રાજયના મંત્રીઓએ શ્રદ્ધાંજલી અર્પી

### ભાવનગરના બે મૃતકોને અમદાવાદ સુધી હવાઈ માર્ગે અને ત્યાંથી પાઈલોટીંગ સાથે ભાવનગર સુધી લઈ જવાયા

અમદાવાદ, તા. ૨૪

જમ્મુ કાશ્મીરનાં અનંતનાગ જિલ્લાના પહેલગામ ખાતે જમ્મુ-કાશ્મીરમાં આતંકી હુમલામાં મૃત્યુ પામેલા ભાવનગરના બે સ્વર્ગસ્થ નાગરિકોના મૃતદેહ વિમાન માર્ગે અમદાવાદ એરપોર્ટ પર લવાયા હતા. અમદાવાદ એરપોર્ટ પર આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, પ્રોટોકોલ મંત્રી મંત્રી જગદીશભાઈ વિશ્વકર્મા, મંત્રી મુકેશ પટેલે શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલે કહ્યું કે,જમ્મુ કાશ્મીરનાં અનંતનાગ જિલ્લાના પહેલગામ ખાતે થયેલા આતંકવાદી હુમલાના ભોગ બનેલા ત્રણ ગુજરાતી પ્રવાસીઓના મૃતદેહને આજે શ્રીનગરથી વિમાન માર્ગે ગુજરાત પરત લાવવા માટેની તમામ વ્યવસ્થા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સતત દિશાનિર્દેશનમાં રાજયના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગર દ્વારા કરવામાં આવી છે. ભાવનગરના બે મૃતકોને અમદાવાદ સુધી હવાઈ માર્ગે અને ત્યાંથી પાઈલોટિંગ સાથે ભાવનગર સુધી લઈ જવાયા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ભાવનગર પહોંચીને મૃતકોને શ્રદ્ધાંજલિ આપશે, એવું તેમણે ઉમેર્યું હતું.

તેમણે વધુમાં ઉમેર્યું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સતત દિશા-નિર્દેશનમાં જરૂરી તમામ વ્યવસ્થા ગુજરાત વહીવટી તંત્ર એ કાશ્મીર વહીવટી તંત્ર સાથે સંપર્કમાં રહીને કરી છે.

આરોગ્ય મંત્રી ઋષિકેશભાઇ પટેલે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહ આ ઘટના ઉપર સતત નજર રાખી રહ્યા છે. પાકિસ્તાની વધુ એક નાપાક હરકત દેશ અને દુનિયાએ જોઈ લીધી છે. આતંકવાદીઓએ હિન્દુઓને શોધીને જે મારવાની નીતિ અપનાવી છે તેના કારણે આજે દેશ અને દુનિયા સ્તબ્ધ છે.

એરપોર્ટ પર પૂર્વ શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, અમદાવાદ પૂર્વ સાંસદ હસમુખભાઈ પટેલ, પશ્ચિમ સાંસદ દિનેશભાઈ મકવાણા તેમજ અમદાવાદ પોલીસ કમિશનર જી. એસ. મલિકે પણ ઉપસ્થિત રહીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

## વિરોધીઓને ઈંટનો જવાબ પથ્થરથી મળશે : ગણેશ જાડેજા

### સુલતાનપુરની સભામાં અલ્પેશ કથીરીયા, મેહુલ બોઘરા અને જિગીષા પટેલને આડે હાથ લીધા

(જીતેન્દ્ર આચાર્ય) ગોંડલ તા. ૨૪

ગોંડલના સુલતાનપુર ગામે પુર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા અને ગણેશ જાડેજાના સમર્થનમાં પાટીદાર સમાજ દ્વારા જનાક્રોશ સભાનું આયોજન કરવામા આવ્યું હતુ.જેમા છેલ્લા કેટલાક દિવસોથી સોશ્યલ મીડિયા માં વિડીયો બનાવી કેટલાક લોકો દ્વારા જયરાજસિહનાં પરીવાર તથા જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયાની ટીક્કા ટિપ્પણીઓ કરાઇ રહી હોય સુલતાનપુરની સભામાં ગણેશ જાડેજાએ મૌન તોડી સટાસટી બોલાવી હતી.

ગણેશ જાડેજાએ અલ્પેશ કથીરિયા,મેહુલ બોઘરા અને જિગીષા પટેલને આડે હાથ લીધા હતા. તેમણે અલ્પેશ કથીરિયા પર પ્રહાર કર્યા હતા.

મેહુલ બોઘરા પર પ્રહાર કરતા જણાવેલ હતું કે, મેહુલ બોઘરાનું કામ જ્યાં શાંતિ હોય ત્યાં અશાંતિ સ્થાપવાનું છે જિગીષા પટેલ પર પ્રહાર કરતા કહ્યું,તું તારું ઘર સાચવી નથી શકતા.

ગણેશ જાડેજાએ વધુમાં જણાવેલ હતું અમારાં કાર્યકર્તાઓ માટે હસતા હસતા માથુ ધરી દેવાની તૈયારી છે.વિડીયોગેમ ની રમત રમતા તત્વો મારાં કાર્યકર્તાઓ નો કોલર પકડી બતાવે વાવાઝોડાની જેમ ફરી વળીશ. ગણેશ જાડેજાએ લલકાર કરી કહ્યુ કે હવે દિલ થી મેદાનમાં ઉતરવાનું છે અને ઇટનો જવાબ પત્થરથી આપવાનો છે. ઉલ્લેખનીય છે કે થોડા દિવસ પહેલા સુરતમાં ગણેશ જાડેજા અને જયરાજસિંહ જાડેજા વિરૂધ્ધમાં એક સભા મળી હતી જેમાં મેહુલ બોઘરા, અલ્પેશ કથીરિયા અને જીગીશા પટેલે જયરાજસિંહ જાડેજા અને ગણેશ જાડેજા પર ગુંડાગીરીના આક્ષેપો કર્યા હતા. થોડા સમય પહેલા ગોંડલમાં ક્ષત્રિય અને પાટીદાર સમાજના દીકરાનો વિવાદ થયો ત્યારથી અલ્પેશ કથીરિયા, મેહુલ બોઘરા અને જિગીષા પટેલ સતત ગણેશ જાડેજા અને જયરાજસિંહ જાડેજા વિરૂધ્ધમાં મીડિયામાં નિવેદનો આપી રહ્યા છે.અને એક મિડીયા વોર શરુ થઇ છે.ત્યારે પહેલી વાર ગણેશ જાડેજા દ્વારા આ અંગે આકરી પ્રતિક્રિયા



## પ્રોજેક્ટ 'લાઈફ' દ્વારા ફેસ યોગા વર્કશોપનું આયોજન

લાઈફ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર, પ્રોજેકટ 'લાઈફ' દ્વારા ફેસ યોગા વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. જે તારીખ ૨૬ એપ્રિલ ૨૦૨૫, શનિવારના રોજ સવારે ૭.૦૦ થી ૮.૩૦ અને સાંજે ૫.૦૦ થી ૬.૩૦ ના રોજ થનાર છે.આજના ઝડપી જીવનશૈલી અને પ્રદૂષણથી ભરેલા વાતાવરણમાં ચહેરાની ત્વચા પર માઠી અસરો દેખાવા લાગે છે. આવી પરિસ્થિતિમાં ચહેરાની કુદરતી કાંતિ જાળવી રાખવા માટે ફેસ યોગા એક પ્રભાવશાળી અને સ્વસ્થ વિકલ્પ બની રહ્યો છે. ફેસ યોગા માત્ર ચહેરાની ત્વચાને જ નહીં, પણ આંતરિક શાંતિ અને તંદુરસ્તીની દ્રષ્ટિએ પણ ઘણો લાભદાયી સાબિત થયો છે.

## નિ:શુલ્ક તબલાવાદન કલાસ

'ગાંધર્વ' વિમલનગર-૬ આલાપ એવન્યુ સોસાયટી પાછળ, યુનિવર્સિટી રોડ રાજકોટ-૫ ખાતે આ વિદ્યાલયમાં તા.૧-૫-૨૦૨૫થી તા.૩૧-૫-૨૦૨૫ સુધી ફ્રી વેકેશન બેન્ચનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં શાસ્ત્રીયને આધારીત તથા દરેક તાલમાં ગીત, ગઝલ, ભજન, ફીલ્મીગીત, વગેરે ગાયન-વાદન પ્રકારો સાથે તબલા તાલ સંગત કરવા માટેના લાઈટ મ્યુઝીકના તાલોની તાલીમ આપવામાં આવશે. રસ ધરાવતા લોકોએ સવારે ૮થી રાત્રે ૮ સુધી રૂબરૂ અથવા મો.નં. ૯૪૨૬૭ ૮૪૯૫૯ ઉપર સંપર્ક કરવો.

# સાંજ સમાચાર ટચુકડી જાહેર-ખબર

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

**સાંજ સમાચાર**

ટૂંકી જાહેરાત સાંજ સમાચારમાં ગુરૂવાર-શનિવારના અંકમાં પ્રસિધ્ધ
★ઓછામાં ઓછી ૪ લાઈન
★ફકત રોકડા રૂપિયાથી સ્વીકારાશે
★સવારના ૧૦ થી સાંજના ૮ સુધી
★અમારે દરેક ગામ/શહેર એજન્ટ અને ખબરપત્રી દ્વારા પણ આપી શકાશે.
- વ્યવસ્થાપક


Raymond શુટ રૂા. ૩૦૦૦
કાપડ + સિલાઇ સાથે સફારી શુટ રૂા. ૧૫૫૦
રેમન્ડ જોડી સિલાઇ સાથે રૂા. ૧૨૦૦
વિમલ, મયુર, સિયારામ કાપડ + સિલાઇ સાથે ફક્ત રૂા. 3000 શુટ કોટ પેન્ટ
વિમલ, મયુર, સિયારામ કાપડ સિલાઇ સાથે બ્રાન્ડેડ જોડી રૂા. ૧૧૦૦
ભાડે મળશે શુટ-સેરવાની
ચણીયા ચોળી
ઇન્ડો-વેસ્ટર્ન જોધપુરી-બ્લેઝર સાફા-મોજડી
ચામુંડા ટેઇલર્સ એન્ડ સિલેકશન
વિશ્વેશ્વર મંદિર સામે, મવડી મેઇન રોડ રાજકોટ. મો. ૯૮૨૫૫ ૪૮૬૫૫
રાજપૂતાના પોષાક
રજવાડી બીજીસ હન્ટર શર્ટ, અચકણ બેલ્ટ, બ્લોચ કલગીસાફો-પાઘડી, મોજડી, હન્ટર જોધપુરી તેમજ બાળકોના હન્ટર શર્ટ - બીજીસ મળશે
ન્યુ બન્ના કલેકશન
ચામુંડા શુટ ઝોન
શુટ ફેન્સી →૩૫૦૦થી
ઇન્ડોવેસ્ટર્ન →૩૫૦૦થી
ફેન્સી બ્લેઝર →૨૫૦૦થી
સેમી ઇન્ડોવેસ્ટર્ન →૨૨૦૦થી
કોટન કુર્તા સેટ → ૫૫૦થી
ફેન્સી કોટ →૧૦૦૦થી
સિલ્ક કુરતા જેકેટવાળા →૧૮૫૦થી
કાઉલ કુરતા શેટ →૨૫૦૦થી
કોટી →૫૫૦થી



**કામદાર પબ્લીસીટી**
કોઈપણ દૈનિક ન્યુઝ પેપરની નાની-મોટી કે ટચુકડી જાહેરાત આપવા સંપર્ક કરો
ચંદ્રકાન્તભાઈ કામદાર-૯૮૭૯૨ ૬૬૫૧૫
નિતેશ કામદાર-૯૮૯૮૯ ૭૨૮૩૮
પ્રમુખસ્વામી આર્કેડ, ૩જા માળે, માલવીયા ચોક, રાજકોટ


### વેચવાનું છે

**જમીનનો પ્લોટ વહેચવાનો છે**
માધાપર ચોકડીથી નજીક એચસીજીથી નજીક પ્લોટ નં. ૯૨, ૩૦×૫૦ ફુટ, ૧૬૧ વાર, ૯૯૨૫૨ ૦૮૭૨૫, ૯૯૨૫૨ ૦૮૭૨૫ (૮૧૮૧)

**વેચવાનું છે**
બિલ્ડીંગ ૧૨૫ વાર, ૨૧૦૦ ફુટ, ૩ માળ, ગ્રાઉન્ડ ફલોર ૩ દુકાન, પહેલો-બીજો માળ ૨ બીએચકે, ૧૫એ/૨૮ વિજય પ્લોટ કોર્નર, સાધના ભેળ સામેની શેરી, ગોંડલ રોડ, લોધી ભવન પાછળ, રાજકોટ. મો. ૮૨૦૦૯૫૦૬૦૧(૮૧૮૫/૧)

**વેચવાનું છે**
જામ. રોડ, સર્વે નં. ૨૬માં ૬૪ વાર, જગ્યા ભાવ રૂા. ૩૫૦૦૦માં મો. ૯૪૮૪૮ ૮૩૮૫૯ (૮૧૯૮)

**મકાન વેંચવાનું છે**
અલય ગાર્ડન્સ ૧૫૦ ફુટ રીંગ રોડ વાવડી ૩ બીએચકે બીમ કોલમ ૧૦૦ વાર, ગેસલાઈન, પાણીની લાઈન, બોર, પ્રાઈમ લોકેશન, પટેલ એરીયા, ગેટ પેક સોસાયટી, ૨૪×૭ સિકયુરીટી, મો. ૮૧૬૦૦ ૩૮૩૭૨ (એન)

**કસમાં ૩ બીએચકે મીની બંગલો વેચવાનો છે**
કાલાવડ રોડ, વોકહાર્ટ હોસ્પિટલ સામે, જાનકી પાર્ક, ૧૧૦ વાર, ૨૦નો ફ્રન્ટ, ૯૮૨૪૮ ૬૨૫૪૦ (૮૨૦૪/૧)

### યાત્રા પ્રવાસ

**બાપા સીતારામ યાત્રા સંઘ**
(૧) ચાલો દ્વારકા – બેટ દ્વારકા (સીટીંગ બસ ૨×૩) દિ. ૧ ટી. રૂા. ૭૦૧, તા. ૨૬/૪/૨૫ શનિવારે રાત્રે (૭ સ્થળ) (૨) ચાલો હરીદ્વાર, અયોધ્યા રહેવા તથા જમવા સાથે (૧ રૂમમાં ૪ વ્યકિત) દિ.૧૫ તા. ૭/૫/૨૫, સ્લીપર બસ ૨×૨, વધુ વિગત માટે ૯૭૨૩૬ ૩૮૬૨૨, ૯૦૮૧૧ ૯૬૯૬૦ રાજકોટ (૮૧૩૬)

**ખોડીયાર ટ્રાવેલ્સ સ્લીપર**
વેકેશન ટુર દિ. ૧૩, અયોધ્યા તા. ૩૦/૪ કાશી, હરીદ્વાર, ગોકુલ મથુરા, સ્પે. રૂમ તથા તા. ૩૦/૫, ૫/૫, ૧૬/૫ ચારધામ ઉ.તા. ૫/૨ સાથે ટી. ૨૨૫૦૦ દિ. ૧૬ તથા આબુથી નર્મદા ડેમ દિ.૫, ૩૧/૪ તથા ખાલી હરીદ્વાર દિ.૯ ટી. ૮૦૦૦ સીટીંગ, એસી રૂમ અને ૯૮૨૫૩ ૫૯૦૯૦ (૮૧૬૬)

**રામા ટ્રાવેલ્સ-જેતપુર**
ઉજ્જૈન, પ્રયાગરાજ, અયોધ્યા, હરીદ્વાર, ગોકુળ, મથુરા, પુષ્કર, રામદેવરા, અંબાજી, દિ.૧૬ ટીકીટ રૂા. ૧૩૦૦૦/- મો. ૯૯૭૮૮ ૧૨૫૩૮, ૮૨૦૦૯ ૦૭૩૨૧ તેમજ સવારે નાસ્તો ૨ ટાઈમ જમવાનું તો ખરૂ જ. (શશી)

**બાલાજી ટુર્સ**
ઉત્તર ભારત યાત્રા ઉ.તા. ૧૦/૫ રાત્રે, બદ્રી, કેદાર, યમનોત્રી, ગંગોત્રી, હરીદ્વાર, દિલ્હી, ગોકુળ, મથુરા, જયપુર, પુષ્કર, શામળાજી, ઉંઝા, અંબાજી, રામદેવડા, વગેરે ઘણા સ્થળો દિવસ-૨૩ સ્લીપર કોચ બસ, રહેવા જમવા સાથે આનંદદાયક યાત્રા કરાવનાર એક માત્ર ચંદુભાઈ મૈયડ-૯૮૭૯૯ ૫૬૯૯૦, મુકેશભાઈ મૈયડ-૮૨૩૮૪ ૮૨૯૨૩, બુકીંગ ચાલુ છે જુજ સીટ બાકી છે. (શશી)

### જોઈએ છે

**જોઈએ છે**
ફુલટાઈમ કામ કરી શકે તેવા માણસની જરૂર છે. કાયમી ધોરણે મળો : રામ ઔર શ્યામ ગોલાવાલા, મવડી મેઈન રોડ, ફાયર બ્રિગેડ પાસે,, રાજકોટ. મો. ૯૯૨૪૨ ૬૨૬૧૧ (૮૧૭૦)

**જોઈએ છે**
ઘર બેઠા કોમ્પ્યુટર તથા એન્ડ્રોઈડ ફોનમાં વર્ક કરી ડેઈલી પેમેન્ટ ૯૭૨૩૯ ૯૫૮૯૬ (૮૧૫૫)

**જોઈએ છે**
ફુલટાઈમ તથા પાર્ટટાઈમ કામ કરી શકે તેવા માણસો જોઈએ છે. કાયમી માટે, રામ ઔર શ્યામ ગોલાવાલા, કેનાલ રોડ, મો. ૯૯૭૯૯ ૦૯૦૪૦ (૮૨૦૦/૧)

**છોકરાઓ જોઈએ છે**
ફુલટાઈમ તથા પાર્ટ ટાઈમ કાયમી ધોરણે આવી શકે તેવા છોકરાની જરૂર છે. કાયમી માટે, રામ ઔર શ્યામ ગોલાવાલા, કેનાલ રોડ, મો. ૯૯૭૯૯૦૯૦૪૦(૮૨૦૦/૨)

**ઈંગ્લીશ કોમ્પ્યુટર ઓપરેટર જોઈએ છે**
સેન્ટ્રલ સ્કુલ / સેન્ટ મેરીઝ / નિર્મલામાં ઈંગ્લીશ મીડીયમમાં ભણેલા ઈંગ્લીશ કોમ્પ્યુટર ઓપરેટર, પાર્ટ/ફુલટાઈમ મો. ૯૮૨૪૨ ૪૪૦૫૫ (૮૨૦૬)

**ઓફીસબોય જોઈએ છે**
મિલન મોટર, ૧૩-વિજય પ્લોટ, મો. ૯૮૨૪૨ ૯૨૮૩૭ (૮૨૦૩/૧)

### ભાડે આપવાનું છે

**ભાડે આપવાનું છે**
ગોડાઉન અને દરેક ધંધાને લાયક થ્રી ફેઈસ કનેકશન ૧૫૦ વાર જગ્યા અટીકા પાસે, નારાયણનગર મેઈન રોડ ટચ, મો. ૯૮૨૪૮ ૭૪૬૩૯ (૮૧૦૯)

**શોપ ભાડે આપવાની છે**
વિજય પ્લોટ-૧૧, ગ્રાફીક પ્રેસ, ગોડાઉન માટે, મો. ૯૮૨૪૨ ૯૨૮૩૭ (૮૨૦૩/૨)

**ફલેટ ભાડે/વેચાણથી**
૧ બીએચકે, અંબિકા પાર્ક, હનુમાન ચોક, રૈયા રોડ, મો. ૭૨૧૯૬ ૯૫૩૨૧, રાજુભાઈ (૮૨૦૧)

**ભાડે આપવાનું છે**
ખીરસરા જીઆઈડીસીમાં ૧૫૦૦ વારનો પ્લોટ, દિનદયાલ ઈન્ડ.માં ૪૦૦ વારનો શેડ મો. ૯૭૭૩૨ ૨૦૨૮૧ (એન)


**ધ્રુવ એડસ**
હિરા કોમ્પ્લેક્ષ, બીજા માળે, ફુલછાબ ચોક પાસે, પટણી સોની બોર્ડીંગ સામે, રાજકોટ-૧.
M. 96247 10323


**વેંચવાનું છે**
ફ્લેટ વેંચવાનો છે
રેસકોર્ષ પ્રાઈમ લોકેશનમાં ૨ બીએચકે, ફર્નિચર સાથે, ફ્રિ. ૪૦,મો.૯૪૨૬૭૧૨૧૩૬

**ભાડે આપવાનો છે**
મીની બંગલો, ૪ બીએચકે, ૨ ગાડી પાર્કિંગ, ફર્નિચર સાથે, કીશાનપરા-રેસકોર્સ, મો. ૯૮૨૪૮૬૨૫૪૦(૮૨૦૪/૨)

### ધંધાદારી

સાંઈરામ ઓટોમેટેડ આઈ.ટી. રીટર્ન સર્વિસ PAN વોટસએપ કરો, પાસવર્ડ પ્રોટેકટેડ, ફાઈલ ઓટોમેટીક મળો અને ઝડપી જીએસટી રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો.૯૩૭૬૬૪૨૩૬૦(એસ/એસ)

હોલસેલ ભાવે મળશે, ડ્રેસ મટીરીયલ, કુર્તી, કોટન, પ્રિન્ટેડ ડ્રેસ, કુર્તીપેર તથા વર્કમાં મળ શે. દેવેન્દ્ર ડ્રેસીસ, વોરાવાડ, રાજકોટ. મો. ૯૮૨૪૪ ૮૦૬૬૪ (૮૧૨૧)

**સરકાર સાથે વિવાદીત જમીન**
સરકાર સાથે વિવાદવાળી જમીન અથવા સરકારથી થયેલ જમીન સોલ્યુશન અંગે સંપર્ક : ૯૮૨૪૫ ૪૪૧૦૦ (૮૨૦૫)


**ગુજરાત ફેવરીટ વન-વે ટેક્સી રાજકોટથી**

| DESTINATION | SEDAN | SUV |
|---|---|---|
| RAJKOT TO HIRSAR AIRPORT | 1000 | 1500 |
| HIRSAR AIRPORT TO RAJKOT | 1000 | 1500 |
| RAJKOT TO AHMEDABAD | 2500 | 3500 |
| AHMEDABAD TO RAJKOT | 2500 | 3500 |
| RAJKOT TO VADODARA | 4000 | 5000 |
| RAJKOT TO SURAT | 6500 | 7500 |
| RAJKOT TO MUMBAI | 12000 | 15000 |
| RAJKOT TO MORBI | 1800 | 2500 |
| RAJKOT TO JUNAGADH | 2500 | 3500 |
| RAJKOT TO JAMNAGAR | 2000 | 2700 |

TEZZ
TEZZ CABS
TEZZ SHAKTI TRAVELS
TAXI ONE WAY CAB
રાજકોટથી કોઈપણ શહેર માટે વન-વે પીક અપ-ડ્રોપ માટે ટેક્સી સૌથી નીચા ભાવે
Mo. 9696 153 153

### અફઘાનમાં અમેરિકી સૈન્યએ છોડેલા લાખો શસ્ત્ર પાક.માં પહોંચી ગયા છે

# અમેરિકન M4 રાઈફલ; સિક્રેટ અનક્રિપ્ટેડ એપથી લોકેશન!

## સંદેશાવ્યવહાર માટે ખાસ સાધનોઃ ઓપરેટરો સાથે સંપર્કમાં હતાઃ ત્રાસવાદીઓએ હમાસની માફક હીટ એન્ડ રન પદ્ધતિ અપનાવી; બલોચ હુમલા માફક સ્ત્રી-બાળકોને ટાર્ગેટ ન કર્યાઃ અત્યંત સુનિયોજીત કૃત્યઃ કાશ્મીરમાં હવે એ.કે.૪૭ નહી અમેરિકી શસ્ત્રોનો ઉપયોગ થાય છે

નવી દિલ્હી: પહેલગામ હુમલામાં ફકત ૨૦/૨૫ મીનીટના અંતરમાં જે રીતે ૨૮ સહેલાણીઓની હત્યા કરવામાં આવી અને તે પછી પણ તમામ આતંકીઓ સલામત પરત જઈ શકયા તે અંગે હવે પ્રશ્નો પૂછાવા લાગ્યા છે તો બીજી તરફ આ આતંકીઓ તેમના પાકિસ્તાની ઓપરેટીવના સંપર્કમાં હતા અને તેઓની મુઝફફરાબાદ અને કરાચી સેફ હાઉસ સાથે વાતચીત પણ થતી હતી તેઓ પાસેથી એડવાન્સ સંદેશા વ્યવહાર સાધનો પણ કબ્જે થયા છે પણ તેની સાથે હવે એ ખુલ્લુ થયુ છે કે જમ્મુ-કાશ્મીરમાં છેલ્લા બે વર્ષમાં જે ઘાતક હુમલા થયા છે તેમાં હવે એકે-૪૭ નહી પણ અમેરિકન બનાવટની એમ-ફોર રાયફલનો ઉપયોગ કરાયો છે. આ હુમલા અને પાકમાં થયેલા બ્લોચ હુમલામાં સામાન્યતા એ છે કે બન્નેમાં મહિલા અને બાળકોને કોઈ હાની પહોંચાડવામાં આવી ન હતી. હાલમાં જ જે રીતે જમ્મુના હીરાનગરમાં ચાર પોલીસ કર્મચારીઓની હત્યા કરી તેમાં પણ અમેરિકન બનાવટની એમ-ફોર રાયફલનો ઉપયોગ થયાનું બહાર આવ્યું છે. આથી હવે આ ત્રાસવાદી જૂથો અમેરિકન હથિયારો કઈ રીતે મેળવી શકયા તે પ્રશ્નનો જવાબ છે. પાક સૈન્ય,



જેની પાસે આ હથિયાર છે. વાસ્તવમાં બીબીસીના રિપોર્ટમાં હાલમાંજ જણાવાયુ હતું કે અમેરિકાએ અફઘાનીસ્તાન છોડયું તે સમયે તાલીબાનો એ મેળવેલા ૫૦ કરોડ જેટલા શસ્ત્રો 'ગુમ' થયા હતા જે દાણચોરીની પાકિસ્તાનમાં ઘુસાડીને આ રીતે ત્રાસવાદી હાથમાં પહોંચ્યા હતા. ઉપરાંત પાકિસ્તાને ૨૦૨૨માં ત્રાસવાદ મુદે ફાયનાન્સીયલ ટાસ્કફોર્સના ગ્રે લીસ્ટમાંથી દુર કરાયા તેને આંતરરાષ્ટ્રીય નાણાભંડોળ અને અન્ય વૈશ્વિક સંસ્થાઓ પાસેથી ભંડોળ મળવાનુ ચાલુ થયુ છે.

સૂત્રોના જણાવ્યા મુજબ આતંકીઓને એક ખાસ એપ્લીકેશન મારફત પણ લોકેશન સપોર્ટ મળતો હતો અને આ માટે અનક્રિપ્ટેડ એપ જે લોકેશન શોધવામાં મદદ કરે છે તેનો ઉપયોગ કરાયો જેથી ત્રાસવાદીઓ વળતા પણ ઝડપથી અદ્રશ્ય થઈ ગયા હતા અને તેમાં કોઈ સૈન્ય તહાનનો ઉપયોગ કર્યો હોય તેની શકયતા નકારાતી હતી જે રીતે આ હુમલાની અફડાતફડી બાદ પોલીસ તથા સૈન્ય વાહનોની અવરજવર હતી. તેની ભાગ્યેજ તેમાં કોઈ રોકટોક હોય તેવી સ્થિતિનો ઉપયોગ કર્યો હોવાનું માનવામાં આવે છે.

### ૧૯૬૫ના યુદ્ધમાં ભારતીય સેના 'હાજીપીર પાસ' સુધી ઘુસી ગઈ હતી

# હવે ટાર્ગેટેડ મિલીટ્રી ઓપરેશનઃ POK નિશાન બનશે

## ડિપ્લોમેટીક ઉપાયોની લાંબાગાળે અસર થશેઃ આગામી એક પખવાડિયામાં વધુ વિસ્તૃત સર્જીકલ સ્ટ્રાઈકના સંકેતઃ સૈન્યની ત્રણેય પાંખ સામેલ થશે



## ડિરેકટર જનરલ ઓફ મિલીટ્રી ઓપરેશન સક્રીયઃ ભારત ત્રાસવાદને ટાર્ગેટ કરશે પણ પુર્ણ યુદ્ધની તૈયારી રાખવી પડશે

### પાક કબ્જાના કાશ્મીરમાં ત્રાસવાદી મથકો-લોન્ચપેડ તથા આવાગમન રૂટને નિશાન બનાવશેઃ જો કે પાક હવે વધુ એલર્ટઃ મુકાબલો થશે

નવી દિલ્હી: પહેલગામ હુમલાના પગલે ફરી એક વખત ત્રાસવાદ મુદે પાકિસ્તાન એ ભારતના ટાર્ગેટ પર આવી ગયુ છે અને ગઈકાલે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અધ્યક્ષપદ હેઠળ મળેલી કેન્દ્રીય કેબીનેટની સલામતી અંગેની બેઠકમાં પાકિસ્તાન સાથેની સિન્ધુ જળ સમજુતી ને હોલ્ડ પર મુકીને આગામી સમયમાં પાકના પંજાબ પ્રાંત માટે મુશ્કેલીના દિવસો આવી રહ્યા છે તે સંકેત આપી દીધો છે તો વાઘા બોર્ડર પર આવાગમન પણ સ્થગીત કરીને દિલ્હી ખાતે હાલ ડી-ગ્રેડ રહેલી પાક દૂતાવાસ કચેરીના મીલીટ્રી એટેચી (સલાહકાર) ને પણ પાકિસ્તાન પરત જવા જણાવ્યુ છે અને હજુ વધુ રાજયમાંથી પગલા આવશે પણ મહત્વનું ભારત લશ્કરી પગલા કયારે અને શું લેશે તેના પર નજર છે. અગાઉ આ પ્રકારના હુમલાના ૧૧થી૧૨ દિવસમાં સર્જીકલ સ્ટ્રાઈક થઈ હતી અને ગઈકાલે સંરક્ષણમંત્રી શ્રી રાજનાથ સિંઘે સૈન્યના ટોચના નેતૃત્વ સાથે અઢી કલાક લાંબી બેઠક યોજી હતી તે સૂચક છે અને તેઓએ ખાતરી આપી કે બહુ જલ્દી પાકિસ્તાનને આકરો જવાબ આપવામાં આવશે તો વિદેશ સચીવે પણ કહ્યું કે આ હુમલા માટે જેઓ જવાબદાર છે તેઓ 'ન્યાય' થશે. દેશના સૈન્યને પણ હાલ સર્વોચ્ચ એલર્ટ પર મુકી દેવામાં આવ્યુ છે અને ભારત કોઈ પ્રકારે હુમલો કરશે તે નિશ્ચિત હોવાનું પાક પણ બચાવ માટે દોડાદોડી કરી રહી છે. ભારત પ્રથમ તો અંકુશ રેખા પર જે યુદ્ધવિરામ છે તેને ફગાવી દેશે. આ માટે કોઈ સતાવાર જાહેરાતની જરૂર નથી તો હવે સર્જીકલ સ્ટ્રાઈક વધુ મોટી હશે. અગાઉ પણ લશ્કરે તોયબાનું બહાવલપુર ભારતના આકાશી હુમલાનું શિકાર બન્યું પણ હવે પાકિસ્તાન વધુ સજાગ છે તેમ હવેનું લશ્કરી ઓપરેશન ખૂબ જ મહત્વનું બની જશે અને ભારતે પુરા યુદ્ધની તૈયારી રાખવી પડશે તો આ માટે અમેરિકા-રશિયા જેવા દેશો સાથે પણ સંતલત કરવી પડશે. હાલ તો ડિરેકટર જનરલ ઓફ મિલીટ્રી ઓપરેશનના નેજા હેઠળ સૈન્યની ત્રણેય પાંખ તેના આયોજન અને તૈયારીમાં વ્યસ્ત બની ગઈ છે અને ટુંક સમયમાં કેબીનેટની બેઠક પણ તેને મંજુરી આપશે પણ હવેનુ પગલુ પાકમાં 'ખોફ' પેદા થાય તેવુ હશે તે નિશ્ચિત છે.

હવેના હુમલામાં નવા મેળવાયેલા રાફેલ વિમાનને પ્રથમ વખત હવે આકાશી યુદ્ધમાં જોડાશે અને મીરાજ-૨૦૦૦ તથા સુખોઈ-૩૦ એમકેઆઈની સ્કવોડ્રન પણ સામેલ થશે. આ સ્થિતિમાં ઈઝરાયેલ પાસેથી મેળવાયેલા ક્રિસ્ટલ મેઝ મિસાઈલ અને સ્પાઈસ-૨૦૦૦ ગાઈલ્ડ મેનેટ્રેશન બોમ્બ પણ મહત્વની ભૂમિકા ભજવી છે. ગાઝામાં પેલેસ્ટાઈનના એન્ડરગ્રાઉન્ડ મથકોને એક જમીનની અંદર જઈને તોડી પાડવામાં આ બોમ્બની ભૂમિકા મહત્વની બની રહી હતી. ભારત-પાક વચ્ચે ૭૭૮ કીમીની જે અંકુશરેખા છે તે સૌથી વધુ એકશનમાં આવશે તો ગુજરાત-પંજાબ સરહદો પણ જબરુ એલર્ટ જરૂરી બનશે.

આ ઉપરાંત કાશ્મીરમાં ત્રાસવાદી ઘૂસણખોરી માટે જે પાક સેનાએ લોન્ચપેડ ઉભા કર્યા છે તેને ઉડાવી દેવાનો વિકાસ પણ છે અને જરૂર પડે પાક કબ્જાના કાશ્મીરમાં પણ ભારતીય સેના ઘુસી શકે છે અને આ સમયે ભૂમીદળ માટે ૯૦ કીમી રેન્જના સ્મેર્શ- અને ૪૫ કી.મી. રેન્જના પીનાક રોકેટ સિસ્ટમની ભૂમિકા જ મહત્વની બની જશે. જે રીતે ત્રાસવાદીઓએ ઠંડે કલેજે સમગ્ર ઓપરેશન પાર પાડયું તેનો જવાબ મોટો આપવો પડશે. ભારત જે કંઈ કરશે તે ટાર્ગેટેડ જ હશે અને ખાસ કરીને ત્રાસવાદી તાલીમ કેમ્પ અને તેની સુવિધાઓ પર હુમલા હશે. જેમાં જેને આઝાદ કાશ્મીર તરીકે ઓળખાયા છે તે પાક કબ્જાના કાશ્મીરના હાજીપીર પાસ- જે સમુદ્રની સપાટીથી ૮૬૬૧ ફુટ ઉંચે પીર પેથલ પર્વતમાળા છે તે અંકુશ રેખા નજીક જ છે અને તે ત્રાસવાદીઓના આવાગમનનો રૂટ છે. ભારતે ૧૯૬૫ના યુદ્ધમાં હાજીપીર પર કબ્જો કર્યો જ હતો પણ બાદમાં બન્ને દેશો વચ્ચેની સમજુતીમાં ભારતે તે પ્રદેશ પરત કર્યા પણ તે હવે ભારત પાક કબ્જાના કાયમી નિયંત્રણ માટે આ સમગ્ર કબ્જે કરી શકે છે જેથી ત્રાસવાદી ઘુસણખોરી માર્ગ પર ભારતની વોચ આવી જશે.

ભારત હવે આ પ્રકારના મોટા અને ટાર્ગેટેડ લશ્કરી ઓપરેશનમાં ત્રણેય સેનાને સામેલ કરશે જે રીતે પાકના દરિયાઈ વ્યાપારને ફટકો મારવા ૧૯૭૧ના યુદ્ધની માફક કરાચી બંદર પર નેપલ સ્ટ્રાઈકની તૈયારી રાખશે પણ જો યુદ્ધ વિસ્તરશે તો જ આ વિકલ્પ પસંદ કરાશે. આ માટે સૌરાષ્ટ્રના દરિયા કિનારે પણ એલર્ટ અપાશે. ખાસ કરીને જે રીતે બે મહાકાય રીફાઈનરી સૌરાષ્ટ્રના દરિયા કિનારે આવી છે તેથી તેની સુરક્ષા મહત્વની બની જશે.

## પાંચ વર્ષથી એક જ મોબાઈલ નંબર વાપરો છો ? તો જાણો આ પાંચ તથ્યો !!



નવી દિલ્હી : આજનાં યુગમાં જ્યાં લોકો ફોન બદલવાની સાથે મોબાઈલ નંબર બદલતાં રહે છે ત્યાં કેટલાક લોકો એવા પણ હોય છે જે વર્ષો સુધી એક જ નંબરનો ઉપયોગ કરતા હોય છે. શું મોબાઈલ નંબર વ્યક્તિના વ્યક્તિત્વ વિશે કંઈક કહી શકે છે ? સોશ્યલ મિડિયા પર વાઈરલ થઇ રહેલી એક નાનકડી વિડિયો ક્લીપ આ સવાલને ખૂબ જ રસપ્રદ રીતે જણાવે છે. ૩૧ સેકન્ડનો આ વીડિયો સમજાવે છે કે જો તમે છેલ્લાં ૫ વર્ષથી એક જ મોબાઈલ નંબરનો ઉપયોગ કરી રહ્યાં છો, તો પછી તમે કેવાં પ્રકારની વ્યક્તિ છો ? વીડિયો જોઈને લોકો પોતાને તેમાં ફિટ સમજી રહ્યાં છે અને સોશિયલ મીડિયા પર પણ પોતાનાં મંતવ્યો આપી રહ્યાં છે.

**અહીં તમારા વિશેની ૫ રસપ્રદ હકીકતો આપવામાં આવી છે**

આ વીડિયો ૩૧ સેકન્ડનો છે અને તેને એક કારની અંદરથી શૂટ કરવામાં આવ્યો હતો. તે સીધો રસ્તો અને ટ્રાફિક બતાવે છે. સાથે જ વીડિયો પર લખ્યું છે કે ૫ વર્ષથી મોબાઈલ નંબર એક જ છે તો જાણો તમારા વિશે ૫ હકીકતો. બેકગ્રાઉન્ડમાં એક અવાજ છે - હું તમને એક રમૂજી વાત કહું છું... જો તમે ૫ વર્ષથી એક જ મોબાઇલ નંબરનો ઉપયોગ કરી રહ્યાં છો, તો તે તમારા વિશે ૫ વાતો જણાવી શકે છે

**૧. તમારી સામે કોઈ કોર્ટ કે પોલીસ કેસ નથી.**

**૨. તમે શરીફ અને તમારા જીવનસાથી સાથે પ્રમાણિક છો.**

**૩. તમારી પાસે કોઈ દેવું કે ઉધાર નથી.**

**૪. તમે કોઈ તોફાની નથી અને સમાજમાં તમારા વ્યવહારો સાચા છે.**

**૫. તમે એક જવાબદાર અને ભરોસાપાત્ર વ્યક્તિ છો.**

આ વીડિયોને સોશિયલ મીડિયા X પર ૨૦ એપ્રિલનાં રોજ @aksh_44 નામના હેન્ડલ દ્વારા પોસ્ટ કરવામાં આવ્યો હતો, જેને લગભગ ૧,૮૦,૦૦૦ થી વધુ વ્યૂઝ અને ૩૭,૦૦૦ લાઇક્સ મળી ચૂકી છે. વળી, સેંકડો યૂઝર્સે જવાબ આપ્યો છે અને જણાવ્યું છે કે તેઓ કેટલા વર્ષોથી એક જ મોબાઇલ નંબરનો ઉપયોગ કરી રહ્યાં છે.

## સીમાએ ચકલું પણ નહીં ફરકી શકેઃ પહેલગામ હુમલા બાદ સીમા સુરક્ષા માટે ઈસરોનો સેટેલાઈટ પ્લાન

### હાલ ૫૫ જેટલા ઉપગ્રહો સીમા સુરક્ષા માટે કાર્યરત છે, જેમાં આગામી ૩ વર્ષમાં ૧૫૦ જેટલા જોડાશેઃ ઈસરો

નવી દિલ્હી તા.૨૪ જમ્મુ-કાશ્મીરમાં પહેલગામમાં આતંકી હુમલા બાદ લોકોના મનમાં ભારતીય સીમાઓની સુરક્ષાને લઈને સવાલો છે ત્યારે પ્રાકૃતિક પડકારોથી ભરેલી ભારતની સીમાઓની સુરક્ષા માનવીય રૂપે કરવી ઘણી જ કઠીન છે, આ સ્થિતિમાં ઈસરો ચીફે આપણા સૈનિકોનો ભાર ઘટાડવા માટે આગામી ત્રણ વર્ષમાં સીમા સુરક્ષા સાથે જોડાયેલ એક પ્લાન શેર કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે આવનારા ત્રણ વર્ષમાં સીમા સુરક્ષા અને તટીય સુરક્ષાને કડક કરવા માટે





સુરક્ષાની દૃષ્ટિએ ૧૦૦થી૧૫૦ જેટલા ઉપગ્રહોથી જોડવામાં આવશે.

એક કાર્યક્રમમાં જમ્મુ-કાશ્મીરમાં પહેલગામમાં થયેલા હુમલાને લઈને સીમા સુરક્ષા મુદ્દે ઉઠેલા સવાલના જવાબમાં અંતરિક્ષ વિભાગના સચીવ નારાયણને કહ્યું હતું કે વડાપ્રધાનને અમે એક પ્રસ્તાવ મુકયો છે.

તેમણે જણાવ્યું હતું કે હાલમાં ભારતીય સીમાઓની રક્ષા માટે લગભગ ૫૫ ઉપગ્રહ કામ કરી રહ્યા છે પરંતુ આપણે એક એવો દેશ છીએ, જેની તટીય સીમા લગભગ ૭૫૦૦ કિલોમીટર છે અને આપણે તેના પર ૨૪ કલાક વોચ રાખવી પડે છે. જેમની સુરક્ષા માટે પણ વધુ ઉપગ્રહ જોઈએ. આટલા પર્યાપ્ત નથી, આગામી ત્રણ વર્ષમાં ૧૦૦થી૧૫૦ ઉપગ્રહો આ કામમાં લગાવશું.

## ન્યુજર્સીના જંગલોમાં ભીષણ આગ ભભૂકીઃ ૨૫૦૦૦ મકાનમાં વિજળી ગુલઃ ૩૦૦૦ લોકોનું સ્થળાંતર

### ૩૪ ચોરસ કિલોમીટરથી વધુ જમીન આગની ઝપટમાંઃ ૧૩૦૦ થી વધુ મકાન ખાલી કરાવાયા

(ન્યુજર્સી) અમેરિકા, તા.૨૪ ન્યૂજર્સીમાં જંગલની આગને કારણે હજારો લોકોએ સ્થળાંતર કરવાની ફરજ પડી છે. આ સાથે જ આગના કારણે મુખ્ય હાઈવેના એક ભાગને થોડા સમય માટે બંધ કરવો પડયો હતો. રિપોર્ટ મુજબ, ગ્રીનવુડ ફોરેસ્ટ વાઈલ્ડલાઈફ મેનેજમેન્ટ એરિયામાં લાગેલી આગે ૩૪ ચોરસ કિમીથી વધુ જમીન સળગાવી દીધી છે. ન્યૂજર્સીના સૌથી વ્યસ્ત હાઈવેમાંના એક ગાર્ડન સ્ટેટ પાર્કવેને મંગળવારે થોડા સમય માટે બાર્નગટ અને લેસી ટાઉનશિપ વચ્ચે બંધ કરવામાં આવ્યો હતો. બુધવારે સવારે તેને ફરીથી ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. ન્યૂજર્સી ફોરેસ્ટ ઓફિસે જણાવ્યું કે, ૧૩૦૦થી વધુ મકાનોને ખાલી કરવાની ફરજ પડી હતી. લગભગ ૩૦૦૦ જેટલા નિવાસીઓને સ્થળાંતરિત કરવામાં આવ્યા હતા. તેમને માટે બે હાઈસ્કૂલમાં શરણાર્થી કેન્દ્રો ખોલવામાં આવ્યા હતા. પાવર કંપનીએ લગભગ ૨૫૦૦૦ મકાનોની ઈલેક્ટ્રિસિટી કાપી નાખી હતી.



### ઓન ફિલ્ડ કંઈક રંધાઈ ગયું!!

## મુંબઈ ઈન્ડિયન સામે ઈશાન કિશનને અમ્પાયરે અપીલ વગર જ 'આઉટ' આપ્યો

### કોટ-બિહાઈન્ડ હતો જ નહી છતા ખુદ ઈશાને પણ રિવ્યુ ન માંગ્યોઃ મુંબઈના ખેલાડીઓ પણ આઉટ અંગે નિશ્ચિત ન હતા

હૈદરાબાદઃ આઈપીએલ હવે તેના રોમાંચક તબકકામાં પ્રવેશી રહ્યો છે તે સમયે હવે વિવાદ પણ વધી રહ્યા છે. હાલમાંજ રાજસ્થાન અને લખનૌ સુપરજાયન્ટના મેચમાં ફીકસીંગ થયું હતું. તેવા રાજસ્થાન ક્રિકેટ એસો.ના એડહોક કમીટીના સભ્યએ આરોપ મુકયો તેમાં કોઈ ખુલાસો થયો નથી. ત્યાં જ ગઈકાલે હૈદરાબાદમાં રમાયેલા મુંબઈ-ઈન્ડીયન અને સનરાઈઝ હૈદરાબાદના મેચમાં ઈશાન કિશનના 'આઉટ'ના નિર્ણય પર વિવાદ સર્જાયો છે. આ મેચ મુંબઈ માટે ખૂબજ મહત્વનો હતો. મુંબઈ ઈન્ડીયનના કેપ્ટન હાર્દિક પંડયાએ ટોસ જીતીને ફિલ્ડીંગનો નિર્ણય લીધો હતો. હૈદરાબાદના દાવમાં ત્રીજી ઓવરમાં દિપક ચહરને દડો સોંપવામાં આવ્યો હતો અને ક્રિઝ પર ઈશાન કિશન અને અભિષેક શર્મા હતા. સ્ટ્રાઈક પર ઈશાન કિશન હતો અને પ્રથમ જ દડો જે દિપક ચહરે કિશનની લેગસાઈડમાં પુરી લેન્થ સાથે ફેંકયો. મુંબઈ ઈન્ડીયનના વિકેટ કીપર એ દડો કલેકટ કર્યો પણ કોઈ રીએકશન



(આઉટ વિ.) આવ્યુ નહી પણ ફિલ્ડ પરના અમ્પાયર એ પહેલા હાથ ઉંચો કર્યો અને બાદમાં આંગળી ઉંચી કરીને કોઈ અપીલ વગર જ ઈશાન કિશનને આઉટ જાહેર કરી દીધો હતો. વાસ્તવમાં તે જોઈને ચહરે પણ આઉટ-આઉટની મુદ્રા બનાવી પહેલા કોઈએ અપીલ કરી ન હતી. ફકત હાર્દિક પંડયાએ પણ ખુદ નિશ્ચિત ન હોય તેમ અપીલ કરી હતી. જયાં ચહર અને વિકેટકીપર રીકેલ્ટન તો ખુદને અપીલ વિષે ખબર જ ન હતી અને સૌના આશ્ચર્ય વચ્ચે ખુદ કિશન પણ ક્રિઝ છોડીને પેવેલીયન ભેગો થવા લાગ્યો હતો અને તેણે પણ કોઈ રીવ્યુ માંગ્યો નહી અને તે પાછો જતો હતો તો મુંબઈ ઈન્ડીયનના ખેલાડી તેની પીઠ થપથપાવીને શાબાશી આપતા હોય તેવી ચેષ્ટા કરી હતી.

વાસ્તવમાં જયારે બ્રોડકાસ્ટીંગ રીપ્લે થયો તો તેમાં તેના બેટ-દડા વચ્ચે કોઈ કોન્ટેકટ-સંપર્ક થયો ન હતો તે સ્પષ્ટ દર્શાતુ હતું તો અમ્પાયરે શા માટે આઉટ આપ્યો અને ઈશાન કિશને પણ તે નિર્ણય સ્વીકાર્યો તે પ્રશ્ન છે. હૈદરાબાદની ટીમને પણ થોડા ચાન્સ તો હતો જ અને આ જીત તેના માટે બુસ્ટર ડોઝ બની શકી હોત!

## ઓલિમ્પિક વિજેતા પાકનો નદીમ જેવલીન ચેમ્પિયનશીપ રમવા ભારત નહી આવે

### નિરજ ચોપરાએ યોજેલી સ્પર્ધામાં ભાગ લેવાનું આમંત્રણ નકાર્યુ



મુંબઈઃ પહેલગામ હુમલા સાથે ફરી એક વખત ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો વણસવાનું શરૂ થયુ છે. તે વચ્ચે તા.૨૪ મે ના રોજ ભારતમાં રમાનારી નિરજ ચોપરા કલાસીક જેવલીન (ભાલા) ઈવેન્ટમાં ભાગ લેવા માટે ઓલમ્પીક વિજેતા પાકના ચેમ્પીયન અર્શદ નદીમે આમંત્રણ નકાર્યુ છે. ભારતના ઓલીમ્પીક વિજેતા નિરજ ચોપરા જ આ સ્પર્ધાનુ આયોજન કરી રહ્યો છે અને તેણે વિશ્વભરના ટોચના ખેલાડીઓને આમંત્રીત કર્યા છે. જેમાં હાલમાં જ પેરીસ ઓલિમ્પિકમાં નિરજ ચોપરાને પરાજીત કરી ગોલ્ડ મેડલ મેળવનાર પાકિસ્તાની ખેલાડી અર્શદ નદીમને પણ ભારત આવવા આમંત્રણ મોકલાયુ હતુ પણ નદીમે એ કારણોસર આ આમંત્રણ સ્વીકાર્યુ નથી કે તેના જણાવ્યા મુજબ તા.૨૨ મે ના એશિયન એથલેસ ચેમ્પીયનશીપમાં ભાગ લેવા સાઉથ કોરીયા જઈ રહ્યા છે તેથી તે તા.૨૪ના બેંગલુરુમાં હાજરી આપી શકશે નહી. આ ચેમ્પીયનશીપ તા.૨૭થી૩૧ મે ના સાઉથ કોરિયામાં યોજાઈ રહી છે.

ઓલમ્પીકમાં નદીમે જ ગોલ્ડ મેડલની રેસમાં નિરજ ચોપરાને પરાજીત કર્યા હતા.

## ન તો અદાણી, ન તો અંબાણી પણ સુનિલ મિત્તલે કરી સૌથી વધુ કમાણી

નવી દિલ્હી : ટેરિફ પર ટ્રમ્પની નરમાઇને કારણે દુનિયાભરના શેરબજારોમાં ચમક પાછી આવી છે એટલું જ નહીં અબજોપતિઓના નુકસાનની ભરપાઇ પણ અમુક અંશે શરૂ કરી દીધી છે. વર્ષ ૨૦૨૫ માં, એરટેલના સુનિલ મિત્તલે અદાણી અને અંબાણીને પાછળ છોડીને ભારતનાં સૌથી વધુ કમાણી કરનાર તરીકે સ્થાન મેળવ્યું છે. મિત્તલની નેટવર્થમાં આ વર્ષે ૪.૩૦ અબજ ડોલરનો વધારો થયો છે. હવે તેમની પાસે ૨૮.૨ અબજ ડોલરની સંપત્તિ છે. બ્લૂમબર્ગ બિલિયોનેર ઇન્ડેક્સમાં મિત્તલ ૬૪મા ક્રમે છે.





આ લિસ્ટમાં ૯૬માં નંબર પર રહેલાં રાધાકૃષ્ણ દામાણી કમાણીના મામલે પણ સુનીલ મિત્તલથી પાછળ છે. આ વર્ષે તેમની નેટવર્થમાં ૪.૨૯ અબજ ડોલરનો વધારો થયો છે. તેમની કુલ સંપત્તિ ૨૦.૬ અબજ ડોલર છે

અદાણી અને અંબાણી હવે આ વર્ષના ટોપ લૂઝર લિસ્ટમાંથી ગેનર્સની યાદીમાં આવી ગયા છે. વિશ્વના ૨૦મા સૌથી ધનિક વ્યક્તિ અદાણીની સંપત્તિ ૭૯.૬ અબજ ડોલર છે અને આ વર્ષે તેમાં ૯૦૦ મિલિયન ડોલરનો વધારો થયો છે. અંબાણીની વાત કરીએ તો ૯૪.૧૦ અબજ ડોલરની સંપત્તિ સાથે અમીર લોકોની યાદીમાં તેઓ ૧૬માં નંબર પર છે. આ વર્ષે તેમની સંપત્તિમાં ૩.૫૪ અબજ ડોલરનો વધારો થયો છે

**એલન મસ્ક અને જેફ બેઝોસ બંને આ લિસ્ટમાં નથી**

વિશ્વના સૌથી ધનિક એલોન મસ્ક અને જેફ બેઝોસ બંને આ યાદીમાં નથી, કારણ કે આ વર્ષે મસ્ક ૧૨૨ અબજ ડોલરનું નુકસાન કરીને સૌથી મોટો લૂઝર બની ગયો છે, જ્યારે જેફ બેઝોસ આ કેટેગરીમાં ત્રીજા નંબર પર છે. તેમની સંપત્તિમાં પણ ૩૬.૬ અબજ ડોલરનો ઘટાડો થયો છે. વિશ્વના ટોપ-૧૦ અમીરોમાં અમેરિકાના જાણીતા રોકાણકાર વોરેન બફેટ આ વર્ષનાં એકમાત્ર ફાયદો મેળવનાર છે.

આ વર્ષે કમાણીના મામલે વોરેન બફેટ પહેલા નંબર પર છે. તેઓએ ૨૦૨૫ માં તેમની નેટવર્થમાં ૨૨.૪ અબજ ડોલરનો ઉમેરો કર્યો હતો. બ્લૂમબર્ગ બિલિયોનેર ઇન્ડેક્સમાં તેમની કુલ સંપત્તિ ૧૬૪ અબજ ડોલર અને બફેટ ચોથા ક્રમે છે. બફેટ પછી હમવતન જેફ યાસ આવે છે. તેમની કુલ સંપત્તિ આ વર્ષે ૧૩.૯ અબજ ડોલર વધીને ૫૯.૮ અબજ ડોલર થઈ છે. જેફ યાસ દુનિયાના ૨૩માં સૌથી અમીર વ્યક્તિ છે.

**ચીનના અબજોપતિઓને સૌથી વધુ ફાયદો થયો**

અમેરિકાનાં આ વેપાર અને ટેરિફ વોરનો સૌથી વધુ ફાયદો ચીનનાં અબજોપતિઓને થયો હતો. વિશ્વભરનાં અબજોપતિઓમાં તેમનું વર્ચસ્વ વધ્યું છે. બ્લૂમબર્ગ બિલિયોનેર ઇન્ડેક્સ અનુસાર, આ વર્ષે આવકમાં ટોચનાં ૨૦ અબજોપતિઓમાંથી આઠ ચીનનાં છે. ચીનનાં અબજોપતિ ઝાંગ યિમિંગ આ વર્ષે ત્રીજા સૌથી ધનિક વ્યક્તિ છે. આ વર્ષે તેમની સંપત્તિમાં ૧૩.૬ અબજ ડોલરનો વધારો થયો છે. હવે તે ૫૭.૫ અબજ ડોલરની સંપત્તિ સાથે વિશ્વનાં ૨૫મા સૌથી ધનિક વ્યક્તિ છે.

## સી-કેવાયસી ડેટા શેરિંગ માટે ઓ.ટી.પી. જરૂરી

### નિયમોમાં ફેરફાર : હાલમાં ગ્રાહકોને માત્ર SMS દ્વારા જ માહિતી મળે છે

નવી દિલ્હી : સી-કેવાયસી રજિસ્ટ્રીએ હવે નિયમોમાં મહત્વનો ફેરફાર કર્યો છે. આ અંતર્ગત હવે કોઈ પણ ગ્રાહકના પર્સનલ ડેટાને સી-કેવાયસી સાથે શેર કરતા પહેલા ઓટીપી દ્વારા મંજૂરી લેવી જરૂરી રહેશે. આ નવા નિયમથી ડેટાની સુરક્ષા વધશે અને ફ્રોડનું જોખમ ઘટશે. હાલમાં જ્યારે કોઇ તમારો ડેટા માંગે છે ત્યારે ગ્રાહકને સી-કેવાયસી રજિસ્ટ્રીમાંથી એસએમએસ દ્વારા જ માહિતી મળે છે. ઓટીપીના આ નવા નિયમથી બેન્કો, મ્યુચ્યુઅલ ફંડ કંપનીઓ અને અન્યો માટે મંજૂરીનું બીજું સુરક્ષાનું લેયર' ઉમેરાશે.

આ પગલું એટલા માટે લેવામાં આવ્યું છે કારણ કે સરકાર ઇચ્છે છે કે બેન્કો અને નાણાકીય કંપનીઓ ગ્રાહકોને ચકાસવા માટે સી-કેવાયસી ડેટાને 'પ્રાથમિક સ્રોત' તરીકે ધ્યાનમાં લે. ખાનગી બેન્કના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે નાણાં મંત્રાલયનાં અધિકારીઓ અને બેન્કો વચ્ચે બે દિવસની બેઠક યોજાઈ હતી આમાં, અમને સી-કેવાયસીનો ઉપયોગ પ્રાથમિક ડેટા સ્રોત તરીકે કરવા અને જે ગ્રાહકોનો ડેટા સી-કેવાયસીમાં મેળ ખાય છે તેમની પાસેથી વારંવાર કેવાયસી ડેટા ન માંગવા માટે કહેવામાં આવ્યું હતું. હવે ઓટીપીનો નવો નિયમ લાગું થતાં



સરકારી અધિકારીઓ ઇચ્છે છે કે સી-કેવાયસી રજિસ્ટ્રી ડેટા વેરિફિકેશન માટે વિશ્વસનીય પ્લેટફોર્મ બને.

**આ સિસ્ટમ કેવી રીતે કામ કરશે ?**

આ અંતર્ગત જ્યારે પણ કોઈ બેંક કે નાણાકીય કંપની સી-કેવાયસીથી તમારો કેવાયસી ડેટા ડાઉનલોડ કરવા માંગે છે, ત્યારે ગ્રાહકે પહેલાં તેને ઓટીપી દ્વારા મંજૂરી આપવી પડશે. જો કે, સલામતી માટે તેને એક સારું અને જરૂરી પગલું માનવામાં આવે છે. આનાથી સી-કેવાયસી ડેટાબેઝનો ઉપયોગ વધશે. પરંતુ નાણાકીય સેવાઓ આપતી કંપનીઓનું કહેવું છે કે આનાથી માહિતીની આપ-લે કરવી, નવા ગ્રાહકો ઉમેરવા અને સેવા પૂરી પાડવી મુશ્કેલ બની શકે છે. તેઓ એમ પણ કહે છે કે આ નિયમને લાગુ કરવા માટે ૯ મેની ડેડલાઈન ઘણી ઓછી છે.

### જરૂરી સુચનો

- સી-કેવાયસીથી પર્સનલ ડેટા મેળવવા માટે દર વખતે ગ્રાહક પાસેથી ઓટીપીની મંજૂરી લેવી પડશે. અગાઉ માત્ર એસએમએસ દ્વારા જ માહિતી મળતી હતી.
- સલામતી માટે તેને એક સારું અને જરૂરી પગલું માનવામાં આવે છે.
- આનાથી સી-કેવાયસી ડેટાબેઝનો ઉપયોગ વધશે.
- સરકારે બેન્કોને સી-કેવાયસી ડેટાને મુખ્ય ડેટા સોર્સ તરીકે ધ્યાનમાં લેવાની સૂચના આપી છે.
- સરકાર તેને ડેટા વેરિફિકેશન માટે એક વિશ્વસનીય પ્લેટફોર્મ બનાવવા માંગે છે.
- નાણાકીય કંપનીઓનું કહેવું છે કે આ નવા નિયમથી સમસ્યાઓ ઉભી થઈ શકે છે. આને કારણે માહિતીની આપ-લે કરવી, નવા ગ્રાહકો ઉમેરવા અને સેવા પૂરી પાડવી મુશ્કેલ બની શકે છે.




### આતંકીઓની શૈતાનિયતથી બચી ગયેલા વર્ણવે છે એ ખોફનાક ક્ષણો...

# ઘૂંટણભેર બેસાડાયા, કલમા ન પઢી શકયા તો ગોળી મારી દીધી

## એક હિન્દુ પ્રોફેસરે જોરજોરથી કલમા પઢયા તો તેને જીવતા છોડીને આતંકી ચાલ્યા ગયા, બાકીના પર ગોળીબાર કર્યા

શ્રીનગર (જમ્મુ-કાશ્મીર) તા.૨૪

પહેલગામમાં આતંકીઓએ પર્યટકોને તેમનો ધર્મ પૂછીને મોતને હવાલે કરાયા હતા, આ મામલે વધુ વિગતો બહાર આવી છે. પર્યટકોને આતંકીઓએ કલમા પઢવાનું કહ્યું હતું. જે પર્યટકો કલમા નહોતા પઢી શકયા તેમને ઠાર મારી નાખ્યા હતા. કારણ કે હિન્દુ પર્યટકો કલમા નહોતા પઢી શકયા અને ૨૮થી વધુ પર્યટકોએ જીવ ગુમાવ્યા હતા. આ કરુણાંતિકામાં એક ઘટના ઉડીને આંખે વળગે તેવી બહાર આવી છે. એક હિન્દુ પ્રોફેસરે જોરજોરથી કલમા પઢયા તો તેમને આતંકીઓએ જીવતો છોડી દીધો હતો.

આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ સિલચરના આસામ વિશ્વ વિદ્યાલયના પ્રોફેસર દેબાશિષે જણાવ્યું હતું કે તે પોતાના પરિવાર સાથે તે સમયે બેસરનમાં જ હાજર હતા, જયારે આતંકી હુમલો થયો હતો. તેમણે જણાવ્યું હતું કે હથિયારધારી આતંકીઓએ પર્યટકોને નિશાન બનાવવાનું શરૂ કર્યું હતું અને બધાને ઘુંટણભેર બેસાડી દીધા હતા અને તેમને કલમા પઢવાનું શરૂ કર્યું હતું.

બધાને જોઈને પ્રોફેસરે પણ કલમા પઢવાનું શરૂ કર્યું હતું. પરંતુ ત્યારે આતંકીઓએ તેના બરાબર વાળા આતંકીને મારી દીધો પછી તેની તરફ જોઈને પૂછયું- શું કરી રહ્યો છે. દેબાશિષે કહ્યું કે જોર જોરથી કલમા પઢવા લાગ્યો, ત્યારબાદ આતંકી તેને છોડીને ચાલ્યા ગયા.

**કલમા ન પઢી શકયો તો ઈસાઈ અધિકારીને મારી નાખ્યો:** ઈન્દોરના અલીરાજપુરમાં રહેતા એલઆઈસી મેનેજર સુશીલ નથેનિયલ પત્ની અને બે બાળકો સાથે કાશ્મીર ગયો હતો. તેમના સંબંધી સંજય કુમરાવતે જણાવ્યું હતું કે સુશીલની પત્ની અને દીકરાને તેણે ફોન પર જાણકારી આપી.

પત્નીના અનુસાર આતંકીઓએ સુશીલને નામ પૂછયું અને તેમને ઘુંટણભેર બેસવા મજબૂર કરાયો ત્યારબાદ સુશીલને કલમા પઢવાનું કહ્યું જયારે તે કલમા ન પઢી શકયો તો તેને મારી નાખવામાં આવ્યો. જયારે સુશીલની દિકરી તેની તરફ દોડી તો આતંકીઓએ તેના પગ પર ગોળી મારી દીધી હતી.

**પત્ની બોલી... પતિને મારી નાખ્યો, મને પણ મારી નાખો:** આતંકીઓએ નિર્દોષ પર્યટકો પર ગોળીઓ છોડી ત્યારે કાળજુ કંપાવનારા દ્રશ્યો ખડા થયા હતા. આતંકી હુમલામાં જીવ ગુમાવનાર મંજૂનાથની પત્ની પલ્લવીએ કહ્યું હતું કે આતંકીઓએ મારા પતિને ગોળી મારી તો મેં તેમને કહ્યું કે પતિને મારી નાખ્યો, હવે મને પણ મારી નાખો. ત્યારે આતંકીઓ બોલી ઉઠયા- તને નહીં મારીએ, જાઓ, મોદીને બતાવી દો.

**પતિને ગાળીથી મરતા પત્નીએ જોયા:** બેંગ્લુરુના ભારતભૂષણની પત્ની સુજાતા અને ત્રણ વર્ષના પુત્ર સાથે પહેલગામ ગઈ હતી. આતંકી હુમલામાં પતિ ભારતભૂષણની હત્યા થઈ હતી પણ પત્ની અને પુત્ર અ । હુમલામાં બાલ બચી ગયા હતા.

**પરિવારને બચાવ્યો પણ ખુદ ન બચી શકયો:** આતંકી હુમલામાં બિહારના મનીષ રંજનનું મૃત્યુ થયું હતું તેને આતંકીઓએ પત્ની અને બે બાળકોની સામે જ ગોળીબાર કરીને મારી નાખ્યા હતા. મનીષ રંજનની પત્ની અને બે બાળકો સુરક્ષિત છે. ગોળીનો અવાજ સાંભળીને મનીષે પત્ની અને બાળકોને બીજી બાજુ ભાગી જવાનું કહેલું. દરમિયાન તે પરિવારથી અલગ થઈ ગયો અને આતંકીઓએ ગોળી મારીને મારી નાંખ્યો.

## જાવ, મોદીને કોલ કરો અને કહો કે તમને બચાવી લેઃ નજર સામે પતિની હત્યા જોનાર પત્નીએ આપવિતી વર્ણવી



### અમને આધારકાર્ડ બતાવવાનું કહ્યું પછી મારા દિકરાને નીચે મૂકવાનું કહ્યું અને જ્યાં સુધી મારા પતિ ન મર્યા ત્યાં સુધી ગોળી મારીઃ સુજાતા

બેંગ્લોર : બેંગ્લોરનો ભારત ભૂષણ નામનો નો સોફટવેર એન્જિનિયર તેની પત્ની સુજાતા અને ત્રણ વર્ષના દીકરા સાથે કાશ્મીર ફરવા ગયો હતો. આતંકવાદીઓએ ત્રણ વર્ષના દીકરાની સામે જ તેની હત્યા કરી નાખી હતી અને કહ્યું હતું કે મોદીને કોલ કરો અને કહો કે તમને બચાવી લે.

ભારતની પત્ની સુજાતાએ મંગળવારે બપોરે પોણાત્રણ વાગ્યે મમ્મી વિમલાબહેનને ફોન કરીને આ ઘટનાની જાણ કરી હતી. વિમલાબહેને મીડિયાને કહ્યું હતું કે 'એ બપોરે સુજાતાએ રડતાં-રડતાં ફોન કરીને આ ઘટનાની અમને જાણ કરી હતી. તેનાં લગ્નને પાંચ વર્ષ થયાં છે અને ત્રણ વર્ષના દીકરા સાથે બન્ને કાશ્મીર ફરવા ગયાં હતાં. તેણે કહ્યું હતું કે પહેલાં એ લોકોએ તેમની પાસે આધાર કાર્ડ જોવા માગ્યું હતું. અમારી ઓળખ કન્કર્મ થઈ એટલે પૂછ્યું કે તમે મુસ્લિમ તો નથીને? જે લોકો હા પાડતા હતા તેમને એ લોકો છોડી દેતા હતા. તેમણે એમ પણ કહ્યું કે બચવું હોય તો મોદીને કોલ કરો અને કહો કે તમને બચાવી લે. દીકરો ભારતના હાથમાં હતો એટલે તેમણે તેને નીચે મૂકવાનું કહ્યું. એ પછી તેમણે કન્ટિન્યુ ત્યાં સુધી ગોળીઓ મારી જ્યાં સુધી ભારતનો જીવ નીકળી ન ગયો. મારી દીકરીએ એ પણ કહ્યું કે એ લોકો માત્ર પુરુષોને જ ટાર્ગેટ કરતા હતા.'

સુજાતા અને તેનો ત્રણ વર્ષનો દીકરો બચી ગયાં છે, પરંતુ સુજાતા આ કારમા આઘાતને જીરવી શકે એવી સ્થિતિમાં નથી.

## અમને માર્યા કેમ?



હિન્દુ છો કે મુસ્લિમ? સવાલ 'મજાક' લાગ્યો હતો

## "ભૈયા, હમ મુસલમાન નહિં હૈ" કહેતા જ ત્રાસવાદીએ શુભમને માથામાં ગોળી મારી દીધી

### બે માસ પૂર્વે જ લગ્ન થયા હતાઃ ઘોડેસ્વારી હતી એટલે પરિવારનાં સભ્યો સાથે ગયા ન હતા

શ્રીનગર : પહલગામની બૈસરન વેલીમાં આતંકવાદીઓ પુયા ત્યારે નાસભાગ મચે અને કંઈક સમજાય એ પહેલાં જ કાનપુરનાં ૩૧ વર્ષના શુભમ દ્વિવેદી અને પત્ની એશાન્યા આતંકવાદીઓની અડફેટે ચડી ગયાં હતાં. એ ઘટનાની વાત કરતાં વારંવાર હીબકે ચડી જતી એશાન્યા કહે છે, 'અમે ફરી રહ્યાં હતાં અને અચાનક કેટલાક લોકોએ આવીને પૂછ્યું કે મુસલમાન છો કે હિન્દુ? અમને લાગ્યું કે કોઈ મજાક કરી રહ્યું છે. તેમણે ફરીથી એ જ સવાલ દોહરાવ્યો કે મુસલમાન છો? અમે ના પાડી. એ જવાબ મળતાં જ તેમણે શુભમના માથામાં ગોળી મારી દીધી હતી. એ જ સમયે આજુબાજુમાંથી પણ ગોળીબારના અવાજ સંભળાવા લાગ્યા હતા. હું ચિલ્લાઈ ઊઠી અને લોહીથી લથબથ થઈને શુભમ પડી ગયો. એ પછી તો ગોળીબારના અવાજોથી પહેલગામ ગૂંજી ઊઠ્યું અને ચોતરફ ચીસો અને લાશો દેખાઈ રહી હતી. હું શુભમને ઉઠાવવામાં લાગી હતી, પણ મમ્મી-પપ્પા અને બહેન તેમને ખેંચીને ગેટની બહાર તરફ લઈ ગયાં હતાં. થોડી જ વારમાં ભારતીય સેનાના જવાનો આવી પહોંચ્યા.' હજી બે મહિના પહેલાં એટલે કે ૧૨ ફેબ્રુઆરીએ શુભમ અને એશાન્યાનાં લગ્ન થયાં હતાં. તેઓ નવ અન્ય પરિવારજનો સાથે કાશ્મીર ફરવા ગયેલાં. શુભમ અને વાઇફને ઘોડેસવારી કરવી હોવાથી તેઓ બૈસરન વેલી પર આવ્યાં, જ્યારે મોટા ભાગના અન્ય પરિવારજનો હોટેલ પર જ રોકાયા હતા.

આ ઘટનાથી સહેમી ગયેલી એશાન્યાએ કહ્યું હતું કે 'લગ્ન પછી અમે પહેલી વાર આખા પરિવાર સાથે ફરવા ગયાં હતાં. મંગળવારે જ પહલગામ પહોંચ્યાં અને થોડેસવારી કરીને હજી ગેટ સુધી પહોંચ્યાં જ હતાં. પચાસ મીટરના અંતર પર હું, શુભમ અને બહેન શાંભવી સાથે બેઠાં હતાં અને મમ્મી-પપ્પા હજી ગેટ પાસે હતાં એવામાં એક આતંકવાદીએ આવીને એ સવાલ પૂછ્યો. અમે એ સવાલ કેમ પૂછે છે એ પણ સમજી નહોતા શક્યા. તેણે કા કે ઠીક હૈ, કલમા પઢ લો. ત્યારે અમે એમ મજાકમાં કહ્યું કે ભૈયા હમ મુસલમાન નહીં અને પછી...'

### પરિવારની રાજકીય પૃષ્ઠભૂમિ

શુભમ દ્વિવેદીનો પરિવાર મહારાજપુર ક્ષેત્રમાં રાજનૈતિક દષ્ટિએ બહુ મજબૂત પકડ ધરાવે છે. સામાજિક ક્ષેત્રમાં ચંદન ચક્કી પ્રતિષ્ઠાન દ્વારા અનેક સામાજિક કાર્યો માટે દૂરસુદૂર સુધી પ્રસિદ્ધિ ધરાવે છે. શુભમના ચાચા જ્યોતિષાચાર્ય પંડિત મનોજ દ્વિવેદી છે. તેના પિતા સંજય એ ક્ષેત્રના સિમેન્ટના બહુ મોટા વેપારી છે. સંજયના કાકાનો દીકરા ભાઈ શૈલેન્દ્ર દ્વિવેદો ભારતીય જનતા પાર્ટીનો નેતા છે. મંગળવારે રાતે જ ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે શુભમના પિતા સંજય દ્વિવેદી સાથે વાત કરી હતી.

પતિ અને પુત્રને આતંકવાદીઓએ ગોળી મારી, એ જોઈને કાજલ પરમાર બેભાન થઈને ઢળી પડ્યા

## પ્રથમ પિતાની તસ્વીર પાડતા પુત્રની છાતી વીંધાઈ ગઈ અને પછી પપ્પાને પણ ગોળી વાગીઃ કરૂણાંતિકા સર્જાઈ

### ભાવગનરથી કાશ્મીર ગયેલું ૨૦ વ્યક્તિઓનું ગ્રુપ સાઈટ-સીઈંગ માટે પહેલગામ ગયું અને આતંકવાદીઓએ અંધાધૂંધ ગોળીબાર કરતા નાસભાગ મચી ગઈ



આતંકવાદીઓએ કરેલા અંધાધૂંધ ગોળીબારમાં મૃત્યુ પામેલા યતીશ પરમાર અને પુત્ર સ્મિત તથા આ ગોઝારી ઘટનામાં બચી ગયેલાં કાજલ પરમાર.



ભાવનગરના વિનોદ ડાભી અને તેમનાં પત્ની લીલા ડાભીએ દલ લેક પર ફોટો પડાવીને દીકરીને મોકલ્યો હતો.

ભાવનગર, તા.૨૪

કાશ્મીરમાં મોરારીબાપુની કથામાં સહભાગી થવા અને કાશ્મીરમાં ફરવા માટે ભાવનગરની ૨૦ વ્યક્તિઓ ગઈ હતી જેમાં પહેલગામમાં આતંકવાદીઓએ કરેલા અંધાધૂંધ ગોળીબારમાં યતીશ પરમાર અને તેમનો દીકરો સ્મિત મૃત્યુ પામ્યા હતા. પતિ અને દીકરાને પોતાની નજરો સામે જ ગોળી વાગી એ જોઈને કાજલ પરમાર બેભાન થઈને ઢળી પડ્યાં હતાં. આતંકવાદીઓએ કરેલા બેફામ ગોળીબારને કારણે લોકોમાં નાસભાગ મચી ગઈ અને ભયના માહોલ વચ્ચે લોકો જીવ બચાવવા જ્યાં જગ્યા મળી ત્યાં ભાગવા માંડયા હતા.

પહલગામમાં જે સ્થળે આતંકવાદીઓએ ધર્મ પૂછીને ગોળીબાર કર્યા હતા એ સ્થળે ભાવનગરના ૨૦ લોકો પણ હતા. એ બધા પોતપોતાની રીતે કાશ્મીરની ઠંડકને અને સૌંદર્યને નિહાળી રહ્યા હતા એ દરમ્યાન આતંકવાદીઓએ કરેલા ગોળીબાર બાદ નાસભાગ થઈ હતી. એ સમયે આતંકવાદીએ છોડેલી ગોળી પપ્પાનો ફોટો પાડી રહેલા સ્મિત પરમારની છાતી વીંધીને નીકળી ગઈ અને તેના પપ્પા યતીશભાઈને પણ ગોળી વાગતાં તેઓ સ્થળ પર જ મૃત્યુ પામ્યા હતા.

આતંકવાદીઓની ગોળીઓનો ભોગ બનેલા ભાવનગરના પિતા-પુત્ર યતીશ પરમાર અને સ્મિત પરમારના સ્વજન નિખિલ અને પ્રકાશ નાથાણીએ મીડિયા સાથે વાત કરતાં કહ્યું હતું કે 'મારાં બહેન-બનેવી અને ભાણિયા સહિત ૨૦ જણનું ગ્રુપ ૧૬ એપ્રિલે જમ્મુ-કાશ્મીર અને શ્રીનગર મોરારીબાપુની કથામાં ગયું હતું. મંગળવારે તેઓ સાઈટ-સીઈંગ માટે પહલગામ ગયા હતા. આ ઘટના બની ત્યારે મારો ભત્રીજો તેમની સાથે હતો. તેણે ફોન કરીને કહ્યું કે કાકા, આતંકવાદીઓએ હુમલો કર્યો છે, ફાયરિંગ થયું છે અને સ્મિતભાઈને છાતીમાં ગોળી વાગી છે, ઘણા માણસોને ગોળી વાગી છે. આ ઘટનામાં મારા બનેવી અને ભાણેજનુ મૃત્યુ થયું છે અને મારાં બહેન બચી ગયાં છે.'

આતંકવાદીઓએ કરેલા ફાયરિંગમાં ભાવનગરના વિનોદ ડાભી ઈન્જર્ડ થયા હતા અને તેમનાં પત્ની બચી ગયાં હતાં. તેમનાં દીકરી શીતલ ડાભીએ કહ્યું હતું કે 'ભાવનગરથી ૨૦ જણ કાશ્મીર ગયા હતા એમાં મારાં મમ્મી-પપ્પા લીલાબહેન અને વિનોદભાઈ પણ હતાં. ઘટના બની એ દિવસે તો મમ્મી સાથે મારી વાત થઈ હતી. તેમણે કહ્યું હતું.

કે અમે અહીં બહુ ખુશ છીએ, બહુ મજા આવી રહી છે. જોકે સાંજે સમાચાર આવ્યા કે પહલગામમાં આતંકવાદી હુમલો થયો છે એટલે તરત જ ત્યાં એક રિલેટિવને ફોન કર્યો ત્યારે ખબર પડી કે આતંકવાદીઓએ કરેલા ગોળીબારમાં મારા પપ્પાના હાથમાં ગોળી વાગી છે અને તેમને સારવાર માટે લઈ જવાયા છે. મોડી રાતે પપ્પા સાથે વાત થઈ ત્યારે તેમણે કહ્યું કે અમે બધા મેદાનમાં બેઠા હતા ત્યારે ગોળીનો અવાજ આવ્યો અને અમે કંઈ સમજીએ એ પહેલાં બીજી ગોળીનો અવાજ આવ્યો અને પછી ધડાધડ ગોળીઓ છૂટવા માંડી એટલે બધા જીવ બચાવવા દોડ્યા એમાં મારા હાથમાં ગોળી થસાઈને નીકળી ગઈ. મારા પપ્પા ઈજા પામ્યા હતા અને મમ્મી બચી ગઈ છે, પણ આ ઘટનાની ગંભીર અસર તેમના પર પડી છે અને અમારી સાથે વાત કરતાં રડી પડ્યાં હતાં.



પહેલગામ હત્યાકાંડમાં એક ઘટના આવી પણ....

## હિન્દુ પ્રવાસીઓનાં જીવ બચાવતા ઘોડાના મુસ્લિમ માલિકને પણ ત્રાસવાદીએ મારી નાખ્યો

### આતંકવાદીનાં હાથમાંથી રાઈફલ છીનવવાનો પ્રયાસ કરીને કેટલાંક પ્રવાસીઓને બચાવ્યા હતા

પહેલગામઃ આતંકી હુમલામાં બે મુસ્લિમ ખચ્ચર સંચાલકનું મોત થયુ હતું એક અધિકારીએ જણાવ્યું હતું કે આતંકી હુમલા દરમ્યાન પર્યટકોની સુરક્ષા કરવાની કોશીશ કરનાર એક સ્થાનિક મુસ્લિમ ખચ્ચર સંચાલક આદિલ શાહનું મૃત્યુ થયુ હતું. આદિલ ખચ્ચર પર પર્યટકોને સહેલ કરાવી રહ્યો હતો ત્યારે આતંકીઓએ ગોળીબારી શરૂ કરી હતી.

નજરે જોનારાઓએ જણાવ્યું હતું કે આદિલે હુમલાખોરોમાંથી એકનો સામનો કર્યો અને તેને હથીયાર વિનાનો કરવાનો પ્રયાસ કર્યો, જેથી આતંકીઓનું ધ્યાન ભટકી ગયુ અને પર્યટકોનાં જીવ બચી ગયા આ દરમ્યા હિન્દુ પર્યટકોને બચાવનાર મુસ્લિમ આદિલ શહીદ થયો હતો. આ ઘટનાથી પીડિત આદિલના પિતા સૈયદ હૈદર શાહ કહે છે કે મારો દિકરો નિર્દોષ હતો. તેને કેમ મારી નાખ્યો. જયારે આદિલને હાપરનાઈ ગામમાં સુપુર્દએ ખાક કરાયો તો આ દરમ્યાન મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લા હાજર હતા.

હુમલો માત્ર પ્રવાસીઓ પર નહિં, ભારત દેશ પર છે

## પહેલગામ હુમલાનાં વિરોધમાં આવતીકાલે દિલ્હી બંધનું એલાન

નવી દિલ્હી તા.૨૪

કાશ્મીરનાં પહેલગામમાં ભયાનક આતંકવાદી હુમલા સામે દેશભરમાં આક્રોશ ફાટી નીકળ્યો છે ત્યારે તેના વિરોધમાં પાટનગર દિલ્હીના વેપાર ઉદ્યોગકારો દ્વારા તા.૨૫ એપ્રિલ આવતીકાલે દિલ્હી બંધનુ એલાન આપ્યું છે. 'વેપાર પછી દેશ પહેલા'નો ધર્મ સમજીને બંધની જાહેરાત કરવામાં આવી છે.આતંકવાદીઓએ પ્રવાસીઓ પર નહીં પરંતુ ભારત દેશ પર હુમલો કર્યાનો રોષ દર્શાવવામાં આવ્યો છે.

દિલ્હી મહાસંઘ દ્વારા પહેલગામમાં આતંકવાદીઓએ પ્રવાસીની કરેલી નિર્દયી



વેપાર-ઉદ્યોગ મહામંડળની જાહેરાત

હત્યા સામે આક્રોશ દર્શાવ્યો હતો. સંસ્થાના પ્રમુખ દેવરાજ વનેજા તથા ઉપપ્રમુખ રાજેન્દ્રકપુરે કહ્યું કે પાટનગરનાં તમામ વેપારી સંગઠનો સાથે સંકલન કરીને સર્વસંમતિથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. તમામ વેપાર-ઉદ્યોગકારો સ્વૈચ્છીક રીતે કારોબાર બંધ રાખશે.

દેશનાં રાષ્ટ્રીય વ્યાપારી સંગઠન એવા કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડીયા ટ્રેડર્સ દ્વારા પણ ટેરર એટેકને વખોડી કાઢવામાં આવ્યો હતો અને મૃતકો-ઘાયલો પ્રત્યે સંવેદના દર્શાવવામાં આવી હતી.ફેડરેશનના મહામંત્રી અને સંસદ પ્રવિણ ખંડેલવાલે કહ્યું કે દિલ્હી સહિત દેશભરનાં વેપારીઓ, ધંધા-રોજગારને અટકાવીને હતભાગીઓનાં પરિવાર સાથે ખભ્ભેખભા મિલાવીને ઉભા રહેવા તૈયાર છે.

ધરતી પરના સ્વર્ગની પ્રવાસન આધારિત અર્થવ્યવસ્થા ભાંગી જવાના આરે

# 'વાપસી' માટે ધસારોઃ પ્રવાસીઓથી ગુંજતું કાશ્મીર ૨૪ કલાકમાં જ સુમસામ





શ્રીનગર તા.૨૪

ધરતી પરના સ્વર્ગ ગણાતા કાશ્મીરનાં પહેલગામમાં ત્રાસવાદીઓએ આચરેલા નરસંહારથી સમગ્ર દેશ હચમચી ગયો છે.મંગળવાર બપોર સુધી કુદરતી સૌંદર્યની મજા માણતા પ્રવાસીઓથી ધમધમતું કાશ્મીર હવે સુમસામ બની ગયુ છે. પ્રવાસીઓને પરત ફરવા માટે ઘસારો છે. ત્રાસવાદી હૂમલાથી ભયભીત પ્રવાસીઓને હેમખેમ પરત મોકલવા માટે વધારાની વિમાની-રેલ સેવા શરૂ કરવામાં આવી છે. આ ઘટનાક્રમથી હવે કાશ્મીરનો પ્રવાસન ઉદ્યોગ ભાંગી પડવાની આશંકા દર્શાવવામાં આવી રહી છે.

ધરતી પરનુ સ્વર્ગ અચાનક નર્કમાં ફેરવાઈ ગયાનો ઘાટ સર્જાયો છે. કુદરતી સૌદર્યથી ભરપુર રાજયનાં તમામ સ્થળો પરથી પર્યટકો સુરક્ષીત સ્થાનોએ પાછા આવી જતા પ્રવાસીઓની કિલકારીથી ગુંજતા સ્થાનો-રસ્તાઓ સુમસામ બની ગયા છે.

કાશ્મીરમાં જ રહેલા પ્રવાસીઓએ પરત આવવાનું શરૂ કરી જ દીધુ છે. બીજી તરફ આવનારા દિવસોમાં પ્રવાસન બુકીંગ કરાવનારાઓના બુકીંગ પણ ધડાધડ રદ થવા લાગ્યા છે. એક જ દિવસમાં કાશ્મીરનો પ્રવાસન ઉદ્યોગ ભાંગી પડવાના આરે આવી ગયો છે.હુમલાના ૩૦ કલાકમાં જ અંદાજીત ૧૫૦૦૦ થી વધુ પ્રવાસીઓ વિમાન માર્ગે પરત ગયા છે. ૫૦ જેટલી ફલાઈટોએ ઉડાન ભરી હતી. રેલવે તથા માર્ગ પરિવહન મારફત પણ પણ સેંકડો પ્રવાસીઓ પરત ફરી ગયા છે.

### માત્ર પહેલગામ જ નહિં, કાશ્મીરનાં અન્ય સ્થળોએથી પણ પ્રવાસીઓ નિકળી ગયાઃ વૈશ્ણોદેવીના પ્રવાસને પણ અસરઃ ફલાઈટ કેન્સલેશનમાં સાત ગણો વધારો

સરકારી તથા હોટેલ વ્યવસાયીઓ ટુર ઓપરેટરોએ કહ્યું કે માત્ર પહેલગામ જ નહિં, શ્રીનગર-ગુલમર્ગ-સોનમર્ગ જેવા રાજયનાં અન્ય સ્થળોમાંથી પણ પ્રવાસીઓની વાપસી થઈ છે.

ઓનલાઈન ટુર ઓપરેટર કંપની કલીયર ટ્રીપનાં અધિકારી મંજરી સિંઘલે કહ્યું કે શ્રીનગર ફલાઈટ કેન્સેલેશનમાં સાત ગણો વધારો જોવાયો છે અને હજુ વધુ કેન્સલેશન આવી શકે છે. મેક માય ટ્રીપનાં પ્રવકતાએ કહ્યું કે મુશ્કેલ સમયમાં પ્રવાસીઓની મદદ માટે લોકલ હોટેલ-ટુર ઓપરેટરો સાથે સંકલન કરવામાં આવી રહ્યું છે.

ટ્રાવેલ્સ ક્ષેત્રનાં સુત્રોએ કહ્યું કે માત્ર કાશ્મીર જ નહિં. લોકો જમ્મુ જવામાં પણ ભય અનુભવી રહ્યા છે.વૈષ્ણોદેવીના બુકીંગ પણ રદ થઈ રહ્યા છે.


પહેલ ગામમાં આતંકી હુમલાથી ભયભીત પ્રવાસીઓમાં જે વ્યવસ્થા થાય તેમાં પરત ફરી જવાનો માહોલ રહ્યો છે અને સૌદર્યથી ભરપુર કાશ્મીર સુમસામ ભાસવા લાગ્યુ છે.




### ૩૫ વર્ષમાં પ્રથમ વખત ત્રાસવાદી હુમલામાં કાશ્મીરના હિન્દી, ઉર્દુ, અંગ્રેજી અખબારોએ બ્લેક પેઇજ છાપ્યું

# પહેલગામ હુમલો : કાશ્મીર પણ પીડા અનુભવે છે

**દેશભરમાં આક્રોશ છે અને પ્રથમ વખત દેશના વડાપ્રધાનના ચહેરા પર તેનું પ્રતિબિંબ જોવા મળી રહ્યું છે, પહેલાગામ હુમલાના ડિપ્લોમેટીક એકશન તો શરૂ થઇ ગયા છે, મિલીટ્રી એકશન પણ આવશે આ હુમલાના અનેક પાસાઓ પણ છે પણ અગાઉના હુમલા કરતા જે ફર્ક જોવા મળ્યો તે પણ મહત્વનું છે અને આ જ ફર્ક ભવિષ્યનો કાશ્મીરમાંથી ત્રાસવાદને કાયમ વિદાય આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે**




**ગઇકાલે દેશભરમાં આ હુમલાનો આક્રોશ જોવા મળ્યો તો કાશ્મીરમાં પણ તે જોવા મળ્યો હતો, ચોકકસપણે આ રાજય કે જે પોતાના વ્યાપાર ધંધા અને સંસ્કૃતિ ભણી પાછુ આવી રહ્યું હતું તેને મોટો આંચકો લાગ્યો છે અને તેનો પડઘો પડયો પ્રથમ વખત લાલ ચોકમાં ત્રાસવાદી હુમલાના વિરોધમાં કેન્ડલ માર્ચ યોજાઇ એટલું જ નહીં કાશ્મીરીઓ વી આર ઈન્ડિયન સાથેના પ્લેકાર્ડ સાથે કૂચમાં સામેલ થયા અને દરેકે કાશ્મીરીઓના ચહેરા પર પીડા જોવા મળી જે દર્શાવે છે કે તેઓ હવે ભારત સાથે રહેવાનું મહત્વ સમજવા લાગ્યા છે**




**હવે યુદ્ધ થશે તો પણ કાશ્મીરીઓને તેની સૌથી અસર થશે પણ હાલ એ સમય છે કે કાશ્મીરને ફરી અલગ પડવા દેવું જોઇએ નહીં, ટુર અને આયોજનો કેન્સલ થઇ રહ્યા છે તે સ્વભાવિક છે પણ સરકારે હવે કાશ્મીરને ભરોસો આપવો પડશે કે બહુ જલ્દી ખીણ અને પુરૂ કાશ્મીર ધમધમતુ થઇ જશે, આ જ સરકારની સૌથી મોટી કસોટી હશે, પાકિસ્તાનને જવાબ આપી શકાશે અને બહુ જલ્દી મળી પણ જશે પણ કાશ્મીરને આ હુમલાથી ફરી બેઠુ કરવાની સૌથી મોટી આવશ્યકતા છે**

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ચહેરા પર આટલો આક્રોશ કદી જોવા મળ્યો નથી અને તેનું કારણ પણ છે જે રીતે કાશ્મીરમાં પહેલગામ હુમલો થયો તે પછી છેલ્લા ૧૧ વર્ષથી દેશની સરકાર કાશ્મીર અને કાશ્મીરીઓને મુખ્ય પ્રવાહ સાથે જોડવા જે પ્રયત્ન કરતી હતી તેને મોટો આંચકો લાગ્યો છે અને હવે દેશના લોકોનો આક્રોશ છે તેને પણ વડાપ્રધાને એવા પગલાથી સંબોધવું પડશે કે જેના કારણે લોકોને સરકારની ક્ષમતા અને દેશના આત્મગૌરવ પર વિશ્વાસ જાગે પરંતુ આ હુમલાને ત્રણ મોટા પહેલુ છે સૌપ્રથમ તો એમ કહી શકાય કે ગુપ્તચર તંત્રની નિષ્ફળતા એ આ હુમલા માટે સૌથી મોટુ કારણ છે હાલ આક્રોશના કારણે કદાચ તે મુદ્દો બહુ ચર્ચામાં ન આવે પરંતુ ચોકકસપણે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારથી લઇ અને લશ્કરી ગુપ્તચર અને એકંદરે દેશના ઇન્ટેલીજન્સ વિભાગ માટે આ સૌથી મોટો આંચકો છે કે જે રીતે કાશ્મીરના ટુરીસ્ટ હબ ગણાતા પહેલગામમાં જે સૌથી લોકપ્રિય ટુરીસ્ટ ... વેલી સુધી ત્રાસવાદીઓ પહોંચી શકયા છે અને નરસંહાર કરીને પરત પણ સલામત ગયા છતા પણ એક ગોળીનો સામનો ન કરવો પડયો તે દર્શાવે છે કે સુરક્ષામાં ઉપાયમાં સૌથી મોટી ક્ષતિ છે અને તેના કારણે આ મોટો હુમલો શકય બન્યો છે. આમ ત્રાસવાદીઓ અને તેના આકાઓ નિર્ણાયક સમયે આપણી ગુપ્તચર અને સુરક્ષા તંત્ર કરતા એક ડગલુ આગળ છે તે નિશ્ચિત થઇ જાય છે અને તેની સમીક્ષા થવી જોઇએ. બીજો મુદ્દો એ છે કે જવાબ આપવાનો છે ડિપ્લોમેટીક પગલા શરૂ થઇ ગયા છે તે કેટલી અસર કરશે તે લાંબાગાળા ખ્યાલ આવશે સરકારે તાત્કાલીક તે શકય હતું તે કર્યુ છે અને તેમાં પણ હજુ આંતરરાષ્ટ્રીય ડખલો આવશે તે નિશ્ચિત છે. ત્રીજુ સૌથી મોટી બાબત એ છે કે કલમ ૩૭૦ની નાબુદી કે તે પૂર્વે વર્તમાન સરકારે કાશ્મીર અને કાશ્મીરી લોકોને ફરી એક વખત દેશ સાથે જોડવા જે આકાશ પાતાળ એક કર્યા હતા તેમાં પણ ફરી એક વખત એ પ્રશ્ન સર્જાયો છે કે શું કાશ્મીરમાં હજુ પણ એ અલગતાવાદ છે કે જે આ પૃથ્વી પરના સ્વર્ગને સમયાંતરે નર્ક બનાવવા માટે કારણ બને છે. આ પડકાર પણ સરકારે ઉપાડવાનો છે.

સૌથી મહત્વનું એ છે કે હુમલા પછીનું કાશ્મીર જોયુ તે સૌથી અલગ ચિત્ર જોવા મળ્યું. ગઇકાલે જ કાશ્મીરના અખબારોએ તેનું પ્રથમ પેઇજ પૂરી રીતે બ્લેક પ્રિન્ટ કર્યુ અને કાશ્મીરમાં પ્રથમ વખત એવું બન્યું છે કે ઇંગ્લીશ, ઉર્દુ, સહિતના અખબારોએ એક જ સાથે આ હુમલા પર આક્રોશ દર્શાવ્યો તેમાં ગ્રેટર કાશ્મીર, રાઇઝીંગ કાશ્મીર, કાશ્મીર ઉષ્મા સહિતના અખબારો સામેલ હતા અને એ પણ પ્રશ્ન ઉઠાવ્યો કે શું કાશ્મીરને આ હુમલાની પીડા લાંબો સમય સુધી ભોગવવી પડશે. તો બીજુ દ્રશ્ય એ જોવા મળ્યું કે ૩૫ વર્ષ બાદ પ્રથમ વખત કાશ્મીર બંધ રહ્યું અને તે પણ ત્રાસવાદના વિરોધમાં આ પણ મહત્વનું પહેલુ છે. અત્યાર સુધી કાશ્મીરમાં જે બંધ રહેતા હતા તે અલગતાવાદી અને હુર્રિયત કોન્ફરન્સ જેવા સંગઠનોના સામાન્ય એલાન પર પણ પૂરી ખીણ સુમસામ બની જતી હતી પણ ગઇકાલે શ્રીનગરથી પહેલગામ અને ખીણના મોટા ભાગના વિસ્તારોમાં લોકોએ બંધ પાડયા એટલું જ નહીં ત્યાંથી અટકયુ નહીં પણ સામાન્ય રીતે આપણે આ પ્રકારની ઘટનાઓ કાશ્મીરમાં બને તો

**સ્પોટ-લાઈટ**
**કે.આર.**
krisht555@gmail.com

તેમાં દેશના અન્ય ભાગોમાં કેન્ડલ માર્ચ અને તેવા દ્રશ્યો જોવા મળતા હતા પરંતુ પ્રથમ વખત શ્રીનગરના લાલ ચોકમાં કાશ્મીરી લોકોએ કેન્ડલ માર્ચ યોજી અને આ હુમલો એ કાશ્મીરીયત પર હુમલો દર્શાવ્યો અને તેમાં પણ લોકોના ચહેરા પર અત્યંત આક્રોશ અને અફસોસ જોવા મળ્યો અને અહીંના લોકોએ કીધુ કે અમે દેશને એ સંદેશ આપવા માંગીએ છીએ કે જે લોકો આ હુમલાનો ભોગ બન્યા છે તેમની પીડા સાથે કાશ્મીર પણ પીડા અનુભવે છે. આ કોઇ સામાન્ય ફેરફાર ગણી શકાય નહીં.

એ વાસ્તવિકતા છે કે ત્રાસવાદી હુમલાએ કાશ્મીરના ટુરીઝમને સૌથી મોટુ નુકસાન પહોંચાડયુ છે કે એવા સમયે કે જયારે પુરૂ કાશ્મીર અને જમ્મુ ક્ષેત્ર પણ હવે તેના આ આજીવિકાના એક માત્ર સૌથી મોટા વ્યવસાયમાં પૂરી તાકાતથી જોડાઇ ગયું હતું અને કાશ્મીર ટ્રેડર્સ એન્ડ મેન્યુફેકચરીંગ ફેડરેશનના એક સભ્ય યાસીન ખાને કહ્યું કે આ હુમલાને દસ વર્ષ પાછળ મુકી દીધા છે. આ વર્ષે જ કાશ્મીર અને ખીણ વિસતારમાં રેકર્ડ બ્રેક ટુરીસ્ટો પહોંચ્યા હતા અને સમગ્ર ખીણમાં ખુશાલી હતી. તો જમ્મુ ક્ષેત્ર અમરનાથ યાત્રા માટે તૈયાર થઇ રહ્યું હતું અને તેમાં પણ દેશભરમાંથી રજીસ્ટ્રેશનની કતાર શરૂ થઇ ગઇ હતી તે અમરનાથ યાત્રાનો એક રૂટ પહેલગામમાંથી જ જવાનો હતો અને ત્યાં જ થયેલો હુમલો ફરી એક વખત કદાચ અમરનાથ યાત્રા માટે મોટો પ્રશ્ન સર્જશે. દલ સરોવર કે જે શ્રીનગરમાં સૌથી મોટુ આકર્ષણ છે ત્યાં ટેકસી ડ્રાઇવર ફારૂક અહેમદ કહે છે કે તેની સિઝન હવે નિષ્ફળ જશે અને આગામી સિઝન કેટલી સારી હશે તે હજુ પણ પ્રશ્ન છે. આમ આ પીડામાં કાશ્મીર પણ આંસુ સારે છે તે આપણે ભુલવું જોઇએ નહીં.

વધુ એક પહેલું એ છે કે હવે પાકિસ્તાનને જવાબ આપવો પડશે અને તે મોરચો પણ કાશ્મીરમાં જ ખુલશે અને ફરી એક વખત સરહદો પર યુધ્ધનો માહોલ બની જશે અને ફરી એક વખત કાશ્મીરીઓ માટે એક વખત મુસીબત આવશે. પણ સાથોસાથ આ સમય એવો છે કે કાશ્મીર જેમ બતાવી શકે છે કે તે દેશ સાથે છે આપણે પણ અને ખાસ કરીને સરકારે પણ હવે કાશ્મીર માટે વધુ ચિંતા કરવી પડશે એ સમય અત્યંત નજીક આવી ગયો છે કે જયારે આરપારની લડાઇની વાત થઇ રહી છે તે કયાં સુધી જશે, કેટલી ચાલશે તે સૌથી મોટો પ્રશ્ન છે અને જો તેમાં સૌથી વધુ ખુવારી પછી તે આર્થિક હોય કે વ્યાપારી તે કાશ્મીરને જ સહન કરવી પડશે અને આથી જ આ સમય છે કે આપણે કાશ્મીરને પણ એ મહેસુસ થવા ન દઇએ કે દેશને તેમના પ્રત્યે આક્રોશ અને ફરિયાદ છે, ચોકકસપણે જે કંઇ હુમલા થયા તેમાં લોકલ સપોર્ટ હતો અને તેથી જ આ પ્રકારે મોટા હુમલાને અંજામ આપી શકાયો પરંતુ જે રીતે કાશ્મીરના બુકીંગો ધડાધડ રદ થઇ રહ્યા છે તેમાં સરકાર અને સેલીબ્રીટીઓ એક મોટો ફર્ક લાવી શકે છે. ગઇકાલના આઇપીએલના મેચમાં કાળી પટ્ટી પહેરીને કે પછી ચીયર ગર્લ્સના ડાન્સ વગર પણ મેચ રમાયો તે આપણો શોક વ્યકત કરવા માટે મહત્વનું છે પણ સરકારે પણ ફરી એક વખત કાશ્મીરો સુધી પહોંચવું પડશે. તેમના વ્યાપાર ધંધાને સૌથી મોટુ નુકસાન થયું છે. લાખો કરોડોનો તેમનું રોકાણ પણ અસર કરશે અને તે સ્થિતિમાં જો કોઇ રાજય ફકત પોતાના રાજકીય સ્થાનના કારણે સ્પેશ્યલ પેકેજ કે ખાધ સહાય મેળવી જતા હોય તો તેમાં કાશ્મીરને આપણે એવી સહાય કરવાની જરૂર છે જેથી તે ભારત સાથે રહેવામાં વધુ ગર્વ અનુભવ એટલું જ નહીં ભુતકાળમાં કાશ્મીરમાં પથ્થરબાજી થતી હતી અને જે રીતે સરકારના કોઇ મંત્રનો આગમનનો વિરોધ થતો હતો તેમાં ગઇકાલે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના આગમને કાશ્મીરમાં એક એવો સધીયારો આપી દીધો કે ભારત સરકાર તેની સાથે છે અને આ સ્થિતિ જળવાઇ રહે તે જરૂરી છે. કાશ્મીરને કાયમ માટે એક કરવાનો સમય છે. લશ્કરી પગલા કે અન્ય ડિપ્લોમેટીક ઉપાયો મહત્વના છે. પણ જો તમે પાકિસ્તાનના કબ્જાનું કાશ્મીર નજર કરો તો તે પણ ભારત સામે નજર કરીને બેઠુ છે.

# રોહિત- બોલ્ટ સામે હૈદરાબાદ ઘૂંટણિયે

## હૈદરાબાદ સામે મુંબઈનો સાત વિકેટે વિજયઃ હિટમેનની સતત બીજી ફિફ્ટી – બોલ્ટની ચાર વિકેટ

હૈદરાબાદ, તા.૨૪

ટેન્ટર બોલ્ટના ઝાટકા બાદ રોહિતની સતત બીજી અડધી સદીએ બુધવારે સનરાઇઝર્સ હૈદરાબાદને ૨૬ બોલમાં સાત વિકેટથી હરાવવામાં મદદ કરી હતી. મુંબઈ સતત ચોથી અને એકંદરે પાંચમી જીત સાથે ત્રીજા સ્થાને પહોંચી ગયું છે.

મુંબઈએ ૧૪૪ રનના નાના લક્ષ્યાંકને ૧૫.૪ ઓવરમાં ત્રણ વિકેટે ૧૪૬ રન બનાવીને હાંસલ કરી લીધો હતો. મુંબઈની શરૂઆત પણ ખરાબ રહી હતી. ટીમે રિકલ્ટન (૧૧)ની વિકેટ વહેલી ગુમાવી દીધી હતી. ઉનડકટે પોતાના જ બોલ પર રિકલ્ટનનો કેચ લીધો હતો. રોહિત (૭૦)એ બીજી વિકેટ માટે જેક્સ (૨૨) સાથે ૬૪ રન જોડ્યા હતા. ઝીશાને જેકસને મનોહરના હાથે કેચ કરાવ્યો. રોહિત સૂર્યા (૪૦ અણનમ)ત્રીજી વિકેટ માટે ૫૩ રન જોડ્યા. ઇશાન મલિંગાએ રોહિતની ઇનિંગ્સનો અંત લાવ્યો હતો પરંતુ ત્યાં સુધીમાં તે પોતાનું કામ કરી ચૂક્યો હતો. સૂર્યાએ ચોગ્ગા સાથે વિજયની ઔપચારિકતા પૂરી કરી.

આ પહેલા હૈદરાબાદના ચાર ટોચના બેટ્સમેન ૨૫ બોલમાં ૧૩ રન બનાવીને પેવેલિયન ભેગી થઈ ગયા હતા. આ પછી ક્લાસને ૪૪ બોલમાં ૭૧ રનની ઇનિંગ રમી હતી.આ સાથે હૈદરાબાદની ટીમ આઠ વિકેટે ૧૪૩ રન બનાવવામાં સફળ રહી હતી. ક્લાસને મનોહર (૪૩) સાથે ૯૯ રનની ભાગીદારી કરી હતી. બુમરાહે ૧૯મી ઓવરમાં ક્લાસેનને તિલકના હાથે કેચ કરાવીને તેની ઇનિંગ્સનો અંત કર્યો હતો.

વોલ્ટે ચહર સાથે મળીને હૈદરાબાદને આંચકો આપ્યો હતો.વોલ્ટે પહેલી જ ઓવરના બીજા બોલ પર ખાતું ખોલાવ્યા વિના આઉટ થઈ ગયો હતો. તેણે ઓફ સ્ટમ્પની બહાર જતા બોલ પર થર્ડ મેન પર ધીરને કેચ આપ્યો. ચહરે કિશન ને પણ ચાલતો કર્યો હતો. બોલ તેના બેટને સ્પર્શ્યો ન હતો અને વિકેટકીપરના હાથમાં ગયો હોવા છતાં કિશને પોતે જ મેદાન છોડવાનો નિર્ણય લીધો હતો. બોલ લેગ સાઈડની બહારથી જઈ રહ્યો હતો, જેને અમ્પાયરે વાઈડ જાહેર કર્યો હતો પરંતુ કિશનને પાછળ જતા જોઈને તેણે આંગળી ઊંચી કરી.

બોલર કે વિકેટકીપરે પણ અપીલ કરી ન હતી. તેની આગામી ઓવરમાં બોલ્ટે અભિષેકને પણ પેવેલિયન મોકલી દીધો હતો. ચહરે પછી મિડ-ઓન પર નીતીશને સેન્ટનરના હાથે કેચ કરાવ્યો.




## બુમરાહે T-20માં ૩૦૦ વિકેટ પૂરી કરી

ક્લાસેનની વિકેટ સાથે બુમરાહે ટી-૨૦માં પોતાની ૩૦૦ વિકેટ પણ પૂરી કરી લીધી. તેણે ૨૩૭મી ઇનિંગ્સમાં આ કર્યું હતું. આ સિદ્ધિ મેળવનાર તે બીજો ઝડપી બોલર અને એકંદરે પાંચમો ભારતીય છે. તે ભુવનેશ્વર (૩૧૮ વિકેટ, ૩૦૨ મેચ), અશ્વિન (૩૧૫ વિકેટ, ૩૩૧ મેચ), પીયૂષ ચાવલા (૩૧૯ વિકેટ, ૨૯૭ મેચ) અને ચહલ (૩૭૩ વિકેટ, ૩૨૦ મેચ)ની ક્લબમાં જોડાય છે. બુમરાહે IPLમાં ૧૭૦ વિકેટ લીધી છે. તેણે મુંબઈ માટે સૌથી વધુ વિકેટ લેવાના લસિથ મલિંગાના રેકોર્ડની બરાબરી કરી.

## IPLમાં દોડતો રોબોટ ડોગ ‘ચંપક’નું કામ શું? દર્શકો-ખેલાડીઓને આશ્ચર્ય




નવી દિલ્હીઃ આઈપીએલ-૨૦૨૫માં આ વખતે જ્યાંી એક મેચ રોમાંચથી ભરપૂર છે ત્યાં એક નવી ટેકનોલોજીએ લોકોનું ધ્યાન ખેંચ્યું છે. આ ટેકનોલોજી બીજું કંઈ નહીં પણ - ચાર પગવાળો રોબોટ છે. આ રોબોટ-ડોગ સાથે ક્રિકેટર્સ મસ્તી કરતા જોવા મળી રહ્યા છે અને એમના વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યા છે. પરંતુ શું તમને ખબર છેકે આ રોબોટ-ડોગનું નામ શું છે?

હાલમાં સોશિયલ મીડિયા પર એક વીડિયો વાઈરલ થઈ રહ્યો છે જેમાં મુંબઈ ઈન્ડિયન્સનો કેપ્ટન હાર્દિક પંડયા આ રોબોટ સાથે જોવા મળી રહ્યો છે અને એ સમયે જ તે આ વીડિયોમાં આ - રોબોટ-ડોગના નામ વિશે ખુલાસો કરતો જોવા મળે છે. જાણીને નવાઈ લાગશે કે આ રોબોટ-ડોગનું નામ ચંપક છે. હાર્દિક પંડયા નવલા નજરાણાં સમાન આ રોબોટ-ડોગના નામ વિશે ખુલાસો કરતાં કોઈને પૂછે છે કે અરે આનું નામ શું છે? ચંપક... અરે હા ચંપક... આવું જ નામ હોવું જોઈએ. એકદમ હિંદુસ્તાની...

આ ચંપકને ખાસ આઈપીએલ બ્રોડકાસ્ટ ટીમ માટે તૈયાર કરવામાં આવ્યો છે, જેથી દર્શકોને મેચ જોવાનોએક નવો જ અનુભવ થાય. આ રોબોટ-ડોગમાં રહેલાં ડોગ આઈ વ્યુ પ્રદાન કરે છે, જેથી દર્શકોને રમતની એક નવા અને ગ્રાઉન્ડ લેવલનો વ્યૂ મળે છે.

## હોમગ્રાઉન્ડ પર એકપણ મેચ ન જીતેલી બેંગ્લોર આજે રાજસ્થાનને હરાવી શકશે?

બેંગલુરુ,તા.૨૪

આઇપીએલમાં આવતીકાલે ગુરૂવારે અહીં રમાનારી મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (આરસીબી) પોતાના હોમ ગ્રાઉન્ડ પર રાજસ્થાન રોયલ્સ સામે મેદાને ઉતરશે ત્યારે ચિન્નાસ્વામી સ્ટેડિયમ પરના હાલની સિઝનના તેમના ખરાબ રેકોર્ડને સુધારવા પર તેમની નજર રહેશે.




આરસીબીએ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં અત્યાર સુધી રમેલી ત્રણેય મેચ હારી છે. તેણે દેશના અન્ય સ્થળોએ સારું પ્રદર્શન કરીને તમામ પાંચ મેચ જીતી છે, પરંતુ તેના હોમ ગ્રાઉન્ડ પર ખરાબ

પ્રદર્શનને કારણે તે મુશ્કેલીમાં મુકાઈ રહી છે. અહીંની ધીમી પીચ પર આરસીબીના બેટ્સમેનો એક વિચિત્ર પ્રકારના દબાણ હેઠળ હોય તેવું લાગે છે જ્યારે તેમના બોલરો પણ અહીંની પિચ સાથે એડજસ્ટ થઈ શકતા નથી. બેટ્સમેનો એવી દુવિધામાં હોય તેવું લાગે છે કે સાવધાનીપૂર્વક રમવું કે આક્રમક વલણ અપનાવવું.

તેનો પુરાવો અહીં આરસીબીનો સ્કોર છે. અત્યાર સુધી, આરસીબીએ અહીં રમેલી ત્રણ મેચમાં આઠ વિકેટે ૧૬૯ રન, સાત વિકેટે ૧૬૩ રન અને ૧૪ ઓવરમાં નવ વિકેટે ૯૫ રન બનાવ્યા છે. અન્ય સ્થળોએ તેણે પ્રતિ ઓવર ૯-૧૦ રન બનાવ્યા છે, પરંતુ અહીં દર ઘટીને પ્રતિ ઓવર ૭-૮ રન થઈ ગયો છે. આરસીબીના મુખ્ય બેટ્સમેનવિરાટ કોહલીએ આ સિઝનમાં અત્યાર સુધીમાં ૬૪ ની સરેરાશથી બેટિંગ કરી છે, પરંતુ ફિલ સોલ્ટ, દેવદત્ત પડિકલ અને કેપ્ટન રજત પાટીદાર પાસેથી વધુ સારા પ્રદર્શનની અપેક્ષા છે. આરસીબીના બોલરો પણ પીચ પરથી મળેલી મદદનો લાભ લઈ શક્યા નથી. જો આરસીબીએ ઘરઆંગણે તેની હારનો સિલસિલો તોડવો હોય, તો તેના બોલરોએ વધુ સારું પ્રદર્શન કરવું પડશે.આરસીબીના ૧૦ પોઈન્ટ છે. અને તે ટેબલમાં ત્રીજા સ્થાને છે. પરંતુ પંજાબ કિંગ્સ અને લખનૌ સુપર જાયન્ટ્સના પણ ૧૦ પોઇન્ટ છે. મુંબઈ ઈન્ડિયન્સ આઠ પોઈન્ટ સાથે તેનાથી પાછળ નથી. રાજસ્થાન રોયલ્સની પણ પોતાની સમસ્યાઓ છે. કેપ્ટન સંજુ સેમસન ઈજાના કારણે આ મેચમાં રમી શકશે નહીં. તેમની ગેરહાજરીમાં રિયાન પરાગ કેપ્ટનશીપ કરશે. રોયલ્સ પાસે હાલમાં ચાર પોઈન્ટ છે અને પોઈન્ટ ટેબલમાં આઠમા સ્થાને છે.રાજસ્થાનના મુખ્ય બેટ્સમેન યશસ્વી જયસ્વાલ, પરાગ, શિમરોન હેટમાયર અને નીતિશ રાણા આઠ મેચમાં છ હાર છતાં સારા ફોર્મમાં છે અને યુવા વૈભવ સૂર્યવંશીએ કરેલી શરૂઆત પણ પ્રોત્સાહક છે.

## આઈપીએલમાં ટીમોએ લીધેલાં કરોડોના ક્રિકેટરો હવે મોંઘાં પડી રહ્યાં

નવી દિલ્હી : વિશ્વની સૌથી ધનાઢ્ય ક્રિકેટ લીગ ઈન્ડિયન પ્રીમિયર લીગને સોમવારે એક મહિનો પુરો થયો. આ દરમિયાનમાં રસપ્રદ બાબત એ છે કે, ફ્રેન્ચાઈઝીઓએ જબરજસ્ત કિંમતે જેમને ખરીદ્યા હતા, તેવા ઘણા ખેલાડીઓ નિષ્ફળ રહ્યા હતા. આવી સ્થિતિમાં, આ 'મિલિયન ડોલર પ્લેયર્સ' તેમના માટે ખૂબ ખર્ચાળ સાબિત થઈ રહ્યા છે.

સૌથી મોંઘા ખેલાડીની વાત કરવામાં આવે તો ભયંકર અકસ્માત બાદ મેદાન પર શાનદાર વાપસી કરનાર ભારતીય વિકેટ કીપર બેટ્સમેન રિષભ પંતને લખનઉ સુપર જાયન્ટ્સે રેકોર્ડ ૨૭ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. પરંતુ પંત તેને યોગ્ય ઠેરવી શક્યો નથી. તે બેટથી વિકેટની પાછળ કોઈ ખાસ કરિશ્મા કરી શક્યો નથી. દિલ્હીનો આ ભૂતપૂર્વ કેપ્ટન






અત્યાર સુધીમાં આઠ મેચમાં કુલ પાંચ શિકાર (ચાર કેચ, એક સ્ટમ્પ) બનાવી શક્યો છે

**પંતનો એક રન ૧૪.૫ લાખ રૂપિયા :–**

ખેલાડીઓના ફ્લોપ પ્રદર્શનને આ રીતે સમજો. પંતને ૨૭ કરોડ રૂપિયા મળ્યા હતા. તેમને ૧૪ મેચ રમવાની છે. અત્યાર સુધીમાં તે આઠ મેચ રમી ચૂક્યો છે, એટલે કે અત્યાર સુધીમાં તેના પર લગભગ ૧૫ કરોડની રકમનું રોકાણ કરવામાં આવ્યું છે. હવે તેણે કુલ ૧૦૬ રન બનાવ્યા હતા. આવી સ્થિતિમાં, તેના એક રન માટે ટીમ માટે લગભગ ૧૪ લાખ ૪૯ હજાર રૂપિયા ખર્ચ થયો હતો.

**૧.૨૫ કરોડની એક વિકેટ :–**

આવી જ રીતે પેટ કમિન્સના પર્ફોમન્સ પર નજર નાંખો તો તેને ૧૮ કરોડ મળ્યા હતા. અત્યાર સુધી સાત મેચ રમાઇ ચૂકી છે એટલે કે અત્યાર સુધી તેમના પર ૮ કરોડ ૯૬ લાખ જેટલી રકમ ખર્ચ થઇ ચૂકી છે. જ્યારે તે માત્ર સાત વિકેટ જ લઈ શક્યો હતો. આવી સ્થિતિમાં તેની એક વિકેટની કિંમત એક કરોડ ૨૮ લાખ રૂપિયા હતી.

**દસ લાખનો એક રન :–**

વેંકટેશ અય્યર પણ ટીમ માટે ખૂબ ખર્ચાળ સાબિત થઈ રહ્યો છે. તેના એક રનમાં ટીમને ૧૦ લાખ રૂપિયાથી વધુનો ખર્ચ થયો છે. આવી જ રીતે અફઘાનિસ્તાનના સ્પિન બોલર રાશિદ ખાનની ૧.૭૦ કરોડની વિકેટ છે.

### ખેલ ખતમ પૈસા હજમ :-

રિષભ પંત લખનઉ ૨૭ કરોડ ૮ મેચ, ૧૦૬ રન
વેંકટેશ અય્યર કોલકાતા ૨૩.૭૫ કરોડ ૮ મેચ, ૧૩૫ રન
પેટ કમિન્સ હૈદરાબાદ ૧૮ કરોડ ૭ મેચ, ૭ વિકેટ
રાશિદ ખાન ગુજરાત ૧૮ કરોડ ૮ મેચ, ૬ વિકેટ
અક્ષર પટેલ દિલ્હી ૧૬.૫૦ કરોડ ૧૪૦ રન, ૭-૧ વિકેટ
રોહિત શર્મા મુંબઈ ઈન્ડિયન્સ - ૧૬.૩૦ કરોડ રૂપિયા - ૭ મેચ (૧૫૮ રન)
રિંકુ સિંહ કોલકાતા ૧૩ કરોડ ૮ મેચ, ૧૩૩ રન

## દ્વિતિય વાર્ષિક પુણ્યતિથિએ
## શ્રધ્ધાંજલિ



સ્વ. સંજયભાઈ બાબુભાઈ ભુત
તા. ૨૪/૦૪/૨૦૨૩, સોમવાર

એક પળમાં જીંદગીભરનું સંભારણું છોડી ગયા,
જીંદગી ટૂંકી જીવીને લાગણીઓનો ભંડાર મુકી ગયા,
જીવ્યા થોડું પણ જીવી ગયા ઘણું,
તમારી સાથે વિતેલી ક્ષણો કયારેય ભુલાશે નહી.
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના

સન એન્ટરપ્રાઈઝ – રાજકોટ
સંજય સ્ટીલ – રાજકોટ.
સન ડિજીટલ – રાજકોટ / ગોંડલ.
સન કોર્પોરેશન – રાજકોટ.
નોવેમ ઈન્ડ. એલ.એલ.પી – રાજકોટ.
રીલીફ ટ્યુટોરીયલ્સ – રાજકોટ.
સ્વસ્તીક કન્સ્ટ્રકશન – રાજકોટ.


# શનિવારથી ચાર દિવસ ફરી હીટવેવની આગાહીઃ તાપમાનનો પારો ૪૩ થી ૪૫ ડીગ્રીએ પહોંચશે

## જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઈ પટેલની આગાહીઃ માસાંત ભીષણ ગરમીમાં વિતશે



રાજકોટ તા.૨૪

રાજકોટમાં બે દિવસથી તાપમાનમાં વધારા સાથે ભીષણ ગરમી પડી રહી છે. આજે અને કાલે મામુલી રાહત રહેશે. પરંતુ તા.૨૬ ને શનિવારથી ફરી પારો ઉંચકાવા સાથે હીટવેવની હાલત સર્જાવાની આગાહી જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઈ પટેલે કરી છે.

તેઓએ કહ્યું કે ગત આગાહીમાં સુચવ્યા મુજબ તા.૨૨-૨૩ (મંગળવાર-બુધવાર) તાપમાન ૪૩.૫ ડીગ્રી સુધી પહોચી ગયુ હતું. ગઈકાલે રાજકોટનુ મહતમ તાપમાન ૪૩.૫ ડીગ્રી નોંધાયુ હતું તે નોર્મલ કરતા સાડા ત્રણ ડીગ્રી વધુ હતું. રાજયમાં સૌથી વધુ ૪૩.૭ ડીગ્રી તાપમાન સુરેન્દ્રનગરમાં નોંધાયુ હતું તે નોર્મલ કરતા ચાર ડીગ્રી વધુ હતું. અમરેલીમાં ૪૨.૯ ડીગ્રી નોર્મલ કરતા ઉંચુ હતું. ગાંધીનગર તથા ડીસામાં ૪૨.૮ ડીગ્રી હતું તે નોર્મલથી ત્રણ ડીગ્રી વધુ હતું. અમદાવાદમાં ૪૨.૭ ડીગ્રી નોર્મલ કરતા અઢી ડીગ્રી વધુ તથા ભૂજમાં ૪૩.૩ ડીગ્રી નોર્મલ કરતા ચાર ડીગ્રી વધુ હતું. તા.૨૪ થી ૩૦ એપ્રિલ સુધીની આગાહી કરતા અશોકભાઈ પટેલે કહ્યું કે તા.૨૪-૨૫ ના બે દિવસ સામાન્ય રાહત રહેશે અને પારો ૪૨ થી ૪૨.૫ ડીગ્રીની રેન્જમાં રહેશે.જયારે તા.૨૬ થી ૩૦ એપ્રિલ દરમ્યાન હીટવેવનો માહોલ સર્જાવાની સંભાવના છે. તાપમાનનો પારો ૪૩ થી ૪૫ ડીગ્રીની રેન્જમાં રહેશે અને સૌરાષ્ટ્ર-કચ્છ ગુજરાતનાં કેટલાંક સેન્ટરોમાં હીટવેવની સ્થિતિ સર્જાઈ શકે છે આ રીતે મહિનાનાં અંતિમ દિવસે ભીષણ ગરમીનાં રહેવાની શકયતા છે. આગાહીનાં સમયગાળામાં પવન પશ્ચિમી દિશાના અને ૧૦ થી ૧૫ કીમીની ઝડપના હશે. ઝાટકાના પવનની ગતિ ૨૦ થી ૩૫ કીમીની રહી શકે છે. બપોર પછી પવનનું જોર રહેશે આ સિવાય તા.૨૬ થી ૩૦ એપ્રિલમાં કચ્છ તથા પશ્ચિમ સૌરાષ્ટ્રમાં સવારે ભેજનુ પ્રમાણ વધુ રહેશે અને ઝાકળબીંદુ સર્જાવાની શકયતા છે. આકાશ મોટાભાગે સ્વચ્છ રહેશે અને એક-બે દિવસ અમુક સમય થોડા વાદળો જોવા મળશે.

# વાવડીની ટી.પી. સ્કિમ નં.૨૬-૨૭ને રાજય સરકાર દ્વારા મંજૂરી અપાઈ

## ટી.પી.-૨૬માં ૧૭૫૯૧૬૫ ચો.મી.અને ૨૭માં ૧૬૯૯૨૮૩ ચો.મી.જમીનનો સમાવેશ

રાજકોટ,તા.૨૪

શહેરના છેવાડાના વિસ્તારો કે જે મનપાની હદમાં ભળી ગયા છે તેનો વિકાસ વધારવા માટે સરકાર દ્વારા નવી ટીપી સ્કીમોને મંજુરી આપવામાં આવી છે. મનપાએ અનેક ટીપી સ્કીમના ડ્રાફ્ટ તૈયાર કર્યા છે. જે પૈકી વાવડીની ટીપી સ્કીન નં. ૨૬ અને ૨૭ને આજે સરકારે મંજુરી આપી છે. જેમાં ટીપી સ્કીમ નં. ૨૬માં ૧૭૫૯૧૬૫ ચો.મી. ક્ષેત્રફળ તથા સ્કીમ નં. ૨૭માં ૧૬૯૯૨૮૩ ચો.મી. ક્ષેત્રફળ જમીનનો સમાવેશ કરાવામાં આવ્યો છે. જ્યારે ૯મીટર અને ૬૦ મીટરના રોડ રસ્તાઓ માટે પણ વધુ વિસ્તાર ફાળવવામાં આવ્યો છે. જેમાં ટીપી સ્કીમ નં. ૨૭ રહેણાક ઝોન અને ટીપી સ્કીમ નં. ૨૬માં ઉદ્યોગીક ઝોન જાહેર કરવામાં આવ્યો છે.

સરકાર દ્વારા મનપાએ અગાઉ રજૂ કરેલ ડ્રાફ્ટ ટીપી સ્કીમ નં. ૨૬ અને ૨૭ને આજે મંજુરીની મહોર મારી છે. વાવડી ટીપી સ્કીમ નં. ૨૬નું ક્ષેત્રફળ ૧૭૫૯૧૬૫ ચો.મી. અને ૧૭૫.૯૧ હેક્ટર રહેશે. આ ટીપી સ્કીમમાં વાણીજ્ય વેચાણ, રહેણાક વેચાણ, ગાર્ડન વેચાણ, પાર્કિંગ તથા સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર હેતુના કુલ ૮૯ પ્લોટ જેનું ક્ષેત્રફળ ૨૨૭૧૭૮ ચો.મી. રાખવામાં આવ્યું છે. સદર ટીપી સ્કીમમાં ૯ મીટરથી ૬૦ મીટર સુધીના ટીપી રોડ માટે ક્ષેત્રફળ ૩૪૫૮૬૪

(અનુસંધાન ૧૨ મા પાને)


કાર રીમોટ
ઓરીજનલ રીમોટ સેલ (પાવર)
ગેરેંટી સાથે બદલી આપવામાં આવશે.
રાજુ ડીઝીટલ સ્ટુડીયો
ભુતખાના ચોક, ઢેબર રોડ, ભારત પેટ્રોલ પંપની બાજુમાં, રાજકોટ. M.: 94297 85836

Auto E-INVOICE / E-WAY BILL
શ્રી C-POINT
એકાઉન્ટ, બીલીંગ તથા સ્ટોક માટેનો શ્રેષ્ઠ
સૌથી સરળ
કોમ્પ્યુટર પ્રોગ્રામ
FOR DEMO : C-POINT
9773428998, 0281-2464241

યુ-ફોમ ગાદલા
સોફા મટીરીયલ્સ
વ્યાજબી ભાવે છુટક તથા જથ્થાબંધ મળશે
આપની ડીઝાઈન મુજબ સોફાસેટ બનાવી આપીશું
લાલા ફોમ એજન્સી
વ્રજ આર્કેડ, ૨-ભક્તિનગર સ્ટેશન રોડ, બેંક ઓફ બરોડાની બાજુમાં, રાજકોટ.
સંપર્ક : 98253 60033, 98242 18687





